ॐ

શ્રીમદ્ભાગવતપ્રવેશિકા

લેખક,
મૂળશંકર કેશવરામ શાસ્ત્રી
(વડાલી.)

પ્રકાશક,
ભાઈચંદ માણેકચંદ શાહ,
બી. એ., એસ્. ટી. સી. ડી. મોડાસા.

આવૃત્તિ ૧ લી. પ્રત ૧૧૦૦

મૂલ્ય રૂ. ૧-૦-૦.

શ્રીયુત શેઠ બહેચરદાસ વેણીચંદના ઉદાર આશ્રયથી.

શ્રીમદ્‌ભાગવતપ્રવેશિકા.

લેખક,

મૂળશંકર કેશવરામ શાસ્ત્રી.

(વડાલી.)

પ્રકાશક,

ભાઈચંદ માણેકચંદ શાહ,

બી. એ., ઍસ્. ટી. સી. ડી. મોડાસા.

"धर्म एवहतो हन्ति धर्मो रक्षति रक्षितः"

આવૃત્તિ ૧ લી. પ્રત ૧૧૦૦

૧૯૨૩.

મૂલ્ય રૂ. ૧-૦-૦.

અમદાવાદ.
ધી 'ગુજરાત પ્રીન્ટીંગ પ્રેસ'માં શા. સોમાલાલ મંગળદાસે છાપ્યું.
ઠે. પાંચકૂવા.

જ્ઞાતિ બંધુઓને,

ભારતવર્ષના પ્રાચીન ઋષિમુનિઓના વિચારોના અનેક ગ્રન્થો છે, પણ તેમાં શ્રીમદ્‌ભાગવત પ્રથમ પદે વિરાજે છે. ભગવાન વ્યાસ-મુનિએ પોતાના અનુભવો અને વિચારોના અનેક ગ્રન્થો લખ્યા છે; તેમાં શ્રીમદ્‌ભાગવત એ તેમનો છેલ્લો ગ્રન્થ છે. તેની ભાષા સમાધિ-ભાષા કહેવાય છે. આ ગ્રન્થમાં આઠ સ્કંધ સુધી તો અદૃશ્ય સૃષ્ટિનું વર્ણન આવે છે, ને પછીના સ્કંધોમાં મનુષ્યસૃષ્ટિનું વર્ણન આવે છે. તેમાં સૂર્ય તથા ચન્દ્રવંશી રાજાઓનું અને શ્રીકૃષ્ણ ભગવાનની અવતારલીલાનું ચિત્ર ચિતરવામાં આવ્યું છે.

સંસારમાં મનુષ્યજન્મ દુર્લભ છે. દેવો પણ મનુષ્યજન્મ પ્રાપ્ત કરવા વાંચ્છના કરે છે. મનુષ્યજન્મની સાર્થકતા ત્યાગ અને સંયમના પ્રમાણમાં રહેલી છે. વસ્તુના અભાવમાં ત્યાગવૃત્તિ કંઈક સુલભ ખરી, પણ તેના સામીપ્યમાં તો ત્યાગવૃત્તિ કેળવવી બહુ મુશ્કેલ છે. ગૃહસ્થાશ્રમમાં રહેવું, ત્યાગભાવને કેળવવો ને શ્રીહરિના ચરણારવિંદમાં લીન થવું; એજ વૈષ્ણવોનું ધ્યેય છે. શ્રીમદ્‌ભાગવતકારે શ્રીમદ્‌ભાગવતમાં આ બધું આબેહુબ વર્ણવ્યું છે.

ઇતિહાસના રસિકોને પણ શ્રીમદ્‌ભાગવતમાંથી ખોરાક મળે એમ છે. શ્રીમદ્‌ભાગવત એટલે બ્રહ્માજીના એક દિવસનો ઇતિહાસ. આ ગ્રંથમાં બ્રહ્માજીના એક દિવસમાં ચૌદમનુઓ અને સપ્તર્ષિમંડળ કેવી રીતે બદલાય છે, ને સૃષ્ટિની વ્યવસ્થા કેમ ચાલે છે, તે સર્વનો ખ્યાલ વાચકને કાંઈક આપેલો છે.

કાવ્યરસના ભ્રમરો પણ આમાંથી યથેચ્છ કાવ્ય-રસનું આસ્વાદન લઇ શકે છે. કેમકે શ્રીમદ્ભાગવતમાં નાનાપ્રકારની પ્રાર્થનાઓનાં ઉત્તમ કાવ્યો પણ સંગ્રહ્યાં છે.

આવો સુંદર ગ્રન્થ સ્હેલાઇથી સમજવા માટે એક પ્રવેશિકાની ખાસ આવશ્યકતા હતી. તે કાર્ય મોડાસા સંસ્કૃતપાઠશાળાના અધ્યાપક **શ્રીયુત મૂલશંકર કેશવરામ શાસ્ત્રીએ** ઉપાડી વૈષ્ણવસૃષ્ટિની અમૂલ્ય સેવા કરી છે. તેમ મોડાસા નિવાસી **શ્રીયુત મોહનલાલ વિઠ્ઠલદાસ ગાંધી**, બી. એ., એલ. એલ. બી. એમણે ગ્રન્થનો ઉપોદ્ઘાત લખવામાં અને ઉપયોગી સૂચનો કરવામાં મદદ કરી છે. એ માટે આ સ્થળે તેમનો ઉપકાર માનવો ઘટે છે.

આ લઘુ પુસ્તક બ્રાહ્મણુનિવાસી, ધર્મપરાયણ, **શ્રીયુત શેઠ બહેચરદાસ વેણીચંદ** તરફથી મોડાસા વિશાખડાયતા જ્ઞાતિબન્ધુઓને ભેટ તરીકે આપવામાં આવ્યું છે. આવી જ્ઞાનનાં લ્હાણાં કરવાની નવીજ પદ્ધતિ આપણી કોમમાં દાખલ થાય છે. આશા છે, કે સર્વ જ્ઞાતિભાઇઓ તેની યોગ્ય કદર કરશે, ને તેને વધાવી લેશે. આવી ઉપયોગી ભેટ કરવા સારૂ વિશાખડાયતા ભાઇઓ ઉપરોક્ત શેઠનો જેટલો આભાર માને તેટલો ઓછો.

ભાઇચંદ માણેકચંદ શાહ,
મંત્રી, ખડાયતા કેળવણીમંડળ;
મોડાસા.

ઉપોદ્‌ઘાત.

આ ગ્રન્થ વિષે બે શબ્દો લખવાની માગણી મેં ઘણી આનાકાની સાથે સ્વીકારેલી. મેં મનનપૂર્વક શ્રીમદ્‌ભાગવતનો અભ્યાસ કર્યો નથી. છતાં મને તેને માટે પ્રીતિ છે. એટલે મને લાગ્યું, કે પ્રસ્તુત પુસ્તક અને તેના ગ્રન્થકર્તા માટે કંઈક કહું તો વાંધો નથી. મેં આવી દૃષ્ટિથી ઉપોદ્‌ઘાત લખ્યો છે.

ગ્રન્થકાર ભાઈ મૂલશંકર કેશવરામ પંડયાનો મને થોડા સમયથી પરિચય છે. તે મોડાસા સંસ્કૃતપાઠશાળાના અધ્યાપક અને ગૃહપતિ છે. શિષ્ય તરીકેનો તેમનો ગુરૂભાવ, ગૃહપતિ તરીકેનો તેમનો વાત્સલ્યભાવ, અને અધ્યાપક તરીકેની તેમની જ્ઞાનપિપાસા એ તેમનાં ખાસ આકર્ષક તત્ત્વો છે. તેઓ સ્વભાવે કોમળ, મિલનસાર અને ઉત્સાહી છે.

"શ્રીમદ્‌ભાગવતપ્રવેશિકા" એ તેમનો પ્રથમ પ્રયાસ છે, તે જોતાં તેમણે હાથ ધરેલું કામ તે ઘણી હોંશિયારીથી પૂરૂં પાડી શક્યા છે, એમ કહી શકાય. પુસ્તકનું મૂળ વસ્તુ શ્રીમદ્‌ભાગવતમાંથી લીધું છે. પણ વિષયનું સ્ફોટન, લખાણની પદ્ધતિ અને તેનો હેતુ એવાં સ્વતંત્ર અને જુદાં પડે છે, કે જાણે તે એક અલગ ગ્રન્થ હોય એમ આભાસ થઈ આવે છે. આમ છતાં તે મૂળ ગ્રન્થથી વિરૂદ્ધ નાહ, પણ તેનો પોષક છે.

"શ્રીમદ્‌ભાગવત" પુરાણોના સારરૂપ છે, અને વૈષ્ણવમાર્ગનો મુખ્ય ગ્રન્થ છે. તેમાં સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ અને લયનો, મન્વન્તરોનો, વિષ્ણુના અવતારોનો, તથા રાજવંશીઓનો ઇતિહાસ આપેલો છે. ભક્તિરસથી છલકાતી અને જ્ઞાનથી ભરપૂર એવી ઠેકઠેકાણે આવતી–દેવો, ઋષિમુનિઓ, ગાન્ધર્વો અને મનુષ્યોએ કરેલી–અપૂર્વ પ્રાર્થનાઓ તેનું વિશિષ્ટ અંગ છે. નિર્ગુણ બ્રહ્મને સાકારરૂપે પ્રસિદ્ધ કરવાનો શ્રીમદ્‌ભાગવતકારનો હેતુ છે, તેને અવતારવાદનો ગ્રન્થ કહીએ તો પણ ચાલે.

"શ્રીમદ્‌ભાગવતપ્રવેશિકા" એ આવા એક મહાન અને ધાર્મિક ગ્રન્થની પ્રવેશિકા છે. આ ગ્રન્થ લખવામાં ગ્રન્થકારનો ઉદ્દેશ શ્રીમદ્‌ભાગવતના જેટલો વિશાળ અને ઉંડો ન હોય, છતાં શ્રીમદ્‌ભાગવતને સમજવામાં, તેનાં રહસ્યો ને ગુપ્તભાવોને ઉકેલવામાં, તેના અલંકારો અને વ્યંગોને જરાતરા ઉચકી તેની પાછળ રહેલાં ચિત્રો દેખાડી દેવામાં, ગ્રન્થકારે તેનાં બુદ્ધિ ને ચાતુર્ય ઠીક વાપર્યાં છે. ભાગવતના મૂળ વસ્તુને વાર્તાના રૂપમાં આપવાથી વાચન સુગમ ને સરળ બને છે, જીજ્ઞાસા ઉપજાવે છે, અને ગ્રન્થનો હેતુ ઘણે અંશે સફલ થાય છે.

ગ્રન્થની ભાષા સરળ, અર્થવાહી ને સ્પષ્ટ છે. અભિપ્રાય અને વિચારોના કથનમાં ગ્રન્થકાર પોતાનું વ્યક્તિત્વ હજુ પણ વધારે પ્રમાણમાં અંકુશમાં રાખી શકતે. આમ ન થવાથી ગ્રન્થનો કોઇક કોઇક ભાગ નિબંધરૂપે લાગી આવે છે, છતાં જે દૃષ્ટિથી આ ગ્રન્થ લખાયો છે તે જોતાં આ પદ્ધતિ બહુ વાંધાભરેલી નહિ લેખાય. આ ગ્રન્થ અમુક પંથની દૃષ્ટિથી નથી લખાયો એ ધ્યાનમાં રાખવાનું છે. વિષય વર્ણનમાં લેખકે જે છૂટ લીધી છે તેનાથી તો કદાચ વસ્તુ વધારે લોકપ્રિય ને ઉપયોગી નીવડવા પામશે.

શ્રીમદ્‌ભાગવતની મહત્તા ને સ્થાન માટે પંડિતોમાં મતભેદ હોવા સંભવ છે. તેનો કાલનિર્ણય થવો મુશ્કેલ છે. કેટલાક તો તેને ઘણા અર્વાચીન ગ્રન્થ તરીકે માને છે. ગમે તે હો, પણ તેની અંદરનું વસ્તુ સૃષ્ટિ જેટલું પ્રાચીન છે, અને તેમાં અદૃશ્ય અને દૃશ્ય જગતનો ઇતિહાસ આપેલો છે. મૂળવસ્તુ કેટલું છે, ને તેપર કેટલાં પડ ચઢેલાં છે, એ પ્રશ્ન વિદ્વાનોમાં વિવાદગ્રસ્ત છે. અહીં તેની ચર્ચા અસ્થાને છે, ને તેવી ચર્ચામાં ઉતરવાની અશક્તિ પણ કબુલ કરવી જોઇએ. અહીં એટલુંજ કહેવું બસ થશે, કે જ્યારે એક તરફથી વિદ્વાનોમાં

આવો વર્ગ હયાતિ ધરાવે છે, તો બીજી તરફ વૈષ્ણવમાર્ગના સંસ્થાપક શ્રીમદાચાર્ય તેને વૈષ્ણવ ધર્મની ગીતારૂપ ગણે છે. એટલુંજ નહિ, તેઓશ્રીએ આ જ ગ્રન્થ ઉપર શ્રીસુબોધિની નામની વિદ્વત્તા અને તત્ત્વજ્ઞાનથી ભરપૂર એવી એક ટીકા લખી અપૂર્વ ધાર્મિક સાહિત્ય ઉપસ્થિત કરેલું છે. તે સસ્કૃતમાં હોવાથી ને તેમના અનુયાયીઓની શિથિલતાને લીધે જોઇએ તેવા પ્રકાશમાં નથી આવ્યું. ઘણાં માને છે, કે જો તે સાહિત્ય પ્રકટ થાય તો વૈષ્ણવમાર્ગને તેના શુદ્ધ સ્વરૂપમાં પ્રકટ કરવાની બહુ અનુકૂળતા થાય. શ્રીમદ્–આચાર્ય શ્રીમદ્ ભાગવતની ભાષાને અલૌકિક અને સમાધિભાષા તરીકે વર્ણવે છે. એટલે વધુ નહિ તો આવા ગ્રન્થનું તત્ત્વ ધારીએ તેટલું સુગમતો ન જ હોઇ શકે. આવીજ દૃષ્ટિથી એક બીજા પરમ વૈષ્ણવ સંન્યાસી શ્રીઆવા પ્રેમાનંદ ભારતીએ તેમના Shree Krishna: The Lord of Love. (પ્રેમસ્વરૂપ શ્રીકૃષ્ણ પરમાત્મા) નામનો ગ્રન્થ શ્રીમદ્‌ભાગવતને આધારે લખ્યો છે. તે ગ્રન્થની ગણના અમેરિકામાં સૈકાના એક સર્વોત્તમ ગ્રન્થ તરીકે થઇ છે.

મહાન ગ્રન્થો માટે એમજ હોય છે. શ્રીગીતાજી ઉપર સેંકડો ટીકાઓ થઇ છે ને વાર્તિકો લખાયાં છે ને હજી પણ લખાયાં જશે. હિંદુધર્મમાં ભક્તિમાર્ગે જે સ્વરૂપ પકડયું છે, તેનો પ્રાણ આ મહાન ગ્રન્થમાં રહેલો છે. એટલે જ્યાંસુધી વૈષ્ણવધર્મ ટકશે ત્યાં સુધી આ ગ્રન્થ અમર રહેવાનો. અને જો એ ખરૂં હોય તો આવા ગ્રન્થને વિવિધદૃષ્ટિએ સમજવાની જરૂર રહેશે. "શ્રીમદ્‌ભાગવત-પ્રવેશિકા" વધુ નહિ તો તેને ઉકેલવામાં એક નાના દીવાની ગરજ સારે તો પણ ઓછું નહિ ગણાય.

પ્રસ્તુત પુસ્તક પ્રત્યે હું એક બીજી દૃષ્ટિથી પણ જોઉં છું. આ

જમાનામાં કેવળ શુષ્કબુદ્ધિ કે અંધશ્રદ્ધા ખપમાં નથી આવવાનાં. અત્યારે હિંદના વર્ણધર્મો અને આશ્રમો કાંતો તૂટી ગયા છે, અગર તો જ્યાં તેવું છેક નથી થયું, ત્યાં તે તદ્દન બગડી ગયા છે કે વિકૃતિ પામ્યા છે. કાળના મહાન ધોધમાં વહેમ, અજ્ઞાન, જુઠાણાં, કાંઇ કાંઇ બિગાડ ને કચરો સૈકાઓથી ખેંચાયાં આવે છે તેને કાઢી નાખી પ્રવાહને વધારે શુદ્ધ કરવાની, યાતો માર્ગમાં જે મોટા ખડકો અંતરાયરૂપ હોય તેને ખોદી કાઢી, તેમાં જરૂર પડે તો નવા પ્રવાહો વાળી ઝરાને વધારે ગતિમાન, જોરદાર અને પ્રકાશિત કરવાની જરૂર છે. પ્રેમ અને નવી શુદ્ધ આર્યદૃષ્ટિજ આ કામમાં ટકી શકે તેમ છે. આ પ્રવેશિકા આવાં શુદ્ધ ધર્મ—નીતિની પ્રકાશિકા નીવડો ! અસ્તુ.

અત્યારે હિંદના હૃદયમાં સામાજીક અને ધાર્મિક અવ્યવસ્થાને લીધે ખળભળાટ થઇ રહ્યો છે. એકલું હિંદ જ નહિ, આખી દુનિયા કોઇ નવા આદર્શની રાહ જુએ છે. વિશ્વમાં પ્રકટનાર આ નવીન આદર્શ ઘડવામાં હિંદ મુખ્ય હિસ્સો આપવાને અધિકારી છે. તેનો વારસો દિવ્ય અને અમૂલ્ય છે. તેનો સંચય સરખામણીમાં એટલો બધો પાપમય નથી. તેની સભ્યતા સૃષ્ટિ જેટલી જુની અને જીવનવાહી છે. તેનો મંત્ર શાન્તિ અને અહિંસાનો છે. ખરૂં જોતાં વર્તમાન ભૌતિક યુદ્ધો તે સ્થૂલ યુધ્ધો નથી, પણ વિચાર અને આદર્શનાં સૂક્ષ્મ યુધ્ધો છે.

જ્યારે વસંત ખીલવા માંડે છે, ત્યારે તેનું એક જ અંગ નહિ પણ સર્વાંગ પ્રફુલ્લ બને છે. પ્રજા માટે પણ તેમજ છે. તેનાં ધર્મ, સમાજ, રાજ્ય અને નીતિના પાયા વધારે મજબુત ને શુદ્ધ થવા લાગે છે, કે તેમાં પ્રાણનો સંચાર થાય છે. સત્ય, નીતિ અને ચારિત્ર્ય પ્રત્યે અત્યારે દુનિયાની નજર વધારે વળેલી નથી શું ? નવા જન્મનું એ પ્રથમ ચિન્હ છે. જેની દૃષ્ટિ સત્યનિષ્ઠ થઇ છે, પછી તે

હરકોઈ દિશામાં હોય, પણ તે તરી પાર ઉતરવાને પાત્ર છે. આ લેખક અને તેનો ગ્રન્થ સત્ય નીરખવાની ધર્મની એ નવી આંખ ઉઘાડવામાં મદદગાર થાઓ! એ અભિલાષા નિરર્થક નથી. એ દષ્ટિએ પણ આ પ્રયાસ સ્તુત્ય છે.

શ્રીમદ્‌ભાગવતપ્રવેશિકામાં મૂળ ભાગવતના સ્કંધની સંખ્યા કાયમ રાખવામાં આવી છે, અધ્યાયની બાબતમાં તેમ નથી. જે અધ્યાયો વાર્તા અને બોધને અનુકૂળ લાગ્યા તે લઈ તેમને વાર્તારૂપે આપવામાં આવ્યા છે, અને વાર્તાનું રહસ્ય સમજાવવા વસ્તુસૂચક મથાળાં રાખ્યાં છે. વાર્તાઓનું વર્ણન ટુંકમાં ને પ્રમાણસર કરવામાં આવ્યું છે. વાર્તાઓનું વસ્તુ સમજાવવા કોઈક કોઈક ઠેકાણે ટીકાને વિવરણ પણ કરેલાં છે. વિષયની ગોઠવણ આવી રીતની કરેલી હોવાથી આખો ગ્રંથ વાર્તાઓનો નિયમબદ્ધ સમૂહ હોય તેવો લાગે છે.

વળી સ્કંધ સ્કંધનો સંબંધ જણાવવા તથા અધ્યાય અધ્યાયનું જોડાણ સમજાવવા અવતરણિકાઓ મૂકવામાં આવી છે. તેથી શ્રીમદ્‌ ભાગવતના મહાન્ સમુદ્રમાં ગોથાં ન ખાતાં વાંચનાર ઇતિહાસનો સંબંધ ને ક્રમ સહેલાઈથી સમજી શકે છે.

વાંચનાર જોઈ શકશે, કે આ ગ્રંથમાં કેવળ જ્ઞાનને, ધર્મના વિવાદને કે ચર્ચાને સ્થાન આપવામાં આવ્યું નથી. શ્રીમદ્‌ ભાગવતને સમજવા પૂરતું જ તે વિષયોને સ્થાન અપાયું છે. આ ગ્રન્થનું ક્ષેત્ર ને હેતુ જોતાં તેવી રચના બરાબર છે.

મહાભારતના પૂરમાંથી પણ આવાં રત્નોનો સંગ્રહ કરવામાં આવે તો મને ખાત્રી છે, કે તે બહુ ઉપયોગી થઈ પડે.

મોહનલાલ વિઠ્ઠલદાસ ગાંધી.

અનુક્રમણિકા.

મંગલાચરણ.

મનહર છંદ.

એક–અદ્વિતીય છતાં પ્રકાશે અનંત રૂપે,
જડ ને ચેતન–સૃષ્ટિ રચનાર જેહ છે;
અજ અને નિરગુણ[1] છતાં ત્રણ ગુણો વડે,
બ્રહ્મ, વિષ્ણુ, શિવરૂપે સગુણ જણાય છે:
સિન્ધુમાં તરંગ થાય, વધે ને વળી સમાય,
તોય તેની પરિસ્થિતિ નહિ બદલાય છે;
તેમ વિશ્વ નિજવિષે થાય, પોષાય, સમાય,
છતાં અવિકારી નિત્ય–મુક્ત જે ગણાય છે. ૧

દૃષ્ટિથી દેખાય નહિ, વચને ન વર્ણવાય,
મન પણ જ્યાં ન પ્હોંચે, એવો જે અમાપ છે;
છતાં એકનિષ્ઠ તત્ત્વ–જ્ઞાની યોગીજનો જેને,
સમાધિમાં અનુભવી આનંદી જણાય છે:

---

૧. નિર્ગુણ.

આત દૂર છતાં પણ પાસેમાં પાસેજ વસે,
અતિસૂક્ષ્મ હોવા છતાં બેહદ વિશાળ છે;
આત્મારૂપે સહુ પ્રાણી-વિષે વાસ કરી રહ્યા,
વિશ્વવ્યાપી છે તથાપિ 'પર' કહેવાય છે. ૨

આદિ, મધ્ય, અન્ત જેને નથી સુખદુઃખ દ્વંદ્વ,
સદૈવ આનંદરૂપ જેહ વર્ણવાય છે;
'तत्त्वमसि'[૧] આદિ મહા-વાક્યો વડે શ્રુતિ જેને,
સમજાવી, જીવ-બ્રહ્મ-એકતા કરાવે છેઃ
તર્ક કે વિવાદ થકી પાર ન પમાય જેનો,
વેદ ને વેદાન્ત પણ 'नेति नेति'[૨] બોલે છે;
તોય પ્રેમભક્તિવડે (સ્વ) સ્વરૂપે પ્રકટ થતા,
વન્દન કરું છું, તેને ચિત્તે નેહ ધારીને. ૩

---

૧. તે તું છે. (જીવ બ્રહ્મનુંજ સ્વરૂપ છે.) ૨ ન ઇતિ એમ નહિ. (ઘણું વર્ણન કર્યા પછી પણ વેદ કહે છે કે, આટલું જ બસ નથી.)

કથામુખ.

શૌનકાદિ મુનિઓના ૬ પ્રશ્નો.

ભાગવત શાસ્ત્ર ૭ પ્રશ્નોના ઉત્તરરૂપે છે. એ પ્રશ્નો શૌનક વગેરે મુનિઓએ વ્યાસના શિષ્ય રોમહર્ષણના પુત્ર સૂતને પૂછ્યા હતા. તે (પ્રશ્નો)ના ઉત્તરરૂપે તેમણે ગુરૂપરંપરાથી જાણેલું અને અનુભવેલું શ્રીમદ્‌ભાગવત તેમને કહી સંભળાવ્યું હતું.

ઋષિઓએ પૂછેલા છ પ્રશ્નો આ પ્રમાણે છેઃ—"પ્રાણીઓનું પરમ કલ્યાણ શું? તે (પ્રાપ્ત કરવા) માટે સહેલું સાધન કયું? શ્રીકૃષ્ણ (બ્રહ્મ)ના અવતારનું પ્રયોજન શું? તેનું (બ્રહ્મનું) કાર્ય શું? અવતારો કેટલા થયા, અને તેમણે શું શું કાર્ય કર્યું? શ્રીકૃષ્ણ સ્વધામ પધાર્યા પછી ધર્મ કોને શરણે ગયો?"

"ભગવત્પ્રસાદ ([1]આત્મસંતોષ) પ્રાપ્ત કરવો અથવા આત્મ-સાક્ષાત્કાર કરવો એ જ પ્રાણીઓનું પરમશ્રેય છે, અને તે માટે સહેલું સાધન [2]ભક્તિ તથા તેના સાધનરૂપ સત્સંગ, કથાશ્રવણ, કીર્તન અને ધ્યાન વગેરે છે;" એમ પહેલા બે પ્રશ્નોનો ઉત્તર પ્રથમ સ્કંધમાં આપેલો છે.

ત્રીજા, ચોથા અને પાંચમા પ્રશ્નોના ઉત્તર બીજા સ્કંધથી દશમ સ્કંધ સુધીની કથામાં આવી જાય છે.

છઠ્ઠા પ્રશ્નનો ઉત્તર પ્રથમ સ્કંધના ત્રીજા અધ્યાયમાં સૂત પૌરાણિક આ પ્રમાણે આપે છેઃ—" શ્રીકૃષ્ણભગવાને ગીતા વગેરેમાં જે ઉપનિષદ્-ધર્મ કહેલો તેને કેટલાક સમય પછી જડબુદ્ધિવાળા મનુષ્યો યથાર્થ સમજી શક્યા નહિ, અને તેથી તેનો દુરૂપયોગ થયો. લોકો શુષ્કજ્ઞાની, અભિમાની અને પાખંડી થયા. આમ ઉપનિષદ્-ધર્મ જ્યારે અસ્તપ્રાય થયો, ત્યારે ભક્તિ સાથે જ્ઞાન આપનાર પુરાણ ધર્મનો ઉદય થયો. સારાંશ કે, તે વખતથી ધર્મ પુરાણને આશ્રયે રહ્યો."

---

૧ 'स्वनुष्ठितस्य धर्मस्य सांसिद्धि र्ह्यात्मतोषणम्' સારી રીતે આચરેલા ધર્મનું અન્તિમ ફલ આત્મ-સન્તોષજ છે. ૨ "स्नेहो भक्तिरिति प्रोक्तः" ઇશ્વરનું માહાત્મ્ય (લીલા) જાણીને તેના તરફ દઢ અને નિરતિશય (અત્યંત) સ્નેહ ઉત્પન્ન થાય, તેને ભક્તિ કહે છે. આવી ભક્તિથીજ મોક્ષ પ્રાપ્ત થાય છે અને આત્મસંતોષ અનુભવાય છે. (વૈષ્ણવતંત્ર).

ૐ

શ્રીમદ્ ભાગવત પ્રવેશિકા.

પ્રથમ સ્કંધ.

ઇશ્વર ભક્તિમાંજ ખરૂં સુખ* છે.

વ્યાસની કથા.

સુખ શોધવું એ મનુષ્યનો સ્વભાવ છે. કોઇ સ્ત્રીમાં તો કોઇ પુત્રમાં, કોઈ ભોગસંપત્તિમાં તો કોઇ કીર્તિ વગેરેમાં સુખ શોધે છે; છતાં તેઓ ખરૂં સુખ મેળવી શકતા નથી. ધનાઢ્ય, ભોગી, પંડિત,[1] કીર્તિમાન્ કે સ્ત્રી-પુત્રવાન્ કોઇપણ મનુ-

---

* આત્મસંતોષ. ૧. ફક્ત બાહ્ય અર્થોપરજ ધ્યાન આપનારા.

ધ્યાને જુઓ તો જણાશે કે, તે ખરા સુખી નથી અને તે સત્ય છે. સંસારનાં વૈષાયક (વિષય સંબંધી) સુખ મૃગ-જળ-ઝાંઝવાનાં જળ જેવાં છે. તેનાથી કોઇને ખરૂં સુખ મળ્યું નથી, મળતું નથી અને મળવાનો સંભવ પણ નથી. સત્ય સુખ તો માત્ર સમજપૂર્વક ઇશ્વરની આરાધના કર-વામાંજ છે.

પૂર્વે પરાશર નામે એક મુનિ[૧] હતા તેમને સત્યવતી નામની સ્ત્રીથી એક ઇશ્વરાંશી-પુત્ર ઉત્પન્ન થયો હતો. દ્વીપમાં જન્મ થયો હોવાથી તેનું નામ દ્વૈપાયન (દ્વીપ-બેટ; અયન-સ્થાન.) પાડયું હતું. દ્વૈપાયન જ્યારે આઠ વર્ષના થયા ત્યારે પરાશર મુનિએ તેમને ઉપનયન[૨] સંસ્કાર કરી વેદ-શાસ્ત્રનો અભ્યાસ કરાવ્યો, તેમાં તે પારંગત થયા. દ્વૈપાયન મુનિની વિદ્વત્તાની ખ્યાતિ સાંભળી અનેક શિષ્યો દૂર દૂરથી આવી તેમની પાસે વેદશાસ્ત્રનું અધ્યયન કરતા હતા, જેમાં પૈલ, જૈમિનિ, વૈશંપાયન, સુમંતુ, રોમહર્ષણ વગેરે મુખ્ય હતા.

મહામુનિ દ્વૈપાયને તે વખતના મનુષ્યોની [૩]સ્થૂલબુદ્ધિ જોઇ તેમને સરળતાથી જ્ઞાન આપવાસારૂ વેદના ચાર

---

૧. વેદ અનેશાસ્ત્રાર્થના તત્વને સમજનાર અને મનન કરનાર.
૨. **ઉપ** (પાસે) **નયન** (લઇ જવું) અર્થાત્ અધ્યયન માટે ગુરૂ પાસે લઇ જવાનો જે વિધિ કરવામાં આવે છે તે. ૩. જડ.

વિભાગ કર્યા. (ઋક્ યજુષ્ સામ અને અથર્વણ), તેથી તે 'વ્યાસ' એવા ઉપનામથી પ્રસિદ્ધ થયા. વળી તદ્દન અજ્ઞાન મનુષ્યોના ઉદ્ધાર માટે તેમણે 'ભારત' નામે ધર્મ-શાસ્ત્રનો એક મહાન ગ્રન્થ રચ્યો; જેમાં એક લાખ શ્લોક છે, પાંડવોની કથાના નિમિત્તે વર્ણાશ્રમ ધર્મોનું અને ધર્મ, અર્થ, કામ તથા મોક્ષ આદિ ચતુર્વિધ પુરૂષાર્થોનું નિરૂપણ કર્યું છે, શ્રીમદ્ ભગવદ્‌ગીતા જેવું ઉચ્ચજ્ઞાન જેમાં સમાયેલું છે, અને જેની ઉત્તમતાને લીધે વિદ્વાનોએ તેને 'પાંચમો વેદ' ગણ્યો છે.

આવા ઉત્તમ ગ્રંથોના રચનાર હોવા છતાં વ્યાસ-મુનિના ચિત્તમાં સંતોષ થયો ન હતો. એક દિવસ તે સરસ્વતીને કિનારે બેઠા બેઠા પોતાના મનની અશાંતિનું કારણ શોધતા હતા, તેવામાં નારદજી આવ્યા. વ્યાસજીએ તેમની અર્ઘ્ય આદિથી પૂજા કરી અને આસનપર બેસાડી તેમને પોતાની ઉદાસીનતાનું કારણ પૂછ્યું. નારદજી મહર્ષિ વ્યાસને ઉત્તર આપતાં કહેવા લાગ્યા, 'હે મહર્ષિ! આપે કરવાનું સર્વ કંઇ કીધું છે, અનેક ધર્મગ્રંથો રચ્યા છે, સારા સારા શિષ્યોને તેમનું અધ્યયન કરાવ્યું છે; પણ એકજ કર્તવ્ય શેષ રહ્યું છે, જે કરતાં તમારા અંતઃકરણમાં તત્ત્વ શાન્તિ પ્રકાશશે.

હે વ્યાસ ! આ વિશ્વમાં સર્વ શાસ્ત્રોના સારરૂપ, ભવ-સાગરના નાવરૂપ અને મોક્ષના કારણરૂપ માત્ર એક ઇશ્વર ભક્તિ છે; કે જેથી સાધારણ પ્રાણીઓ પણ આ ભવ-સિંધુને તરી ગયાં છે અને અમર પદને પામ્યાં છે. માટે તમે ભક્તિ કરો. (કહ્યું છે કે, ' ભક્તિ સુધા ભવમાંહ્ય, સુજનો ! ભક્તિ સુધા ભવમાંહ્ય.) હે ઋષિવર ! હું પણ ભક્તિના પ્રતાપેજ આનંદમાં સર્વત્ર વિચરૂં છું. ઈશ્વરભક્તિથીજ મને સંસારનાં આધિ, વ્યાધિ કે ઉપાધિ બાધ કરી શકતાં નથી. આ પ્રમાણે વ્યાસ મુનિને ઉપદેશ કરી નારદજી ચાલતા થયા. વ્યાસજીએ પણ નારદજીના ઉપદેશથી ભગવદ્ભક્તિરસપૂર્ણ ભાગવતશાસ્ત્ર રચ્યું, જેને લીધે તેમના મનની અશાન્તિ દૂર થઇ. તે ઉપરાંત બ્રહ્મ-જીજ્ઞાસુઓની ઈચ્છાને તૃપ્ત કરવા બ્રહ્મનો માર્ગ બતાવનારૂં ઉત્તર મીમાંસાશાસ્ત્ર (બ્રહ્મસૂત્ર) તેમણે રચ્યું, અને લોકોને સત્યમાર્ગનું ભાન કરાવ્યું.

ખરેખર ! મહાન પુરૂષો પોતે તરે છે અને બીજાઓને પણ તારે છે. તેઓ સમજે છે કે, ' લોકસેવા કરવી; એ વિરાટ સ્વરૂપ પરમાત્માની સેવા કર્યા બરાબર છે.

'साधुसङ्गो हि भेषजः.'

સત્સંગ એ ભવરોગની ઔષધિ છે.

ઈશ્વર સંબંધી જ્ઞાન મેળવવા અને પ્રભુભક્તિ હૃદયમાં જાગૃત કરવા પ્રથમ સત્સંગની જરૂર છે. સત્સંગથી હરકોઈ પ્રાણી ઉચ્ચ પદવીને પામે છે, સંસારથી નિર્ભય થાય છે અને સર્વદા ભગવાનનાં ચરણારવિંદનું સેવન કરનારો પ્રેમીભક્ત બને છે.

પારસમણિ લોઢાનું સોનું બનાવે છતાં તે સોનાને પોતાનું સ્વરૂપ તો ન જ આપી શકે, પણ સત્પુરૂષ તો પોતાના સમાગમમાં આવેલા મનુષ્યને પોતા જેવો જ બનાવી શકે છે. એક જ ઘડીના સત્સંગથી અનેક જીવોનો ઉદ્ધાર થયો છે. મહાત્મા તુલસીદાસજી ખરૂં જ કહે છે કે, 'एक घडी आधी घडी आधीमें पुनि आध। तुलसी संगत सन्तकी कटे कोटि अपराध ॥' એક ઘડી, અર્ધી ઘડી અથવા પા ઘડીનો પણ સત્સમાગમ કરોડો પાપોને દૂર કરે છે. વાયુ કરતાં પણ વધારે ચંચળ મન સત્સંગથી સ્થિર થઈ ભગવદ્-રૂપમાં લીન થાય છે-એકાગ્રતા (સમાધિ)

ને પામે છે. માટે ભક્તિનું પ્રથમ સાધન સત્સંગ છે. સત્સંગનું ફળ હજારો તીર્થો, હજારો યજ્ઞો અને બીજી અનેક ક્રિયાઓનાં ફળ કરતાં વધી જાય છે.

નારદજી પણ સત્સંગના પ્રતાપથીજ ઇશ્વરનું મન બન્યા હતા. પૂર્વજન્મમાં તે દાસીપુત્ર હતા. તેમની માતાએ તેમને નાનપણમાં જ તેમના ગામમાં ચાતુર્માસ ગાળવા આવેલા સાધુપુરૂષોની સેવામાં રાખ્યા હતા. દાસીપુત્ર નારદ એકનિષ્ઠાથી તે સંત પુરૂષોની સેવા ઉઠાવતા અને ફુરસદે સંતપુરૂષો પરસ્પર જે જ્ઞાન ચર્ચા કરતા તે સાંભળતા. આમ નાનપણમાંજ તેમનું મન સત્સેવાથી અને સદુપદેશથી કોમળ, નિર્મળ અને સ્થિર થયું હતું. તેમને બીજાં છોકરાંની પેઠે અતિ તોફાન કરવું, વારંવાર ખાવું વગેરે ગમતું નહિ. તે હંમેશાં એકાન્તમાં બેસી પોતાના મનને કબજે રાખવા અને અન્તઃકરણમાં ઇશ્વરસ્વરૂપ નીહાળવા પ્રયત્ન કરતા. આવા નિત્યના અભ્યાસથી થોડાજ સમયમાં તેમના હૃદયમાં પ્રેમ-ભક્તિ જાગૃત થઇ.

ચાતુર્માસ પૂર્ણ થતાં, જ્યારે તે સંત મહાત્માઓ અન્ય સ્થળે જવા તૈયાર થયા, ત્યારે તેમણે બાળક નારદની સેવાથી સંતુષ્ટ થઇ તેમને ઇશ્વર ભજન કરવાનો ઉપદેશ આપ્યો.

મહાત્માઓના ગયા પછી નારદ તેમના ઉપદેશ પ્રમાણે વર્તવા લાગ્યા. દૈવયોગે એક દિવસ ગાય દોહવા જતાં સર્પ ડસવાથી તેમની માતાનું મરણ થયું. આ બનાવથી બાળક નારદજી જરાપણ ગભરાયા નહિ; પણ પ્રભુ ઇચ્છાને અધીન થઇ, પોતાના ગામનો ત્યાગ કરી, ઉત્તર તરફ ચાલી નીકળ્યા. તેમણે ભયંકર ગાઢ જંગલમાં જઇ, સ્નાન કરી, એક પીપળાના વૃક્ષ નીચે બેસી; પોતાનું મન સ્થિર કર્યું અને મનમાંજ પ્રભુ દર્શન કરવા તે સમાધિસ્થ થયા. તે વખતે તેમના મનમાં પ્રભુપેરણા થઈ કે, "ગભરાઇશ નહિ" આ જન્મમાં નહિ પણ આવતા જન્મમાં તને ઈશ્વરનાં દર્શન પ્રત્યક્ષ થશે. નારદ આ પ્રેરણાને અધીન થયા. તેમણે જીંદગીનો શેષભાગ પ્રભુભજનમાં ગાળી, યથાસમયે દેહ છોડયો. બીજા કલ્પના આરંભમાં તે બ્રહ્માજીના શરીરથી ઉત્પન્ન થયા; અને ભક્તિના પ્રતાપે ઇશ્વરના મનરૂપ બની, (હંમેશાં પોતાના મનમાં પરમાત્માને અનુભવતા) ત્રિવિધ-તાપથી મુક્ત થઇ, નિર્ભયપણે સર્વ ભુવનોમાં વિચરવા લાગ્યા. પરમાત્માની પૂર્ણકૃપાથી તે વિશ્વમાં અમર થયા છે. સત્સંગનો મહિમા અવર્ણ્ય છે અને સુખદાયક છે.

(રામ રાખે તેને કોણ ચાખે !)

પરીક્ષિતનો જન્મ.

એક વખત એક શિષ્યે ગુરૂને પૂછ્યું કે, આ અપાર સંસાર સમુદ્રમાં જ્યારે હું ડૂબતો હોઉં ત્યારે મારે કોનું શરણ લેવું ? ગુરૂએ તેને જવાબ આપ્યો કે, વત્સ ! આ સંસારમાં માત્ર એક જ શરણ સુરક્ષિત છે કે, જ્યાં જવાથી માણસને (પ્રાણીને) ભય કે ત્રાસ રહેતો નથી. આ ઉત્તમશરણ તે શ્રીહરિનું ચરણ-કમળજ છે.

ભર્તૃહરિ મહારાજ પોતાના અનુભવની વાત લખે છે કે, આ સંસારમાં કોઈપણ વસ્તુ એવી નથી કે જેને આશ્રયે જતાં મનુષ્ય નિર્ભય થાય. ઉપભોગોના સેવનમાં રોગોનો ભય છે, કુળને નાશનો ભય છે, ધનને રાજાનો ભય છે, બળવાનને તેના કરતાં એ વધારે બળવાન શત્રુનો ભય છે, વિદ્વાનને પ્રતિવાદીનો ભય છે, રૂપવાન અને દ્રઢ શરીરને કાળનો ભય છે; એમ અણુથી માંડીને બ્રહ્માપર્યન્ત સર્વને પણ અમુક અમુકનો ભય છે. જ્યારે સર્વત્ર ભય છે, ત્યારે ત્યાં આશ્રય કરીને રહેવાથી પ્રાણી કેમ નિર્ભય થઈ શકે ? એક ડૂબતી વસ્તુ બીજાને કેમ તારે ? આ ઉપરથી સાબિત

થાય છે કે, નિર્ભયપણું તો શ્રી હરિના ચરણકમળના આશ્રયમાં જ છે. જેણે આ નિર્ભય આશ્રય ગ્રહણ કર્યો, તે સંસારના તાપથી છુટયો. તેને આ વિશ્વમાં કોઇએ હરકત કરી શકતું નથી. તેમ તે પણ કોઇને હરકત કરતો નથી. માટે જ કહેવામાં આવ્યું છે કે, 'શરણું ગિરિધરનું સાચું, બીજું સર્વ ખરે કાચું.' બધા ભક્તો પરમાત્માનું શરણ ગ્રહીને જ તરી ગયા છે, તો પછી સંસારનાં અસહ્ય દુઃખોથી પીડાતા અનેક મનુષ્યો આવું પાસે જ રહેલું ઉત્તમ શરણ છોડી શા સારૂ આમતેમ વળખાં મારતા હશે?

પાંડવો પણ પરમાત્માનું શરણ લઈનેજ સંકટરૂપ સાગરને તરી ગયા હતા. કુરૂક્ષેત્રની લડાઇમાં પાંડવોએ જ્યારે સઘળા કોરવોનો અને કૌરવ સૈન્યનો નાશ કર્યો અને દુર્યોધન પણ ભીમની ભયંકર ગદાના પ્રહારથી જમીનપર પડયો, તે વખતે અશ્વત્થામા (દ્રોણનો પુત્ર) દુર્યોધન પાસે આવી તેની આવી અવદશા માટે શોક પ્રદર્શિત કરવા લાગ્યો. તેણે દુર્યોધન આગળ પોતાનો નિશ્ચય પ્રકટ કર્યો કે, 'જો તમારી મરજી હોય તો હું પાંડવોને મારી તેમનાં માથાં કાપી લાવું.' દુર્યોધને આ વાતમાં પોતાની સંમતિ જણાવી અને તને ધન્યવાદ આપ્યો.

ત્યાંથી અશ્વત્થામા પાંડવોની શત્રુી આગળ આવ્યો અને પાંડવોને હણવાની ઇચ્છાથી અંદર પેઠો. પણ પરમા-

ત્માની અકલિત લીલા એવી કે તે દિવસે પાંડવો ત્યાં સુઈ ગએલા ન હતા, પણ તેમની જગાએ દ્રૌપદીના પાંચ પુત્રો સુઈ ગયા હતા. તેમનાં માથાં અશ્વત્થામાએ અંધારામાં કાપી નાંખ્યાં અને ચોટલીથી પકડી ખુશી થતો દુર્યોધન પાસે આણ્યો. આ વખતે પ્રભાત થવા આવ્યું હતું અને અરૂણનો પ્રકાશ થોડો થોડો પડવા માંડયો હતો. તે પ્રકાશમાં દુર્યોધને લાંબા વખતના પરિચયથી પાંડવોના મસ્તક જેવાં જણાતાં પણ દ્રૌપદીના પાંચ પુત્રોનાં મસ્તક ઓળખી કાઢયાં. તેથી અશ્વત્થામાને ઠપકો આપતાં તે કહેવા લાગ્યો, 'અરે, દ્રોણપુત્ર ! તેં મોટો અન્યાય કર્યો. અપરાધીઓને બદલે આ તો નિરપરાધીઓને શિક્ષા થઈ. તેં સહસા કામ કરી અમારો કુરૂવંશ નિર્મૂળ કર્યો.' અશ્વત્થામાને હવે પોતાની ભૂલ સમજાઈ. તેથી તે લાજ અને ભયનો માર્યો દુર્યોધનની રજા માગી કુરૂક્ષેત્રમાંથી નાસી ગયો.

સવારમાં પાંડવોને પણ પોતાના પુત્રોના મરણની ખબર પડી, તેથી તે સઘળા શોક કરવા લાગ્યા. પોતાના પુત્રોના અકાલમૃત્યુથી દ્રૌપદી અતિ વિલાપ કરવા મંડયાં, તે સાંભળી અર્જુનનું હૃદય ચીરાયું. તેણે પ્રતિજ્ઞા કરી કે, 'જેણે દ્રૌપદીના પુત્રોનાં માથાં કાપ્યાં છે તેના મસ્તકપર બેસાડી દ્રૌપદીને સ્નાન કરવું તોજ હું ખરો ક્ષત્રિય કહેવાઉં. તે તરતજ શ્રીકૃષ્ણની મદદ લઇ રથમાં બેઠો અને

અશ્વત્થામાની પાછળ પડયો. અશ્વત્થામાની પાસે કંઈ વાહન નહતું તેથી થોડાજ વખતમાં અર્જુનનો રથ તેની નિકટ પહોંચ્યો, તે જોતાંજ ભયપામી તેણે અર્જુન સામે બ્રહ્માસ્ત્ર સાંધ્યું. તે વખતે સઘળી દિશાઓ પ્રકાશિત થઈ અને અર્જુન પણ ભય પામ્યો. અર્જુનને ભયભીત થયેલો જોઈ શ્રીકૃષ્ણે કહ્યું, 'ગભરા મા, અશ્વત્થામાએ બ્રહ્માસ્ત્ર યોજ્યું છે તેની સામે તું પણ બ્રહ્માસ્ત્ર મૂક. તેને અસ્ત્ર પાછું વાળતાં નથી આવડતું, તેથી તું તારા મંત્ર બળ વડે બન્ને અસ્ત્રોને સ્વાધીન કર.' અર્જુને શ્રીકૃષ્ણના ઉપદેશ પ્રમાણે અશ્વત્થામાના બ્રહ્માસ્ત્ર સામે પોતાનું બ્રહ્માસ્ત્ર ફેકયું અને મંત્ર બળથી બન્ને અસ્ત્રો પોતાને કબજે કર્યાં.

હવે અશ્વત્થામા નિરાધાર થયો એટલે અર્જુન તેને બાંધી પોતાની રાવટી પાસે લાવ્યો તે વખતે શ્રીકૃષ્ણે અર્જુનની પરીક્ષા કરવા કહ્યું કે, 'આને મારી નાખવો જોઇએ; કારણ કે એણે બ્રાહ્મણને તથા એક વીરને ન છાજે તેવું કર્મ કર્યું છે અને એવા કર્મથી તે બ્રાહ્મણપણાથી ભ્રષ્ટ[1] થયો છે.' આમ કહ્યા છતાં અર્જુને તેને ગુરૂપુત્ર

---

૧ શસ્ત્રપર આજીવિકા કરનાર, લહીયાનો ધંધો કરનાર, દેવની પૂજા કરી તે બદલે પગાર લેનાર, ગામગુરૂ (ગામોટ), પટાવાળો અને રસોઇનો ધંધો કરનાર, આ છ કર્મ કરનાર બ્રાહ્મણો અધમ કહેવાય છે.

જાણી મારવાની ઇચ્છા કરી નહિ અને દ્રૌપદી તો તેને જોતાં જ દયાથી આંખોમાં આંસુ ભરી બોલ્યાં, 'અરે, અર્જુન! તમે એને એકદમ છોડી દો. કારણ કે બ્રાહ્મણો નિરંતર પૂજ્ય છે. વળી એ ગુરૂપુત્ર હોવાથી ગુરૂતુલ્ય છે. શાસ્ત્રો કહે છે કે, 'પોતાની પત્નીમાં પુરૂષ પોતેજ પુત્રરૂપે જન્મે છે,' તેથી આ અશ્વત્થામા રૂપે દ્રોણાચાર્ય જ તમારી સમક્ષ ઉભા છે એમ ધારી તમે એને બંધનથી મુક્ત કરો. મારા પુત્રોનો ઈશ્વરેચ્છાથી નાશ થયો છે એમ માની હું ગુરુના કુળનો નાશ કરાવવા ઈચ્છતી નથી.' દ્રૌપદીનાં આવાં ડહાપણ ભર્યાં વચનો યુધિષ્ઠિર વગેરે સર્વને રૂચ્યાં, તેથી તેમણે ગુરૂપુત્રનો નાશ ન થાય અને અર્જુનનું પણ રહે તેવો માર્ગ શોધી આપવા શ્રીકૃષ્ણને વિનંતિ કરી. થોડો વખત વિચારી શ્રીકૃષ્ણે તેમને કહ્યું કે, 'એની શિખા લઈ લો અને તેનાપર બેસાડો દ્રૌપદીને સ્નાન કરાવો, એટલે તમારી બન્ને પ્રતિજ્ઞાઓ પૂર્ણ થશે. કારણકે, બ્રાહ્મણની શિખા[1] ઉપાડવી એ તેનો વધ કર્યા બરાબર છે.' પછી અર્જુને શ્રીકૃષ્ણના કહેવા પ્રમાણે કરી, અશ્વત્થામાને છુટો કર્યો.

પાંડવો પોતાના પુત્રોની અને સબંધીઓની ઉત્તરક્રિયા

---

૧ ધન ખુંચવી લેવું, વાળ ઉતરાવી નાંખવા કે દેશવટો આપવો એ બ્રાહ્મણનો વધ કર્યા બરાબર છે (અર્થાત્ બ્રાહ્મણને વધની સજા કરવી હોય તો ઉપરનો ગમે તે એક સજા કરવી).

ફરી હસ્તિનાપુર ગયા, ત્યાં શ્રીકૃષ્ણે યુધિષ્ઠરનો રાજ્યાભિષેક કર્યો. આ સઘળી ક્રિયા સમાપ્ત થયા પછી પાંડવોની અને કુંતાજીની રજા લઈ દ્વારકા જવા માટે શ્રીકૃષ્ણ રથમાં બેઠા તે વખતે ભયભીત થયેલી ઉત્તરા દોડતી દોડતી તેમની પાસે આવી અને બે હાથ જોડી તેમને વિનવવા લાગી કે, 'હે પ્રભુ! મને આ દાવાનળ જેવા અસ્ત્રથી બચાવો અને મારા ગર્ભનું રક્ષણ કરો.' ભગવાન્ શ્રીકૃષ્ણ સમજી ગયા કે, આ અશ્વત્થામાએ યોજેલું અસ્ત્ર છે. તેજ વખત બીજાં પણ પાંચ અસ્ત્રો પાંડવો તરફ આવતાં જણાયાં. ત્યારે પોતાના ભક્તોને બચાવવા પ્રભુએ પોતાનું સુદર્શન ચક્ર તે અસ્ત્રો આગળ ધર્યું અને ઉત્તરાના ગર્ભનું રક્ષણ કરવા પોતે સૂક્ષ્મરૂપે ગર્ભની આસપાસ ફરવા લાગ્યા.

આમ પરીક્ષિતને ગર્ભમાં જ ઈશ્વરસ્વરૂપનું દર્શન થયું. પછી દશ માસ પૂર્ણ થતાં શુભ સમયે ઉત્તરાએ પુત્રનો જન્મ આપ્યો, તેનું જાત કર્મ કરી પાંડવોએ યાચકોને મનમાનતાં દાન આપ્યાં. જ્યારે નામ કરણ સંસ્કારનો સમય આવ્યો ત્યારે પાંડવોએ જોષીને બોલાવી તેની સંમતિથી પુત્રનું નામ વિષ્ણુરાત પાડયું (વિષ્ણુ+રા+ત વિષ્ણુએ આપેલો (રક્ષેલો) તે ઉપરથી). રાજકુમાર જેમ જેમ વયમાં આવતો ગયો તેમ તેમ ગર્ભમાં જોએલા પુરૂષને સૃષ્ટિમાં જોવાની ઈચ્છાથી બધા માણસોને ધારી ધારીને જોવા માંડયો, તે ઉપરથી લોકોએ તેને 'પરીક્ષિત' કહ્યો. અને એ નામથીજ તે જગતમાં પ્રસિદ્ધ થયો.

' राजा कालस्य कारणम् '

રાજા કાલ (સમય) નું કારણ છે.

(કલિ નિગ્રહ.)

શાસ્ત્રકારોએ કાળને ચાર યુગોમાં વહેંચી નાખ્યો છે. અને તેનાં કૃત (સત્) યુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ, અને કલિયુગ એવાં નામ આપ્યાં છે, આ યુગો અનુક્રમે આવે જાય છે. તે સંબંધી અત્રે થોડો વિચાર કરીએ. સૃષ્ટિના આરંભમાં મનુષ્યોની ભાવનાઓ ઈશ્વરથી બહુ દૂર ગએલી હોતી નથી. તેમની પાસે ભૌતિક સમૃદ્ધિઓ જરૂર પૂરતીજ હોય છે, એથી તેમના મનમાં સત્ય, દયા, તપ (સંયમ) અને પવિત્રતાનો વાસ હોય છે. આ કાલને સતયુગ કહી શકાય. પછી જેમ જેમ સૃષ્ટિનો વિસ્તાર વધતો જાય છે તેમ તેમ પુત્ર-પૌત્રાદિ સંતતિ માટે તેઓને વધારે સમૃદ્ધિની જરૂર પડે છે, એથી તેમની ભાવનાઓ ભૌતિક પદાર્થો તરફ વધારે આકર્ષાય છે; ત્યારે ઉપર જણાવેલા ચાર ગુણોમાંથી એક ગુણ તેમના અંતઃકરણમાંથી કમી થાય છે—અર્થાત્ સત્ય ઘટે છે. આ કાળને ત્રેતાયુગ કહી શકાય. વળી પણ માણસો જેમ જેમ વધારે કુટુંબ-

વાળા અને વૈભવશાળી બને છે તથા અધિકાર પ્રાપ્ત કરે છે, તેમ તેમ તે અદેખા, દ્વેષી અને અભિમાની થાય છે; ત્યારે તેમનામાંથી બે ગુણો (સત્ય અને દયા) ઘટે છે. આ સમય દ્વાપરયુગનો છે. અન્તે એવા (સત્ય અને દયા વગરના) મનુષ્યોની ઇચ્છાઓ સંસારના ભોગો તરફ વળે છે, તેથી સંયમ નાશ પામે છે. અતિ ભોગથી પ્રજા નિર્માલ્ય બને છે, તેમનાં જીવન પશુ જેવાં થાય છે અને ઇન્દ્રિયો તથા મન નિરંકુશ બને છે; ત્યારે શુદ્ધતા–સદાચાર પણ નષ્ટ થાય છે. આવા સમયને કલિયુગ કહી શકાય. આમ જ્યારે સઘળી પ્રજા અધોગતિને પામે છે, ત્યારે સૃષ્ટિપર ઈશ્વરાવતાર થાય છે. તે લોકોને સત્યમાર્ગ બતાવી ધર્મનો પુનરૂદ્ધાર કરે છે, અને લોકોના અંતઃકરણમાંથી વિષયવાસના દૂર કરી તેમાં સત્ય, દયા, તપ અને શૌચ આદિ ધર્મનાં બીજ રોપી ફરીને સતયુગ પ્રવર્તાવે છે.

શાસ્ત્રો કહે છે કે, યુગોના ફેરફારનું કારણ રાજા છે. કારણકે, તે પ્રજાનો નિયામક હોવાથી પ્રજાને દોરી શકે છે, અવળે માર્ગે ચાલનારને શિક્ષા કરી શકે છે અને અધર્મને ટાળી શકે છે. આર્યોની પ્રાચીન પદ્ધતિ આવીજ હતી. લોકોનો રાજાપર સંપૂર્ણ ભરોસો હતો અને તેઓ પણ પ્રજાનું હિત કરવા ચુકતા નહિ. તેથીજ મનુ–આદિ સ્મૃતિકારોએ રાજાને અષ્ટલોકપાલોનો–દેવોનો અંશ કહ્યો છે.

એટલે કે, લોકપાલો જેમ પોતપોતાની દિશામાં રહી ચો-તરફથી લોકોનું રક્ષણ કરે છે; તેમ રાજાઓએ પણ પોતાની પ્રજાનું સર્વથા રક્ષણ કરવાનું છે, અને ન્યાયનું પાલન કરી અધર્મને અટકાવવાનો છે. રાજા જો આવી રીતે પોતાની ફરજ અદા કરે, તો તેના રાજ્યમાં કોઇ જાતનો ઉપદ્રવ થઇ શકે નહિ; તેમ પ્રજા પણ અસત્ય માર્ગે ન જાય-જતાં ડરે. પણ રાજાજ જ્યારે પોતાનો સત્યપંથ ભૂલી અવળે માર્ગે વળે અને આત્મબળ તરફ અશ્રદ્ધા કરી પશુબળને મુખ્ય માને, ત્યારે પ્રજાનું વલણ બદલાય એ સ્વાભાવિક છે.

પરીક્ષિત યોગ્ય ઉંમરનો થયા પછી પાંડવો તેને રાજ્ય આપી હિમાલય તરફ ગયા. પૂર્વની પ્રથા એવી હતી કે, પુત્ર જ્યારે કાર્યભાર ઉપાડવાને લાયક થાય, ત્યારે પિતાએ ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરી વાનપ્રસ્થાશ્રમ સ્વીકારવો. ગાદીએ બેઠા પછી પરીક્ષિત ધર્મ-નીતિ પ્રમાણે રાજ્ય કરતો હતો. તે પ્રજાનાં દુઃખો દૂર કરવા બનતો પ્રયાસ કરતો અને દેશમાં શાન્તિ રહે તેવા ઉપાયો યોજતો. એક વખત તે મૃગયા કરવા વનમાં ગયો હતો, ત્યાં તેણે એક રડતી ગાય, એક પગે ઉભેલો બળદ અને તેની પાસે ઉઘાડી તલવાર પકડીને ઉભેલા એક પુરૂષને જોયો. પરીક્ષિતે તે પુરૂષને પૂછ્યું, "મારા ધર્મ રાજ્યમાં ગાયને મારનાર તું કોણ છે? આ ગાય તથા એક પગવાળો બળદ શા સારૂ

દીન અને દુઃખી જણાય છે, તે જાણવા હું ઇચ્છું છું." ગાય બોલી, "હે રાજન્! હું પૃથ્વી છું, આ બળદ ધર્મ છે; તેના ત્રણ પગ (સત્ય, દયા અને તપ) આ દુષ્ટ કલિએ કાપી નાખ્યા છે અને હવે તે ચોથો પગ કાપવાની તૈયારીમાં છે. હું દીન થઈ રહું છું તેનું કારણ એ છે, કે ધર્મનો વિયોગ મારાથી સહન થઇ શકતો નથી, જો તેનો નાશ થશે, તો હું દુઃખીઆરી થઇશ; અને મારામાંથી સર્વે રસકસ પણ સુકાઇ જશે.

ગાયરૂપ પૃથ્વીનું વચન સાંભળતાં પરીક્ષિતે કલિને પકડયો અને ખડ્ગથી તેનું મસ્તક કાપવાની તૈયારી કરી, તે વખતે કલિયુગ રાજાના ચરણમાં પડી કહેવા લાગ્યો; "રાજા! મને જીવિતદાન આપો. હું કેવળ દોષોથી ભરેલો નથી, મારામાં કેટલાક ગુણ પણ છે; જેવા કે, સત્કર્મના વિચારથીજ ફલપ્રાપ્તિ, થોડી ભક્તિથી પણ વધારે પુણ્ય અને અલ્પદાનથી મહત્ ફલ. હું ધૈર્યવાન્ ઇશ્વરભક્તથી ડરૂં છું, તેની પાસે કદાપિ જતો નથી. હું શપથ લઇ કહું છું કે, તમારા રાજ્યમાં નહિ વસું. છતાં કૃપા કરી રહેવા માટે કેટલીક જગાઓ મને આપો, તો તમારો ઉપકાર." કલિનાં વચન સાંભળી રાજાએ તેને ધૂત, મદિરા, સ્ત્રી, હિંસા, સુવર્ણ, અસત્ય, મદ, વ્યભિચાર, માંસ અને વૈર વગેરે

દશ સ્થાન આપ્યાં. (એથી ધાર્મિક પુરૂષે તેનાથી ચેતતા રહેવું જોઇએ). આ પ્રમાણે પરીક્ષિત રાજાએ પોતાના પ્રભાવથી સમયપરિવર્તન થતું અટકાવ્યું.

આ વાત અલંકાર રૂપે લખાઇ છે. તેનો સાર એ છે કે, પૃથ્વી ઉપર જ્યારે અધર્મ પ્રવર્તે છે, ત્યારે લોકોમાંથી સત્ય, દયા, તપ અને પવિત્રતા નષ્ટ થાય છે અને વ્હેમ, મદ, કુસંગ તથા અસત્યનું જોર વધે છે. તેથી સૃષ્ટિનો વિકાસક્રમ અટકે છે. તે વખતે રાજા જો સ્વધર્મ–પરાયણ હોય તો લોકોમાંથી અજ્ઞાનતાના અંશને દૂર કરી–કરાવી, સૃષ્ટિના વિકાસક્રમમાં સહાયરૂપ થઇ પડે છે. માટેજ કહ્યું છે કે, "રાજા કાલનું કારણ છે."

લક્ષ્મીનો મદ અસહ્ય છે.

(પરીક્ષિતને શાપ.)

યૌવન, સંપત્તિ, અધિકાર અને અવિવેકથી ભલભલા માણસો પણ પડયા છે; તો પછી સાધારણ માણસો તેને શી રીતે જીરવી શકે? મહાન તપસ્વી શિવજી હળાહળ પીતાં ન સંકોચાયા, પણ સમૃદ્ધિથી તો દૂરજ રહ્યા. કારણ કે, ઝેરી વસ્તુઓની કેફ કરતાં સમૃદ્ધિની કેફ દુઃસહ છે. સામાન્ય વિષથી માણસનો એક જન્મ વૃથા થાય છે, પણ હળાહળકેફથી એ વધારે અસર કરનાર સંપત્તિની કેફથી મૂર્છિત થએલો મનુષ્ય પોતાના અનેક જન્મોને બગાડે છે વિષની અસર દૂર કરનારા વૈદ્યો મળી આવે છે, પણ લક્ષ્મીના મદની અસર દૂર કરનારા માણસો દુર્લભ છે. માટે સમજુ અને વિવેકી માણસોએ સમૃદ્ધિમાં બહુ આસક્તિ રાખવી નહિ, તેનાથી ફૂલાવું નહિ, પણ તેને ઇશ્વર પ્રસાદી માની તેનો ઉપયોગ પરમાર્થમાં કરવો. સર્પનું વિષ જેમ તાર્ક્ષ્ય (ગરૂડ) મંત્રથી ઉતરી જાય છે, તેમ ભગવત્ પ્રસાદી માનવાથી સમૃદ્ધિના મદની અસર મનુષ્યપર થતી નથી. લક્ષ્મી વિષ્ણુના ચરણનું સેવન કરનારી–દાસી હોવાથી, જ્યાં ભગવાનનો વાસ હોય ત્યાં રહે ખરી; પણ પોતાનો સ્વતંત્ર અધિકાર ચલાવી શકે નહિ એટલે ભક્તપર પોતાના દુઃસહ મદની અસર કરી શકે નહિ. ત્યાં તો તેને ભક્તના કબજામાંજ રહેવું પડે.

પરીક્ષિત રાજા આવો સદાચારી અને ધર્મપરાયણ

છતાં, એક વખત લક્ષ્મીના મદથી ઘેરાયો હતો અને એક ઋષિના શાપનું પાત્ર થયો હતો. તે રાજા એક સમયે શરીરપર વિવધ અલંકાર ધારણ કરી મૃગયા રમવા ગયો હતો; ત્યાં ઘણા વખત સુધી મૃગોની પાછળ ફરવાથી તરસ્યો થયો. તેથી પાણી શોધતો શોધતો ત નજીક આવેલા શમીક ઋષિના આશ્રમમાં ગયો. ઋષિ સમાધિમાં બેઠા હતા અને ઋષિપુત્ર દર્ભ વગેરે લેવા જંગલમાં ગયો હતો, તેથી કોઇ રાજાનો સત્કાર કરી શકયું નહિ. આવો સમૃદ્ધિમાન્ રાજા છતાં એક બ્રાહ્મણે પોતાનો સત્કાર ન કર્યો તેથી ક્રોધી થઇ તેણે ઋષિના ગળામાં એક મરેલો સાપ વીંટાળ્યો. રાજાના ગયા પછી ઋષિકુમાર આશ્રમમાં આવ્યો, અને પિતાના ગળામાં સાપ જોઇ રડવા લાગ્યા. કદાચ પિતાનું મરણ થયું હશે, એમ માની તે નદી તટપર ગયો અને સ્નાન કરી દુભાતા હૃદયે તેણે શાપ આપ્યો; કે ‘ જેણે મારા પિતાને ગળે સાપ વીંટાળ્યો હોય તનું આજથી સાતમા દિવસે સર્પ ડસવાથી મરણ થશે. ’ શાપ અથવા વરદાન એ અતિ દુભાએલા કે હર્ષથી પ્રફુલ્લિત બનેલા હૃદયમાં ઇશ્વરી પ્રેરણાથી અણુચિન્તવી ઉત્પન્ન થએલી વૃત્તિઓ છે. આવા શાપો કે વરદાનો ગમે તેવા સંજોગોમાં, ગમે તેવી રીતે બધાજ માણસો આપી શકે નહિ. પણ જેઓ સત્યવાદી, નિર્લોભી, નિષ્કામ અને સંયમી હોય; તેમના હૃદયમાં અમુક મનુષ્ય તરફ જે ભાવો સહજ પેદા થાય તે તેને જરૂર અસર કરે છે.

મહાત્માઓનાં મન પુષ્પથી પણ કોમળ હોય છે.

(શાપ પછીનું વૃત્તાંત.)

ભવભૂતિ લખે છે કે, 'મહાત્માઓનાં મન વજ્રથી કઠણ અને પુષ્પથી પણ કોમળ હોય છે.' એટલે તે સંસારનાં સુખોથી જરાએ લલચાતાં નથી અને દુઃખ પડે તો નરમ પણ થતાં નથી, છતાં પ્રાણીઓ તરફ દયાભાવથી હંમેશ દ્રવતાં હોય છે.

રાજાને શાપ આપ્યા પછી ઋષિકુમાર આશ્રમમાં આવી રડવા લાગ્યો, ત્યારે પુત્રનો વિલાપ સાંભળી શમીક-મુનિ સમાધિમાંથી જાગ્યા. પુત્રને રડવાનું કારણ પૂછતાં તેણે સઘળી હકીકત તેમને કહી બતાવી. આવા પવિત્ર રાજાને પોતાના પુત્રે શાપ આપ્યો જાણી ઋષિ ખિન્ન થઇને બોલ્યા, 'અરે, કાચી બુદ્ધિના બાળક ! વગર વિચાર્યે તેં મોટો અનર્થ કર્યો. રાજાને શાપ આપતાં તેં આખા દેશને ભારે જોખમમાં નાખ્યો. ધાર્મિક રાજા દેશનો પ્રાણ છે. શરીર જેમ પ્રાણવગર નિશ્ચેતન બને છે, તેમ પવિત્ર અને ન્યાયી રાજા નાશ પામતાં દેશમાં બહુ અવ્યવસ્થા થાય છે. પરીક્ષિતના મૃત્યુ પછી દેશમાં જે ઉત્પાતો થશે અને તેને લીધે દેશને જે દુઃખો સહેવાં પડશે તેનું પાપ તારે

ાશર આવ્યું. તને ખબર નથી કે, બીજાને શાપ આપતાં તપની કેટલી હાનિ થાય છે ?' આવી રીતે ઋષિએ રાજાનો અપરાધ ન સંભારતાં પુત્રના અપરાધ માટે ખેદ કર્યો અને પરીક્ષિતને શાપની ખબર આપવા એક શિષ્યને મોકલા આપ્યો.

જ્વર (તાવ) ઉતરી જતાં શરીર જેમ નરમ થાય છે, તેમ કામ-જ્વર, ક્રોધજ્વર અને લક્ષ્મીનોજ્વર નષ્ટ થયા પછી મન આવેશ વગરનું બની સ્થિર થાય છે. તે સમયે તેમાં સદ્‌—અસદ્‌ વસ્તુનો વિવેક જાગૃત થાય છે.

રાજા પરીક્ષિત મૃગયા રમી જ્યારે રાજધાનીમાં ગયો અને આભરણુ વિગેરે ઉતારી નીરાંતે બેઠો, ત્યારે તેને પોતાનું નિન્દ્ય કર્મ સાંભર્યું. તે મનમાં ખેદ પામ્યો અને પોતાના કુકર્મ માટે પોતાને શિક્ષા થવી જોઇએ એમ વિચાર કરવા લાગ્યો[1], તેજ ક્ષણે શમીકે મોકલેલો શિષ્ય ત્યાં આવી પહોંચ્યો અને રાજાને શાપના સમાચાર કહ્યા. રાજા તો તેથી નાખુશ થવાને બદલે ખુશ થયો. અને શાપ આપી પોતાને દુષ્કર્મથી બચાવનાર ઋષિવરનો તેણે ઉપકાર માન્યો,

---

૧ ઉત્તમ વર્ગના મનુષ્યો પોતાની ભુલ પોતેજ શોધી કાઢે છે અને તેને માટે પસ્તાવો કરે છે; પણ હલકા માણુસો તો પોતાની ભુલજ કબુલ કરતા નથી.

શિષ્યના ગયા પછી રાજાએ પોતાના પુત્રને રાજ્યનો કારભાર સોંપી દીધો. અને મનને સર્વ વિષયોમાંથી ખેંચી લઇ ભગવાનની આરાધના માટે તે ગંગા તીરે આવીને બેઠો. આ સમાચાર થોડા સમયમાંજ સઘળે પ્રસર્યા, તેથી રાજાને આશ્વાસન આપવા અને ઉપદેશ કરવા દૂર દૂરના આશ્રમોમાંથી શ્રેષ્ઠ ઋષિ-મુનિઓ ત્યાં આવવા લાગ્યા. રાજા તેમનો સત્કાર કરી પોતાના ઉદ્ધાર માટે તેમને શ્રેષ્ઠ અને સરલ માર્ગ પૂછવા લાગ્યો. આ અરસામાં રાજાના પૂર્વ સંસ્કારના યોગે ગર્ભજ્ઞાની શુકદેવજી ત્યાં આવી ચઢયા. તેમની ઉંમર એ વખતે સોળ વર્ષની હતી. બ્રહ્મચારી હોવાથી માથાપર સુંદર જટા, કપાલમાં ભસ્મનું ત્રિપુંડ્ર અને હાથમાં દંડ તથા કમંડલુ તેમણે ધારણ કર્યા હતાં. તે મુખથી વારંવાર હરિનામનો ઉચ્ચાર કરતા હતા, ત્યારે તેમના દાંત સુંદર કળી સમાન લાગતા હતા. તેમના શરીરની કાન્તિ નિષ્કલંક ચન્દ્રની કાન્તિ જેવી હતી. તેમણે જ્યારે સભામાં પ્રવેશ કર્યો, ત્યારે સર્વ ઋષિ મંડળે ઉઠી તેમનો સત્કાર કર્યો અને પરીક્ષિત રાજાએ અર્ધ્ય આદિ ઉપચારોથી પૂજા કરી તેમને આસન આપ્યું. પછી રાજા નમ્રભાવથી કહેવા લાગ્યો, "હે મહામુનિ ! આપના આગમનથી મારી સર્વ ઇચ્છાઓ પૂર્ણ થઇ છે. જોકે,

આપ કોઈ ગૃહસ્થને ત્યાં ગાય દોહવાય તેટલી વાર પણ ટકતા નથી; છતાં મારી વિનતિ છે કે, આ દાસ પર કૃપા કરી તેનું મરણ સુધારો. આપના પવિત્ર મુખકમલમાંથી ઝરતી સુધા રૂપ ભગવત્ કથાનું પાન કરાવી આ દાસને કૃતકૃત્ય કરો."

રાજાની પ્રાર્થનાથી શુકદેવજી ત્યાં સાત દિવસ રહ્યા અને તેટલા અલ્પ સમયમાં ભાગવત સંભળાવી રાજાનો ઉદ્ધાર કર્યો. ખરેખર, માણસ એક ઘડી પણ સંસારની ઉપાધિઓથી મુક્ત થઈ હરિસ્મરણ કરે, તો તે સુખ દુઃખ આદિ દ્વંદ્વથી મુક્ત થઇ પરમાત્માનું શરણ પ્રાપ્ત કરે છે; તો પછી આવા પરમહંસને મુખે સાત દિનપર્યન્ત હરિ-કથા સાંભળી, પરીક્ષિત જેવો જ્ઞાની રાજા મોક્ષ પામે તેમાં શું આશ્ચર્ય ?

"ભજન થકી ભવપાર, ઉતર્યા ભજન થકી ભવપાર"

દ્વિતીય સ્કંધ.

ભાગવત [શબ્દ] નો અર્થ અને તેનાં લક્ષણો.

શાસ્ત્ર એટલે ધર્મ માર્ગમાં પ્રેરણા કરનાર, સત્ય માર્ગનો ઉપદેશ કરનાર. શાસ્ત્રો ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આદિ ચતુર્વિધ પુરૂષાર્થોના માર્ગ બતાવે છે, માટેજ તેમની ઉત્તમતા છે. તેમાંએ મોક્ષ માર્ગનું યથાર્થ નિરૂપણ કરનારાં શાસ્ત્રોનું પ્રથમ સ્થાન છે. અને તે કરતાં પણ હૃદયમાં પરમાત્માની ભક્તિ પ્રકટાવનારાં તથા ઇશ્વરનાં સ્વરૂપોનું અને ચરિત્રોનું વર્ણન કરનારાં શાસ્ત્રોનો દરજ્જો પહેલો છે. શ્રીમદ્ ભાગવત તેમાંનું મુખ્ય છે. કારણ કે, તેના મનનથી મનુષ્યોની વૃત્તિઓ સ્વાભાવિક ઇશ્વર તરફ વળે છે, પરમાત્મ સ્વરૂપમાં લીન થાય છે અને સંસારના વિષયોથી નિવૃત્તિ પામે છે.

ભાગવત શબ્દ 'भगवत्' (શબ્દ) ઉપરથી બન્યો છે. તેથી પ્રથમ 'भगवत्' શબ્દનો અર્થ સમજવો જોઈએ. 'भगवत्' શબ્દની વ્યુત્પત્તિ કરતાં भग+वत् એમ બે વિભાગ થાય છે. 'भग' એટલે ઐશ્વર્ય, ધર્મ, યશ, લક્ષ્મી, જ્ઞાન તથા વૈરાગ્ય અને 'वत्' એટલે વાળો. અર્થાત્ જે સંપૂર્ણ ઐશ્વર્ય આદિ ષડ્ ગુણસંપન્ન હોય તે 'भगवान्' કહેવાય. પરમાત્મા વિના એ સઘળા ગુણો બીજા કોઇમાં પૂર્ણ પણે હોઇ શકે નહિ. આવા છગુણયુક્ત પરમાત્માનાં સ્વરૂપનું જેમાં યથાયોગ્ય વર્ણન હોય તે 'भागवत' કહેવાય. આ ભાગવત શાસ્ત્રમાં તેવીજ જાતનું યથાયોગ્ય વર્ણન છે, એમ ધ્યાન પૂર્વક મનન કરનારને લાગશે જ.

શ્રીશુકદેવજી આ શાસ્ત્રમાં દશ વિષયો પ્રતિપાદન કરેલા છે, એમ કહે છે. તે વિષયો આ પ્રમાણે છે:—સર્ગ, વિસર્ગ, સ્થાન, પોષણ, ઊતિ, મન્વન્તર, ઇશાનુકથા, નિરોધ, મુક્તિ અને આશ્રય. તેમનું સ્પષ્ટીકરણ નીચે આપવામાં આવ્યું છે.

૧ સર્ગ:—ઈશ્વરથી સત્વ, રજ અને તમ એ ત્રણ ગુણો પરિણામ પામતાં તેમાંથી પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ વગેરે પાંચ મહાભૂતો; તેમની પાંચ-શબ્દ.

સ્પર્શ, રૂપ, રસ, ગંધ વગેરે માત્રાઓ; દશ ઇન્દ્રિયો, મહત્તત્વ અને અહંકાર વગેરેની ઉત્પત્તિ.

૨ વિસર્ગઃ--વિરાટ દેહમાંથી થએલી સ્થાવર-જંગમ સૃષ્ટિ.

૩ સ્થિતિઃ—સરજેલાં પ્રાણીઓના વિકાસક્રમ માટે ઇશ્વરે કરેલી અનેક ક્રિયાઓ.

૪ પોષણ:—ભક્તોપર કરેલો અનુગ્રહ.

૫ મન્વન્તરઃ—ભગવાનના કૃપાપાત્ર થએલા સ્વાયંભુવ આદિ સાત મન્વન્તરોના ધર્મ.

૬ ઊતિઃ—જાત જાતનાં કર્મોની વાસનાઓ અને તેનાં પરિણામ.

૭ ઇશાનુકથા:—ભગવદ્ અવતારોનાં તથા ભક્તોનાં ચરિત્રોનું આખ્યાન.

૮ નિરોધઃ—શ્રીહરિની યોગનિદ્રા વખતે સઘળા જીવોનુ કર્મફળ સાથે શ્રીહરિમાં લય થવું.

૯ મુક્તિ:—અજ્ઞાને કરેલા નામરૂપનો મોહ છોડી, 'હું શુદ્ધ બ્રહ્મ સ્વરૂપ છું, સાક્ષી છું વગેરે સમજી સ્વસ્વરૂપમાં લીન થવું તે.

૧૦ આશ્રય:—જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય ઇશ્વર સ્વરૂપમાં જ થાય છે, એ સંબંધી વિવેચન.

અવતાર.

શ્રીમદ્ ભાગવતમાં નિરાકાર અને સાકાર બ્રહ્મનું યથાર્થ નિરૂપણ કર્યું છે. બ્રહ્મ પોતે નિરાકાર છે, છતાં અવતારોના અને અખિલ બ્રહ્માંડના કારણ રૂપ છે. નિરાકાર બ્રહ્મનું ઉપનિષદોમાં અનેક રીતે વર્ણન કરેલું છે. તે વાણી અને મનના વિષયથી પર હોઇ વર્ણનમાં કે કલ્પનામાં આવી શકતું નથી. તે અમુક હદમાં રહેલું નથી પણ અનન્ત છે. અને સત્ (ત્રણે કાળમાં વિદ્યમાન), ચિત્ (સ્વપ્રકાશરૂપ, દરેક પ્રાણીના આત્મા-જીવનતત્વરૂપ) તથા આનંદસ્વરૂપ છે. તે સર્વસ્થળે વિદ્યમાન છતાં અદૃશ્ય છે. વાયુ જેમ નહિ દેખાતો છતાં સર્વ સ્થળે છે અને સ્પર્શથી અનુભવાય છે, તેમ વિભુ (વ્યાપક બ્રહ્મ) જ્ઞાનથી અનુભવાય છે. આ ચરાચર વિશ્વમાં એવો કોઇ પદાર્થ નથી કે જેમાં તે નહોય. એટલા માટે જ શ્રુતિઓ કહે છે કે, તે (બ્રહ્મ) અણુમાં અણુ અને મોટામાં મોટું પણ છે. તે ચૈતન્યનો સાગર છે કે, જેમાંથી હજારો ચૈતન્ય પ્રવાહો (જીવાત્માઓ) નીકળી આ બ્રહ્માંડને ગતિમાન કરે છે. તે વિશ્વવ્યાપી છતાં તેથી પર છે. અલિપ્ત છે. જગતનાં કાર્યો સાથે તેને કંઇ લેવા દેવા નથી.

અનેક આત્માઓ તેમાંથી નીકળતા છતાં તે સદૈવ પૂર્ણ

રહે છે. સાગરમાં જેમ અસંખ્ય તરંગો ઉત્પન્ન થાય છે, વધે છે અને સમાય છે, છતાં તેમાં વધઘટ થતી નથી; અથવા સાગરનું પાણી વરાળ રૂપે આકાશમાં જાય છે, વૃષ્ટિ રૂપે પૃથ્વીપર પડે છે અને નદી કે પ્રવાહ રૂપે પાછું તેમાંજ ભળે છે, તથાપિ સાગર સર્વદા સમાન રહે છે; તેમ બ્રહ્મમાં આવાં અનેક જગત ઉત્પન્ન થાય છે, વધે છે અને લીન થાય છે, છતાં તેના પૂર્ણ સ્વરૂપમાં કાંઇ ફેરફાર થતો નથી. તે અન્તર્યામી, સર્વનો સાક્ષી અને પૂર્ણ સ્વતંત્ર છે.

આવું અદ્વિતીય અને અવિકારી બ્રહ્મ બ્રહ્માંડની વ્યવસ્થા વખતે ત્રણ કિરણો રૂપે પ્રતીત થાય છે. ઉત્પત્તિ વખતે બ્રહ્મારૂપે, પાલન કરવામાં વિષ્ણુરૂપે[2] અને સ્વસ્વરૂપમાં આકર્ષી લેવા હરરૂપે.[3] આ ત્રણ રૂપોમાં અવતારોનું કારણ મધ્યસ્વરૂપ-વિષ્ણુ (વિરાટરૂપ) છે, અટલે અવતારો એ સ્વરૂપમાંથી જ થાય છે. પહેલા અને છેલ્લા સ્વરૂપના અવતારો નથી. કારણ કે, સૃષ્ટિની ઉત્પત્તિ કે લયમાં વિવિધ ક્રિયાઓની જરૂર પડતી નથી. પણ તેના વિકાસક્રમમાં અનેક ક્રિયાઓ

---

૧ બ્રહ્મા, (બૃહ્-વિસ્તરવું એ ધાતુ ઉપરથી) વિસ્તારનાર. ૨ વિષ્ણુ (વિષ્-વ્યાપવું એ ધાતુ ઉપરથી) ચરાચર જગતના વિકાસ માટે તેમાં વ્યાપનાર. ૩ હર (હૃ-હરણ કરવું એ ધાતુ ઉપરથી) સ્વસ્વરૂપમાં આકર્ષી લેનાર.

કરવાની જરૂર પડે છે અને તેથી તે દરેક ક્રિયામાં જોઇએ તેવા ગુણુ તથા સામર્થ્યવાળાં સ્વરૂપની અપેક્ષા રહે છે. તે વખતે યોગ્ય દેહનો આશ્રય કરી, અંશરૂપે વિષ્ણુના અવતાર થાય છે.

જો કે, આત્મા–જીવરૂપે તો તે (ઇશ્વર) સર્વમાં રહેલો છે અને ભગવદ્ગીતામાં જણાવ્યા મુજબ સૃષ્ટિની સઘળી વસ્તુઓમાં તેની વિભૂતિઓ પણ છે, છતાં અવતારરૂપ દિવ્ય વિભૂતિઓમાં ઉપરની વિભૂતિઓ કરતાં કાંઇક વિશેષતા છે. કારણુકે, તે દિવ્ય વિભૂતિઓ કારણ પરત્વે જ આ સૃષ્ટિમાં પ્રકટે છે. ભગવાન પોતે જ ગીતામાં કહે છે કે, " જ્યારે જ્યારે ધર્મની હાનિ થાય છે અને અધર્મ પ્રવર્ત્તે છે; ત્યારે ત્યારે હું અવતરૂં છું. સાધુ પુરૂષોના રક્ષણને માટે, દુષ્કર્મીનો નાશ કરવા માટે અને ધર્મનું પુનઃસ્થાપન કરવા માટે હું અવતાર ધારણ કરૂં છું."

'अवतार' શબ્દ પણ એ જ ભાવ સૂચવે છે. अव એટલે નીચે અને 'तृ' (तृ+अ=तार.) એટલે ઉતરવું; અર્થાત્ વિશુદ્ધ સ્વરૂપમાંથી અંશરૂપે મનુષ્ય કે પ્રાણીના દેહમાં આવવું તે. આવા અવતારો દરેક યુગે થએલા છે એમ ભાગવત વાંચનારને ખાત્રી થશે.

જ્યારે કોઈ રાજાની પ્રજા ચોરો વગેરેથી પીડાતી

હોય ત્યારે પ્રજાની પીડા દૂર કરવા માટે તે રાજા પોલીસ કે પોલીસ અમલદારોને મોકલે છે, રાજ્ય ધોરણમાં સુધારો વધારો કરવો હોય, તેવું કામ પ્રધાન વગેરેને સોંપે છે, પણ જયારે રાજ્યનું ધોરણ જ બદલી નાંખવું હોય ત્યારે તો જાતે રાજાએ જ તે વ્યવસ્થા કરવી પડે છે. તેવી રીતે સૃષ્ટિમાંથી અજ્ઞાનતાનો નાશ કરવો હોય તે પ્રસંગે ઇશ્વર મહાત્માપુરૂષોને મોકલે છે; પણ સડી ગએલા દુનિયાના બંધારણને ઉખેડી નાખી નવો યુગ પ્રવતાવવો હોય ત્યારે તો અવતારીપુરૂષની જ જરૂર પડે છે. કેમકે, તે દિવ્યવિભૂતિ હોવાથી અશક્ય કાર્ય પણ કરી શકે છે. 'ઈશ્વર' શબ્દનો અર્થ જોતાં જણાશે કે, "અઘટિત ઘટનામાં સમર્થ–અર્થાત્ ન બની શકે તેવું કામ કરનાર" તે ઇશ્વર છે. આ અર્થ જ અવતારના હેતુનું દિગ્દર્શન કરાવવા પૂરતો છે.

આવી રીતે ખાસ જરૂરને પ્રસંગે બ્રહ્માદિ દેવોની સ્તુતિથી પરમાત્માએ પોતાને કરવાનાં કામોને યોગ્ય જાતિ તથા વર્ણમાં ચોવીસ અવતારો ધારણ કરેલા છે.

મત્સ્ય, કચ્છપ અને વરાહ આ ત્રણ અવતારો જળચરપ્રાણીના છે. મત્સ્યાવતાર થયો ત્યારે પૃથ્વીના ગોળાપર પ્રલયકાળનું જળ હતું, એટલે તે સમયે પાણીમાં તરી સૃષ્ટિનો વિકાસક્રમ આગળ વધારે તેવા સ્વરૂપની જરૂર હતી. તેથી પરમાત્માએ મત્સ્યાવતાર ધારણ કરી સત્યવ્રતને,

સપ્તર્ષિઓને તથા ઔષધિઓનાં બીજોને બીજા સ્થૂલ ગોલપર મૂકયાં, કે જયાં તેઓએ ફરીને પોતાના કાર્યનો આરંભ કર્યો.

એથી વિશેષ વિકાસ કરવા કૂર્મ અવતાર ધારણ કરી, પોતાની પીઠપર મંદર પર્વત રાખી, દેવો અને રાક્ષસો પાસે સમુદ્ર મંથન કરાવ્યું અને હાથી, ઘોડો વગેરે ચૌદ રત્નો ઉપજાવ્યાં.

વરાહ અવતાર ધરી, જળનો વિભાગ કરી હિરણ્યાક્ષને હણ્યો અને પ્રથમ ડૂબેલા પૃથ્વીને દાઢવતી પકડી બહાર કાઢી, તથા તેપર પ્રાણીઓને વસાવ્યાં.

ભુસ્તરશાસ્ત્રીઓનો પણ આવોજ મત છે કે, સૃષ્ટિના આરંભમાં જલચર પ્રાણીઓ ઉત્પન્ન થયાં હતાં; પછી ભૂ-જલચર પ્રાણીઓ અને ત્યારબાદ આંગળાવાળાં પ્રાણીઓ થયાં. કેટલાક શોધકો અવતાર-કથાને આવા રૂપમાં ઘટાવે છે અને એમાંથી ભુસ્તર સંબંધી જ્ઞાન ઉપજાવી કાઢે છે.

ત્રણ અવતાર પછીનો નૃસિંહ અવતાર છે, જે અર્ધ મનુષ્યરૂપે અને અર્ધ પશુરૂપે છે. આ પછીના અવતારો મનુષ્યરૂપે થયા છે; જેમાંના સનકાદિ મુનિઓ, નારદ, નર-નારાયણ, કપિલ, દત્તાત્રેય, વ્યાસ, ધન્વન્તરિ, વામન અને પરશુરામ (બ્રાહ્મણ-ક્ષત્રિય જાતિમાં) એ બ્રાહ્મણ જાતિમાં છે. આદિમનુ, ઋષભદેવ, પૃથુ, રામચંદ્ર, બળદેવ, શ્રીકૃષ્ણ

અને બુદ્ધ એ ક્ષત્રિય જાતિમાં છે. એ સિવાય યજ્ઞ, ધર્મ, મોહિની વગેરે અવતારો પણ છે. છેલ્લો અવતાર કલ્કિનો થવાનો છે.

દ્વંદ્વથી મુક્તથએલો આત્મા જ્યારે બ્રહ્મમય બની જાય છે–સ્વસ્વરૂપમાં વિલસે છે, ત્યારે તે અવતારીની ભૂમિકાએ પહોંચે છે. એટલા માટે પ્રાણીએ પોતાનો વિકાસ કરવા માટે પોતે કોણ છે, ક્યાંથી આવ્યો છે, ક્યાં જવાનો છે, વગેરે તત્ત્વોનું ચિંતન કરવું જોઇએ. તેમ પોતે ઈશ્વરનો અંશ છે અને આખરે તેમાંજ મળવાનો છે, એમ માની વિષયોના મોહપાશમાં ફસાવું નહિ. એ જ શ્રેયનો માર્ગ છે. એ માર્ગે ગએલો ફરીને દ્વંદ્વમાં ફસાતો નથી. તે અમર થાય છે.

દેવ અને અસુર.

ભાગવતમાં ઘણી જગાએ દેવો અને અસુરો સંબંધી હકીકત આવે છે. તેમની ઉત્પત્તિ પુરાણોમાં આ પ્રમાણે છે:–કશ્યપ મુનિને દિતિ અને અદિતિ નામે બે સ્ત્રીઓ હતી. અદિતિના પુત્રો આદિતેય અથવા દેવસંજ્ઞાથી ઓળખાયા અને દિતિના પુત્રો દૈતેય, દૈત્ય, [1]દાનવ અથવા

૧ દનુ (દિતિ)ના પુત્ર.

અસુર સંજ્ઞાથી ઓળખાયા.

દેવ શબ્દનો અર્થ "(दीव्यन्ति इति) સદ્ગુણોથી પ્રકાશનાર, સત્યથી જ જય ઇચ્છનાર, સ્વપ્નમાં પણ અસત્ય ન બોલનાર, સત્યમાંજ આનંદ માનનાર અને સત્યમાર્ગે ચાલનાર" એવો થાય છે. અને અસુર શબ્દનો અર્થ "(अस्यान्ति इति) સત્યમાર્ગથી દૂર રહેનાર" એવો થાય છે. તાત્પર્ય એ છે, કે જેમનામાં દૈવી સંપત્તિ વધારે હોય તે દેવો અને આસુરી સંપત્તિ વધારે હોય તે અસુરો કહેવાય.

દેવી સંપત્તિનાં લક્ષણો આ પ્રમાણે છેઃ—નિર્ભયતા, શુદ્ધવ્યવહાર અથવા સુપ્રસન્નતા, આત્મજ્ઞાનમાં નિષ્ઠા, દાન, ઇન્દ્રિયનિગ્રહ, યજ્ઞ, [1]સ્વાધ્યાય, તપ, નમ્રતા, અહિંસા, સત્ય, અક્રોધ, ઉદારતા, શાન્તિ, નિષ્કપટીપણું, ગરીબોપર દયા, લોભત્યાગ, મૃદુતા, ન કરવાનાં કામોમાં શરમ, [2]અચપળતા, પરાક્રમ, ક્ષમા, ધીરજ, બહારની અને અન્દરની શુદ્ધતા, [3]અદ્રોહ અને ગર્વત્યાગ.

આસુરી સંપત્તિનાં ચિહ્ન [લક્ષણ] આ પ્રમાણે છેઃ—પાખંડ, મદ, અહંકાર, ક્રોધ, નિર્દયતા અને અવિવેક. દૈવી

૧ નિત્યનો અભ્યાસ.

૨ ચિત્તની સ્થિરતા.

૩ કાર્યથી, વાણીથી અને મનથી પણ કોઇનો દ્રોહ ન કરવો.

સંપત્તિથી મોક્ષ અને આસુરી સંપત્તિથી બંધન પ્રાપ્ત થાય છે. દૈવી સંપત્તિવાળો મનુષ્ય જ્ઞાનનો અધિકારી છે.

જગતમાં આ બન્ને પ્રકારના (દૈવી અને આસુરી) જીવો ઉત્પન્ન થાય છે. તેમાં આસુરી જીવો હંમેશાં દૈવી જીવોનો દ્વેષ કરે છે, તેમની ઝોટ લઠે છે અને પોતાની અધોગતિ કરે છે. દૈવી જીવો તો હંમેશાં સત્યમાર્ગનું અવલંબન કરી, પોતાની ઉન્નતિ કરવામાંજ તત્પર રહે છે. તેઓ પરમાત્મા તરફ પૂર્ણ શ્રદ્ધા રાખે છે, અને પરમાત્મા પણ તેમને મદદ કરે છે.

તૃતીય સ્કંધ.

પ્રભુ ભાવનો ભૂખ્યો છે.

[વિદુરચરિત.]

સમૃદ્ધિવાળો માણસ આ સંસારમાં મોટો ગણાય છે, ધનની આશાએ તૃષ્ણાવાળા લોકો તેને સ્હાય છે, વખાણે છે, પણ તે પ્રભુના દરબારમાં તો મોટો નથી પ્રભુના દરબારમાં તો તેજ મોટો, કે જે ત્યાગી છે, જે નિઃસ્પૃહ છે, જે ભગવદ્‌ભક્ત છે, જે ચારિત્ર્યવાળો છે અને જે દૈવી સંપત્તિવાળો છે.

આ મનુષ્યજન્મ કેવળ ધન મેળવી મેળવીને સંગ્રહ કરીરાખવા માટેજ નથી, પણ પુરૂષાર્થ કરી પ્રભુપાસે પહોંચવા માટે છે ધનને મેળવવાનો હેતુ તો સામાન્ય ગણાય, અને તે પણ તેટલા પરતોજ હોઇ શકે, કે જેથી માણસનો

આ ચરિત્ર નવમસ્કંધમાં કુરૂવંશીય રાજાઓનાં ચરિત્ર જોડે સંબંધ ધરાવે છે.

વ્યવહાર નીભે. કદાચ પૂર્વસંસ્કારથી કોઇ મનુષ્યને વ્યવહાર-સાધન ઉપરાન્ત ધન મળે તો તેણે ઇશ્વરપ્રસાદી માની તેનો પરમાર્થમાં ઉપયોગ કરવો જોઈએ કારણ કે, એમ કરવાથી તે વધારે દ્રવ્યવાન બને છે.

પાંડવો જ્યારે વનવાસ ભોગવી પાછા આવ્યા, ત્યારે તેમણે શ્રીકૃષ્ણને દુર્યોધન પાસે વિષ્ટિ કરવા મોકલ્યા. તેમણે દુર્યોધનને સમજાવ્યો અને પાંડવોને તેમનું રાજ્ય પાછું આપવા કહ્યું, ત્યારે દુર્યોધને ક્રોધ કરી શ્રીકૃષ્ણનું અપમાન કર્યું. આખરે શ્રીકૃષ્ણ તેને યુદ્ધનું નિમંત્રણ આપી ત્યાંથી નીકળ્યા. તે વખતે ધૃતરાષ્ટ્ર, ભીષ્મ વગેરેના ઉપદેશથી દુર્યોધન તેમની પાછળ આવ્યો, અને જમીને જવા માટે તેણે શ્રીકૃષ્ણને વિનતિ કરી. પણ દુષ્ટના ઘરનાં પકવાન્ન ખાવાં તે કરતાં કોઈ સજ્જન ભક્તને ત્યાં સાદી રસોઇ જમવા તે વધારે સારૂં છે, એમ ધારી શ્રીકૃષ્ણે તેનું નિમંત્રણ ન સ્વીકાર્યું અને બહારોબહાર તે વિદુરજીને ત્યાં આવ્યા.

વિદુરજી શૂદ્રજાતિના હતા.[1] કહેવાય છે, કે એક વખત યમરાજાએ માંડવ્ય મુનિનો અપરાધ કર્યો હતો, તેથી તે મુનિએ તેમને શૂદ્રયોનિમાં જન્મવાનો શાપ આપ્યો હતો. આ શાપને લીધે યમરાજા પોતેજ વિદુરરૂપે જન્મ્યા

---

૧ વિદુરજી વિચિત્રવીર્યની દાસીને પેટે જન્મ્યા હતા.

હતા. તેઓ પૂર્ણ ભગવદ્ભક્ત અને જ્ઞાની હતા. દુર્યોધનના દરબારમાં એક વડીલ તરીકે તેમનું માન હતું, અને રાજ્ય તરફથીજ તેમનું પોષણ થતું હતું.

શ્રીકૃષ્ણે જ્યારે દુર્યોધનને ત્યાં જમવાનું નિમંત્રણ ન સ્વીકાર્યું, ત્યારે વિદુરજીને વિચાર થયો કે, 'જમવાનો વખત થઈ ગયો છે માટે પ્રભુ જમ્યા વિના તો જશે નહિ. રખેને કદાચ મારે ઘેર જાય!' એમ ધારી તેઓ રાજસભામાંથી પોતાને ઘેર આવ્યા, તો ત્યાં ભગવાનને તેમણે બેઠેલા જોયા. આ વખતે શ્રીકૃષ્ણ ભગવાન વિદુરનાં પત્ની પારસવીએ ઈશ્વર પ્રેમમાં મગ્ન બની, ભુલથી કેળાંને બદલે આપેલાં કેળાંનાં છોતરાં ખાતા હતા. વિદુરજીએ છોતરાં ખાવાનું કારણ પૂછતાં પ્રભુએ તેમને જણાવ્યું, કે 'આ છોતરાં પણ પ્રેમનાં છે અને હું પ્રેમનોજ ભૂખ્યો છું.'

પછી વિદુરજીએ પ્રભુમાટે રસોઈ કરાવવા વિચાર કર્યો, પણ ઘરમાં સામગ્રી ન હતી. તે દિવસે તેમને સામગ્રી આપવા દુર્યોધને ના પાડી હતી અને ગામમાંથી પણ તેમને કોઇ સીધું ન આપે તેવો તેણે બંદોબસ્ત કર્યો હતો. આથી વિદુરજી ગભરાયા, અને રસોઇ માટે અન્ન ક્યાંથી લાવવું તેની ચિન્તામાં પડયા. આખરે તે ગામ બહારના એક ખેતરમાંથી તાંદળજાની ભાજી પોટલી બાંધીને

લાવ્યા, અને રસોઈ કરવાનો દેખાવ કરી, ચૂલે આધણ મૂકી તેમાં વગર સુધારેજ ભાજી નાખી દીધી. પછી શરમને લીધે મેડા ઉપર ચઢી પોતાની સ્ત્રીસાથે ઝેર ખાવાનો તેમણે નિશ્ચય કર્યો. ઘી ઘેરાઈને જેવું તે પીવા મંડયા કે, ભગવાન એકદમ ઉપર ગયા, અને હાથમાંનું ઘીનું વાસણ પાડી નાંખી એમ કરવાનું કારણ પૂછ્યું. ત્યારે વિદુરજીએ તેમને સત્ય હકીકત કહી દીધી, કે અનાજ મળ્યું નથી.

શ્રીકૃષ્ણભગવાન તો જાણતા હતા, કે વિદુરજીએ બીજું કંઈ ન મળવાથી ભાજી બાફવા મૂકી છે; તેથી તેઓ રસોડામાં ગયા અને પોતાને હાથે ભાજીની તપેલી ઉતારી બફાએલી ભાજી ખાવા મંડયા. વિદુરજી શરમાઇને કહેવા લાગ્યા, 'અરે! એતો ઉકાળા જેવું છે, તેમાં શું ખાવા બેઠા?' પ્રભુએ ઉત્તર આપ્યો, કે 'પકવાન કરતાં આમાં વધારે સ્વાદ છે, કારણકે આ ભાવની વસ્તુ છે.' એમ કહી તેમને પણ તે ભાજી ચખાડી. પછી ભક્તની રજા લઇ ભગવાન ત્યાંથી વિદાય થયા.

વિદુરજીએ ભગવદ્ભક્ત પાંડવોને ઘણીવાર મદદ કરી, તેમને સદુપદેશ આપ્યો હતો. વિદુરનીતિ નામે એક પુસ્તક તેમણે બનાવેલું છે, તે ઉત્તમ નીતિ-બોધથી પૂર્ણ છે. વળી તેમણે ધૃતરાષ્ટ્રને જ્ઞાન અને

ભક્તિનો ઉપદેશ કરી તેમનો મોહ દૂર કર્યો હતો, ઉદ્ધવજીની સૂચનાથી મૈત્રેય ઋષિ પાસે જઈ બ્રહ્મનાં નિર્ગુણ અને સગુણ સ્વરૂપનું, માયારૂપ તેની શક્તિનું, મહત્તત્ત્વનું, અહંકારતત્ત્વનું, પાંચ ભૂતોનું, ત્રણ ગુણોનું તથા દેહ અને ઇન્દ્રિયસંબંધી જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું: તેમ ઇન્દ્રિયો અને મન વગેરેથી આત્મા જુદો-સાક્ષીરૂપ છે, અને તેના પ્રકાશથીજ આ બધું પ્રકાશિત છે, એનો પૂર્ણ અનુભવ કર્યો હતો. અને એમ નિરંતર અનુભવતાં તેમણે પોતાનો દેહ છોડયો હતો.

વારાહ કલ્પની શરૂઆત.

સ્વાયંભુવમનુની ઉત્પત્તિ.

વિષ્ણુ સ્વરૂપ-વિરાટસ્વરૂપમાંથી પ્રથમ બ્રહ્મા પ્રકટયા. તેમને પ્રભુએ વિશ્વ સૃજવાની આજ્ઞા કરી અને તે માટે જ્ઞાન તથા શકિત આપ્યાં. પછી બ્રહ્માજીએ સૃષ્ટિ રચવાનો આરંભ કર્યો, તેમાં પહેલી અવિદ્યસૃષ્ટિ, બીજી સનકાદિ બ્રહ્મચારીમુનિઓની સૃષ્ટિ અને ત્રીજી રૂદ્રસૃષ્ટિ ઉત્પન્ન કરી; પણ તેથી સૃષ્ટિનો વિકાસક્રમ થાય એમ તેમને લાગ્યું નહિ.

ત્યારપછી તેમણે મરીચિ, અત્રિ, અંગિરા, પુલસ્ત્ય, પુલહ, ક્રતુ, ભૃગુ, વસિષ્ઠ, દક્ષ, નારદ અને કર્દમ વગેરે ઋષિઓને ઉત્પન્ન કર્યા; પરંતુ આ મુનિઓથી પણ સૃષ્ટિનો વિકાસ ન થયો.

આખરે વિચારકરીને બ્રહ્માજીએ એક સ્ત્રી–પુરૂષનું જોડું ઉત્પન્ન કર્યું. આમાં પુરૂષ તે સ્વાયંભુવમનુ અને સ્ત્રી શતરૂપા હતાં. આ વખતે પાદ્મકલ્પ પૂર્ણ થયો હોવાથી, પૃથ્વી જલમાં હતી તેનો ઉદ્ધાર કરવા બ્રહ્માજીએ ભગવતનું ધ્યાન કર્યું, તેથી શ્રી હરિએ વરાહરૂપે પૃથ્વીનો ઉદ્ધાર કર્યો. પછી બ્રહ્માજીએ મનુ તથા શતરૂપાને પૃથ્વીપર વસાવી સૃષ્ટિ કરવાની આજ્ઞા કરી, અને તેમણે તે સ્વીકારી. તેમને પ્રિયવ્રત અને ઉત્તાનપાદ નામે બે પુત્રો અને આકૂતિ, દેવહૂતિ તથા પ્રસૂતિ નામની ત્રણ કન્યાઓ એમ પાંચ સંતાન થયાં. એ સંતાનોની વંશપરંપરાથી આ સૃષ્ટિનો વિસ્તાર થયો છે.

સ્વાયંભુવમનુએ પોતાની આકૂતિ નામની પુત્રીને રૂચિસાથે, દેવહૂતિને કર્દમઋષિસાથે અને પ્રસૂતિને દક્ષસાથે પરણાવી હતી.

" સંતાન, માતાના સંસ્કારોની પ્રતિમા છે. "

(દિતિના ગર્ભથી હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુનો જન્મ.)

માતા એ ક્ષેત્ર છે જેમ ઉખરભૂમિમાં વાવેલું સારૂં બીજ પણ ફોકટ જાય છે, તેમ અસંસ્કારી માતાઓનાં સંતાન કદી સારાં નીપજતાં નથી. સૂર્યનું સ્વચ્છપ્રતિબિંબ જો મેલા પાણીમાં પડ્યું હોય તો તે પણ કાન્તિ વગરનું અને મેલું જણાય છે, તેમ પિતા સુધરેલો હોય પણ સ્ત્રી અણઘડ હોય તો તેમનાં સંતાન સદ્‌ગુણી થઇ શકતાં નથી. માતાના સદ્‌ગુણ અને પૂર્ણ આરોગ્ય ઉપરજ બાળકોમાં સદ્‌ગુણ, બુદ્ધિ અને બલ વગેરે ખીલવાનો આધાર રહે છે.

"રજોદર્શન થયા પછી સ્ત્રીઓએ એકાન્તવાસ સેવવો, કોઇનો સ્પર્શ ન કરવો, સારાં સારાં પુસ્તકોનું મનન કરવું, પરપુરૂષનું દર્શન તજવું, આહાર સાદો લેવો અને જેમ બને તેમ મનને નિયમમાં રાખવું" વગેરે આજ્ઞાઓ શાસ્ત્રોમાં કરેલી છે; તેનો મુખ્ય હેતુ એટલોજ છે, કે ગર્ભ વખતે સ્ત્રીના વિચારો ઘણાજ ઉમદા અને પવિત્ર હોવા જોઇએ. જો તેમાં કંઇ ફેરફાર થાય, તો ભવિષ્યની પ્રજા બગડે છે. માટે માતા તરીકેનો લ્હાવો લેવા ઇચ્છતી

સ્ત્રીઓએ વિચારવું જોઇએ, કે માતા થવામાં તેમણે પોતાને માથે કેટલી મોટી જવાબદારી ઉઠાવવાની છે ?

કશ્યપ મુનિને દિતિ અને અદિતિ નામે બે સ્ત્રીઓ હતી. દિતિના ઉદરથી દૈત્યોનો જન્મ થયો હતો અને અદિતિના ઉદરથી આદિત્યો (દેવો) નો જન્મ થયો હતો. આનું કારણ ઉપર જણાવી ગયા તેજ હતું. અદિતિ પતિને સદૈવ અનુસરનારી અને પવિત્ર સ્ત્રી હતી. દિતિ જો કે, પતિપ્રત્યે પ્રેમાળ હતી, છતાં દ્વેષી અને સ્વાર્થકુશલ હતી. તે અદિતિના પુત્રોને સુસંસ્કારી, મહાન સમૃદ્ધિવાળા અને ભગવત્-પ્રિય બનેલા જોઇ નિરન્તર દ્વેષની લાગણીથી દુભાયાં કરતી, અને તેમનો નાશ કરાવવા ઇચ્છતી હતી. એક વખત સાયંકાલે કશ્યપમુનિને શાન્તચિત્તે બેઠેલા જોઇ, હાવભાવથી તેણે તેમનું મન આકર્ષી લીધું, અને બોલી. 'સ્વામી! મને એક એવો પુત્ર આપો, કે જે ઇન્દ્ર અને દેવોને હરાવે.' સ્ત્રીનું વચન સાભળી, તેને તેમ ન કરવાનું સમજાવ્યા છતાં, તેની હઠથી આખરે કશ્યપમુનિ તેની ઇચ્છાને અધીન થયા. પણ પછી પસ્તાવા લાગ્યા કે, " હું સંયમી છતાં આજ સ્ત્રી-સ્વભાવને અધીન કેમ થયો ? ખરેખર પોતાની ઇન્દ્રિયોને કબજે રાખનારા પુરૂષો સ્ત્રીના સ્વભાવને ફેરવી શકે છે, પણ જ્યાં પુરૂષો જ સ્ત્રીઓના સ્વભાવને અધીન થાય ત્યાં કોણ કોને સુધારી શકે ? "

વખત જતાં દિતિને બે મહા પરાક્રમી પુત્રોનો જન્મ થયો. તેઓ સ્વભાવે અતિક્રૂર હતા. તેમણે એવાં ભયંકર દુષ્કર્મો કર્યાં, કે જેથી લોકોમાં તે રાક્ષસો તરીકે ઓળખાયા.

થોડા સમય પછી આ બન્ને રાક્ષસ ભાઇઓ દિક્પાલોને તથા બીજા દેવોને જીતવા માટે નીકળ્યા. હિરણ્યાક્ષ પોતાની અતુલ-શક્તિના મદથી દિક્પાલો પાસે યુદ્ધ માગતો, તેમને જીતતો જીતતો વરૂણ લોકમાં ગયો અને વરૂણ પાસે યુદ્ધ માગવા લાગ્યો.

આ વખતે નવા કલ્પની શરૂઆત હતી. પૃથ્વી જલને તળીએ હોવાથી તેનો ઉદ્ધાર કરવા ભગવાને મહાન વરાહનું રૂપ ધારણ કર્યું હતું, અને પૃથ્વીને પોતાંની દાઢોથી પકડી રસાતલમાંથી બહાર લાવતા હતા.

વરૂણ જાણતા હતા કે, આ દુષ્ટનો નાશ ઈશ્વર વિના બીજો કોઈ કરી શકશે નહિ. તેથી તેમણે રાક્ષસને કહ્યું કે, 'તારી સાથે લઢી શકે તેવો જોદ્ધો અત્યારે રસાતલમાં છે.' આ વાત સાંભળતાં જ હિરણ્યાક્ષ રસાતલમાં ગયો અને પૃથ્વીને ત્યાંજ રાખવાની ઇચ્છાથી વરાહ સાથે યુદ્ધ કરવા લાગ્યો. તેણે તે વખતે એવું પરાક્રમ બતાવ્યું કે, જે જોતાં દેવો પણ ભયભીત થઇ ગયા. દેવોના મનની ભીતિ જાણી વરાહ ભગવાને તે રાક્ષસને પોતાની દાઢોથી ચીરી નાખ્યો, અને પૃથ્વીને જલમાંથી બહાર કાઢી. પછી તેના ઉપર સ્વાયંભુવ મનુ તથા શતરૂપા રાણીએ ગૃહસ્થાશ્રમ આરંભ્યો.

(તેમનું પૂર્વનું વૃત્તાંત.)

આ બે દૈત્યો પૂર્વ જન્મમાં વિષ્ણુના બે પાર્ષદો હતા. એક વખત સનક, સનન્દન, સનાતન અને સનત્કુમાર નામે બ્રહ્માના ચાર બ્રહ્મચારી પુત્રો[1] વિષ્ણુનાં દર્શન કરવા વૈકુંઠ તરફ ગયા હતા. બ્રહ્મચર્ય અને બ્રહ્મતેજના પ્રભાવથી તેઓ વગર હરકતે સર્વ લોકમાં ફરી શકતા હતા, તેમને કોઇ ઠેકાણે કોઈ રોકી શકતું નહતું, પણ વૈકુંઠમાં પેસતાં અધિકારથી ઉન્મત્ત થએલા આ બે પાર્ષદોએ તેમને હલકા શબ્દો કહી રોક્યા. કુમારોએ તેમને કહ્યું કે, 'ભાઇ ! ઈશ્વરના દરબારમાં જવાની કોઇને રોકાવટ હોય જ નહિ; છતાં અમને અટકાવો છો તેથી તમે દેવભવનમાં રહેવા લાયક નથી. તમારામાં આસુરી ગુણો વૃદ્ધિ પામ્યા છે માટે તમે રાક્ષસ યોનિને યોગ્ય છો.' કુમારોનું વચન સાંભળી પોતાના દોષ માટે બન્ને પાર્ષદોએ ક્ષમા માગી અને પોતાના ઉદ્ધારનો ઉપાય પૂછયો, ત્યારે કુમારોએ કહ્યું, "તમે ત્રણ જન્મ લીધા પછી પાછા આ લોકમાં આવશો. તેને માટે બે માર્ગ છે, શુદ્ધ ભાવથી ઈશ્વરની ભક્તિ અથવા તો પ્રભુ સાથે સંપૂર્ણ વેર."

---

૧ આ ઋષિઓ કુમાર સંજ્ઞાથી ઓળખાય છે. કારણ કે, તેમનામાં ભગવદ્-આવિર્ભાવ થયો હોવાથી કામવાસના નહતી (कुत्सितो मारोयस्मादिति कुमारः).

અહીં કોઈને શંકા થાય કે, ભક્તિમાર્ગ તો તરવાનો ઉપાય ખરો, પણ ઈશ્વર સાથે વૈર કરવાથી માણસ શી રીતે તરી શકે ? આના સમાધાન માટે શાસ્ત્રોમાં એક દૃષ્ટાંત આપેલું છે કે, "ભમરીએ પોતાના દરમાં પૂરેલો કીડો ભયના યોગથી ભમરીને ક્ષણે ક્ષણે સંભારતાં આખરે પોતે પણ ભમરો બની જાય છે." કેમકે એક વસ્તુતરફના પ્રેમથી જેમ તેનો ધ્યાસ થાય છે, તેમ વૈરથી પણ તેનું ક્ષણે ક્ષણે સ્મરણ થયાં કરે છે. કોઈ કોઈ વખતે તો પ્રેમ કરતાં પણ વૈર ભાવથી અમુક વસ્તુતરફ વધારે આકર્ષણ થાય છે.

આ કારણથી પાર્ષદોએ પ્રભુ ભક્તિથી પોતાનો ઉદ્ધાર ન માગતાં વૈરભાવથી મુક્તિ માગી. તેમણે ત્રણ જન્મ ધારણ કર્યા અને દરેક જન્મમાં પ્રભુ સાથે વૈર કરી, તેમના હાથે જ મરણ પામી, અન્તે વિષ્ણુ લોકમાં આવ્યા. પ્રથમ અવતારમાં તેઓ હિરણ્યકશિપુ અને હિરણ્યાક્ષ, બીજા અવતારમાં રાવણ અને કુમ્ભકર્ણ અને ત્રીજા અવતારમાં દંતવક્ર તથા શિશુપાલ રૂપે હતા.

"દાનો દુશ્મન સારો, પણ મૂર્ખ મિત્ર સારો નહિ." એ કહેવત પ્રમાણે મહાત્મા પુરૂષોનું અપમાન કરનારા મનુષ્યો પણ તેમને શરણે જતાં સદ્‌ગતિ પામે છે માઘ કવિ કહે છે કે, " प्राणिपातः प्रतीकारः संरम्भोऽहिमहात्मनाम्—મહાત્માઓનો કોપ વિનયથી દૂર કરી શકાય છે." કારણ કે, તે ક્રોધ

ખરા જીગરનો હોતો નથી. મહાત્મા પુરૂષોનાં ચિત્ત 'વજ્રથી પણ ઘણાં કઠણ અને પુષ્પથી એ કોમળ' હોય છે.

મનુનાં સંતાનોનો વંશ.

દેવહૂતી ચરિત. (કપિલ જન્મ.)

"પતિ એજ સ્ત્રીનો એક જ ગુરૂ છે."

"જ્યાં સ્ત્રીઓનો સત્કાર થાય છે ત્યાં દેવો વસે છે."

ઉપર લખેલાં એ સૂત્રો વાંચતાં સહજ શંકા થાય છે કે, એકમાં પુરૂષને ઉંચું પદ આપ્યું છે જ્યારે બીજામાં સ્ત્રીને શ્રેષ્ઠ સ્થાન આપેલું છે; ત્યારે ખરી વાત શી ? ઉંડી દૃષ્ટિએ તપાસતાં બન્ને સૂત્રો ખરાં લાગે છે. કારણ કે, સ્ત્રી અને પુરૂષ બન્ને પોતપોતાના અધિકારમાં-વર્ગમાં ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરી શકે છે. પુરૂષ જેમ પોતાના ગુણો-બલ, પરાક્રમ, સાહસ અને શૌર્યને કેળવવાથી પોતાના વર્ગમાં ઉચ્ચ સ્થાન મેળવી શકે છે, તેમ સ્ત્રી પણ નરમાશ, ધીરજ, ઉત્સાહ અને પ્રેમ વગેરે પોતાના ગુણોને કેળવવાથી પોતાના વર્ગમાં ઉંચું પદ પ્રાપ્ત કરી શકે છે. આમ બન્ને પોતપોતાના ગુણોને ખીલવતાં જો એક બીજાના અધિકારપર તરાપ ન મારે,

અર્થાત્ પુરૂષ સ્ત્રીના અધિકારમાં કે સ્ત્રી પુરૂષના અધિકારમાં ડહાપણ ન કરે, તો તે બન્નેનો સંસાર પ્રેમમય–સુખમય બને છે. જ્યાં સ્ત્રી તથા પુરૂષ પરસ્પર પ્રેમી હોય છે ત્યાં ધર્મ, અર્થ અને કામ એ ત્રણે પુરૂષાર્થો એકત્ર રહે છે, અને તે કુળનું કલ્યાણ થાય છે. કુટુંબોમાં કલેશ થવાનું કારણ ખાસ તો એ હોય છે કે, સ્ત્રીઓ પોતાનો ધર્મ ભૂલી પુરૂષોના કાર્યમાં હરકત કરે છે; અથવા કાંતો પુરૂષો સ્ત્રીઓના કાર્યમાં હરકત કરે છે. જેમ રથને વળગાડેલાં બે પૈડાં જ્યાંસુધી બરાબર ચાલે છે ત્યાં સુધી તો રથ સડસડાટ ચાલ્યો જાય છે, પણ એકાદ પૈડું જ્યારે પોતાના સ્થાનથી ખસે છે ત્યારે તે હેલા ખાઇ ગતિભંગ થાય છે; તેમ આ સંસારરૂપી રથનાં બે પૈડાં સ્ત્રી–પુરૂષ જ્યાંસુધી પોતપોતાના અધિકારમાં રહે છે, ત્યાં સુધી તેમનો સંસાર ઉચ્ચ બને છે, પણ જ્યારે તે પોતાના અધિકારની બહાર જાય છે ત્યારે તેમનો સંસાર ડગુમગુ બની જાય છે.

આદિમનુને દેવહૂતી નામે પુત્રી હતી. તેને બચપણમાંજ સ્ત્રીઓનેયોગ્ય શિક્ષણ આપવામાં આવ્યું હતું. તે સ્વભાવે કોમળ, પ્રેમાળ, ધીરજવાળી અને ઉત્સાહી હતી. પુત્રી જ્યારે પરણાવવાયોગ્ય થઇ, ત્યારે મનુએ તેને માટે કોઇ સારો સુશિક્ષિત અને ચારિત્ર્યવાન વર

પસંદ કરવા વિચાર કર્યો. અને તે માટે તે પોતાની પુત્રી સાથે રથમાં બેસીને મુસાફરી કરવા નીકળ્યો.

આ અરસામાં બ્રહ્માના પુત્ર કર્દમઋષિ સરસ્વતીને કિનારે તપ કરતા હતા. મહાન તપના પ્રભાવથી તેમને બ્રહ્મનો સાક્ષાત્કાર થયો હતો. યોગબળથી તેમણે અનેક સિદ્ધિઓ પ્રાપ્ત કરી હતી. અદ્યાપિ પોતે બ્રહ્મચારી હતા, અને જો કોઈ લાયક સ્ત્રી મળે તો ગૃહસ્થાશ્રમ માંડવાની ઈચ્છા કરતા હતા. તેમના આશ્રમે પુત્રીસારૂ વર પસંદ કરવા નીકળેલો મનુ આવી પહોંચ્યો. ઋષિએ તેનો સારો સત્કાર કરી આસન વગેરે આપ્યું અને વિનયથી પૂછ્યું કે, 'આપનું શાઅર્થે અત્રે પધારવું થયું છે?' ઉત્તરમાં મનુએ જણાવ્યું કે, "સાંભળવાપ્રમાણે આપ લાયક કન્યા મળે તો ગૃહસ્થાશ્રમ કરવા ઈચ્છો છો, તો આ મારી પુત્રીસાથે પાણિગ્રહણ કરી ગૃહસ્થધર્મનું પાલન કરો, એવી મારી વિનતિ છે." મનુની આ વાત ઋષિએ સ્વીકારી અને દેવહૂતિ સાથે બ્રાહ્મ[1] વિવાહથી લગ્ન કર્યું. પછી મનુ મહારાજ અને શતરૂપારાણી તેમની રજા લઈ પોતાની રાજધાની તરફ પાછાં ફર્યાં.

---

૧ આઠ પ્રકારના વિવાહો અને તેમનાં લક્ષણો ગૃહસ્થધર્મમાં બતાવ્યાં છે.

માતા પિતાના ગયા પછી પતિને અનુસરનારાં દેવહૂતી અનન્યભાવે પતિની સેવા કરવા લાગ્યાં. રાજપુત્રી છતાં ઋષિના આશ્રમમાં રહેતાં, કંદમૂળ ખાતાં, ભૂમિપર શયન કરતાં, પોતાને હાથે જ ઘરનું સઘળું કામકાજ કરતાં, તેમને જરાએ ખેદ થતો નહુતો. કારણકે, તે ઋષિના ગુણોને અને તેમના પ્રેમને વર્યાં હતાં, નહિકે સમૃદ્ધિને!

ઋષિ પણ પોતાનાં પત્ની દેવહૂતીનો પૂર્ણ સત્કાર કરતા. આમ ઘણો કાળ વીતી ગયા પછી દેવહૂતીની ભક્તિથી કર્દમઋષિ અતિપ્રસન્ન થયા, અને તેમણે પત્નીને ભૌતિકસુખ આપવાનો વિચાર કર્યો. પોતાના યોગબળથી તેમણે ગૃહસ્થાશ્રમને યોગ્ય જે જે સાધનો જોઇએ તે સઘળાં તૈયાર કર્યાં, અને તે સાધનોદ્વારા ધર્મપ્રમાણે તેઓ સાંસારિક સુખોનો અનુભવ લેવા લાગ્યાં. આવા શુદ્ધ અને ધાર્મિક ગૃહસ્થાશ્રમને પરિણામે તેમને સમર્થજ્ઞાની ઈશ્વરાંશી પુત્ર પ્રાપ્ત થયો, તે જ મહામુનિ કપિલદેવ. ખરેખર સુશીલ-સ્ત્રીઓ સત્પુત્રરૂપરત્નોની ખાણો છે.

પુત્ર યોગ્ય ઉંમરમાં આવતાં તેને સંસ્કાર કરી કર્દમ-ઋષિએ સંન્યાસ ગ્રહણ કર્યો, અને બ્રહ્મભાવમાં લીનથઈ સર્વ જગતમાં અભેદભાવને અનુભવતાં તે મોક્ષ પામ્યા.

પિતાના મોક્ષ પછી કપિલદેવ આશ્રમમાં રહી માતાની સેવા કરતા હતા. પોતે ઉંડા તત્વજ્ઞાની હોવાથી તેમની

ઇચ્છા એવી હતી કે, માતાને પણ તત્વજ્ઞાન આપી તેનો મોક્ષ કરવો. એમનો આ વિચાર પુત્રધર્મને છાજતો હતો. ખરો પુત્ર તેજ કહેવાય કે, જે (પું) નરક-માંથી માબાપને (त्रायते) બચાવે.

એક વેળા દેવહૂતીએ કપિલદેવને બ્રહ્મજ્ઞાન સંબંધી પ્રશ્ન કર્યો તે ઉપરથી તેમણે પોતાની માતાને સાંખ્યશાસ્ત્રનું જ્ઞાન આપ્યું તેમણે સમજાવ્યું કે, "પ્રકૃતિ અને પુરૂષથી આ સંસાર ઉત્પન્ન થાય છે. અને યોગ, જ્ઞાન, વૈરાગ્ય તથા પ્રભુભક્તિથી પ્રકૃતિ પરાભવ પામી પુરૂષમાં (બ્રહ્મમાં) તિરોભાવ પામે છે (લીન થાય છે)."

વિશેષતામાં તેમણે જણાવ્યું કે, 'મનુષ્યોએ કંઇ પણ બદલાની આશા રાખ્યા સિવાય પરમાત્માની નિષ્કામ ભક્તિ કરવી જોઇએ. કારણ કે, કામનામાં આસક્ત થએલા માણસોની સદ્દગતિ થતી નથી. વળી સર્વ બ્રહ્માંડમાં પ્રભુ વિરાજ્યો છે એમ સમજી કોઇનો તિરસ્કાર ન કરવો, સાધુપુરૂષોનું હંમેશાં સંમાન કરવું, ગરીબોપર દયા કરવી અને સંયમ રાખવો.'

મહાત્મા કપિલદેવ માતાને આ પ્રમાણે જ્ઞાન આપી, તેમને જીવન્મુક્ત બનાવી, આશ્રમમાંથી ચાલ્યા ગયા. તે પૂર્વસમુદ્રના કિનારાપર ગયા અને ત્યાંજ સમાધિસ્થ થયા.

ચતુર્થ સ્કંધ.

સતી પાર્વતી.

પતિવ્રતાઓ પતિને જ પોતાનું સર્વસ્વ ગણે છે, તેમના સુખે સુખી અને દુ:ખે દુ:ખી રહે છે. આખું વિશ્વ પતિવ્રતાને અધીન છે. સાધ્વી સ્ત્રી ધર્મ, અર્થ, કામ અને મોક્ષ પતિસેવાથી જ મેળવી શકે છે. સતીનો મહિમા અગાધ છે. પતિવ્રતા અનસૂયાએ બ્રહ્મા, વિષ્ણુ અને મહાદેવને પણ પોતાના બાળક કરી રાખ્યા હતા. સાવિત્રીએ સતીત્વના બળે પોતાના સ્વામી સત્યવાનને મરણથી બચાવ્યો હતો, અને પિતાના તથા સસરાના કુળને અજવાળ્યું હતું. પતિવ્રતા સ્ત્રી પોતાનાં સદાચરણથી ઘરને સ્વર્ગસમું બનાવે છે. પતિતરફ વિશુદ્ધ પ્રેમ રાખનારી સાધ્વીઓ તીર્થોને પણ પાવન કરે છે. આવી વંદનીય પતિવ્રતાઓને

પજાવનારા અને તેમનું અપમાન કરનારા પુરૂષો સમૃદ્ધિને ગુમાવે છે, અને પોતાનાં પુણ્યોનો ક્ષયકરી અતિકષ્ટ પામે છે.

દક્ષપ્રજાપતિને સોળ પુત્રીઓ હતી, તેમાંનાં સતી નામની પુત્રીને તેણે મહાદેવ સાથે પરણાવ્યાં હતાં. તે ધર્મનિષ્ઠ અને સ્વામીની સેવામાં પરાયણ હતાં.

એકવાર પ્રજાપતિઓએ મોટો યજ્ઞ કર્યો, તેમાં શંકર, બ્રહ્મા વગેરે દેવો પણ આવ્યા હતા. તે યજ્ઞસભામાં સતીનો પિતા દક્ષપ્રજાપતિ આવ્યો, તેને જોઈ સર્વે દેવો ઉભા થયા. માત્ર શંકર અને બ્રહ્મા પોતપોતાનાં આસનો પર બેસી રહ્યા. તે જોઈ દક્ષને બહુ ક્રોધ થયો. તે આવેશમાં આવી કહેવા લાગ્યો, "અરે, દેવો! આસભામાં શંકરે ઉભા ન થઈ મારૂં અપમાન કર્યું છે. બ્રહ્મા ઉભા ન થયા, પણ તે મારા વડીલ છે એટલે તેમના તરફ મને કંઇ માઠું લાગે નહિ. પણ શંકર કે જે મારા જમાઈ થાય, તેમણે તો ઉભા થઇને મને માન આપવું જ જોઇએ. મારી મોટી ભૂલ થઈ કે, મેં મારી સુશીલપુત્રી આવા અવિવેકીને આપી. હવે મારે તેને યોગ્ય શિક્ષા કરવી જોઇએ, તે એ કે; આજથી હું તેનો યજ્ઞભાગ બંધ કરૂં છું." આમ રોષમાંને રોષમાં દક્ષે શ્રીશંકરમાટે ઘણા અપશબ્દો વાપર્યા, તે સાંભળી શંકરના ગણોને ક્રોધ ચઢયો. તેમનો મુખ્ય

ગણુ નંદી ઉભો થયો અને દક્ષને સામો શાપ આપવા લાગ્યો. શંકર અત્યાર સુધી શાન્તપણે બધું સાંભળી રહ્યા હતા અને દક્ષની મૂર્ખતામાટે મંદમંદ હસતા હતા. પણ જ્યારે ગણોને ક્રોધી થએલા દીઠા ત્યારે તેમણે વિચાર્યું કે, હવે મારી હાજરી હશે તો આ કલહ વધી પડશે અને "મોટા મોટાઓની લડાઈમાં નાનાઓનો ઘાણ વળશે" તેથી તે સભા છોડી ચાલ્યા ગયા. ખરેખર "ક્રોધ એ વિનાશનું મૂળ છે." ત્યારબાદ દક્ષપ્રજાપતિને જ્યારે પ્રજાપતિઓના અધ્યક્ષનું સ્થાન મળ્યું, ત્યારે તેણે પોતાના અપમાનનો બદલો લેવા એક બૃહસ્પતિસત્ર નામે મહાયજ્ઞ શરૂ કર્યો, અને તેમાં શંકરસિવાય સર્વને નોંતર્યા.

એ યજ્ઞમાં સર્વદેવતાઓને વિમાનોમાં બેસીને જતા જોઈ સતીને ખબર પડી કે, પિતાએ યજ્ઞ આરંભ્યો છે અને તેમાં શંકરને કે તેમને નિમંત્રણ નથી. તેથી તેમને બહુ માઠું લાગ્યું, છતાં પણ વગર નિમંત્રણે પિતાના યજ્ઞમાં જવા તેમણે શંકરને વિનવ્યા. શંકરે તેમને સમજાવ્યાં કે, 'કોઇને ત્યાં નિમંત્રણ વગર જવું એ તદ્દન અયોગ્ય અને વિવેક વગરનું છે.' છતાં પાર્વતી પિતૃસ્નેહને વશ થઇ યજ્ઞમાં જવા પતિને ફરી ફરી વિનવવા લાગ્યાં. આખરે શંકરે સતીનો ભાવ જાણી લઇ તેમને

મોકલાંને જવા રજા આપી, અને ।ના કેટલાક ગણો સાથે વિદાય કર્યાં.

વગર નિમંત્રણે સતી પિતાને ઘેર પહોંચ્યાં, તો ત્યાં પણ દક્ષના ભયથી માતા કે બહેનો ।નના કોઇએ તેમનો સત્કાર કર્યો નહિ. છતાં સતીએ તેની કંઇ દરકાર ન કરી. પણ જ્યારે યજ્ઞમાં શંકરનું સ્થાન-આસન ન જોયું, ત્યારે તેમને ક્રોધ થયો. કારણકે, પતિવ્રતાને પોતાના અપમાન કરતાં સ્વામીનું અપમાન બહુ લાગે છે. તે યજ્ઞભૂમિમાં જ ઉભાં રહી કહેવા લાગ્યાં, " અરે સભાસદો, મારા પિતાએ મારા પતિનું અપમાન કરી પોતાને માથે બહુ દુઃખ વહોરી લીધું છે હું તેને તેના ગુન્હા માટે બીજી કોઇ શિક્ષા કરી શકું તેમ નથી. ફક્ત આ મારો દેહ તેના યજ્ઞમંડપમાંજ ત્યાગ કરી, તેને તેના પાપનો પશ્ચાત્તાપ કરાવું છું." એમ કહી તેમણે સમાધિથી દેહ ત્યાગ કર્યો. તે વખતે સભા મંડપમાં હાહાકાર થઇ ગયો. શંકરના ગણો એકદમ દક્ષ વિગેરેને મારવા દોડયા, પણ તેમને પાછા હઠવું પડયું. જ્યારે શંકરને આ વાતની ખબર પડી, ત્યારે તેમણે વીરભદ્ર નામના ગણને સેનાપતિ નીમી દક્ષને શિક્ષા કરવા માટે મોકલ્યો. વીરભદ્રે આવીને સઘળો યજ્ઞમંડપ બાળી મૂકયો, દેવતાઓને નસાડી મૂકયા અને દક્ષનું માથું કાપી યજ્ઞમાં હોમી

દીધું. આમ યજ્ઞ ભંગ થઇ ગયો. બધા દેવો બ્હીલે મ્હોંઢે બ્રહ્મા પાસે ગયા. બ્રહ્માએ કહ્યું "અહંકારથી, ક્રોધથી, કે બીજાનું અપમાન કરવાની ઇચ્છાથી કરેલી ક્રિયાઓનું પરિણામ-ફલ આવું જ આવે છે. એથી જ હું તેના યજ્ઞમાં આવ્યો ન હતો." બ્રહ્માનું વચન સાંભળી બધા દિલગીર થયા, અને કોઈપણ ઉપાયે દક્ષ જીવતો થાય, તથા તેનો યજ્ઞ પૂરો થાય, તેમ કરવા બ્રહ્માને વિનતિ કરવા લાગ્યા. બ્રહ્મા દેવોને લઇ શિવ પાસે ગયા અને સ્તુતિ કરી તેમને શાન્ત કર્યા. 'મહાત્મા પુરૂષો પ્રકૃતિથી જલ જેવા શાન્ત હોય છે એટલે પ્રસંગવશાત્ થએલો સહજક્રોધ તેમનામાં ટકી શકતો નથી.' પછી પ્રસન્ન થએલા શિવજી બ્રહ્માદિદેવોસાથે દક્ષના યજ્ઞમંડપમાં ગયા, અને દક્ષને સજીવન કરી તેનો યજ્ઞ પૂર્ણ કરાવ્યો. દક્ષે પણ પોતાનાં પાપોની માફી માગી, અને કપટરહિત થઇ ભગવાન શંકરનું બહુ સંમાન કર્યું. પછી શિવ વગેરે દેવો પોતપોતાને સ્થાનકે ગયા.

સતીએ દક્ષનાયજ્ઞમાં દેહત્યાગ કર્યા પછી હિમાલયને ત્યાં જન્મ ધારણ કર્યો. ત્યાં મહાન્ તપશ્ચર્યા કરી પોતાના પૂર્વજન્મના પતિ શંકરને પ્રાપ્ત કર્યા. ધર્મશાસ્ત્રો કહે છે કે, "પતિવ્રતા સ્ત્રીઓ જન્મોજન્મ પોતાના સ્વામીથી વિખુટી પડતી નથી."

સતીએ પર્વતને ત્યાં જન્મ ધારણ કર્યો હોવાથી તેમનું નામ લોકોમાં પાર્વતી તરીકે પ્રસિદ્ધ થયું. કેટલાક તેમને 'ઉમા' પણ કહે છે. એને માટે એક કિંવદન્તી છે કે, જ્યારે પાર્વતી તપ કરતાં હતાં તે વખતે તેમની માતા મેનકા તેમની કઠિન તપશ્ચર્યા જોઈ ગભરાયાં. તેમણે ગભરાટમાં જ પોતાની પુત્રીને તપ છોડી દેવા માટે કહ્યું કે, 'उ' (અરે!) 'मा' (નહિ) તે ઉપરથી જ તેમનું નામ "ઉમા" થયું.

પાર્વતીને કાર્તિકસ્વામી અને ગણપતિ નામે બે પુત્રો હતા. તેઓ પણ દેવતા તરીકે પૂજાય છે. કાર્તિક સ્વામીએ આઠ વર્ષની ઉમ્મરે તારકાસુરને મારી દેવોનું સંકટ ભાગ્યું હતું. આ બધો પ્રભાવ સતીના કઠિન તપનો અને પાતવ્રતપણાનોજ હતો.

ભગવદ્ભક્તિથીજ અમર થવાય છે.

ધ્રુવ આખ્યાન.

આ સંસારમાં ઘણા મનુષ્યો લાંબા વખત સુધી જીવવાની ઈચ્છાથી અનેક ઉપાયો કરે છે; કોઇ માત્રાઓ ખાય છે, કોઇ સાધનાઓ કરે છે, અને વળી કોઇ મહાત્માઓ પાસે યાચના

કરે છે. છતાં ધાર્યા પ્રમાણે કોઇપણ મનુષ્ય ઉપરના ઉપાયોથી ચિરંજીવી જન્યો નથી, અને બનતો પણ નથી. ચિરંજીવી થવાની–અમર થવાની તો એક ઉંચામાં ઉંચી જુદી જ માત્રા છે, જેને તેઓ જાણતા જ નથી કદાચ કોઇ જાણે છે તો તેને સેવન કરવાની તેમનામાં શક્તિ હોતી નથી. આ માત્રા એવી છે કે, તેને સેવન કરતાં બરાબર પથ્ય (સંયમ) જાળવવું પડે છે. પણ વિષયની લાલસાવાળા પ્રાણીઓ સંયમ શી રીતે જાળવી શકે? અને સંયમ ન જાળવે તો અમર પણ શી રીતે થઇ શકે?

આ માત્રાનું સેવન તેજ કરી શકે કે, જેને સંસારમાં અતિતૃષ્ણા ન હોય, અને જેણે પોતાની ઇન્દ્રિયોપર કાબુ મેળવ્યો હોય. એક કવિ કહે છે, "સિંહણ કેરૂં દૂધ હોય તે સિંહીસુતને પચે; કનકપાત્ર પાખે સહુ ધાતુ ફોડી બ્હાર નીસરે." તેમ આ માત્રા પણ તે જ જીરવે કે, જે પ્રકૃતિના વિકારોને વશ ન થયો હોય.

બીજી માત્રાઓ કરતાં આમાં વિશેષતા એ છે કે, આ માત્રાનું સંયમપૂર્વક એક જ વખત સેવન કરતાં તે હંમેશને માટે ગુણકારી થઇ પડે છે. પછી મનુષ્ય કદી ભવરોગમાં ફસાતો નથી–જન્મમરણને અધીન થતો નથી. મહાન સમૃદ્ધિ ભોગવતો છતાં અને અનેક જનોપયોગી

કાર્યો કરતો છતાં તે તેમાં કદી આસક્ત થતો નથી. આ ઉંચામાં ઉંચી માત્રા તે પ્રભુભક્તિ છે.

સ્વાયંભુવમનુને પ્રિયવ્રત અને ઉત્તાનપાદ નામે બે પુત્રો હતા. ઉત્તાનપાદને સુનીતિ અને સુરૂચિ નામે બે રાણીઓ હતી. સુરૂચિ રાજાની માનિતી અને સુનીતિ અણુમાનિતી રાણી હતી. બન્ને રાણીઓને એક એક પુત્ર હતો, તેમનાં નામ ધ્રુવ અને ઉત્તમ હતાં. એક દિવસ ઉત્તમ રાજાના ખોળામાં બેસીને રમતો હતો, ત્યાં ધ્રવ પણ પિતાના ખોળામાં બેસવાની ઇચ્છાથી આવ્યો. પણ તે અણુમાનિતીનો પુત્ર હોવાથી રાજાએ તેને પોતાની પાસે બોલાવ્યો નહિ. પાસેજ ધ્રુવની અપરમાતા સુરૂચિ ઉભી હતી તે ગર્વથી બાળક ધ્રુવને ધમકાવવા લાગી, 'પુત્ર ધ્રુવ! તારો આ શો મનોરથ? તું અણુમાનિતી રાણીનો પુત્ર હોવાથી રાજાના ખોળામાં બેસવાને કે, સિંહાસનને લાયક નથી. જો ઉત્તમની માફક રાજાના ખોળામાં બેસવાની તારી ઇચ્છા હોય તો ફરી મારે પેટે જન્મ લે.' સાવકી માતાનાં આવાં કઠોર વચન સાંભળી બાળક ધ્રુવને ખોટું લાગ્યું, અને તે રડતો રડતો પોતાની મા પાસે ગયો. પુત્રને દીન તથા દુઃખી બનેલો જોઇ સુનીતિએ પૂછયું, "વત્સ! તું કેમ આટલો રડે છે? વહાલા! તને કોણે દુભવ્યો." ધ્રુવે સઘળી હકીકત માતાને

કહી. સુનીતિ નીસાસો નાખી બોલી. 'ખરી વાત છે, ભાઈ! તેં મારે-અણમાનિતી રાણીને પેટે જન્મ લીધો છે, એટલે તારી અપરમાતાએ જે કહ્યું તે બધું સત્ય છે. પૂર્વ જન્મમાં આપણે કંઇ સતકર્મ નહિ કર્યું હોય, એટલે આ જન્મમાં આપણને કયાંથી સુખ મળે? માટે પુત્ર! તું શોક અને ક્રોધ તજી દે, અવિનાશી પરમાત્માની ખરા દીલથી ભક્તિ કર, કે તે અશરણશરણ પ્રભુ તને જરૂર સહાય કરશે.' માતાના ઉપદેશથી ધ્રુવ શાન્ત થયો અને ઇશ્વરની આરાધના કરવા બાલ્યાવસ્થામાંજ ઘરનો અને માતાનો સ્નેહ છોડી દઇ જંગલમાં ગયો.

રસ્તામાં તેને નારદઋષિ મળ્યા, તેમણે કેટલાક પ્રશ્ન પૂછી ધ્રુવની પરીક્ષા કરી. આખરે તેનો ઇશ્વરઆરાધના કરવાનો અડગ નિશ્ચય જોઇ નારદે તેને ઉપદેશ કર્યો, કે 'તું તારી સઘળી ઇન્દ્રિયોને બહારના ભોગોથી નિવૃત્ત કરી તારા મનની સાથે જોડી દેજે, પછી એકાગ્રચિત્તથી "ॐ नमो भगवते वासुदेवाय" આ દ્વાદશાક્ષર મંત્રનો જપ કરજે કે જેથી તારા મનોરથ પાર પડશે.'

નારદ પાસેથી ઉપદેશ લઈ ધ્રુવ મધુવનમાં આવ્યો અને એકચિત્તથી પરમાત્માનું આરાધન કરવા લાગ્યો. એક નાના બાળકની આવી કઠિન તપશ્ચર્યા જોઇ ઇન્દ્રાદિદેવો વિસ્મય પામ્યાં અને ભયભીત થઇ વિષ્ણુને શરણે ગયા.

વિષ્ણુએ તમને શાન્તિ આપતાં કહ્યું, " તમે ભય છોડી દો અને તમારે સ્થાને જાઓ. તે બાળકને તમારા ઈન્દ્રાસનની કે બીજી કોઇ પણ લાલસા નથી. તે ફક્ત મારૂં શરણ જ ઇચ્છે છે. " આમ કહી પ્રભુ જ્યાં ધ્રુવ તપ કરતો હતો ત્યાં આવ્યા. તે વખતે ધ્રુવ પોતાના હૃદયમાં જે ઈશ્વર સ્વરૂપને જોતો હતો, તે સ્વરૂપ એકદમ તેના હૃદયમાંથી ખસી ગયું હોય તેમ તેને લાગ્યું. પછી આંખ ઉઘાડતાં જે સ્વરૂપ તેણે અંદર જોએલું તે જ સ્વરૂપ તેણે બહાર જોયું. સર્વવ્યાપી પરમાત્માને જોતાંજ ધ્રુવ પ્રેમમાં એટલો ગરક થઈ ગયો, કે ઘણીવાર પછી સ્તુતિ કરવાનું તેને ભાન આવ્યું.

સ્તુતિ કરતા ધ્રુવને ભગવાને વર માગવા કહ્યું, પણ તે ઇશ્વરસ્વરૂપમાં લીન થઇ ગયો હોવાથી કંઈ માગી શક્યો નહિ. ત્યારે પરમાત્માએ પોતેજ તેને આ લોકમાં અનન્તસુખ ભોગવી અન્તે અક્ષય સ્થાનને પ્રાપ્ત થવાનું વરદાન આપ્યું, અને પોતે ત્યાંથી અદૃશ્ય થયા.

પરમાત્માનું દર્શન પામી કૃતકૃત્ય થએલો ધ્રુવ પોતાના નગર તરફ ચાલ્યો. તેના આવતા પહેલાંજ નારદઋષિએ સર્વ હકીકત તેના પિતાને સંભળાવી હતી, તેથી તે પણ ધ્રુવને નીહાળવા અતિઆતુર થએલો હતો. ધ્રુવ નગર તરફ આવે છે, એવી વાત સાંભળતાં જ તે તેના સામો ગયો, અને ઘણી ધામધુમ સાથે ધ્રુવને નગરમાં તેડી લાવ્યો. છવ્વરી

પ્રભાવથી સુરૂચિનું મન પણ ધ્રુવને જોતાં જ પાપરહિત થયું. અને તે પોતે કરેલા કૃત્યમાટે પશ્ચાત્તાપ કરવા લાગી. ધ્રુવે તેને શાન્ત કરી અને ઉલટો તેનો ઉપકાર માન્યો. ત્યાંથી ધ્રુવ પોતાની માતાને મહેલે જઈ તેને પગે પડ્યો. માતાએ પુત્રને કૃતકૃત્ય થએલો જાણી, ખોળામાં લઈ તેનાં ઓવારણાં લીધાં અને પોતાના ભાગ્યને ધન્યવાદ આપ્યો.

ત્યારબાદ સર્વ પ્રધાનોની સંમતિથી ધ્રુવને રાજ્ય આપી, ઉત્તાનપાદ રાજાએ વાનપ્રસ્થાશ્રમ સ્વીકાર્યો. ધ્રુવ ધર્મન્યાયથી રાજ્ય ચલાવવા લાગ્યો. તે શિશુમાર પ્રજાપતિની પુત્રી ભ્રમીને પરણ્યો હતો.

એક વખત તેનો નાનો ભાઈ ઉત્તમ મૃગયા કરવા ગએલો ત્યાં કોઈ યક્ષે તેને મારી નાખ્યો. આ ઉપરથી ધ્રુવે યક્ષોની નગરીને ઘેરો ઘાલી બધા યક્ષોને સખત શિક્ષા કરી. પોતાના ભક્ત પૌત્રને હાથે આ સારૂં થતું નથી, એમ ધારી વૃદ્ધ દાદા મનુ ત્યાં આવ્યા અને "કોઈ મરતુંએ નથી, કે કોઈ કોઇને મારતું પણ નથી, માત્ર લિંગ શરીરને પોતાનાં કર્મફળ ભોગવવાનાં છે." વગેરે ઉપદેશ આપી ધ્રુવને શાન્ત કર્યો.

આવી રીતે ધ્રુવ લાંબા કાળ સુધી રાજ્ય ભોગવી, અનેક યજ્ઞોથી ઈશ્વરનું યજન કરી, અન્તે પોતાની માતા સુનીતિસાથે અક્ષય પદ પામ્યો.

દુષ્ટપુત્રથી થતાં દુઃખો.

વેનચરિત્ર.

એક કવિ કહે છે કે, જંગલમાં એક સૂકું ઝાડ સળગતાં જેમ સઘળું વન સળગી ઉઠે છે; તેમ કુળમાં એકાદ કુલાંગાર પુત્ર પેદા થતાં સઘળું કુળ નાશ પામે છે. દુષ્ટ પુત્ર પિતાને ભારરૂપ છે. આ કારણથી જ કેટલાક મહાત્માઓએ પોતાનો નિર્વંશ ઇચ્છયો છે; કારણ કે, જો સંતતિ સારી થાય તો તો કુળનું નામ રહે, પણ સંતાન કુપાત્ર નીકળે તો આખા કુળને કલંક લાગે છે. તેમાંએ જો રાજપુત્ર દુષ્ટ નીકળે તો આખા દેશને સહેવું પડે છે. એક કવિ ખરૂં જ કહે છે કે, “ જનની જણ તો ભક્ત જણ, કાં દાતા કાં શૂર, નહિ તો રહે જે પુત્રહીણ મત ગુમાવીશ નૂર.” પંચતંત્રમાં કહ્યું છે કે, “ છોકરો ન જન્મ્યો હોય, જન્મીને મરી ગયો હોય અથવા જન્મીને મૂર્ખ રહ્યો હોય; આ ત્રણમાં વધારે દુઃખકરિસ્થતિ તો છેલ્લી છે. કેમકે, છોકરો ન જન્મે અથવા જન્મીને મરે તેમાં તો એકજ વાર દુઃખ થાય છે; પણ મૂર્ખ છોકરો તો પિતાને, માતાને અને કુટુંબને જીંદગી પર્યંત બાળે છે.

ધ્રુવના વંશમાં કેટલીક પેઢીએ ચાક્ષુષ નામે રાજા

થયો, તે અતિ પરાક્રમી હતો. સાત મન્વન્તરોમાં તેનું નામ છે. તેની પછી કેટલીક પેઢીએ અંગ રાજા થયો. તેણે એકવાર અશ્વમેધ યજ્ઞ કર્યો પણ દેવતાઓએ તેમાં ભાગ લીધો નહિ, ત્યારે રાજાએ ઋષિઓને એનું કારણ પૂછ્યું. ઋષિઓએ કહ્યું, 'હે રાજન્! તમે સંતતિ વગરના છો તેથી દેવોએ તમારા યજ્ઞમાં ભાગ લીધો નથી. માટે તમે સંતાનપ્રાપ્તિ માટે પ્રથમ પુત્રેષ્ટિયજ્ઞ કરો.'

રાજાએ ઋષિઓની આજ્ઞાથી પુત્રેષ્ટિયજ્ઞ કર્યો, તેના પ્રભાવથી તેની રાણીએ એક પુત્રને જન્મ આપ્યો. 'પુત્રના ગુણ પારણામાંથી જણાય' એ નિયમ પ્રમાણે આ રાજપુત્ર બચપણથી જ તોફાની અને દુરાચારી જણાવા લાગ્યો. તે સહુને સતાવતો અને પશુઓની નિર્દયપણે હિંસા કરતો હતો. તેના આવા દુરાચરણથી લોકો તેને 'વેન' કહીને બોલાવતા.

રાજાએ પુત્રને સુધારવા ઘણા પ્રયત્નો કર્યા પણ બધાએ નિષ્ફળ ગયા. તેનાં દુરાચરણો એટલાં વધી પડયાં કે, તેનાથી કંટાળીને અંગ રાજા એકરાત્રે છાનો માનો નાસી ગયો. લોકોએ બહુ શોધ કર્યા છતાંપણ તેનો પત્તો લાગ્યો નહિ.

થોડા વખત અરાજકતા રહી, પણ એટલામાં તો ચોરો વગેરેના ઉપદ્રવથી પ્રજા હેરાન થવા લાગી. આથી ભૃગુ

વગેરે મુનિઓએ મળી વેનનો રાજ્યાભિષેક કર્યો. ગાદી પર આવ્યા પછી દુષ્ટ વેન પ્રજાને બહુ ત્રાસ આપવા લાગ્યો. તેણે ઋષિમુનિઓના યજ્ઞો બંધ કરાવ્યા અને દરેક વર્ણને પોતપોતાના કામમાં ઘણી કનડગત કરી. હવે પ્રજા બે તરફથી—ચોરોથી અને રાજાથી—દુઃખી થવા લાગી. આ સમય એવો હતો કે, બ્રાહ્મણો સિવાય રાજાનો જુલમ બીજા કોઈ વર્ણથી અટકાવી શકાય તેમ નહોતું. તેથી બધા ઋષિઓ ફરીથી એકઠા થયા, અને વેન પાસે આવી તેને સમજાવવા લાગ્યા. તેમણે પરાપૂર્વથી ચાલતી આવેલી રાજ્યનીતિનો અખત્યાર કરવાને તેને વિનવ્યા. પણ 'મૂર્ખને ઉપદેશ આપવો અને સાપને દૂધ પાવું એ સરખુંજ છે.' એ ન્યાયે તેથી તો વેન ઉલટો વધારે ગુસ્સે થયો અને ઋષિઓનું પણ અપમાન કરવા લાગ્યો.

મહાત્મા પુરૂષો પોતાનું અપમાન સાંખે, પણ જગતનું દુઃખ તેમનાથી જોઈ શકાતું નથી જ્યારે ઋષિઓને લાગ્યું કે, વેનરાજા સુધરવાનો નથી, ત્યારે તેમણે પોતાના તપઃપ્રભાવથી તેનો નાશ કર્યો. તે વખતે વેનની માતાએ વાત્સલ્યભાવથી તેનું મૃતશરીર સાચવી રાખ્યું હતું. હવે કોઈ રાજા ન હોવાથી દેશમાં અશાન્તિ ફેલાઈ, તેથી ફરીથી ઋષિઓ એકઠા મળ્યા. તેમણે જાણ્યું, કે વેનનું શરીર સાચવી રાખ્યું છે, તેથી તેમણે તે મૃતશરીર મંગાવ્યું, અને તેના બન્ને હાથનું મંથન કરી તેમાંથી પૃથુ નામે એક દૈવી પુત્ર ઉત્પન્ન કર્યો.

આ અલંકારિક ભાષા છે. તેનો સાર એ હોઇ શકે, કે ઋષિઓએ એ દુષ્ટ રાજાને પદભ્રષ્ટ કર્યો હતો, તે વખતે લોકોને અપ્રિય થઇ પડેલા પોતાના પુત્રને માતાએ ગુપ્ત-રીતે મહેલમાં રાખી મૂક્યો. વખત જતાં તેને પૃથુ નામે એક દૈવી પુત્ર પ્રાપ્ત થયો. તેને દૈવીગુણવાળો જોઇ ઋષિ-ઓએ અને પ્રજાએ તેનો રાજ્યાભિષેક કર્યો.

દુરાચારી વેનને જે પ્રથમ સંતાન થએલાં તેમના વંશજો હાલ નિષાદ, કિરાત કે ભિલ્લ નામથી ઓળખાય છે.

પ્રજાનું પાલન કરે તેજ ખરો રાજા.

પૃથુ ચરિત

ધર્મશાસ્ત્રો રાજાને “પિતા” તરીકે ઓળખાવે છે; કારણ કે, તે માત્ર જન્મ આપવા સિવાય શિક્ષણ, રક્ષણ, ભરણ, પોષણ વગેરે પ્રજાની બધી જરૂરીઆતો પૂરી પાડે છે. સારો રાજા પ્રજા પાસેથી કર લે તે સ્વાર્થ માટે નહિ, પણ પ્રજાની જરૂરી-આતો પૂરી પાડવામાટે જ. સૂર્ય જેમ પૃથ્વી ઉપરથી પાણી લઈ વૃષ્ટિરૂપે હજારગણું પાછું આપે છે, તેમ ધાર્મિક રાજા પ્રજા પાસેથી કર લઇ પ્રજા પર હજારગણો ઉપકાર કરી શકે

છે. આવા રાજાને પ્રજા પોતાનો પિતા ગણે, દેવ ગણે કે પરમેશ્વર ગણે તે યોગ્ય છે. રાજાના અર્થવાચક નૃપ, ભૂભૃત્ વગેરે બીજા શબ્દો જોતાં ખાતરી થાય છે કે, જેનામાં એ સઘળા ગુણો હોય તે જ રાજા પૂર્વકાળમાં શ્રેષ્ઠ ગણાતો.

પૃથુરાજા જ્યારે ગાદીપર આવ્યો, ત્યારે દેશમાં ચોતરફ અશાન્તિ હતી ચોર લોકોનો અતિ ત્રાસ હતો. પૂર્વના રાજાના જુલમથી અને બેદરકારીથી ખેતીવાડીનો ઉદ્યોગ બંધ જેવો થઇ ગયો હતો. વરસાદ બરાબર વરસતો ન હતો. પૃથ્વીમાંથી રસકસ બરાબર પ્રાપ્ત થતા નહિ. દુષ્કાળ પર દુષ્કાળો પડતા. ઘાસ વગેરે ન થવાથી પશુઓ દુર્બળ થઇ ગયાં હતાં, અને તેથી ઘી, દૂધ વગેરેનો અભાવ હતો. યજ્ઞયાગ પણ બંધ જેવા જ હતા. આવાં અનેક સંકટોથી અને ભૂખમરાથી પ્રજા બહુ પીડાતી હતી, તેથી પૃથુ રાજાએ ગાદીપર બેઠા પછી તરતજ પ્રજાનું દુ:ખ દૂર કરવાના ઉપાયો હાથ ધર્યા.

આ રાજાએ પૃથ્વીને દોહી; અર્થાત્ જે પડતર અને ખાડા ટેકરાવાળી જમીન હતી અને જેમાં સાધારણ ખડ સિવાય બીજું કંઇ થતું ન હતું, તે જમીનને પ્રથમ સપાટ કરાવી બાળી નંખાવી, અને પછી હળોથી ખેડી નંખાવી. જે જગાએ બહુ ટેકરા હોવાથી વરસાદનું પાણી ટકતું ન

તું, તે જગાઓને પાણી ટકી રહે તેવી રીતે ખોદાવી. ઠેકાણે કૂવા, વાવ, તળાવ, સરોવર, બગીચા અને ખેતરો નાવી દીધાં. સારા સારા વિજ્ઞાનશાસ્ત્રીઓની મદદ લઇ ર્વતોમાંથી ઔષધિઓ શોધાવી, ગાય વગેરે પશુઓને રવામાટે ઠામ ઠામ ગોચરો બક્ષીસ કરી દીધાં. હિંસક ાણીઓનો અને દુષ્ટ લોકોનો નાશ કર્યો. લોકો સુખે ને સંપે રહી શકે તે માટે ગામ, નગર, પત્તન વગેરે સાવ્યાં. તેમના ઉપર યોગ્ય અધિકારીઓ નીમી પ્રજાને ગ્ય ઇન્સાફ મળે તેવો બંદોબસ્ત કર્યો. કારીગીરી, વ્હેપાર, ઘોગ, હુન્નર વગેરે કલાઓને ઉત્તેજન આપ્યું. આમ પ્રજા ર્વ રીતે સુખી થાય તેવા સઘળા પ્રયત્નો કરવામાં રાજાએ રા પણ ખામી રાખી નહિ.

રાજાના આવા સતત પ્રયત્નથી દેશમાં સઘળે શાન્તિ ફેલાઇ. ઠામ ઠામ ધાર્મિક ક્રિયાઓ અને પ્રભુભજન થવા લાગ્યાં, ને દુઃખનું તો નામ પણ રહ્યું નહિ. પછી રાજાએ ઇશ્વર ીત્યર્થે નવ્વાણુ યજ્ઞ કર્યા. સોમા યજ્ઞ વખતે યજ્ઞનો ઘોડો ન્દ્ર લઇ ગયો, ત્યારે તેને શિક્ષા કરવા માટે પૃથુરાજા ની પાછળ પડયો. પણ બ્રહ્માજીએ રાજાને તેમ કરતાં ટકાવ્યો અને કહ્યું, 'તમે નિઃસ્પૃહપણે યજ્ઞો કર્યા છે, ા પછી સો કર્યા તોએ શું અને નવ્વાણુ કર્યા તો પણ ! ! ! જેને ફળની આશા નથી, તેની બધી ક્રિયાઓ અક્ષય્ય છે. સ્વર્ગની ઇચ્છાથી યજ્ઞો કરી સ્વર્ગ મેળવ્યું, પણ તે કંઇ અચળ થોડું છે ? પુણ્યક્ષીણ થયું કે, ત્યાંથી પણ

પાછું આવવું પડે છે, તો પછી એવા વિનાશી ફલની આકાંક્ષા શા સારૂ રાખવી જોઇએ ? ઇશ્વર કે જે અવિનાશી છે, તેને જ સર્વ ક્રિયાઓનું ફલ શા માટે અર્પણ ન કરવું ? તેનું શરણ લેનારને બધું મળી રહે છે. ત્યાં ગયા પછી પ્રાણી નિર્ભય અને અવિચલ થાય છે, અને ત્યાંથી કદી પાછું ફરવું પડતું નથી.'

બ્રહ્માના ઉપદેશથી રાજાનો આવેશ દૂર થયો. તેણે ઇન્દ્રને ક્ષમા આપી અને યજ્ઞ પૂર્ણ કર્યો. યજ્ઞને અન્તે વિષ્ણુભગવાન દેવોસાથે આવ્યા, અને રાજાને આશિર્વાદ આપ્યો. તેમણે પૃથુરાજાને જ્ઞાનનો ઉપદેશ કરી અભય દાન આપ્યું, અને પશ્ચાત અન્તર્ધાન થયા.

પુરોહિતોએ પૃથુરાજાને અવભૃથસ્નાન કરાવ્યું, ત્યારબાદ એક મોટી સભા ભરી પૃથુએ સર્વને સદ્બોધ આપ્યો. લોકોએ તેને પરમાત્માનો અંશ માન્યો અને દેવોએ પણ તેનું આધિપત્ય સ્વીકાર્યું.

રાજાએ જે બોધ આપ્યો તેનો સાર આ હતો; "કર્મમાર્ગ અને જ્ઞાનમાર્ગ મોક્ષ આપે છે ખરા, પણ સરળ અને નિર્ભય તો ભક્તિમાર્ગ જ છે. જ્ઞાની, ભક્ત, ઉચ્ચ, નીચ વગેરે સર્વને આ માર્ગ કલ્યાણકારી છે."

આમ ગંગા અને યમુના વચ્ચેના સંયુક્તપ્રાંતમાં લાંબો વખત ધર્મરાજ્ય ભોગવી, સનકાદિ મુનિઓ પાસેથી બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરી, પૃથુરાજા પોતાનાં સ્ત્રી પુત્ર સાથે વૈકુંઠલોકને પામ્યા.

"(આત્મ) જ્ઞાનથી મોક્ષ મળે છે."

"વિષયોની ઝંખનાથી (સંસારમાં) જન્મ મરણ થાય છે."

(પુરંજન આખ્યાન.)

મોક્ષ એટલે મુક્તિ–સંસારનાં સુખ–દુઃખનાં બન્ધનોથી છુટવું તે. સુખદુઃખ એ કંઇ વસ્તુઓ નથી, માત્ર મનની ભાવનાઓ છે. આ ભાવનાઓ સંસારના વિષયોમાં રચ્યાપચ્યા પ્રાણીના ચિત્તમાં ઉત્પન્ન થઇ તેને હર્ષ શોક ઉપજાવે છે. હરકોઇ વિષય માફક આવતાં પ્રાણી તેમાં સુખ માને છે અને હર્ષવાન્ બને છે, તેમજ હરકોઇ વિષય માફક ન આવતાં દુઃખી થઇ શોકાતુર થઈ જાય છે. આમ સુખદુઃખની સાંકળોમાં જકડાતાં તેમાંથી છુટવાને તે અશક્ત થાય છે, અને સાચા સુખનાં દર્શન પણ પામતો નથી. એથી ઉલટું આત્મજ્ઞાની અને ઇશ્વરભક્તમનુષ્ય સંસારમાં રહેવા છતાં, કર્મો કરવા છતાં અને સંસારના વિષયોને અનુભવવા છતાં તેમાં સુખ કે દુઃખ જોતો નથી. કારણ કે, તેણે પોતાની ભાવનાઓને વિષયોના રસમાંથી ખેંચી લઇ પરમાત્મા સાથે જોડી દીધી છે. જેમ અમૃતના રસને ચાખનારો બીજા

રસોનું આસ્વાદન કરતાં તેમાં લીન થતો નથી, તેમ જેણે આત્મજ્ઞાનનો અનુભવ કર્યો છે, તે મનુષ્ય સંસારના વિષયોમાં કદાપિ લીન થતો નથી. અને તલ્લીન ન થવાથી વિષયોમાં રહેલાં સુખદુઃખ તેને બાધ કરી શકતાં નથી, એટલે તે તેનાથી મુક્ત રહે છે. આમ સુખ અને દુઃખ બન્નેથી મુક્ત થવા છતાંએ તે પરમ આનંદ અનુભવે છે.

પૃથુરાજા પરમપદને પામતાં, તેનો પુત્ર વિજીતાશ્વ ગાદીએ બેઠો. તેના પુત્ર હવિર્ધાનને પ્રાચીનબર્હિ નામે સમર્થ પુત્ર થયો હતો. પ્રાચીનબર્હિએ રાજ્યાસન પ્રાપ્ત કર્યો પછી અસંખ્ય યજ્ઞો કર્યા. કહેવાય છે કે, તેણે એટલા યજ્ઞો કર્યા હતા કે, તેના આસ્તરણ-દર્ભોથી આખી પૃથ્વી ઢંકાઇ ગઇ હતી. તેને પ્રચેતા નામે દશ પુત્રો હતા. તે શ્રીશંકરના ઉપદેશથી રાજ્યસુખ છોડી તપ કરવા ચાલ્યા ગયા હતા.

પ્રાચીનબર્હિ રાજાનો ઉદ્દેશ યજ્ઞો કરી મોક્ષસુખ મેળવવાનો ન હતો, પણ અનેક ભોગ-સંપત્તિ પ્રાપ્ત કરવાનો હતો. આથી તેને સત્યમાર્ગનો ઉપદેશ કરવા નારદ મુનિ આવ્યા, અને કહેવા લાગ્યા કે, "હે રાજા! તેં અનેક કામનાઓથી ઘણા યજ્ઞો કર્યા છે, તેમાં અનેક પશુઓની હિંસા પણ કરી છે, અને એમ કરીને તું મ્હોટા સુખની આશા રાખે છે; પણ તે ફોકટ છે. આત્મજ્ઞાન વગર એકલું કર્મ કદાપિ

સત્ય સુખ આપતું નથી. તેવા કર્મથી કદી મોક્ષ મળતો નથી. વિષયોમાં આસક્તિ રાખી ભોગ મેળવવા કરેલાં કર્મો ઉલટાં બંધન રૂપ થાય છે, તેથી વારંવાર સંસારમાં જન્મ લેવા પડે છે. જ્ઞાની પુરૂષો તો કદી સકામ કર્મ કરતા નથી; કારણ કે, અગ્નિમાં ઘી નાંખતાં જેમ તે વધારે પ્રદીપ્ત થાય છે, તેમ કામનાઓને પૂર્ણ કરવા જતાં ઉલટી તે વધતી જ જાય છે. આ વિષે હું તને એક વાત કહું છું, તે સાંભળ.

"એક પુરંજન નામે મહાપરાક્રમી રાજા હતો. તેને એક મિત્ર હતો. જેનાં કામ કે નામ કોઈ જાણતું નથી. આ રાજા રાજ્ય કરવા માટે કોઇ પરમ સુખ મળે તેવી જગા શોધતો હતો, એટલામાં તેણે એક અલૌકિક નગરી દીઠી. તેનો અધિકાર એક મનોહર સ્ત્રીના હાથમાં હતો. રાજા તે નગરીમાં ગયો, અને તે સ્ત્રીને જોતાંજ પોતાનું ભાન ભૂલી ગયો. તે સ્ત્રી પણ તેના ઉપર મોહિત થઈ તેને કહેવા લાગી, 'હે રાજન્! આપની ઈચ્છા હું સમજું છું, આપ સુખેથી મારી સાથે આ નગરમાં રહો અને અને યથેષ્ટ સુખ ભોગવો.' રાજાને તો એટલું જોઈતું જ હતું. તે ત્યાંજ રહ્યો, અને સ્ત્રીને અધીન થઈ મનમાનતા ભોગો ભોગવવા લાગ્યો.

વિષયોમાં તે એટલો આસક્ત થયો કે, પોતે કોણ છે, ક્યાંથી આવ્યો છે, તે સઘળું ભૂલી ગયો. આમ ભોગ

વિલાસમાં તેની યુવાવસ્થા એક ક્ષણની પેઠે પસાર થઈ. તેને અનેક પુત્રો અને પુત્રીઓ ઉત્પન્ન થયાં, તેમના-પરની મમતાથી રાજા વધારે ને વધારે વિષયાસક્ત બનતો ગયો.

એક વખત આ વિષયાસક્ત રાજાની નગરીને ગંધ-ર્વોએ ઘેરો ઘાલ્યો. તેઓ તે નગરીની પ્રજાને પીડવા લાગ્યા, તથા નગરીને લુંટી તેનો નાશ કરવા લાગ્યા. રાજા તેમની સામે થવાને અશક્ત હોવાથી મહાનચિંતામાં પડ્યો. એટલામાં વળી ભય નામે યવનરાજાના સિપાઇઓ તેની નગરી ઉપર ચઢી આવ્યા. તેમની સાથે એક કાલ-કન્યા (કાળની પુત્રી) હતી. આ કાલકન્યા પુરંજનની નગરીમાંના હરેક મનુષ્યને હેરાન કરવા લાગી, અને આખરે તેણે પુરંજનને પણ સતાવવા માંડ્યો. પુરંજન આના ત્રાસથી નિસ્તેજ બની ગયો. તેના પુત્રો, પૌત્રો, ચાકરો, કારભારીઓ વગેરે પણ અતિ દુઃખી થવા માંડ્યા; અને તેઓએ તેના તરફનો સ્નેહ તજી દીધો. આખરે શત્રુ-ઓએ તેની નગરી બાળી નાખી, ત્યારે સ્રીના પ્રેમને અધીન થએલો અને અજ્ઞાનતામાં ડુબેલો તે રાજા સ્રીની ઝંખના કરતો નરકમાં પડ્યો. ત્યાં તે અનંત દુઃખો ભોગવી બીજા જન્મમાં વિદર્ભરાજાની પુત્રી થયો. કારણ કે, “ મરણ-વખતના વિચારો પ્રમાણે માણસની ગતિ થાય છે. ”

વિદર્ભરાજાએ પોતાની કન્યાને પાંડયરાજા સાથે પરણાવી. લાંબો વખત ગૃહસ્થાશ્રમ ભોગવ્યા પછી જ્યારે તે રાજા પરમપદ પામ્યો, ત્યારે પતિની સેવા કરતી તે વિદર્ભ રાજાની પુત્રી પતિવિયોગના શોકથી વિલાપ કરવા લાગી, અને ચિતા ખડકી તેણે પતિસાથે બળી-મરવાનો નિશ્ચય કર્યો. તે વખતે તેનો જુનો મિત્ર કે (પુરંજનનો પૂર્વજન્મનો મિત્ર) જેનું નામ આપણે જાણતા નથી, તે ત્યાં આવી પહોંચ્યો, અને તેને કહેવા લાગ્યો; 'અરે! તું કોણ છે? કોની પુત્રી છે? ચિતામાં સૂતેલો આ પુરૂષ કોણ છે? તું મને મિત્રને ઓળખે છે? તને ખબર હશે કે પૂર્વે આપણે બે મિત્ર હતા. તું વિષયસુખ ભોગવવા ગયો જેથી આવી દશામાં આવી પડયો છે. મિત્ર! જો, આપણે બન્ને એક જ રૂપ છીએ. તું નથી વિદર્ભ રાજાની દીકરી કે નથો પુરંજની સ્રીનો પતિ! આ તો એક ભ્રમ છે-માયા છે. આપણે બન્ને તો શુદ્ધ છીએ. હું તારૂં સ્વરૂપ કહું છું, તે પર ધ્યાન આપ. તું જીવ છે, હું બ્રહ્મ છું. આપણે બન્ને એક છીએ. તું મારૂં જ પ્રતિબિંબ (પડછાયો) છે. માત્ર તું શરીરરૂપ નગર ઉપર મમતા રાખી તેમાં આસકત થયો હોવાથી મારાથી ભિન્ન જણાય છે. સંસારના વિષયોમાં આસક્તિરૂપ અજ્ઞાનથી-અવિદ્યાથી-તું મલિન દેખાય છે. આપણી વચ્ચે

રહેલો અવિદ્યારૂપ પડદો દૂર થતાંજ આપણે એક સ્વરૂપ થઇએ છીએ. ' આમ સમજાવતાં તેને પોતાના સ્વરૂપનું ભાન થયું, અને તે પોતાના ખરા સ્વરૂપમાં મળી ગયો." માટે હે રાજા! તું સંસારનાં સુખોની સ્પૃહા છોડી દઇ ઇશ્વર ભક્તિમાં ચિત્ત જોડ, અને નિષ્કામ થા. આમ કરતાં તને સત્યસુખ પ્રાપ્ત થશે."

નારદના ઉપદેશથી પ્રાચીનબર્હિએ નિષ્કામપણાથી યજ્ઞો પૂરા કર્યા, અને ઇશ્વરની આરાધનામાં પોતાની જીંદગી ગાળી અન્તે તે મોક્ષ પામ્યો.

તેના પુત્ર પ્રચેતાઓ પણ ભક્તિપ્રભાવથી ભગવદ્રૂપમાં ભળ્યા અને અમર થયા.

(પુરંજન આખ્યાનનો સાર.)

પુરંજન એટલે જીવ અને તેનો અજાણ્યો મિત્ર તે ઇશ્વર છે. જીવ સંગે કરીને વિષયો તરફ ખેંચાય છે અને દેહનો આશ્રય કરે છે. બુદ્ધિ તેની સ્ત્રી છે. તેમાં તે એટલો આસક્ત બને છે કે, પોતે નિત્ય–મુક્ત છતાં તેનાં–બુદ્ધિએ કરેલાં–સર્વ કાર્યોને પોતે કરતો હોય એમ માને છે, અને બંધાય છે. આમ તે પોતાનું ખરૂં સ્વરૂપ ભૂલી જઈ પામર બને છે.

દેહરૂપી નગરીમાં બુદ્ધિ સાથે વિલાસ કરતાં તે ઘણો કાળ એક ક્ષણની પેઠે ગુમાવે છે. પણ આ વિલાસ બહુ

ટકતો નથી. થોડાજ કાળમાં તેની નગરી–કાયાને ગંધર્વો–દિવસ, માસ, વર્ષ વગેરે કાળ–ક્ષીણ કરી નાખે છે. એટલામાં વળી મૃત્યુના સિપાઇ–આધિ વ્યાધિ વગેરે તેને ઘેરે છે. તે સિપાઇઓની સાથે રહેલી કાળકન્યા–વૃદ્ધાવસ્થા તેના શરીરના બધા અવયવોને શિથિલ કરી નાખે છે, જેથી તે વિષયો ભોગવવાને અશકત બને છે. આખરે મૃત્યુએ ઘેરેલો તેનો દેહ એકવાર ચિતા ભેગો થાય છે. તે વખતે જીવ બુદ્ધિવગેરે લિંગ શરીરનાં કાર્યો તરફ મમતા–અહંતા રાખતો હોવાથી કર્માનુસાર બીજા શરીરને ધારણ કરે છે, અને ઉચ્ચનીચ યોનિમાં ભટકતો સુખદુઃખ વગેરે દ્વંદ્વને અનુભવે છે. દુઃખો દૂર કરવાના ઉપાયો તેનાથી બની શકતા નથી, એટલે તે મુઝાય છે. આમ ઘણું દુઃખ પામ્યા પછી જ્યારે તેને ભાન આવે છે અને પશ્ચાત્તાપ થાય છે, ત્યારે તેને પોતાની મૂળસ્થિતિ સાંભરે છે. તે વખતે તે સર્વસંગથી મુક્ત અને નિર્મળ બને છે. અહંતા મમતાનો ત્યાગ કરી–સર્વ આવરણોને પ્રજાળી, તે ઇશ્વર સાથે પોતાની એકતા અનુભવે છે, અને પરમાત્મસ્વરૂપમાં–પોતાના અસલ–સ્વરૂપમાં મળી જાય છે. પછી 'न स पुनरावर्तते (૨)' ફરીને તે માયાના વમળમાં ખેંચાતો નથી–વિષયના પ્રવાહમાં તણાતો નથી.

પંચમ સ્કંધ.

ઘરમાં રહીને પણ મોક્ષ સાધી શકાય.

[પ્રિયવ્રતની કથા.]

વેદમાં પણ કહેલું છે કે, માણસ ગૃહસ્થાશ્રમમાં રહી આશ્રમધર્મોનું વિધિવત્ પાલન કરે, અને ગૃહસ્થને યોગ્ય કર્મ કરે, છતાં કર્મફળની ઇચ્છા ન રાખે તો તે કર્મો તેને બંધનકારક થતાં નથી. ગૃહસ્થાશ્રમમાં રહી લોકોપકારક કર્મો કરતાં અને જ્ઞાનનો અનુભવ કરતાં ગૃહસ્થાશ્રમી મોક્ષ પણ સાધી શકે છે. પવિત્ર આત્માને તો ઘરમાં એ

મોક્ષ મળે છે, પરંતુ જેઓ વિષયાધીન અને મદોન્મત્ત છે તેમને તો વનમાં પણ સંસાર છોડતો નથી; કારણ કે, ઘર છોડયા છતાં તેમની વાસનાઓનો લય થએલો હોતો નથી.

જ્ઞાનીપુરૂષ કર્મ કરે છે, છતાં તે 'હું કરૂં છું' એમ માનતો નથી. તે જાણે છે કે, "જેમ નાથેલા બળદો ખેડુતની આજ્ઞાને અધીન રહી કામ બજાવે છે, તેમ પ્રાણીઓ પણ ઈશ્વરની આજ્ઞાને અનુસરી કર્મો કર્યે જાય છે." એથી કર્મનાં સારાં નરસાં ફળ જોડે તેને કંઇ સંબંધ રહેતો નથી. આ ભાવનાને બરોબર વ્યવહારમાં ઘટાવવી તેનુંજ નામ મુક્તિ છે. જનકવિદેહી વગેરે ગૃહસ્થાશ્રમીઓ આવી ભાવનાઓથીજ જીવન્મુક્ત બન્યા હતા.

મનુનો પુત્ર પ્રિયવ્રત ભગવદ્ભક્ત હતો. તે સંસારના સર્વ પદાર્થોને મિથ્યા માનતો હોવાથી સંસાર પ્રત્યે તેની જરાએ અભિરૂચિ નહતી. આ કારણથી તેણે પોતાના પિતા મનુને રાજ્ય કરવા નાખુશી બતાવી હતી.

એક વાર મનુ અને પ્રિયવ્રત પ્રસ્તુતવિષય ચર્ચી રહ્યા હતા, એટલામાં બ્રહ્મદેવ ત્યાં આવ્યા. તેમની સાથે નારદ વગેરે ઋષિ મંડળ પણ હતું. મનુ રાજાએ તેમનો યથા યોગ્ય સત્કાર કર્યો અને આગમનનું કારણ પૂછયું.

બ્રહ્માજી પ્રિયવ્રતના ચ્હેરા ઉપરથી તેની મનોભાવના સમજીને તેને કહેવા લાગ્યા, "વત્સ ! હું તને જે શિખામણ

આપું, તે તું ધ્યાનપૂર્વક સાંભળ. તું રાજ્યકારભારમાંથી મુક્ત થવા માગે છે એમ હું ધારૂં છું, પણ તે વિચાર યોગ્ય નથી. સંસારમાં રહીને અને સ્વધર્મ બજાવીને પણ આત્મસાક્ષાત્કાર કરી શકાય છે. તું ક્ષત્રિય છે, એથી રાજ્ય ગ્રહણ કરી પ્રજાનું રક્ષણ કરવું તે તારી ફરજ છે. કેટલાક માણસો આવેશથી એકદમ સ્વધર્મ છોડવા માગે છે, પણ આખરે પ્રકૃતિને વશ થઇ પાછા પડે છે. કોઈ પણ પ્રાણી પ્રકૃતિધર્મથી છુટી શકતો નથી. માત્ર એટલું યાદ રાખવું કે, પ્રકૃતિના ધર્મોમાં જકડાઇ ન જવાય. પ્રકૃતિને એવી રીતે કેળવી લેવી કે, તે અન્તરાત્માની આજ્ઞા પ્રમાણે વર્તે.

જળમાં ઉત્પન્ન થએલું કમળ જેમ જળથી ભીંજાતું નથી, તેમ જ્ઞાની પુરૂષ સંસારમાં રહ્યા છતાં કર્મોથી લેપાતો નથી. તેજ ખરો ભગવદ્ભક્ત ગણાય છે કે, જે વિષયોની સમીપ રહેવા છતાં તેનાથી ચલાયમાન થતો નથી. માટે પુત્ર ! તું રાજ્ય છોડવાની ઈચ્છા કરીશ મા. ”

બ્રહ્માજીને ઉપદેશ પ્રિયવ્રતે બરાબર ગ્રહણ કર્યો. તેમણે પિતાનું રાજ્ય સંભાળ્યું અને વિષયોને અધીન થયા વગર અનેક ભોગ ભોગવ્યા. પ્રિયવ્રત વિશ્વકર્માની પુત્રી બર્હિષ્મતીને પરણ્યા હતા. તેમના મોટા પુત્રનું નામ આગ્નીધ્ર હતું. પ્રિયવ્રત રાજાએ જંબુઆદિ સાત દ્વીપોમાં

પોતાના એક એક પુત્રને રાજા તરીકે નીમ્યો હતો. ઊર્જસ્વતી નામની એક પુત્રી તેમને હતી, તેને તેમણે શુક્રાચાર્ય સાથે પરણાવી હતી. તે ઊર્જસ્વતીની પુત્રી દેવયાની યયાતિ રાજાની માનિતી રાણી થઈ હતી.

અનેક વર્ષ રાજ્ય ભોગવ્યા પછી પ્રિયવ્રતે પોતાના મોટા પુત્ર આગ્નીધ્રને રાજ્ય સોંપી દીધું, અને પોતે વનમાં ગયા. ત્યાં ઈશ્વરભક્તિમાં જ તેમણે પોતનું અવશેષ આયુષ પૂર્ણ કર્યું. પ્રિયવ્રતની પવિત્ર કીર્તિ હજીપણ અવિચલ છે.

આત્માને દેહ સાથે સંબંધ નથી.

(ઋષભદેવ ચરિત.)

મોહપાશમાં ફસાએલા માણસો દેહને જ "હું છું." એમ માને છે. આવી માન્યતાથી દેહને થતાં સુખ દુઃખોમાં પોતે જ સુખી થયા કે દુઃખી થયા એમ તેઓ ગણે છે, પણ એ વાસ્તવિક નથી. દેહ એ આત્મા નથી, એમ વેદાન્તશાસ્ત્ર પોકારીને કહે છે દેહ એક ઘર છે, તેની સાથે તેમાં ચૈતન્યરૂપે રહેલા આત્માને કંઈ સંબંધ નથી. આત્મા નિત્ય, અવિકારી, શુદ્ધ અને બુદ્ધ છે, તેને સુખ કે દુઃખ હોઇ શકે જ નહિ. પાણીમાં પડેલું સૂર્યનું

ંખ પાણી સૂકાતાં સૂકાઇ જતું નથી, પાણી વહેતાં તે
ી જતું નથી, પાણી મેલું થતાં તે મેલું થતું નથી;
મ દેહને થતા વિકારો આત્માને લાગુ પડતા નથી. દેહ
ક વસ્ત્ર જેવો છે. જેમ આપણે જૂનાં વસ્ત્રો તજી નવાં
ત્ર ધારણ કરીએ, તેમ દેહી (આત્મા–જીવ) જીર્ણ શરીર
ડી નવાં શરીર ધારણ કરે છે. આ કારણથી જ્ઞાની પુરૂષો
શ્વર (નાશવંત) અને જડ દેહપર મમતા રાખતા નથી.
ઓ સમજે છે કે, “ આપણે ચૈતન્ય સ્વરૂપ છીએ, આત્મ
રૂપ છીએ, અવિકારી છીએ અને આનંદ સ્વરૂપ છીએ.
પણને સુખ દુઃખ, હર્ષ શોક, માન અપમાન, ભય
ચિન્તા વગેરે કશુંએ નથી. ”

ઋષભદેવના ચરિત્રમાંથી આવું જ જ્ઞાન આપણને
ળે છે. આગ્નીધ્રનો પુત્ર નાભિ મેરૂદેવી નામે પતિવ્રતા
સાથે પરણ્યો હતો. તેણે પુત્રપ્રાપ્તિ માટે ઈશ્વરને
શીને એક યજ્ઞ કર્યો, તેના પ્રભાવથી તેને એક દેવીપુત્ર
મ થયો. તેનું નામ પુરોહિતોની સંમતિથી ઋષભ (શ્રેષ્ઠ)
રાખવામાં આવ્યું. પુત્રનાં રૂપ, ગુણ, શૌર્ય, બુદ્ધિ અને
ન જોઇ રાજાનું મન હરખાતું હતું.

ઋષભદેવના ગુણો ધીમે ધીમે રાજ્યમાં અને પર.
જ્યમા પ્રસરવા માંડ્યા. ઇન્દ્રે પણ તેમના ગુણ અને
મર્થ્યની એકવાર સ્પર્ધા કરી હતી. એવું બન્યું કે, ઇન્દ્રને

ઋષભદેવની કીર્તિની અદેખાઇ આવી, તેથી તેણે તેમના દેશમાં વૃષ્ટિ કરી નહિ. તે વખતે ઋષભદેવે પોતાના યોગબળથી "અજનાભ" દેશમાં વરસાદ વરસાવ્યો હતો.

જ્યારે ઋષભદેવ યોગ્ય ઉંમરના થયા, ત્યારે આગ્નીધ્ર તેમને રાજ્ય સોંપી વનમાં ગયો. ઋષભદેવજીએ ગાદીપર આવ્યા પછી ન્યાયથી રાજ્ય ચલાવી પ્રજાને સુખી કરી, શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે સર્વયજ્ઞો કરી પ્રભુને અર્પણ કર્યા અને ઠેકઠેકાણે સદાચાર પ્રવર્તાવ્યો. તેમના યોગબળ અને તપોબળને યોગ્ય એક પુત્રરત્ન તેમને પ્રાપ્ત થયું હતું, તેનું નામ ભરત હતું. પુત્રને બચપણથી જ ઋષભદેવે બ્રહ્મર્ષિઓની સેવામાં રાખી બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરાવ્યું હતું. 'પિતા પણ પુત્રનો ગુરૂ જ છે,' એ ન્યાયે તેમણે જાતે પણ પુત્રને યોગ્યજ્ઞાન આપ્યું હતું. પુત્રોને કેળવી સુસંસ્કારી બનાવવા એ પિતાની મુખ્ય ફરજ છે. જે પિતાઓ પોતાની આ ફરજ અદા કરતા નથી, તઓ પુત્રોના જન્મને નિરર્થક કરી નાંખે છે. પુત્ર મૂર્ખ રહેવાથી આખા કુળનું અધઃપતન થાય છે.

પુત્રને સારી કેળવણી આપ્યા પછી ઋષભદેવજીએ તેને રાજ્યભાર સોંપ્યો, અને પોતે નિઃસ્પૃહતાથી જગતમાં વિચરવા લાગ્યા. મૂળની ત્યાગવૃત્તિ આ વખતે તેમનામાં પૂર્ણ પ્રકટી. શરીર સાથેનો સંબંધ તેઓને મૂળથી જ ન

હતો, એટલે આ વખતે તેમને જલદીથી જ પરમહંસદશા પ્રાપ્ત થઇ. અહર્નિશ તેઓ બ્રહ્માનંદમાં વિચરતા હતા. શરીરના પોષણની પણ તેમને દરકાર રહી નહતી. હવે તો શરીર તેમને એક ઝાંખરા જેવું લાગતું હતું. તેમનું ચિત્ત બાહ્યભાવોપરથી ઉઠી જઇ, બ્રહ્મમાં લીન થયું હતું. શરીર છોડવાનો વખત જેમ નજીક આવતો ગયો, તેમ તેમ તે બહારથી ઉન્મત્ત જેવા દેખાવા લાગ્યા. આ વખતે તે યોગની છેલ્લી ભૂમિકામાં હતા, અને બ્રહ્માકાર બની ગયા હતા. આવી ઉન્મત્તદશામાં તે એકવાર ફરતાં ફરતાં અરણ્યમાં જઈ ચઢયા, ત્યાં વાંસડાઓના પરસ્પરના ઘર્ષણથી મોટો દાવ બળતો હતો તેમાં આ મહાનપુરૂષે પ્રવેશ કર્યો. જાણે કે વહાલથી પરમાત્માના ચિત્-સ્વરૂપને આલિંગન આપતા હોય, તેમ તેઓ તેને ભેટી પડયા. તેમનું નાશવન્ત શરીર અગ્નિજ્વાળાઓમાં અદૃશ્ય થયું, સર્વતત્વો મૂળતત્વમાં મળી ગયાં, અને આત્મા બ્રહ્મ સાથે તદ્રૂપ થઈ ગયો.

મહાન્ યોગી પણ સંગથી યોગભ્રષ્ટ થાય છે.

જડભરત આખ્યાન.

મન અતિ ચંચલ છે, તે જલદીથી કબજામાં આવી શકતું નથી. કબજામાં આવ્યું હોય છતાંએ જરાક છિદ્ર મળતાં વાયુની પેઠે તે કબજામાંથી છટકી જાય છે. એટલા માટે જ જીતેંદ્રિય યોગીઓ પણ સંસારથી દૂર રહી માત્ર ઈશ્વરની આરાધના કરવાપૂરતો જ વ્યવસાય રાખે છે. મનને ચંચળ કરનાર સંગ[1] છે. કોઈપણ વસ્તુનો સંગ થતાં મન તેના તરફ જલદી દોડી જાય છે, તેમાં આસક્ત બની ઘેલું થઈ જાય છે, પછી તેમાંથી તેને વાળવું કઠિન થઈ પડે છે. સંગ અમુક વિષયના ધ્યાસથી ઉત્પન્ન થાય છે. માટે બનતાં સુધી સાધકયોગીએ કોઈ પણ વિષય સંબંધી પ્રવૃત્તિ કરવી નહિ. તેણે પરમાત્મા સિવાય બીજા કોઈ પદાર્થનો વિચાર સુદ્ધાંએ કરવો નહિ; કારણકે, વિચાર કરવાથી જ વસ્તુસંગ થાય છે. વિશ્વામિત્ર જેવા મહાન્ તપસ્વીઓનાં લાંબાકાળનાં તપ ચંચળ ચિત્ત સંગમાં ફસાઇ ક્ષણવારમાં નષ્ટપ્રાય કરી

---

૧ કરેલા કાર્યના પરિણામે હર્ષ-શોક પ્રાપ્ત થાય તે 'સંગ' કહેવાય છે.

નાખ્યાં છે. રાજ્યાદિનો સંબંધ તજનાર અને એકાન્તમાં સમાધિ કરનાર ભરતજીને પણ સંગે કરીને જ મૃગયોનિમાં જન્મ લેવો પડયો હતો.

ભરતજીનો ત્યાગ.

પિતા પાસેથી રાજ્ય પ્રાપ્ત કર્યા પછી ભરતજી પ્રજાનું રૂડી રીતે પાલન કરતા હતા. તેમને પાંચ પુત્ર હતા. ગૃહસ્થાશ્રમમાં તેમણે પોતાની રાણી પંચજની સાથે યજ્ઞદીક્ષા લઈ અનેક યજ્ઞો કર્યા હતા. તેમની ભાવનાઓ સર્વદા પ્રભુમય રહેતી હોવાથી તેમનું મન નિર્વિકાર થયું હતું.

ઘણા રાજાઓ રાજ્ય કરી ગયા છે, ચક્રવર્તી રાજાઓ પણ બહુએ થયા છે, છતાં તે બધાઓને અહીં સંભાર્યા નથી અને આ રાજાઓ કે જેમના રાજ્યમાં કંઈ ઉથલ પાથલ કે લડાઈ ટંટા થયા નથી તેમનાં ચરિત અહીં શા સારૂ આપવામાં આવ્યાં હશે; એમ ઘણા માણસોને શંકા થશે. વળી કેટલાક એમ પણ કહેશે કે, આ રાજાઓને ઇશ્વરભકત ધારી તેમનાં ચરિત્ર આપ્યાં હોય, તો બીજા પણ અનેક ભકત-મહાત્માઓ (રાજાઓ સિવાયના) થઇ ગયા છે, તેમનો ઉલ્લેખ સરખોએ કેમ કીધો નથી? આ શંકા સ્વાભાવિક છે, તેને દૂર કરવા માટે આપણે થોડોક વિચાર કરીએ.

આ સંસાર ઘટમાળ જેવો છે, તેમાં હજારો જન્મ્યા અને હજારો મરે છે. તેની કંઇ ગણત્રી રહેતી નથી. પરંતુ જેઓ આ

લાંબો વખત રાજ્ય-સુખ ભોગવ્યા પછી પુત્રોને રાજ્ય આપી ભરતજી પુલહાશ્રમમાં તપશ્ચર્યા કરવા ગયા. ત્યાં તેમણે સારી રીતે યોગાભ્યાસ કરી ઇન્દ્રિયો અને મન-પર કાબુ મેળવ્યો. આમ ઘણો કાળ વીત્યા પછી એક દિ-વસ એવું બન્યું કે, તે સંધ્યાકાળે નદીપર બેસી ૐકારનો

સંસારમાં આવી આદિપિતા-પરમાત્માને જાણે છે, અને ભજે છે તેઓનો જન્મ સાર્થક મનાય છે. એવા જે ભક્તોએ પોતાનો જન્મ સાર્થક કર્યો છે, તેમનાં ચરિત્ર સાંભળવાથી સાંભળનારનું અંતઃકરણ પવિત્ર થાય છે, તેની બુદ્ધિ કર્ત્તવ્ય પરાયણ બને છે: માટે ભક્તોનાં ચરિત્ર સાંભળવાં જોઇએ. ભક્તોમાં પણ જેઓએ ગૃહસ્થાશ્રમમાં રહી ઇશ્વર ભક્તિ સાધી છે, તેવા ભક્તોનાં ચરિત્રમાંથી ગૃહસ્થાશ્રમી માણસો વધારે બોધ લઇ શકે; કારણકે, ત્યાગી-વિરાગી ભક્તોનાં ચરિત ગૃહસ્થને સર્વથા અનુકૂળ ન પડે, પણ ગૃહસ્થભક્તનાં ચરિત્રો-માંથી તો તેમને ધડો લેવાનું અનુકૂળ થાય. ગૃહસ્થભક્તો કરતાં જે રાજાઓ ભક્ત થઇ ગયા છે, તેમને તો ધન્યવાદ જ ઘટે; કેમકે, માથે રાજ્યકારભાર જેવો ભારે બોજો હોય, ભોગવવા લાયક અનેક ભોગ સંપત્તિઓ હમેશાં આંખ આગળ ખડી હોય, છતાં પણ તેમાં જરાએ ન લલચાતાં ઇશ્વર ભક્તિમાં પરાયણ રહેવું એ સાધારણ વાત નથી. આ ગ્રંથ ખાસ ગૃહસ્થાશ્રમીઓને જાણવા લાયક છે, અને તેથી જ તેમાં વૈભવવાળા ગૃહસ્થોનાં ચરિત્રોનો સંગ્રહ પણ મોટી સં-ખ્યામાં કર્યો છે.

મંત્ર જપ કરતા હતા, એવામાં એક હરણી નદીપર પાણી પીવા આવી. તેણે થોડુંક પાણી પીધું, એટલામાં દૂરથી એક સિંહની ગર્જના સંભળાઈ. સ્વભાવથી જ બીકણુ તે હરણીનું ચિત્ત સિંહની ગર્જનાથી ગભરાયું, તેથી તૃષા પૂરેપૂરી છિપાએલી ન છતાં તે એકદમ નદીના સામા કિનારે કુદી પડી. તે હરિણી પ્રસવકાલની અવસ્થામાં હતી, જેથી કુદતાં સાથે જ તેનો ગર્ભ પાણીમાં ગળી પડયો, અને તે પણ આઘાત થવાથી મરણ પામી. આ સઘળો બનાવ જોઇ ભરતજીનું હૃદય કંપી ઉઠયું. તે જપ કરતાં કરતાં ઉભા થયા અને જેમ કોઇ માણસ નિરાધાર બાળકને લે, તેમ તેમણે તે મૃગબાળને પાણીમાંથી ખેંચી કાઢયું, અને કેટલીક સારવાર કરી તેને આશ્રમમાં લાવ્યા.

(ભરતજીનો મૃગયોનિમાં જન્મ.)

દિવસો જતાં ભરતજીનો સ્નેહ આ મૃગબાળપર વધ્યો. તે તેના સ્નેહ બંધનમાં એવા બંધાયા કે, તેને ન્હવરાવીને જ ન્હાય, ખવરાવીને જ ખાય, પંપાળે, ચુંબન કરે, ખોળામાં બેસાડીને રમાડે અને તેની બરાબર બરદાસ કરે. આમ કરતાં તે પોતાનું નિત્યકર્મ પણ ભૂલી ગયા, અને મૃગબાળ સાથે પ્રેમથી ગુંથાયા. તે બચ્ચું પણ જ્યારે ભરતજી સંધ્યા કરવા બેસે ત્યારે તેમની પાસે આવે, શીંગડાં

ની અણીથી તેમની પીઠ ખંજવાળે, તેમના આસનના દર્ભ ચાવે, વળી જરાક ધમકાવતાં પાછું શાન્ત બેસી જાય, અને એક નિર્દોષ બાળકની માફક તેમના સામું જોયા કરે. આવી નિર્દોષ અને મુગ્ધ ચેષ્ટાઓથી તેણે ભરતજીનું હૃદય બરાબર આકર્ષ્યું.

આમ મૃગબાળ સાથે ગંમતમાં ને ગંમતમાં તેમના ઘણા દિવસો વહી ગયા. એમ કરતાં તેમનો દેહ પડયો. અવસાન સમયે પણ આ બચ્ચું તેમની સામે બેઠું હતું, અને દીનવદને જાણે રડતું હોય તેમ આંખમાંથી આસુ પાડતું હતું. આવા નિર્દોષ અને મુગ્ધ મૃગબાળની ચેષ્ટાથી કોનું મન ન ખેંચાય ? ભરતજીનું મન પણ આ મૃગબાળ માં રહી ગયું, જેને લીધે તેમને ફરીથી મૃગયોનિમાં અવતાર લેવો પડયો. મૃગદેહમાં પણ ભરતજીને પૂર્વજન્મનું જ્ઞાન હતું. તે પશ્ચાત્તાપ કરતા કે, 'મેં કેવી મૂર્ખતા કરી કે, ભગવાનની ભક્તિ કરતાં એક મૃગ સાથે મારો સ્નેહ જોડી દીધો ? હવે હું કદી પણ એવી ભૂલ કરનાર નથી અને કોઇના સંગમાં પડનાર નથી;' એમ ખેદ કરતાં તે મરણની રાહ જોતા હતા. આખરે કેટલોક વખત ગયા પછી તેમણે મૃગદેહ પણ છોડયો.

(બ્રાહ્મણ કુળમાં જન્મ.)

શ્રીકૃષ્ણ ભગવાન કહે છે કે, "શુચીનાં શ્રીમતાં ગેહે યોગ-

भ्रष्टोऽभिजायते । अथवा योगिनामेव कुले भवति धीमताम् ॥
યોગભ્રષ્ટ થએલો માણસ શુદ્ધશ્રીમાનને ઘેર કે બુદ્ધિમાન યોગીને ત્યાં જન્મ લે છે. એ પ્રમાણે ભરતજીનો જન્મ પણ એક ધનવાન અને શ્રોત્રિય (વેદભણેલો) બ્રાહ્મણને ત્યાં થયો. પૂર્વજન્મમાં ઠોકરો વાગી હોવાથી ભરતજી આ જન્મમાં સંબંધીઓનો સંગ પણ બહુ જ ઓછો કરતા હતા. જ્યારે તે આઠ વર્ષના થયા, ત્યારે તેમને ઉપવીત (જનોઈ) આપવામાં આવ્યું. તેમના પિતાએ તેમને વેદ ભણાવવા પ્રયત્ન કર્યો, પણ તે નિષ્ફળ ગયો. કારણકે ભરતજી જન્મથી જ સૌથી વિરક્ત રહેતા, અને જાણે (પોતે) આંધળા, બહેરા અને બોબડા હોય તેવો ભાવ દેખાડતા હતા. થોડાકાળ પછી તેમના પિતાનો સ્વર્ગવાસ થયો, ત્યારે કર્મમાર્ગમાં નિપુણ તેમના વડીલ ભાઈઓએ પિતાની મિલ્કતના ભાગ કર્યા. ભરતજી જડ છે એમ ધારી તેમણે તેમને ભાગ આપ્યો નહિ, અને તેમના પોષણની પણ કંઈ વ્યવસ્થા કરી નહિ. આથી ભરતજી ખુશ થયા, અને મજુરી કરી પોતાનો નિર્વાહ કરવા લાગ્યા. લોકોમાં તે જડ જેવા દેખાતા હોવાથી તેમનું નામ 'જડભરત' પડયું હતું.

પોતાનો ભાઈ બીજે ઠેકાણે મજુરી કરી ગુજરાન ચલાવે છે, તે જોઈ ભરતજીના ભાઈઓને મન ઓછું

આવ્યું. તેમણે ભરતજીને પોતાના ખેતરમાં ક્યારા સુધારવા રાખ્યા. પણ ભરતને તો બહારનું ધ્યાન ઓછું હતું, તેમના મનમાં રાતદિન ઇશ્વરની લગની જ લાગી હતી; તેથી વખતો વખત તે પોતાના કામમાં ભૂલો કરતા.

એકવાર કોઈ શૂદ્રરાજાને મહાકાલી આગળ પુરૂષ-પશુનું બલિદાન આપવું હતું, તેથી તેના સિપાઇઓ કોઇ તેવા પુરૂષની શોધમાં હતા. શોધ કરતાં કરતાં, ભરતજી તે સિપાઇઓની નજરે પડયા. બહારનો આકાર જોઇ, સિપાઇઓ પોતાનું કામ થયું જાણી ખુશ થયા. અને ભરતજીને પકડી રાજા પાસે લઈ ગયા.

રાજા તેમને લઇ પુરોહિતો સાથે મહાકાલીના મંદિર આગળ આવ્યો, અને બલિદાનનો સમય થયો એટલે તે ખડ્ગ કાઢી ભરતનું માથું કાપવા તૈયાર થયો. આ સમયે પણ ભરતજીની મુખાકૃતિ આનંદમાં જ જણાતી હતી, તેમના મોંપર શોકની છાયા સરખી પણ ન હતી. પણ ભગવદ્ભક્તનો પોતાના આગળ વધ થાય, તે શું દેવી સાંખી શકે ? મહાકાલી રાજાના આવા અધમ કૃત્યમાટે કોપાયમાન થયાં. તેમણે પોતાનું પ્રચંડરૂપ ધરી બલિ આપવા આવનારા તે દુષ્ટલોકોનાં માથાં પોતાના ખડગથી કાપી નાંખ્યાં. ખરેખર ભગવદ્ભક્તનું બુરૂં ઇચ્છનાર જાતેજ દુઃખી થાય છે. પરમાત્મા પોતાના ભક્તોનું રક્ષણ કરવાને સદૈવ તૈયાર જ હોય છે.

(રહૂગણને જ્ઞાનોપદેશ.)

એક વખત રહૂગણ રાજા તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરવા કપિલમુનિના આશ્રમે જતો હતો. માર્ગમાં તેની પાલખી ઉપાડનારા ત્રણ ભોઇ મળી આવ્યા, અને ચોથાની તપાસ કરતાં, ઈચ્છા પ્રમાણે ફરતા આ જડભરત રાજાના સિપાઇઓને હાથ લાગ્યા. તેમણે ભરતજીને હૃષ્ટપુષ્ટ જોઈ તેમની પાસે રાજાની પાલખી ઉપડાવી. જડભરત કોઈપણ પ્રાણીની હિંસા ન થાય તે સારૂ નીચી નજર રાખી ચાલતા હતા, તેથી બીજા પાલખી ઉપાડનારાઓ કરતાં તેમની ચાલ ધીમી હતી. આમ એકસરખી ગતિ ન હોવાથી પાલખી વારંવાર હેલાખાતી, તેથી રાજાએ તેમને ધમકાવ્યા અને સરખી રીતે ચાલવાને કહ્યું. ભોઈઓએ જવાબ આપ્યો, 'અન્નદાતા! અમે તો બરાબર ચાલીએ છીએ, પણ આ નવો આવેલો માણસ બરાબર સીધો ચાલતો નથી.' ત્યારે રાજાએ રજઃસ્વભાવને લીધે જડભરતની ખૂબ મશ્કરી કરી તેમને બનાવ્યા, છતાં જડભરતે તો કંઇ જ ગણકાર્યું નહિ. જ્યારે બીજીવાર પાલખીને ધક્કો લાગ્યો, ત્યારે રાજાએ ક્રોધ કરી જડભરતને બહુ ધમકાવ્યા અને શિક્ષાની પણ ધમકી આપી. તે વખતે જડભરતે પ્રસન્ન મુખથી રાજાએ ક્રોધમાં આવી દેહાભિમાનથી જે વાકયો ઉચ્ચાર્યાં હતાં, તે સઘળાંનો માર્મિક જવાબ આપ્યો. ઉત્તર સાંભળી રાજા ચોંકયો. તે–સમજ્યો

કે આ કોઇ દૈવીપુરૂષ છે, તેથી તે નીચે ઉતર્યો અને ભરતના ચરણે પડયો. જડભરતે કહ્યું, "મારા જેવાને કંઇ ખોટું લાગતું જ નથી. હું જાણું છું કે, મારે અને દેહને કંઇ જ સંબંધ નથી. હું પોતે આત્મ-સ્વરૂપ છું. અને આત્માને વિષે તો સ્તુતિ કે નિંદા કંઇ જ ઘટતું નથી, તો પછી ખોટું કોને લાગે? તેં જે શબ્દો કહ્યા, તે આ દેહને ઉદ્દેશીને કહ્યા છે, પણ તે જડ હોવાથી કંઈ સમજી શકતો નથી; તો પછી તું જ કહે કે, માન અપમાન કોને હોય?"

રાજાએ કહ્યું, "મહારાજ! આપ સમદર્શી અને આત્મજ્ઞાની છો, એટલે આપને મન કંઈ નથી; તોપણ મેં એક મહાત્મા પુરૂષનું અપમાન કર્યું છે. મહાત્માઓનું અપમાન કરનાર ગમે તેવો સમર્થ પણ નાશ પામે છે. માટે મને ક્ષમા આપો, અને શરણે લઇ મારો ઉદ્ધાર કરો." પછી ભરતજીએ રાજાનો અંદેશો દૂર કર્યો, સંસારરૂપ-અરણ્યનું તેને ભાન કરાવ્યું અને બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ આપ્યો. તે વખતે સૂર્ય ઉગતાં જેમ અન્ધકાર જતો રહે, તેમ ભરતના ઉપદેશથી રાજાનો મોહ દૂર થયો અને તનો દેહાભિમાન ગળી ગયો. આ પ્રમાણે રાજાને જ્ઞાન આપી, ભરતજી ત્યાંથી ચાલવા માંડયા. ખરેખર, ભગવદ્ભક્તના સમાગમથી દેહાભિમાનનો નાશ થાય છે.

ષષ્ઠ સ્કંધ.

ભગવદ્ભક્તિ સુંસ્કારોને જાગૃત કરે છે.

અજામિલની કથા.

ઔષધિ ખાવાથી શરીરનો રોગ દૂર થઇ આરોગ્ય પ્રાપ્ત થાય છે, તેમ સમજે કે વગર સમજે કરેલું ઇશ્વરનું નામસ્મરણ મનુષ્યના હૃદયમાં સુસંસ્કારોને જાગૃત કરે છે.

પૂર્વે કનોજમાં અજામિલ નામે એક બ્રાહ્મણ હતો. પ્રથમતો તે વિદ્વાન, સદાચારી તથા વૃદ્ધોની સેવા કરનારો હતો, પણ પાછળથી એક દાસીની સોબતથી તે દુર્ગુણી બન્યો. તેણે પોતાની પતિવ્રતા સ્ત્રીનો ત્યાગ કર્યો, અને પિતાનું ધન ઉડાવી દીધું પોતાનો નિર્વાહ પણ તે હલકા ધંધાથી કરવા લાગ્યો. તેને એક નારાયણ નામે પુત્ર હતો, તેના પર તેને બહુ પ્યાર હતો. તે તેને લાડ લડાવવામાં જરા એ કચાશ રાખતો નહિ. એક ઘડી પણ તેનો વિયોગ અજામિલ સહન કરી શકતો નહતો.

આમ કરતાં ઘણાં વર્ષ વીત્યાં. એકવાર અજામલ માંદો પડયો. જ્યારે તેને લાગ્યું, કે હવે કાળ નજીક આવ્યો છે, ત્યારે તેણે હંમેશના ધ્યાસથી નારાયણ પુત્રને સંભાર્યો. તેણે ઉંચેથી બૂમ મારી, કે "ઓ નારાયણ! મને આ દુ:ખમાંથી બચાવ." અને ખરેખર થયું પણ એમ જ. નારાયણના નામસ્મરણથી તના પૂર્વના સંસ્કાર તાજા થયા, અને કરેલાં કુકર્મો માટે તેને અતિશય પશ્ચાત્તાપ થયો. તે મરણપથારીમાંથી ઉઠયો, અને સદાચારી બન્યો. આમ તેણે નવી જીંદગી પ્રાપ્ત કરી. તેણે પોતાની પતિવ્રતા સ્ત્રીની ક્ષમા માગી, અને દાસીની સોબત છોડી દીધી. ફરીથી આવો કુસંગ ન થાય તે માટે તે ઘણી દરકાર રાખવા લાગ્યો, અને નિરંતર હરિસ્મરણ કરવા લાગ્યો. કેટલાક વખત પછી તેનું અવસાન થયું, અને હરિસ્મરણના પ્રતાપે તેનો ઉદ્ધાર થયો.

જે માણસો પૂર્વજન્મના સુસંસ્કારી હોય છે, તેઓ આ લોકમાં પ્રામાણિકપણે વર્તે છે. કદાચ સંગથી તેઓ અવળા માર્ગે દોરવાઈ જાય, તોપણ એકાદ દુ:ખનો પ્રસંગ આવતાં તેમને પ્રભુસ્મરણ યાદ આવે છે. અને પ્રભુનામનું માહાત્મ્ય એવું અલૌકિક છે, કે તે આવરણોને દૂર કરી મનુષ્યના હૃદયમાં તરત જ શુભ સંસ્કારોને જાગૃત કરે છે. કહ્યું છે, કે:—

"ભજનકો પરતાપ ઐસો હરિ-ભજનકો પરતાપ."

"સમૃદ્ધિ સત્પુરૂષની પરમારથને કાજ."

દધીચ ઋષિનો આત્મભોગ.

જગતમાં મોટા થવું બધાને ગમે છે, પણ મોટા થવાસારૂ જે આત્મભોગ આપવો પડે તે અતિ કઠણ લાગે છે. ઘરમાં, ન્યાતમાં, ગામમાં કે દેશમાં ઘણાએ માણસોને આગેવાનીની હોંસ હોય છે. તે હોંસને પૂરી પાડવા તેઓ નેતા પણ બને છે. છતાં, જરાક ઘસાવાનો પ્રસંગ આવે છે, ત્યારે તો તેઓ પાછા હઠી જાય છે, અને જેમના નેતા થયા હોય તેમને જોખમમાં નાખી પોતે બચી જાય છે.

સતપુરૂષોને આવી ઇચ્છા હોતી નથી, એટલે કે, લોકો પોતાને આગેવાન કહે, પોતાની વાહવાહ કરે અને એ બહાને જગતમાં પોતે પ્રસિદ્ધ થાય; એમ તે ચાહતા નથી. છતાં જ્યારે જ્યારે લોકોને સંકટમાં જુએ છે, ત્યારે ત્યારે તે દયાળુ મહાત્માઓ વિના સંકોચે પોતાની જાતનો ભોગ આપી દે છે.

એક કવિ વર્ણવે છે કે, 'ભાઇઓ! જડવસ્તુઓ પણ પરોપકાર સમજે છે. જુવો, નદીઓ કંઇ પોતાનું પાણી પોતે

પીજતી નથી, પૃથ્વી પોતાના પર થએલું ઘાસ જાતે ખાતી નથી, ગાયો પોતાના દૂધનો જાતમાટે ઉપયોગ કરતી નથી અને વૃક્ષો પોતાનાં ફળ બીજાઓને સારૂંજ ધારણ કરે છે.' આવા અનેક દાખલાઓ છે. સારાંશકે, સત્પુરૂષોની સંપત્તિ પરમાર્થ માટે જ હોય છે. પરોપકારી માણસોનું જીવતર સફળ છે. આ લોકમાં તેમનું નામ અમર છે. પ્રભુના દરબારમાં તેમનું પહેલું આસન છે.

"વડીલોના અપમાનનું ફળ."

એક વખત ઈન્દ્ર ઈન્દ્રાણીસાથે સિંહાસન પર બેઠેલો હતો, આગળ પાછળ બીજા દેવો પણ પોતપોતાના અધિકાર પ્રમાણે બેઠા હતા, અપ્સરાઓનું નૃત્ય ચાલી રહ્યું હતું; તેવામાં દેવોના ગુરૂ બૃહસ્પતિ તે સભામાં પધાર્યા. તરતજ બધા દેવોએ ઉભા થઈ તેમનું સંમાન કર્યું, પણ ઈન્દ્ર ઉભો થયો નહિ. કારણકે, લક્ષ્મીના મદે તેની વિવેકબુદ્ધિ નષ્ટ થઇ હતી.

પોતાનું અપમાન થયું, છતાં તે સહન કરી બોલ્યા વગર બૃહસ્પતિ પોતાને ઘેર ચાલ્યા ગયા. તેમના ગયા પછી ઈન્દ્રને ભાન આવ્યું. તે પોતાની જાતને ધિક્કારવા લાગ્યા. પણ હવે પાણી ગયા પછી પાળ બાંધવી

નકામી હતી. તેણે બૃહસ્પતિને બોલાવવા ઘણા સેવકો મોકલ્યા, પણ તેઓ તો સ્વર્ગ છોડીને ચાલ્યા ગયા હતા. ખરે, મહાત્મા પુરૂષો અભિમાનીના રાજ્યમાં રહેતા નથી.

બૃહસ્પતિ સ્વર્ગમાંથી ચાલ્યા ગયા તે વાતની રાક્ષસોને ખબર પડી, એટલે તેમણે દેવોપર ચઢાઈ કરી. દેવો ત્રાસ પામી આમતેમ નાસી ગયા, અને ઈન્દ્ર પણ ગભરાયો. પછી બધા દેવો સાથે ઇન્દ્ર બ્રહ્માને શરણે ગયો. બ્રહ્માજીએ પણ તેમના અવિચારીપણા માટે તેમને સખત ઠપકો આપ્યો, અને કહ્યું કે, 'હવે તમારા બચાવનો એક ઉપાય છે. તમે બધા અહીંથી ત્વષ્ટાદેવના પુત્ર વિશ્વરૂપને શરણે જાઓ. જો કે, મોસાળપક્ષથી રાક્ષસો તેના સંબંધી છે, છતાં તે જ્ઞાની હોવાથી તમને મદદ કરશે.'

(વૃત્રાસુરની ઉત્પત્તિ.)

બ્રહ્માની આજ્ઞાથી દેવો વિશ્વરૂપ પાસે ગયા, અને તેને ગુરૂતરીકે સ્વીકાર્યો. વિશ્વરૂપે નારાયણ કવચના બળવડે દેવોને રાક્ષસોના ત્રાસમાંથી બચાવીને નિર્ભય કર્યા. પણ આટલેથીજ દેવોને ઠરીને બેસવાનો વખત ન આવ્યો. કેમકે, વિશ્વરૂપ રાક્ષસોનો સંબંધી હોવાથી, યજ્ઞોમાંથી તેમને ભાગ આપતો. એ જોઇ ઇન્દ્રને કોપ થયો, અને તેણે વિશ્વરૂપનું માથું કાપી નાખ્યું. તેના પિતાને આ

વાતની ખબર પડતાંજ તેમણે હોમ કરી, તેમાંથી એક ભયંકર અસુર ઉત્પન્ન કર્યો અને તેનું વૃત્ર એવું નામ રાખ્યું. પછી ત્વષ્ટાએ તેને આજ્ઞા કરીકે, તારા ભાઈનું (વિશ્વરૂપનું) માથું જેમણે કાપી નાખ્યું છે, તે દેવોને તું પીડ.

આજ્ઞા મળતાંજ વૃત્ર ત્યાંથી દોડયો. તેણે દેવોને ત્રાસ ઉપજાવ્યો. ઈન્દ્ર પણ સ્વર્ગમાંથી નાસી ગયો. પછી દેવો પરસ્પર મસલત કરી વિષ્ણુ પાસે ગયા, અને નમ્રભાવથી તેમની પ્રાર્થના કરી. શ્રીવિષ્ણુભગવાને તેમને કહ્યું કે, 'તમે અહીંથી દધીચઋષિ પાસે જાઓ. તે મહાત્મા તપ કરે છે, તેમની પ્રાર્થના કરી તેમનાં હાડકાં માગો, અને તેનું વજ્ર બનાવી વૃત્રાસુરને હણો. મહાત્મા દધીચનું શરીર તપના પ્રભાવથી અતિ તેજસ્વી અને અભેદ્ય બન્યું છે, તેથી જો તેમનાં હાડકાં તમે મેળવી શકશો તો તેના બનાવેલા શસ્ત્રથી તે રાક્ષસ જલદી મરશે.'

પછી સઘળા દેવો દધીચપાસે ગયા, અને તેમની પ્રાર્થના કરી પોતાની યાચના તેમને જાહેર કરી. દધીચે કહ્યું, "આ દેહ વિનાશી તો છેજ, તેમાં વળી ત્રૈલોકયના કલ્યાણમાટે તેની માગણી થાય છે; એ હું મારૂં મહદ્‌ભાગ્ય માનું છું." પછી તે મહાત્મા સમાધિથી દેહ ત્યજી પરમાત્મસ્વ

રૂપમાં ભળ્યા. દેવોએ તેમના મૃત શરીરમાંથી હાડકાં લઇ, વિશ્વકર્મા પાસે તેનું વજ્ર કરાવ્યું, અને તેનાથી યુદ્ધમાં વૃત્રાસુરને હણ્યો.

મરણ વખતે વૃત્રની ભાવનાઓ પ્રભુમય બની હતી, તેથી તે ઉત્તમ ગતિને પામ્યો. વિશ્વરૂપ અને વૃત્રને હણવાથી ઇન્દ્રને બ્રહ્મહત્યા લાગેલી તેના સંતાપથી તેને સ્વર્ગ છોડી ઘણી જગાએ રખડવું પડયું હતું, અને ઘણાં સંકટ સહન કરવાં પડયાં હતાં. છેવટે યજ્ઞપુરૂષ પરમાત્માનું અશ્વમેધ યજ્ઞથી યજન કરતાં તે પાપમાંથી મુક્ત થયો હતો. "પ્રભુપૂજન મહત્ પાપોને પણ દૂર કરે છે."

તત્ત્વ સમજ્યા વગર મોટા પુરૂષોની ટીકા ન કરવી.

(વૃત્રના પૂર્વજન્મની કથા.)

ઘણા માણસો એવા છે કે, જેઓ વગર સમજે સારા માણસોની ટીકા કરે છે; આતો તેમનો એક વિષય જ થઇ પડયો હોય છે. તેમાં એ વળી આજકાલ ટીકાઓ કરવાનો વાયુ વધારે ઉછળ્યો છે.

ટીકા કરનારે પ્રથમ તો પોતાનો દરજ્જો સમજવો જો-

ઈએ, કારણ ઉતરતા દરજ્જાના માણસને મહાન પુરૂષોની કરણીનું રહસ્ય એકદમ ધ્યાનમાં આવતું નથી. મહાન પુરૂષોની કરણી તો તેજ સમજી શકે કે, જે તેમના સમાન અધિકારનો હોય. આવો અધિકાર સમૃદ્ધિથી, એકલી વિદ્વત્તાથી કે સત્તાથી પ્રાપ્ત થતો નથી; પણ ત્યાગથી સદ્‌ગુણથી, જ્ઞાનથી અને કર્મથી મળે છે. અધિકારી પુરૂષો તો કોઈની ટીકા કરતાજ નથી. તેઓ સમજે છે કે, નિરર્થક ટીકા કરવામાં કંઇ લાભ નથી. ધારો કે, એક ખરાબ માણસની ટીકા કરી, તેથી તે શું સુધરવાનો ? ઉલટો તે રોષવાળો થઈ, ટીકા કરનારને બે અપશબ્દો કહેશે, તેને ઉતારી પાડશે અને તેનો હંમેશનો શત્રુ થશે. એટલે આ રીતે તો બે બગડે છે.

સામા માણસની કંઇ ભૂલ જણાય, તો તેને સુધારવાનો સરસ રસ્તો એ છે કે તેની જાહેર ટીકા ન કરતાં તેના એક મિત્ર તરીકે તેને ખાનગી સલાહ આપવી, જેથી તેને અસર થશે. તદ્દન નઠોર પણ આવી રીતના લાંબા પ્રયત્ન પછી કોમળ થશે. ખોટી ટીકાનું પરિણામ કેવું આવે છે, તે નીચેના દૃષ્ટાંતથી સમજાશે.

શૂરસેનદેશમાં ચિત્રકેતુ નામે એક રાજા હતો. તેને ઘણી સંપત્તિ હતી, પણ સંતાન ન હોવાથી તે ઉદાસી

રહેતો હતો. એક વખત તેને ત્યાં અંગિરા ઋષિ આવ્યા. રાજાએ તેમનો સત્કાર કર્યો. પછી મુનિએ તેને ઉદાસીનતાનું કારણ પૂછ્યું, ત્યારે રાજાએ જવાબ આપ્યો કે, 'મારે સંતાન નથી તેની મને નિરંતર લાગણી રહે છે.' પછી ઋષિએ રાજા પાસે ત્વષ્ટાનું યજન કરાવ્યું, જેના પ્રભાવે તેને પુત્ર થયો. પુત્ર થતાં અગાઉ ઋષિએ રાજાને કહ્યું હતું કે, "તને પુત્ર પ્રાપ્ત થશે ખરો, પણ તે તારા હર્ષનું અને શોકનું કારણ થઈ પડશે." ઋષિની એ વાત સાચી થઈ.

થોડા માસ જીવ્યા પછી વિષપ્રયોગથી રાજપુત્રનું મરણ થયું. રાજનગરમાં બધે હાહાકાર થયો. રાજા અને તેની માનિતીરાણી–પુત્રની માતા શોક કરવા લાગ્યાં. બીજી રાણીઓ પણ ઉપરઉપરથી શોક દેખાડવા લાગી. તે વખતે અંગિરામુનિ નારદ સાથે તે રાજા પાસે આવ્યા.

નારદજી રાજાને ઉપદેશ કરવા લાગ્યા કે, 'તું નકામો શોક કરે છે. સ્ત્રી, પુત્ર, બંધુ, મા, બાપ વગેરે પૂર્વના સંબંધથી મળે છે. દરેક જન્મે તેમનો સંબંધ કાયમ જ રહે, એમ તો છે જ નહિ. સમુદ્રમાં જેમ એક લાકડું બીજા લાકડાને મળે અને મળીને છૂટું પડી જાય, તેમ પ્રાણી માત્રનો સમાગમ છે. કર્મફલ ભોગવવા માટે સંસારમાં આવતા જીવો અમુક મુદત સુધી અમુક દેહમાં રહે છે, પછી તો તેનો ત્યાગજ કરે છે. માટે એવી અનિશ્ચિત વસ્તુનો શોક શો?'

આમ ઉપદેશ આપ્યા છતાં જ્યારે રાજાનો શોક દૂર ન થયો, ત્યારે નારદે મરેલા બાળકને યોગબળથી સજીવન કરી કહ્યું; 'હે જીવાત્મા! તું આ શરીરમાં પુનઃ પ્રવેશ કરી તારાં માતા પિતાને સુખી કર, અને તારૂં રાજ્ય ભોગવ. નારદનું વચન સાંભળતાં જ જીવ બોલ્યો, "કોનું શરીર, કોનો પિતા, કોની માતા, કોનું રાજ્ય, કોને સુખ ભોગવવાનું? મહારાજ! તમે જે કહ્યું તે બધું મને અર્થવગરનું લાગે છે. મારે કોઇની સાથે લેવાદેવા નથી. હું તો માત્ર સાક્ષીરૂપે લિંગશરીરની સાથે જુદા જુદા સ્થૂલ દેહોમાં ફરતો રહું છું. મા, બાપ વગેરેનો સંબંધ દેહને છે; જીવને નથી. દેહ પણ જડ છે, તો પછી મા-બાપ તેનો શોક કરે તે નિરર્થક છે." જીવ આ પ્રમાણે શબ્દ ઉચ્ચારી દેહ છોડી ગયો. રાજા પણ જ્ઞાની બની કૃતકૃત્ય થયો. તેણે સઘળા અનિત્ય પદાર્થોનો મોહ છોડી દીધો, અને દઢચિત્તથી પ્રભુ ભજન કરી જીવનનું સાર્થક કર્યું.

બીજા જન્મમાં તે વિદ્યાધરો (દેવોની જાત) નો અધિપતિ થયો. એકવાર તે ફરતો ફરતો શિવસભામાં ગયો હતો, ત્યાં શિવની પાસે પાર્વતીને બેઠેલાં જોઇ તે ખડખડાટ હસી પડયો, અને હલકા શબ્દોથી શિવપાર્વતીની વારંવાર મશ્કરી કરવા લાગ્યો. પાર્વતીએ તેને કહ્યું, 'તારામાં વિવેક નથી, તેથી તું દેવયોનિને લાયક નથી. તત્ત્વ

સમજ્યા વગર ટીકા કરવી અને અવિવેકથી બોલવું, એ આસુરી સ્વભાવ છે, માટે તું અસુર થઇશ.'

ચિત્રકેતુને હવે ભાન આવ્યું. પોતાના અયોગ્ય વર્તન-માટે તેણે ક્ષમા માગી, અને શાપ ભોગવવાનું સ્વીકારી લીધું. તેણે સામો શાપ આપ્યો નહિ; કારણ કે, તે પોતાની ભૂલ સમજ્યો હતો. મોટા દીલના માણસો પોતાની ભૂલ વગર સંકોચે કબુલે છે, ભૂલનું ફળ ભોગવવાને પણ ઇચ્છે છે અને પોતે દુઃખી થતાં બીજાને દુઃખી કરવા ઇચ્છતા નથી.

પાર્વતીના શાપથી તે ચિત્રકેતુ વૃત્રાસુરરૂપે ઉત્પન્ન થયો હતો. આસુરી યોનિમાં જન્મ્યા છતાં રાખમાં અગ્નિ ઢાંકેલો રહે, તેમ પૂર્વ જન્મનું જ્ઞાન તેના અન્તરમાં હતું. મરણ વખતે તેને જ્ઞાન સ્ફુર્યું હતું, અને તેથીજ તેણે ઇન્દ્રપ્રત્યે આ વાક્યો કહ્યાં હતાં કેઃ—

"હે ઇન્દ્ર! તું મને વગર બીકે માર. હું પ્રભુસ્વ-રૂપનો વિયોગ કરાવનારાં સ્વર્ગને, બ્રહ્મલોકને, ચક્રવર્તીપણાને પાતાળના અધિપતિપણાને, અષ્ટસિદ્ધિને કે મોક્ષને પણ ઇચ્છતો નથી. જય-પરાજય કાળને અધીન છે. જે ઇશ્વર સર્વનો નિયન્તા છે, તેના અધીનમાં હું અને તું છીએ. તે પ્રભુ જ સર્વ કંઇ કરે છે. છતાં કર્મફલ સાથે તેને કંઈ સંબંધ નથી. તે અકર્તા અને અભોક્તા છે."

સદ્વસ્તુ એક પરમાત્મા જ છે.

સત્યવસ્તુને દૃઢતાથી વળગી રહેવું જોઇએ.

(પ્રલ્હાદચરિત્ર.)

અમુક વસ્તુ સત્ય છે, એમ શાસ્ત્રથી, ગુરૂમુખથી કે સ્વાનુભવથી સમજાયા પછી તેને દૃઢતાથી વળગી રહેવું જોઇએ. કોઈ વખતે એમ બને છે, કે અમુક વસ્તુની સત્યતા સંબંધી નિશ્ચય થયા છતાંએ કાંઇક આપાત્ત આવતાં એ નિશ્ચયને ઘણા મનુષ્યો તજી દેછે. અને તેથી તેઓ 'अतोभ्रष्ट स्ततोभ्रष्टः'[1] થાય છે. સત્યની તો હંમેશાં કસોટી થવાનીજ. એ કસોટીમાંથી પાર ઉતરતાં સુધી જો સત્ય વસ્તુને દૃઢતાથી વળગી રહેવામાં આવે, તો તેનું સારૂં પરિણામ આવે છે.

સત્યવસ્તુમાં મિથ્યા પદાર્થની કલ્પના કરવી, એજ અજ્ઞાન છે. એ અજ્ઞાનથી ઘેરાએલા અસંખ્ય મનુષ્યો સદ્વસ્તુને વળગી રહેનાર સાધુજન ઉપર અનેક આક્ષેપો કરે છે, તેના પર જુઠા આરોપો મૂકી તેને ત્રાસ આપે છે,

---

૧ આ લોક અને પરલોકમાંથી ભ્રષ્ટ થવું; અર્થાત્ ન રહેવું ભોગમાં કે ન રહેવું યોગમાં (સ્વાર્થ અને પરમાર્થ બન્ને ગુમાવવા તે).

અને તેની મદદમાં ભાગ્યેજ કોઈ ઉભા રહે છે. પણ એવા સંકડામણમાં એ સાધુપુરૂષ પોતાના સત્ય નિશ્ચયને છોડતો નથી. એક કવિ કહે છે, કે 'ધીરપુરૂષો જનસમાજમાં પોતાની સ્તુતિ થાય કે નિંદા થાય, લક્ષ્મી આવે કે જાય અને આજે મરણ થાય કે કાલાન્તરે થાય; તની પરવા કર્યા વિના સત્ય વસ્તુને દૃઢતાથી વળગી રહે છે.

ઘણા મહાત્માઓએ પોતાના સત્ય નિશ્ચયને વળગી રહી, દુષ્ટો તરફથી આપવામાં આવતાં અનેક કષ્ટોને સહન કર્યા છે. પણ આખરે "सत्यमेव जयते" એ ન્યાયે સત્ય-નોજ જય થયો છે. પ્રલ્હાદચરિત્રમાંથી આપણને આવોજ બોધ મળે છે. પ્રલ્હાદે પોતાના પિતા સામે સત્યાગ્રહ કર્યો હતો, અને તેમાં તને આખરે જય મળ્યો હતો.

'રાક્ષસને ત્યાં ભકત પુત્ર કેમ જન્મ્યો ?'

હિરણ્યકશિપુ જેવા દુષ્ટ રાક્ષસને ત્યાં પ્રલ્હાદનો જન્મ થયા, એ તેની માતા કયાધુને આભારી છે. કયાધુ એક પતિવ્રતા અને સદ્ગુણી સ્ત્રી હતી. વળી નારદજીએ કયાધુને આપેલું જ્ઞાન પ્રલ્હાદને ગર્ભમાંજ મળ્યું હતું. તેમ બન્ને વિષ્ણુપાર્ષદોનો[1] ઉદ્ધાર કરવા માટે સનકાદિકોએ

---

૧ હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ પૂર્વ જન્મમાં વિષ્ણુના પાર્ષદો હતા. સનકાદિકોએ તેમને શાપ આપ્યો હતો. તેથી તેમનો ઉદ્ધાર કરવા માટે શ્રીવિષ્ણુએ અવતાર ધરવાનું અને સનકાદિકોએ તેમને ત્યાં જન્મ લેવાનું તેમને અભિવચન આપ્યું હતું.

તેમને ત્યાં અવતરવા અભિવચન આપેલું, તે પણ એક કારણ હતું.

એ તો ચોકખું જ છે, કે સંતાનનાં બળ, બુદ્ધિ, આચાર, પરાક્રમ, જ્ઞાન વગેરેનો આધાર માતા ઉપરજ છે. રામ, કૃષ્ણ, બુદ્ધ અને કપિલ જેવા ઇશ્વરાંશી પુત્રોને માતાઓએજ ઉત્પન્ન કર્યા હતા. શ્રીશંકર, શ્રીવલ્લભ, રામાનુજ, રામકૃષ્ણ-આદિ મહાત્માઓના જન્મ પણ તેમની માતાઓનેજ આભારી છે. પ્રાચીનકાળમાં મૈત્રેયી અને ગાર્ગી જેવી બ્રહ્મજ્ઞાની ઋષિપત્નીઓ, અને પોતાનાં સંતાનોને પારણામાં-થીજ 'શુદ્ધોઽસિ બુદ્ધોઽસિ' વગેરે વાકયોથી આત્મજ્ઞાન કરા-વનારી મદાલસા જેવી રાણીઓ, આ દેશની કીર્ત્તિને ઉજ્જવલ કરી ગઈ છે.

(હિરણ્યકશિપુનું તપ.)

વરાહ ભગવાને હિરણ્યાક્ષનો નાશ કર્યો, તો પણ હિરણ્યકશિપુ હિંમત હાર્યો નહિ. તેણે પોતાના ભાઈનું વેર લેવાનો નિશ્ચય કર્યો, અને તે માટે લોકોને ત્રાસ આપવાનો પોતાનો ઉદ્યોગ જારી રાખ્યો. તેને મરવાની બહુ બ્હીક હતી, તેથી અમર થવા માટે તેણે બ્રહ્માને પ્રસન્ન કરવા તપ આરંભ્યું.

હિરણ્યકશિપુ જ્યારે મંદર પર્વતપર તપ કરવા ગયો,

ત્યારે દેવોએ રાક્ષસોને મારી હઠાવી તેનું રાજ્ય કબજે કર્યું. આ વખતે હિરણ્યકશિપુની સ્ત્રી કયાધુ ગર્ભવતી હોવાથી તેને વગર હરકતે ઇન્દ્ર પોતાની સાથે તેડી ગયો. એવા વિચારથી કે, " આના ઉદરથી જે બાળક અવતરશે તેને મારી નાખીશું એટલે આપણું દુઃખ ટળ્યું. પછી એકલો હિરણ્ય-કશિપુ બાકી રહેશે, તેને જોઇ લેવાશે."

કયાધુને સાથે લઇ આમ વિચાર કરતો ઇન્દ્ર સ્વર્ગમાં જતો હતો, તેને રસ્તામાં નારદજી મળ્યા. તેમણે હકીકત પૂછી ઇન્દ્રનો મનોભાવ જાણી લીધો અને કહ્યુ કે, 'તારો જે ભય છે તે ખોટો છે. આ રાણીના ગર્ભથી જે બાળક અવતરશે, તે મહાન્ ભગવદ્ભક્ત અને તમને મદદરૂપ થઈ પડશે. મારૂં કહ્યું માની રાણીને છોડી દે.' નારદનું વચન સાંભળતાંજ ઈન્દ્રે તેને મુક્ત કરી. પછી નારદજી તેને પોતાના આશ્રમમાં લાવ્યા, અને પ્રસવ થતાં સુધી ત્યાં રાખી, તેને તેમણે બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ કર્યો.

આમ ગર્ભમાંથીજ બાળકને સારા સંસ્કારો પડયા. અભિમન્યુને પણ ગર્ભમાંથીજ કોઠાનું જ્ઞાન થયું હતું, તે વાતથી કોણ અજાણ્યું છે? દશ માસ પૂરા થતાં કયાધુએ પુત્રને જન્મ આપ્યો. નારદે તેને સંસ્કારો કરી તેનું નામ પ્રહ્લાદ (प्र+ह्लाद्+अ, સર્વને અત્યંત આનંદ આપનાર) રાખ્યું.

પેલી તરફ હિરણ્યકશિપુના અડગ તપથી બ્રહ્માજી પ્રસન્ન થયા, અને બહાર, ઘરમાં, દિવસે કે રાત્રે; મનુષ્યથી જનાવરથી, લોઢાથી કે લાકડાથી ન મરવાનું તેને વરદાન આપ્યું. જેમ સાપને દૂધ પાતાં તેનું ઝેર વધે, તેમ વરદાન મળતાં નિર્ભય થઇ રાક્ષસ પોતાના નગરમાં આવ્યો. તેને આવ્યો જાણી, દેવો ત્યાંથી ભાગી ગયા. નારદજીએ તેને તેનાં સ્ત્રી પુત્ર સોંપ્યાં. પવિત્ર કયાધુએ પોતાને ઇન્દ્ર લઇ ગયો હતો, તે વાત પતિને કહી નહિ; કારણ કે, તે તેનો સ્વભાવ જાણતી હતી. પણ હિરણ્યકશિપુ પોતાની ગેરહાજરીમાં દેવોએ કરેલાં કાર્યો રાક્ષસો દ્વારા જાણી ગયો. તેણે ક્રોધે ભરાઇ રાક્ષસોને હુકમ કર્યો કે, "તમે સ્વર્ગમાં જઇ દેવોને ત્રાસ આપો. વળી પૃથ્વીપર લોકો યજ્ઞયાગ વગેરે કરી તેમને સંતોષે છે, માટે તે પણ બંધ પાડો. જલદી જાઓ, હું પણ તમારી પાછળજ તમને મદદ કરવા આવું છું. હું જાણું છું કે, વિષ્ણુ દેવોનો પક્ષ કરે છે; પણ હવે તો તેનાથીએ ડરવાનું નથી. જો તે દેવોના પક્ષમાં આવે, તો તેને હણીને મારે મારા ભાઇનું વેર વાળવું છે."

હુકમ મળતાંજ રાક્ષસોએ જુલમ કરવા માંડ્યો. પૃથ્વીપર યજ્ઞ, જપ, તપ, ધ્યાન, ભક્તિ વગેરે બંધ પડયાં. કોઇ ઇશ્વરને ન ભજે, એવો પાકો બંદોબસ્ત થયો.

સ્વર્ગમાં જઇ હિરણ્યકશિપુએ દેવોને નસાડી મૂક્યા, તેથી તેઓ પોતપોતાનાં સ્થાનો છોડી આમ તેમ ભાગવા લાગ્યા. આમ સઘળી જગાએ હિરણ્યકશિપુનો ડંકો વાગ્યો, અને બધા તેનાથી ડરવા લાગ્યા.

'પ્રલ્હાદનો વિદ્યાભ્યાસ.'

પ્રલ્હાદ જ્યારે મોટો થયો, ત્યારે ભણાવવા સારૂ હિરણ્યકશિપુએ તેને શુક્રાચાર્યના કબજામાં સોંપ્યો. શુક્રના પુત્રો શંડ અને અમર્ક બાળક પ્રલ્હાદને તેમજ બીજા કેટલાક રાક્ષસપુત્રોને શિખવતા હતા. એક વખત રાજાએ પોતાના પુત્ર પ્રલ્હાદની મુલાકાત લીધી, અને તેને 'શું ભણ્યો છે,' એમ પ્રશ્ન કર્યો. તેના ઉત્તરમાં પ્રલ્હાદે કહ્યું; "પિતાજી! હું સંસાર-સાગરના સેતુરૂપ શ્રીપરમાત્માનાં ચરણ કમળની આરાધના કરવાનું શિખ્યો છું." પુત્રને મ્હોડે પોતાના શત્રુનાં વખાણ સાંભળતાં રાજા કોપ્યો, અને આવું શિખવવા માટે તેણે ગુરૂને સખ્ત ઠપકો આપ્યો. ફરીથી ગુરૂ તેને મહા મહેનત કરી શાસ્ત્રોનો અભ્યાસ કરાવવા લાગ્યા, અને કંઈ કરતાં શિષ્ય પ્રભુનું નામ ભૂલે, તેવા ઉપાયો લેવા લાગ્યા.

રાજાએ જ્યારે પુત્રની બીજીવાર મુલાકાત લીધી, અને અભ્યાસ સંબંધી પૂછ્યું, ત્યારે પણ પુત્ર તરફથી જવાબ મળ્યો કે, "હું જે શિખ્યો છું, તે બધાનો સાર એ છે કે

હરેક મનુષ્યે ઇશ્વરપ્રાપ્તિ માટે તેની નવ પ્રકારની–શ્રવણ, કીર્તન, સ્મરણ, ચરણસેવન, પૂજન, વંદન, દાસત્વ, મિત્રત્વ અને શરીર અર્પણ કરવું વગેરે–ભક્તિ કરવી જોઇએ." વચન સાંભળતાંજ રાજાનો ક્રોધ હાથમાં ન રહ્યો. તે ગુરૂ-પ્રત્યે કહેવા લાગ્યો, 'આ પુત્રને ગમે તેવી શિક્ષા કરીને પણ સુધારો, નહિ તો તેનો પ્રાણ રહેશે નહિ.'

આચાર્ય ફરીથી પ્રહ્લાદને ધમકી આપીને ઇશ્વરનું નામ ભૂલી જવા ઉપદેશ કરવા લાગ્યા. એક વખત એવું થયું કે, ગુરૂ બહાર ગયા હતા તે વખતે પ્રહ્લાદ હરેક છોકરાઓને ઉપદેશ કરવા લાગ્યો કે; "ભાઇઓ ! આપણે જે ભણીએ છીએ તે સ્વાર્થનું છે. ખરી વિદ્યા તે કહેવાય કે, જેનાથી મોક્ષ મળે. મને તેવી વિદ્યાનો ગર્ભમાંજ નારદજીએ ઉપદેશ કર્યો છે, તેનો સાર હું તમને કહું છું. આપણે બધા ઇશ્વરના અંશ છીએ, તેથી શુદ્ધ, બુદ્ધ અને ઉપાધિરહિત છીએ. 'જન્મવું, હોવું, વધવું, રૂપાન્તર પામવું, ઘટવું કે નાશ પામવું.' આ છ વિકારો શરીરને લાગુ પડે છે, આપણને–આત્માને તેની સાથે કંઇ લેવાદેવા નથી. આપણે તો સત્ (ત્રણે કાળમાં રહેનારા) ચિત્ (જ્ઞાન સ્વરૂપ) અને આનંદસ્વરૂપ છીએ. આપણને કોઇ કંઇ પણ ઇજા કરી શકતું નથી." પ્રહ્લાદના ઉપદેશથી બીજા બાળકો પણ તેની સાથે ઇશ્વરભજનમાં ભળ્યા.

ગુરૂએ જ્યારે આ સાંભળ્યું, ત્યારે તેમના ક્રોધનો પાર ન રહ્યો. તેઓ તેને પકડીને રાજા પાસે લઈ ગયા. રાજાએ કયાધુને બોલાવીને કહ્યું, 'તારા પુત્રને જીવતો રાખવો હોય તો તેને સુધાર.' પતિનું વચન સાંભળી કયાધુ પ્રહ્લાદ પ્રત્યે કહેવા લાગી, વત્સ! 'શા માટે તું તારા આત્માને જોખમમાં નાખી મને ખેદ કરાવે છે? ઈશ્વર સ્મરણજ સાચું છે, એ હું માનું છું. પણ તે તો ખાનગી પણ બની શકે તેમ છે, અને તેથી તારો પ્રાણ બચે છે.' પ્રહ્લાદે ઉત્તર આપ્યો, 'માતા! તું કેમ ગભરાય છે? શું નારદે આપેલું જ્ઞાન તું ભૂલી ગઈ? મારો પિતા મને કંઈ હરકત કરી શકે તેમ નથી.' પુત્રના વચનથી કયાધુ સંતોષ પામી.

હવે પુત્ર જ્યારે કોઈ પણ ઉપાયે ન સુધર્યો, ત્યારે આ રાક્ષસ રાજાએ તેને મારી નાખવાના અનેક ઉપાયો કર્યા, પણ તેમાં તે ફાવ્યો નહિ. ત્યારે તેણે પૂછ્યું કે, 'અરે છોકરા! તું જેનું સ્મરણ કરે છે, તે તારો પ્રભુ ક્યાં છે? મને બતાવ, કે તેને મારી નાખી હું વેર વાળું.'

(પ્રભુ સર્વત્ર છે.)

(સ્તંભમાંથી નૃસિંહજીનું પ્રગટ થવું.)

પ્રહ્લાદે કહ્યું, 'પિતાજી! ઇશ્વર બધે છે.' તરતજ રાજાએ એક લોઢાનો સ્તંભ તપાવ્યો, અને પુત્રને કહ્યું કે, 'બોલ;

આમાં તારા ભગવાન છે? જો હોય તો તેને ભેટ.' આ વખતે પ્રહ્લાદ અતિ શ્રદ્ધાથી ભગવત્સ્મરણ કરવા લાગ્યો, કે તરતજ તેને સ્તંભમાં ઈશ્વરસ્વરૂપનો સાક્ષાત્કાર થયો. તેનો ચ્હેરો પ્રફુલ્લિત થએલો જોઈ, રાક્ષસ રાજા બોલ્યો કે, 'પ્રહ્લાદ! તું કેમ ખુશ થયો? તારા પ્રભુ આમાં છે કે શું? હું જોઉં છું કે, તારો ભગવાન્ તારી કેવી રક્ષા કરે છે!!!'

રાજા આમ બોલે છે, એટલામાં તો ભયંકર શબ્દ થયો, અને સ્તંભ ચીરાતાં અંદરથી વિકરાળ નૃસિંહસ્વરૂપ પ્રકટ થયું. રાક્ષસો તો આ સ્વરૂપ જોતાંજ નાસી ગયા. રાજા ભય પામ્યો ખરો, પણ હિંમતથી તલવાર લઇ સામો થયો. પરંતુ ઇશ્વર આગળ મનુષ્યનું શું બળ! યુદ્ધ કરતાં નૃસિંહે સંધ્યાકાળે હિરણ્યકશિપુને પકડી, પોતાના ખોળામાં લઇ, નખ વડે મહેલના બારણામાં જ તેની છાતી ચીરી નાખી.

આમ પ્રભુએ નૃસિંહસ્વરૂપે હિરણ્યકશિપુને હણી બ્રહ્માનું વચન સત્ય કર્યું. અને દેવોનું દુઃખ ટાળ્યું. તે વખતે સઘળા દેવો હાજર થયા અને ઈશ્વરસ્તુતિ કરવા લાગ્યા. પ્રહ્લાદે પણ હાથ જોડી પ્રભુની નમ્રભાવે પ્રાર્થના કરી.

પ્રભુ તેનો રાજ્યાભિષેક કરી ત્યાંથી અન્તર્ધાન થયા. પ્રલ્હાદે પણ પોતાના પિતાની ઉત્તરક્રિયા કરી માતાનો શોક દૂર કર્યો. ગાદી પર આવ્યા પછી તેણે પ્રજાનું રૂડી રીતે પાલન કર્યું, સર્વ લોકોને વર્ણાશ્રમધર્મનો ઉપદેશ આપ્યો, અને મોક્ષમાર્ગ, કર્મમાર્ગ, જ્ઞાનમાર્ગ તથા ભક્તિમાર્ગ સમજાવ્યા.

આવી રીતે પ્રલ્હાદજી લોકોને સર્વ પ્રકારે સુખી કરી, તેમનું કલ્યાણ કરી, અંતે પરમ પદને પામ્યા અને પોતાના કુળને પણ તાર્યું.

અષ્ટમ સ્કંધ.

(અવતરણિકા.)

આ પ્રમાણે સ્વાયંભુવ મનુની પુત્રીઓના પવિત્ર વંશનું વિસ્તારપૂર્વક વર્ણન કરવામાં આવ્યું, અને વખતો વખત તેમનાં સંકટ દૂર કરવા ઇશ્વરે જે જે અવતારો ધરેલા તે ચરિત્રો પણ વિસ્તારપૂર્વક કહ્યાં.

સ્વાયંભુવ મનુ જ્યારે સંસાર છોડી પોતાની રાણી શતરૂપા સાથે તપમાં લીન થએલા હતા, તે વખતે તેમનો નાશ કરવા અનેક અસુરો તથા રાક્ષસો આવ્યા; તે જોઇ ભગવાને યજ્ઞ અવતાર ધરી રાક્ષસોનો નાશ કર્યો હતો.

સ્વાયંભુવમનુ પછી અગ્નિનો પુત્ર સ્વારોચિષ નામે મનુ થયો. તેના વખતમાં અઠયાસી હજાર વાલખિલ્ય મુનિઓને વિભુ ભગવાને બ્રહ્મચર્ય વ્રતના યમ-નિયમો શિખવ્યા હતા.

પ્રિયવ્રત રાજાનો પુત્ર ઉત્તમ ત્રીજો મનુ થયો, તેના સમયમાં સત્યસેન ભગવાન અવતર્યા હતા. પછી તેનો ભાઇ તામસ ચોથા મનુ તરીકે પ્રસિદ્ધ થયો. આ મનવન્તરમાં હરિએ સ્મરણ કરતા ગજેન્દ્રનો ઉદ્ધાર કર્યો હતો.

ચોથો તામસ મન્વન્તર.

मांहि पार्थ व्यपाश्रित्य येऽपि स्युः पापयोनयः ॥
स्त्रियो वैश्या स्तथा शूद्रा स्तेऽपि यान्ति परां गतिम्॥

(ગજેન્દ્રમોક્ષ)

શ્રીમદ્ ભગવદ્ગીતામાં ભગવાન કહે છે કે, "મારી ભક્તિ અમુક જ માણસો કરી શકે એમ નથી. મારી ભક્તિમાં જાતિ કે ઉંમરને પ્રધાન સ્થાન નથી. મારા ભકત હલકી જાતના હોય–પશુ, પંખી વગેરે યોનિમાં અવતરેલા હોય, અથવા સ્ત્રી હોય, શૂદ્ર હોય, કે વૈશ્ય હોય; તોપણ મારો આશ્રય કરવાથી તે પરમ ગતિને પામે છે." રોહિદાસ ચમાર હતો, સદનો કસાઈ હતો, ધનો ભક્ત જાટ હતો, નાભો ઢાઢી હતો; છતાં ભગવદ્ભક્તિથી તેઓ પરમ પદ પામ્યા છે. આદિકવિ વાલ્મીકિ મૂળ ભિલ્લ જાતિમાં હતા, પણ નારદના ઉપદેશથી 'રામ' નામના બળે સમર્થ જ્ઞાની થયા. પ્રસ્તુત વાતમાં પશુયોનિમાં જન્મેલો હાથી પણ ઈશ્વરના અનુગ્રહથી તરી ગયો, એ હકીકત આવે છે.

એમ કહેવાય છે કે, આ ગજેન્દ્ર પૂર્વજન્મમાં રાજા હતો, પણ અભિમાનથી અને સ્થૂલસ્વભાવથી બીજા જન્મમાં તે હાથી થયો હતો. તે ત્રિકૂટ પર્વત પર પોતાના પરિવાર

સાથે રહેતો હતો. એકવાર ત્રિકૂટમાં આવેલા કોઇ સરોવરમાં તે વિહાર કરતો હતો, તે વખતે એક બળવાન મગરે તેનો પગ પકડયો. હાથીએ બહાર નીકળવા પ્રયત્ન તો ઘણો કર્યો, પણ તેમાં તે ફાવી શકયો નહિ. તેના પરિવારની મદદથી પણ તે બહાર નીકળી શકયો નહિ. આમ બધા પ્રયત્નો જ્યારે વ્યર્થ ગયા, ત્યારે હાથણીઓ અને તેમનાં બચ્ચાં દીન થઇ શોક કરવા લાગ્યાં.

હાથીએ જોયું કે, કોઇ પણ ઉપાયે પ્રાણ બચી શકે તેમ નથી, ત્યારે તે અત્યંત નિરાશ થયો. પણ એટલામાં પૂર્વના સંસ્કારબળે તેને સ્મૃતિ પ્રાપ્ત થઇ, તેથી તે તન્મય થઇ પ્રભુસ્મરણ કરવા મંડયો. ગજેન્દ્રના હૃદયનો ભક્તિભાવ જાણી પ્રભુએ તેને મુક્ત કર્યો. આજ પણ ભજનોમાં ગવાય છે કે, "નાથ! કૈસે ગજકો બંધ છુડાયો."

(અવતરણિકા.)

હવે પાંચમા અને છઠ્ઠા મન્વન્તરની કથાઓ કહેવામાં આવશે. પાંચમો રૈવત નામે મનુ હતો. આ મન્વન્તરમાં વૈકુંઠ ભગવાનનું પૂજન થતું હતું. પછી ચાક્ષુષ નામે છઠ્ઠો મનુ થયો. એ મન્વન્તરમાં ભગવાને મોહિનીરૂપ ધરી દેવોને અમૃત અપાવ્યું હતું.

'દેવોને અમૃતપ્રાપ્તિ' ની કથા જોડે સમુદ્રમંથનની કથા સંબંધ રાખે છે, એથી તે પણ અહીં જ કહેવામાં આવી છે, અને વારાહ કલ્પની પહેલાં થએલા કૂર્માવતારનું[1] ચરિત્ર પણ સાથે જ જોડી દેવામાં આવ્યું છે.

---

૧ જુઓ વિષ્ણુપુરાણ.

છઠ્ઠો ચાક્ષુષ મન્વન્તર.

ભગવાન અભિમાનીઓનો પક્ષ કરતા નથી.

(દેવોને અમૃતપ્રાપ્તિ.)

ઈશ્વરને બધાં પ્રાણીઓ સમાન છે; કારણકે, દરેકમાં તે સમાનતાથી રહેલા છે. છતાં ભક્તોને ભગવાન સહાય કરે છે અને અભિમાનીઓને સહાય નથી કરતા, એનું શું કારણ ? આ પ્રશ્નનું નિરાકરણ એકજ દાખલાથી આપણે સારી રીતે કરી શકીશું.

સૂર્ય સર્વ ઠેકાણે સમાન તપે છે, તેને મન કોઈ ઉચ્ચ કે નીચ નથી. છતાં મધ્યાહ્નકાળે કોઈ માણસ ઘરનાં બારી બારણાં એવાં સજ્જડ બંધ કરી દે કે, સૂર્યના પ્રકાશનું એક કિરણ સરખું એ તેના ઘરમાં ન પડે, અને અંધારામાં પડયો પડયો તે સડયાં કરે, તેમાં સૂર્યનો શો અપરાધ ? ઘરમાં દીવો છતાં તેના આગળ જાડો પડદો નાખી અંધારામાં સુઈએ, તેમાં કોઇ શું કરે ? આવીજ રીતે ભગવાનનું ચૈતન્ય તો દરેક પ્રાણી માત્રમાં સરખુંજ રહેલું છે, છતાં અભિમાનરૂપ

મજબુત પડદાથી હ્રુદયનું દ્વાર સાંકડું બનાવી તેમાં ચૈતન્યનો ભાસ ન પડવા દઇએ, તેમાં દોષ કોનો? નિર્મળ ગંગાપ્રવાહ સરખા ઇશ્વરીપ્રવાહને આપણા અન્તઃકરણમાં ન ઝીલી શકીએ, તેમાં નિર્બળતા કોની? ઘુવડ દિવસે ન દેખે તેમાં સૂર્યનો દોષ કોણ કાઢશે? આ ઉપરથી એટલું તો નક્કી થયું કે, ભગવાન કોઇને મદદ નથી આપતા એમ તો નથીજ; તે સર્વ કોઇને મદદ કરે છે. પણ નિર્મળ અન્તઃકરણવાળા–ખુલ્લા દીલના માણસો તેનો લાભ લઇ શકે છે–ઇશ્વરી પ્રવાહને પોતાના હ્રુદયમાં ઝીલી શકે છે; અને કામ, ક્રોધાદિ છ દુશ્મનોથી ઘેરાએલા અને અભિમાનથી હ્રુદયનાં દ્વારને બંધ કરનારા મનુષ્યો ઇશ્વરી પ્રવાહને ઝીલી શકતા નથી–ઇશ્વરની મદદનો લાભ લઇ શકતા નથી. આ કારણથી ભગવાનની મદદ એક પક્ષને–નિરહંકારી ભક્ત જનોને જ મળે છે, એમ આપણને ભાસે છે.

'હુંથી હરિ વેગળા' એવી આપણામાં કહેવત છે, તે યથાર્થ છે. જ્યાં અભિમાન થયો, ત્યાં ઇશ્વરીપ્રકાશ પડતોજ નથી અને અભિમાન દૂર થતાં તે આપોઆપ હ્રુદયમાં જાગૃત થાય છે. કુરૂક્ષેત્રની લડાઇમાં દુર્યોધન શ્રીકૃષ્ણને પોતાના પક્ષમાં ન લઇ શક્યો, પણ વિનયી અર્જુન તેમને (પોતાના) સારથિ બનાવી શક્યો.

દેવો અને અસુરોનું યુદ્ધ.

સૃષ્ટિના આરંભકાળથી દૈવી અને આસુરી પ્રકૃતિનો કલહ થતો આવ્યો છે. આરંભમાં આસુરીપ્રકૃતિનો વિજય જણાય છે, પણ આખરે તો દૈવી પ્રકૃતિજ વિજય મેળવે છે; કારણ કે, ત્યાં ઇશ્વરનો વાસ હોય છે. એકવાર દેવોને અને અસુરોને ભારે યુદ્ધ થયું. તેમાં ઘણા દેવો પ્રાણરગ-રના થઈ પૃથ્વી પર પડયા. અસુરોની ફતેહ થઈ, અને તેમણે દેવોનું રાજ્ય ખુંચવી લીધું. ઇન્દ્રાદિ દેવો આમ-તેમ ભટકવા લાગ્યા. યજ્ઞ-યાગ બંધ થયા. પુત્રોને દુઃખ પડે ત્યારે તેઓ પોતાના પિતાનેજ ફરિયાદ કરે, તેમ દેવોએ પણ બ્રહ્માજી પાસે પોતાનું દુઃખ કહી બતાવ્યું. બ્રહ્માએ તેમને સલાહ આપી કે, 'આપણે વિષ્ણુને શરણે જઈએ તો આપણું દુઃખ ટળે.' પછી બ્રહ્મા, શિવ અને બીજા દેવો વિષ્ણુ પાસે ગયા. વિષ્ણુએ તેમને કહ્યું, "તમે હમણાં અસુરો જોડે સલાહ કરો, અને તેમની મદદથી સમુદ્ર વલોવી તેમાંથી અમૃત કાઢવા પ્રયાસ કરો. તમારાથી અસુરોની મદદ વિના સમુદ્રમંથનનું કામ બની શકશે નહિ શાન્તિથી જેવાં કામ સિદ્ધ થાય છે, તેવાં આવેશથી સિદ્ધ થતાં નથી. સમુદ્રમાંથી મંથન કરતાં પ્રથમ ઝેર નીકળે તેથી બ્હીશો નહિ, તેમ બીજી કેટલીક સારી વસ્તુઓ ઉત્પન્ન થાય, તેમાં લોભ પણ રાખશો નહિ. ભય, ક્રોધ

અને લોભ છોડીને જે કામ થાય છે, તે સફળ થાય છે. મારી જરૂર પડશે, ત્યારે હું પણ મદદમાં આવીશ."

(સમુદ્રમંથન)

પછી દેવો બલિરાજા (અસુરોનો રાજા) પાસે ગયા, અને તેને સમુદ્ર મંથન કરી અમૃત કાઢવાની વાત કહી. સ્વાર્થી અસુરોને તે પસંદ પડી, તેથી બધાએ તેમાં સંમતિ આપી. પછી દેવો તથા અસુરો મળીને સમુદ્ર તરફ ગયા, અને મંથનનો આરંભ કર્યો. તેઓએ મંદર પર્વતને રવૈયો કર્યો હતો, અને વાસુકી નાગનું નેતરૂં કર્યું હતું. કહેવાય છે કે, અભિમાની રાક્ષસોએ ગર્વથી નાગનું પુંછડું પકડયું નહિ, પણ મ્હોંડું પકડયું; અને દેવતાઓ પાસે પુચ્છ પકડાવ્યું. તેમણે જ્યારે સમુદ્ર વલોવવા માંડયો, ત્યારે નાગ અકળાયો અને મુખમાંથી વિષની જવાળાઓ કાઢવા માંડયો, જેને લીધે અસુરોના શરીરે દાહ થવા લાગ્યો. તેઓ ઘણા અકળાયા, પણ 'હાથે કર્યું હૈયે વાગે' એ ન્યાયે મુંગે મ્હોડે તેમણે અભિમાનનું ફળ ભોગવ્યું.

સમુદ્ર વલોવતાં મંદર પર્વત ઘણા ભારને લીધે પાણીમાં ડૂબવા લાગ્યો, ત્યારે ભગવાને કૂર્મ રૂપ ધારણ કરી તેને પોતાની પીઠ પર રાખ્યો. હવે મંથનનું કામ બરાબર શરૂ થયું.

(શંકર વિષ પી ગયા.)

વલોવતાં વલોવતાં સમુદ્રમાંથી પ્રથમજ ઝેર[1] નીકળ્યું, તે જોઈ બધા ત્રાસ પામ્યા. તેમણે માન્યું કે, આ હળાહળથી આખું વિશ્વ નાશ પામશે. તેથી તેમણે મહાયોગી શંકરની સ્તુતિ કરી, અને હળાહળ પી જવા માટે તેમને કહ્યું. શંકરનું સામર્થ્ય તેઓ જાણતા હતા, તેથી તેમના મનમાં વિશ્વાસ હતો કે, શંકર ઝેર પચાવી શકશે. શ્રીશંકર દેવોનું દુઃખ દૂર કરવા માટે ઝેર પીવા તૈયાર થયા. તેમણે પાર્વતીને કહ્યું, "હે પાર્વતિ ! મારે આ ઝેર પી, વિશ્વનું રક્ષણ કરવું જોઈએ. દીનજનોનું રક્ષણ કરવું, એ સમર્થોનું કામ છે. દુર્જનો જ્યારે પરસ્પર વૈર રાખી એક-બીજાને મારવા ઈચ્છે છે, ત્યારે મહાત્માપુરૂષો પોતાના ક્ષણભંગુર દેહને જતો કરીને પણ પ્રાણીઓનું રક્ષણ કરે છે. જેઓ બીજા પર દયા કરે છે, તેમના પર ભગવાન દયા કરે છે." આ પ્રમાણે ઉપદેશ કરી તેમણે પાર્વતીનું મન શાન્ત કર્યું. અને સર્વ દેવોના દેખતાં તે હળાહળ પી ગયા. મહાસ-

---

૧ કોઇ પણ કામ આરંભમાં ફળદાયક જણાતું નથી. પ્રથમ તો તેમાં વિષ (દુઃખ)જ જણાય છે. તે વખતે કંટાળીને જો તેને છોડી દેવામાં આવે, તો પરિણામે નીપજનારાં અનેક રત્નો (સુખો) નો લાભ મળતો નથી. માટે ધીર પુરૂષોએ દુઃખથી ન ડરતાં કામ જારી રાખવું જોઇએ.

મર્થ યોગીઓ ઝેરને પણ પચાવી શકે છે. તે મુજબ શંકરને ઝેરની અસર ન થઇ. વિષપાનની નિશાની તરીકે તેમને કંઠે એક નીલા વર્ણનું ચિન્હ છે, તે ઉપરથી મહાદેવ નીલકંઠ કહેવાય છે. તે ચિન્હ માટે એક કવિએ ગાયું છે કે, "ભુવનોના ભયને દૂર કરતાં મહાત્મા પુરૂષોને કલંક લાગ્યું હોય, તે પણ વખાણવા લાયક છે."

ઉદાર પુરૂષો મોટા દીલના હોય છે. તેમને આરૂં કે તારૂં, માન કે અપમાન, સ્તુતિ કે નિંદા, સુખ કે દુઃખ કંઇ હોતું નથી. તેઓ તો માત્ર જનસેવા કરવામાંજ આનંદ માને છે. "જનસેવા એ પ્રભુસેવા જ છે."

ચૌદ રત્નોની ઉત્પત્તિ.

સમુદ્ર વલોવતાં તેમાંથી અનુક્રમે ચૌદ રત્નો ઉત્પન્ન થયાં; કામધેનુ, ઉચ્ચૈઃશ્રવા અશ્વ, ઐરાવત હાથી, કૌસ્તુભમણિ, પારિજાતક વૃક્ષ, અપ્સરા, લક્ષ્મી, મદિરા, ધન્વન્તરિ વૈદ્ય, અમૃત, ચન્દ્રમા, શાર્ંગ ધનુષ અને શંખ. (વિષ પ્રથમ ઉત્પન્ન થયું હતું તે વાત આવી ગઇ છે.) આ રત્નોમાંથી જેને જે ગમ્યું તેણે તે લીધું. જેમકે, ઋષિઓએ યજ્ઞ–યાગમાં ઉપયોગી કામધેનુ લીધી, ઇન્દ્રે ઉચ્ચૈઃશ્રવા અશ્વ અને ઐરાવત લીધા, વિષ્ણુએ કૌસ્તુભમણિ, ધનુષ અને શંખ લીધાં, અને રાક્ષસોએ મદિરા લીધી.

(લક્ષ્મી કોને વરે ?)

લક્ષ્મીને લેવાની હરેકને ઇચ્છા હતી, તેથી એવું ઠર્યું કે, લક્ષ્મી પોતાની ખુશીમાં આવે તેને પોતાની મેળે વરે. પછી લક્ષ્મીએ પોતાને રહેવાનું સ્થાન શોધવા માંડયું. તેણે પ્રથમ તપસ્વી દુર્વાસાને જોયા, પણ તે ક્રોધી હતા. જ્ઞાની બૃહસ્પતિને જોયા, પણ તે સંસારમાં આસક્ત માલુમ પડયા. બ્રહ્માને જોયા, પણ તેમણે કામ જીત્યો ન હતો. સમર્થ અને વૈભવશાલી ઇન્દ્રને જોયો, પણ તે પરતંત્ર જણાયો. ધાર્મિકપુરૂષોને જોયા, પણ તે પ્રાણીઓ તરફ પ્રેમ વગરના માલુમ પડયા. દાનેશ્વરી જોયા, પણ તે ફલની ઇચ્છાવાળા હતા. પરાક્રમી જોયા, પણ તે કાળને વશ હતા-ઇન્દ્રિયજીત ન હતા. જીતેન્દ્રિય સનકાદિ મુનિઓને જોયા, પણ તેમને સંસારમાં રહેવાની ઇચ્છા નહતી. દીર્ઘાયુ પુરૂષોને જોયા, પણ તે પ્રેમરસથી અજાણ હતા. વરદાન પામેલા ક્રૂર દેખાયા. એમ હરેકમાં કંઈને કંઇ દોષ જોયો, તેથી લક્ષ્મીને તે પસંદ પડયા નહિ. આખરે તેણે વિષ્ણુને જોયા, અને તે નિર્દોષ, નિસ્પૃહ, કામપાલક, ઇન્દ્રિયજીત, ધર્મ અને જ્ઞાનથી પૂર્ણ, આત્મારામ, અમર અને સ્વાશ્રયી છે; એમ ખાતરી થતાં લક્ષ્મી તેમને વરી.

ધર્મશાસ્ત્રો પણ લક્ષ્મીનાં નિવાસ સ્થાન ગણાવતાં કહે છે, કે “ લક્ષ્મી દેખાવડા, બુદ્ધિમાન, નિઃસ્પૃહ, ઉત્સાહી,

સંયમી, સમયસૂચક, કર્મકુશલ, વ્યસનોથી દૂર રહેનાર, શૂર, નિમકહલાલ, દૃઢપ્રેમી, સ્વતંત્ર અને ઉદ્યોગી માણસ પાસે પોતાની મેળે જાય છે. ”

(વિષ્ણુએ ધરેલું મોહિની[1]-સ્વરૂપ.)

અસુરો અમૃત માટે તલપી રહ્યા હતા. તે અમૃત ઉત્પન્ન થયું કે, લુંટારાની પેઠે દેવો પર તુટી પડયા. એ સમયે તેઓ દેવો સાથેનો કરાર અને પરસ્પરનો ભ્રાતૃભાવ ભૂલી ગયા. ખરેખર, લોભી માણસોની સ્થિતિ આવી જ હોય છે. શ્રીવિષ્ણુએ જોયું કે, આ દુષ્ટ લોકો બીચારા દેવોને હેરાન કરશે; તેથી તેમણે એક મનોહર સ્ત્રીનું રૂપ ધારણ કર્યું. અસુરો તેને જોતાં જ પોતાનું ભાન ભૂલી ગયા, અને નમ્રવાણીથી તે સ્ત્રીને વિનવવા લાગ્યા. કાલિદાસ કવિ કહે છે, ‘ कामार्ता हि प्रकृतिकृपणाश्चेतनाचेतनेषु કામી જનોને સારાસાર વસ્તુનો વિવેક હોતો નથી,’ તેમ આ કામાન્ધ અસુરો મોહનીને અધીન થઈ તેને કહેવા લાગ્યા કે, “ હે સુંદરિ ! તમે કોણ છો ? તમારાં રૂપથી અમે મોહ પામ્યા છીએ. તમારી આકૃતિથી અમને તમારા પર વિશ્વાસ આવે છે કે, તમે અમારા કલહનો નિવેડો કરી આપશો.” પછી તેમણે અમૃતકલશ મોહિનીના હાથમાં

---

૧ હાથમાં અમૃતનો કળશ લઈને નીકળેલા, ‘ધન્વન્તરિ વૈદ્ય’ જ રાક્ષસોને ‘મોહની’ રૂપે જણાયા હતા. દેવોને તો તે ભગવદ્રૂપ જણાતા હતા.

મૂકયો. ત્યારે મોહિનીએ કહ્યું, કે "હું જે પ્રમાણે કરૂં તેમાં તમે વચ્ચે ન આવો; એમ બંધાતા હોવ તો તમારો કજીઓ જલદી પતાવી નાખું." અસુરો તો તેના હાવ, ભાવ અને કટાક્ષથી એવા અંજાઇ ગયા હતા કે, તેમનાથી મોહિનીનું વાક્ય ઉથાપી શકાયું જ નહિ. પછી મોહિનીએ અમૃતકલશ હાથમાં લઇ દેવોને અમૃત આપવા માંડયું, અને અસુરોને મીઠી વાણીથી માનમાં ચઢાવવા માંડયા, કે "આ દેવો બીચારા કૃપણ છે, તે ભલે થોડું થોડું અમૃત પીલે. તમે તો ધીર છો, માટે ક્ષણવાર થોભો. તમારૂં એ હમણાં થઇ રહેશે." અસુરો એક તરફ વચનથી બંધાએલા અને વળી મોહપાશમાં ફસાએલા એટલે મોહિનીને કંઇ જ કહી શકયા નહિ. મોહિનીએ પણ થોડું થોડું કરતાં બધુંજ અમૃત દેવોને વહેંચી આપ્યું. ભક્તવત્સલ ભગવાને આવી રીતે ભક્તોની વાંછા પૂર્ણ કરી. અસુરોએ મોહમાંને મોહમાં અમૃતનો લાભ ગુમાવ્યો. આમાં દોષ અસુરોનો જ ગણાય; કારણ કે, તે કામ, ક્રોધ, લોભ વગેરેને વશ થએલા હોવાથી પોતાનું ભાન ભૂલ્યા હતા.

અમૃતનું પાન કરવાથી દેવોની પણ મરવાની બીક ટળી. તેમણે રાક્ષસોને હઠાવીને ફરીથી સ્વર્ગનું રાજ્ય પ્રાપ્ત કર્યું. અસુરો સાથેના બીજી વારના યુદ્ધમાં ઇન્દ્રે નમુચિ નામના રાક્ષસને માર્યો હતો, તે ઉપરથી તે 'નમુચિસૂદન' કહેવાય છે.

વૈવસ્ત મનુ.

(અવતરણિકા.)

હવે સાતમા વૈવસ્ત મન્વન્તરમાં ભગવાને જે જે કાર્યો કર્યા હતાં, તેની કથા કહેવામાં આવશે. હાલ સાતમો મન્વન્તર ચાલે છે અને સાત મન્વન્તર બાકી છે. ચૌદ મન્વન્તર પૂરા થશે, એટલે એક દૈનંદિન કલ્પ પૂરો થશે.

હવે પછી થનારા સાત મન્વન્તરોનાં નામ આ પ્રમાણે છે; સાવર્ણિ, દક્ષસાવર્ણિ, બ્રહ્મસાવર્ણિ, ધર્મસાવર્ણિ, રૂદ્રસાવર્ણિ, દેવસાવર્ણિ અને ઇન્દ્રસાવર્ણિ.

" ખફા ખંજર સનમનામાં રહમ ઉંડી લપાઇ છે. "

(બલિ રાજાનું ચરિત્ર અને વામન-અવતાર.)

પરમાત્મા એવો દયાળુ છે કે, તે પાપીને અને ધાર્મિકને બન્નેને તારે છે. તેને મન તો સર્વ સમાન છે. છોરૂં કછોરૂં થાય, પણ મા બાપને તેવાં થયે કેમ પાલવે ? જો માબાપ ઉલટાં થાય, તો તો દુનીઆની પ્રવૃત્તિજ અટકે. પરમાત્મા જો મનુષ્યના ગુન્હા તરફ જ ધ્યાન આપે, તો તો માણસ કોઇ કાળે તરી શકે નહિ. પણ પ્રભુ સર્વ મનુષ્યોને (પાપી

કે ધાર્મિકને) પોતાના પ્યારા ગણી તેમનો ઉદ્ધાર કરવા તરફ જ ધ્યાન આપે છે. માત્ર બન્ને (પાપી કે ધાર્મિક)-ના ઉદ્ધારના માર્ગ ભિન્ન છે.

પ્રભુ પવિત્ર અને પુણ્યશાળી મનુષ્યોને સંસારનાં અનેક સુખો આપી, તેમની ક્ષણભંગુરતા દેખાડી, સાંસારિક સુખો હમેશ ટકનારાં નથી એમ અનુભવ કરાવી, સંસાર ઉપરથી તેમની તૃષ્ણા ઉઠાડે છે; તેમજ સંસારના ભોગોમાં રચ્યા પચ્યા અને પોતાનાં સુખને માટે અનેક પ્રાણીઓને નિરંતર પીડનારા પાપી માણસોને અનેક જાતનાં કડવાં દુઃખો અનુભવાવી, સંસાર દુઃખમય છે એવું ભાન કરાવી, તેમની સાંસારિક વાસનાઓને ઢીલી કરી નાંખે છે, અને એમ કરીને તેઓનો ઉદ્ધાર કરે છે.

આમ છતાંએ બાહ્ય દ્દષ્ટિવાળા માણસો પોતાને પડતાં દુઃખોનો આરોપ ઇશ્વર પર મૂકે છે, પણ પોતાનાં કર્મો જોઈ શકતા નથી. જ્ઞાનીઓ તો દુઃખને વધાવી લે છે. તેઓ સમજે છે, કે "આમ કરીને ઇશ્વર આપણને કસોટીએ ચઢાવી ઉંચો દરજ્જો આપવા ઇચ્છે છે." એક સત્પુરૂષ કહે છે કે;

"કાપે છોલે છેદે કોરે, કરવા કાષ્ટ સારૂં જોને;
જે જે સઘળું થાય જગતમાં, એ ન્યાયે ન નઠારૂં જોને."

સુતાર લાકડાને કાપે છે, છોલે છે, છેદે છે, કોરે છે, પણ તે શા સારૂ, તેને સુધારવા માટે જ ને? તેમ માણસ

પર દુઃખ આવે છે, તે તેનાં કરેલાં કર્મોની નિવૃત્તિ માટેજ. કારણકે, કૃતકર્મોની નિવૃત્તિ ફળ ભોગવેજ થાય છે.

બલિરાજા જોકે અભિમાનથી યજ્ઞો કરતો હતો, તો પણ તે સત્કાર્ય કરતો હતો. વળી તે ભક્ત પ્રલ્હાદનો પૌત્ર (પ્રલ્હાદના પુત્ર વીરોચનનો છોકરો) હોવાથી સુસંસ્કારી હતો તેથી તેનો અભિમાન રૂપ દોષ દૂર કરવા માટે શ્રીહરિએ વામન અવતાર ધરી, તેનું રાજ્ય વિગેરે ખુંચવી લઈ, તેને કંગાલ બનાવ્યો. પણ જ્યારે તેનો અહંકાર દૂર થયો, ત્યારે તેને પોતાનો પ્રિય ગણી ઈન્દ્ર પદને લાયક કર્યો, અને પોતેજ તેના દ્વારપાલ થયા. આવા ઉદાર અને દયાળુ ઇશ્વર-પ્રત્યે કયો હતભાગી પ્રેમ ન કરે ?

(બલિરાજાનો વિશ્વજીત્ યજ્ઞ)

જ્યારે અમૃત દેવોને મળ્યું અને રાક્ષસો અમૃત લેવામાં નફાવ્યા, ત્યારે અસુરોના ગુરૂ શુક્રાચાર્યે બલિરાજા પાસે વિશ્વજીત્ યજ્ઞ કરાવ્યો. આ યજ્ઞના પ્રતાપથી અત્યંત બલપામી, તેણે સ્વર્ગપર ચઢાઈ કરી. તેને અતિ તેજસ્વી જોઈ, બૃહસ્પતિની સલાહથી દેવો તેની સાથે લઢાઈ કર્યા વગર સ્વર્ગ છોડી ચાલ્યા ગયા. કારણકે, જય-પરાજયનો આધાર સમય ઉપર છે. જ્યાં સુધી મનુષ્યના પૂર્વસુકૃતનું પુણ્ય હોય છે, ત્યાં સુધી તેનો નાશ કરવા કોઇ સમર્થ થતું નથી. પણ જ્યારે ઘણાં દુષ્કર્મોથી તેનું

પૂર્વનું પુણ્ય નષ્ટ થાય છે, ત્યારે તે સહજમાં પરાજીત થઇ શકે છે. કુદરતના આ નિયમનું ઇશ્વર પણ પાલન કરે છે.

પોતાના પુત્રોને દુર્દશામાં ફરતા જોઈ, અદિતિને બહુ લાગણી થઇ. તેણે કશ્યપની પ્રાર્થના કરી પોતાના પુત્રોની આવી હાલત દૂર થવા સારૂ ઉપાય પૂછયો. કશ્યપે પોતાની પતિવ્રતા પત્નીનો મનોભાવ સમજી, તેને [1]પયોવ્રત કરવાનો ઉપદેશ કર્યો. અદિતિએ પતિના વચનપર શ્રદ્ધા રાખી સંયમપૂર્વક તે વ્રત કર્યું, તેના પ્રભાવે તેના ઉદરથી પરમાત્માના અંશરૂપ વામનજીનો જન્મ થયો. કશ્યપે તેમના જાતકર્માદિ [2]સંસ્કાર કર્યા, અને યોગ્ય[3] ઉંમર થતાં તેમને ઉપવીત પણ આપ્યું.

આ અવતારમાં બલિરાજા પાસેથી પૃથ્વીની માગણી કરવાની હોવાથી, પ્રભુએ બ્રાહ્મણદેહ ધારણ કર્યો હતો; કારણ કે, બ્રાહ્મણ સિવાય બીજા વર્ણોને માગવાનો અધિકાર નથી.

---

૧. ફાગણસુદમાં બાર દિવસ સુધી દૂધથી ભક્તિપૂર્વક શ્રીહરિનું પૂજન કરવું તે.

૨. સંસ્કાર સોળ છે; ગર્ભાધાન, પુંસવન, સીમંત, જાતકર્મ, નામકર્મ, નિષ્ક્રમણ, અન્નપ્રાશન, કર્ણવેધ, ચૌલ, ઉપવીત, વેદાધ્યયન, સમાવર્તન, વિવાહ વિગેરે.

૩. બ્રાહ્મણને આઠમે, ક્ષત્રિયને અગિયારમે, અને વૈશ્યને બારમા વર્ષે જનોઇ દેવાય.

(બલિરાજાના યજ્ઞમાં વામનનું જવું.)

એ સમયે બલિરાજા નર્મદાના [1]ભૃગુકચ્છ નામના તટપર અશ્વમેધ યજ્ઞ કરતો હતો. જેમાં અધ્વર્યુ ભૃગુકુળના બ્રાહ્મણો હતા, અને આચાર્ય પોતે શુક્ર હતા. તે યજ્ઞમાં દેવોનું હિત કરવાની ઇચ્છાથી હાથમાં દંડ તથા કમંડલુ ધારણ કરી વામનજી પધાર્યા. તેમનું તેજ જોતાં જ યજ્ઞમાંના સર્વે બ્રાહ્મણોએ ઉભા થઈ, તેમનો સત્કાર કર્યો. બલિરાજા પણ આવા શુદ્ધ બ્રહ્મચારીને જોઈ મનમાં પરમ સંતોષ પામ્યો. તેણે વામનનું આદરપૂર્વક સ્વાગત કરી, બેસવા માટે તેમને આસન આપ્યું. પછી પ્રેમપૂર્વક તેમનાં ચરણકમળનું પ્રક્ષાલન કરી, ચરણારવિંદનું જળ રાજાએ પોતાના મસ્તક પર ચઢાવ્યું, અને મૃદુ તથા પ્રિયવચનોથી વામનને વિનવ્યા.

“ હે દ્વિજપુત્ર ! આપે આજે મારૂં ધામ પવિત્ર કર્યું છે. મારી ઇચ્છા છે કે, આપ આપની કંઇ પણ ઇષ્ટ વસ્તુ મ્હારી પાસેથી પ્રાપ્ત કરી મને કૃતાર્થ કરશો. ”

અતિથિસત્કાર કરવો એ આર્યોની પ્રાચીનકાળથી ચાલી આવેલી પ્રસિદ્ધ અને પરમશ્રેષ્ઠ પ્રણાલી છે. ગરીબમાં ગરીબ આર્યકુટુમ્બ પણ અતિથિસત્કાર માટે “સ્વાગતનાં મીઠાં વચનો, બિછાનું, પાણી, અને મળે તે ફલાહાર” આટલાં ચાર સાધનોનો તો અવશ્ય ઉપયોગ કરેજ છે. અતિથિને આથી વધારે ઉત્તમ આતિથ્ય શું જોઇએ ?

---

૧ ભરૂચ. (અત્યારે પણ ભરૂચમાં ભાર્ગવ બ્રાહ્મણોની વસ્તી છે).

શાસ્ત્રો પોકારીને કહે છે કે, "જેને ઘેરથી અતિથિ સત્કાર પામ્યા વગર જાય, તે ઘર સ્મશાન જેવું છે."

(ત્રણ ડગલાં પૃથ્વીની માગણી.)

બલિરાજાનું ઉદાર વચન સાંભળી શ્રીવામને કહ્યું, 'રાજન્! તને ધન્ય છે. બ્રાહ્મણો તરફ પૂજ્યભાવ દેખાડવામાં તારા વડીલો કરતાં એ તું વધ્યો છે. તારા વડીલો પણ કંઇ કમી નહતા. તારા પિતા વીરોચન પાસે એકવખત દેવો બ્રાહ્મણોનું રૂપ લઈ યાચના કરવા આવ્યા હતા. યાચનામાં તેઓએ તેનું આયુષ્ માગ્યું, અને તારા પિતાએ તેમને 'આ દેવો છે' એમ ઓળખ્યા છતાંએ વગર સંકોચે તે આપ્યું હતું. હે ભૂપતિ! અમે બ્રાહ્મણો તો ઉપયોગ જેટલીજ વસ્તુ માગીએ, વધારે લોભ કદી ન કરીએ. માટે હું મારાં ત્રણ [2]ડગલાં પૃથ્વી માગું છું, તે મને આપ.'

બટુકનું વચન સાંભળી બલિરાજા ફૂલાઈને બોલ્યો, "તું બાલક છે, તેથી સ્વાર્થમાં કુશળ નથી. મારા જેવા ચક્રવર્તી પાસે તેં ત્રણ ડગલાં પૃથ્વી માગી, માટે તું મૂર્ખ જણાય છે. હું તને ફરીથી કહું છું કે, તારી જીંદગી સુધી આજીવિકા ચાલે તેટલી ભૂમી માગી લે."

---

૨ ત્રિપદ–અન્તઃકરણ ચતુષ્ટય (મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર), દેહ અને વાણીથી જે કંઇ કર્યું હોય, કરવાનું હોય અને કરવામાં આવતું હોય તે બધું.

(તૃષ્ણા કેવી છે?)

શ્રીવામન ઉત્તર આપતાં બોલ્યા, "રાજા! જે પુરૂષ ત્રણ ડગલાં પૃથ્વીથી તૃપ્ત થતો નથી, તે નવખંડ પૃથ્વીથી પણ તૃપ્ત થતો નથી. કારણકે, આશા એવી છે કે, તે કદી પૂર્ણ થતીજ નથી. આ લોકમાં પ્રયોજન જેટલું ધન પ્રાપ્ત કરનાર સંતોષી જ સુખી છે."

શ્રીવામનના આવા આગ્રહથી આખરે બલિરાજા ત્રણ ડગલાં પૃથ્વીદાનનો સંકલ્પ કરવા તૈયાર થયો.

(શુક્રાચાર્યનો અટકાવ.)

બલિરાજાના આચાર્ય શુક્ર વામન ભગવાનનાં વચનોથી સમજી ગયા કે, આ કોઇ બ્રાહ્મણ પુત્ર નથી; પણ દેવોનું કાર્ય કરવા માટે પધારેલા શ્રીવિષ્ણુભગવાન છે. તેથી તેમણે પોતાના શિષ્ય બલિરાજાને પૃથ્વીદાનનો સંકલ્પ કરતાં રોકયો અને કહ્યું કે, 'જો તું તારૂં અને બધા રાક્ષસકુળનું શુભ ઇચ્છતો હોય, તો આ વામનરૂપધારી દેવતાઓનું રાજ્ય પાછું અપાવવા આવેલા શ્રીભગવાનને દાન આપવાનો આગ્રહ તજ.'

(બલિનો ટેક)

આચાર્યનું વચન સાંભળી રાજા બોલ્યો, 'મહારાજ! તમારૂં કહેવું કદાપિ સત્ય હશે; તોપણ હવે એક વખત પ્રતિજ્ઞા કર્યા પછી મારાથી કેમ ફરી શકાય? તેમ કરતાં

મારા બાપદાદાઓને કલંક લાગે. આ જગતમાં અસત્ય સિવાય બીજો અધર્મ નથી. હું બ્રાહ્મણને ઠગવાથી જેટલો ડરું છું, તેટલો નરકથી, દરિદ્રતાથી, દુઃખથી કે રાજ્ય-નાશથી પણ ડરતો નથી. ધનાદિ વસ્તુઓ પ્રાણીના મરણ પછી તેનો ત્યાગ કરે છે, ત્યારે તે વસ્તુઓનો પ્રાણી જીવતાં ત્યાગ કરી દે તો શું ખોટું ? એમ કરવાથી મરણ વખતે તેને લાગણી પણ ન થાય, અને સાંસારિક ભોગો પર ઇચ્છા પણ ન રહી જાય. ધન આપતાં દરિદ્રતા આવે અને પરોપકાર કરતાં દેહ પડે, તેના જેવું બીજું ઉત્તમ શું ?'

આખરે બલિરાજાએ પોતાના દૃઢ નિશ્ચયને વળગી રહી સંકલ્પનું જળ શ્રીવામનના હાથમાં મૂક્યું. ત્યાર પછી શ્રીવામનનું શરીર જોતજોતામાં વધવા માંડયું, અને બે ડગલાંમાં તો તેમણે આખું વિશ્વ સમાવી દીધું.

ઇશ્વરમાં જ આખું બ્રહ્માંડ છે, તે સર્વ લોકોને વ્યાપીને રહ્યા છે; તો પછી તેના બે ડગલામાં આખું વિશ્વ સમાય એમાં શું આશ્ચર્ય !

આમ બેજ ડગલાંમાં આખું વિશ્વ લઇ લીધા પછી શ્રીવામને બલિરાજા પાસે ત્રીજું પગલું મૂકવાની જગા માગી. રાજાએ જોયું કે, કોઇપણ સ્થળ ઇશ્વરસિવાયનું નથી. તો પણ તે હાંમત હાર્યો નહિ, અને પોતાનું વચન સત્ય કરવા માટે તેણે ત્રીજું ડગલું મૂકવા પોતાનું મસ્તક

અર્પણ કર્યું. હજી પણ તેને અભિમાન હતો, તેથી ત્રીજું ડગલું મૂકવા મસ્તક આપતાં તે બોલ્યો કે, "મારી બધી સંપત્તિ તમારાં બે ડગલાંમાં આવી ગઈ, પણ તે કરતાં મારૂં મગજ મોટું છે એમ તમારે ધારવું; કારણ કે, ધન કરતાં ધનવાન અધિક છે."

ભગવાને જોયું કે, હજી તેને ગર્વ છે, તેથી તે દૂર કરવા સારૂ તેમણે તેના મસ્તક પર પગ મૂકવાની તૈયારી કરી. તે વખતે બ્રહ્મા તથા તેની સ્ત્રી વગેરે તેને છોડાવવા આવ્યાં. તેમણે ભગવાનની સ્તુતિ કરી, ત્યારે ભગવાને તેમને કહ્યું કે, 'તમે શાન્ત થાઓ. હું જે કરૂં છું, તે સારૂંજ કરૂં છું. હું જેના પર કૃપા કરૂં છું, તેની અલક્ષ્મીનો નાશ કરૂં છું, કે જેથી તેનો ગર્વ દૂર થાય. આ રાજાએ મારી માયાને જીતી છે; કારણ કે, આટલું આટલું થયા છતાં હજુ તે મુઝાયો નથી, તેમ તેણે પોતાનો ટેક પણ છોડયો નથી, હવે હું તેને તદ્દન ગર્વ વગરનો અને પવિત્ર બનાવી, મારા સ્થાનમાં લઈ જઈશ. આઠમા મન્વન્તરમાં તે ઇન્દ્ર થશે.' એમ કહી ભગવાને તેને સુતલમાં મોકલ્યો, અને પોતે તેના દ્વારપાલ થયા. પછી શુક્રાચાર્યને

કહી તેનો અધુરો રહેલો યજ્ઞ ભગવાને પુરો કરાવ્યો.

જે માણસ પોતાનું સર્વસ્વ પ્રભુને અર્પણ કરે છે, તે આ વિશ્વમાં મહાન્ થાય છે, અને તેની ચિંતા પ્રભુને રહે છે. માટે જેમને નિશ્ચિન્ત અને નિર્ભય થવું હોય, તેમણે પોતાનું સર્વસ્વ પરમાત્માને સોંપવું, ને આ સર્વ વસ્તુઓ પરમાત્માની છે એમ માની તેમના તરફની મમતા દૂર કરવી.

આવી રીતે ભગવાને ભક્તો માટે વામન-ઉપેન્દ્રનું રૂપ ધારણ કરી બલિરાજાને યાચ્યો, અને દેવોનું રાજ્ય તેમને પાછું સોંપ્યું. વળી સાથે સાથે બલિરાજાનું પણ કલ્યાણ કર્યું.

પરમાત્મા જે કરે છે, તે સારા માટેજ હોય છે. જે પ્રાણીઓ ભક્તવત્સલ પ્રભુને વિસારે છે, તેઓ જીવતાં મુઆ સમાન છે. જેઓ ઇશ્વરસ્મરણ કર્યા વગર પોતાનો કાળ ગુમાવે છે, તે લુહારના ઘરની ધમણો જેવા છે.

મત્સ્યાવતાર

અને

સત્યવ્રત રાજાનું રક્ષણ.

પૂર્વે સત્યવ્રત નામે એક રાજર્ષિ હતો. તે પરમ ભગવદ્‌ભક્ત હતો. એક વેળા તે નદીના તટપર બેસી તર્પણ કરતો હતો, તેવામાં એક માછલી તેની અંજલિમાં (ખોબામાં) આવી. રાજાએ તેને મનોહર અને ચંચલ જોઈ, પાણીના કમંડલુમાં નાખી. ત્યાં તે વધી ગઈ, ત્યારે રાજાએ આશ્ચર્ય પામી તેને એક વીરડામાં નાખી. ત્યાં પણ તે વધી. પછી રાજાએ તેને તળાવમાં નાંખી, ત્યાં પણ તે વધી. તેથી આખરે તેને મહાસાગરમાં નાખી, ત્યાં તેનું મહાન સ્વરૂપ થયું. ત્યારે રાજાએ તેને નમ્રવાણીથી કહ્યું, 'આપ કોણ છો?' તે વખતે મનુષ્યવાણીથી રાજાને ઉત્તર મળ્યો, કે "હું મત્સ્યરૂપ ધરી તારૂં રક્ષણ કરવા આવ્યો છું. આજથી સાતમે દિવસે પ્રલય થવાનો છે, તે વખતે ત્રણ લોક પ્રલય-જળમાં ડુબવા માંડશે. તે કાળે તારી પાસે એક નાવ આવશે, તેમાં તું સર્વૌષધિઓનાં બીજ લઈ, સપ્તર્ષિઓ સાથે ચઢી બેસજે. તે નાવને દોરીથી મારાં શીંગડાં સાથે બાંધી દેજે; એટલે

હું તેને લઇ, બ્રહ્માની રાત્રિ પૂર્ણ થશે ત્યાં સુધી સમુદ્રમાં ફર્યા કરીશ અને તમારૂં રક્ષણ કરીશ."

જ્યારે સાતમો દિવસ થયો, ત્યારે પ્રલય-જળમાં લોક ડુબવા માંડયા. તે વખતે એક નાવ સત્યવ્રત પાસે તરતું તરતું આવ્યું. રાજા દેવીવાણીના આદેશ પ્રમાણે બીજ લઈ સપ્તર્ષિઓ સાથે તેમાં બેઠો, એટલે આ મત્સ્ય પોતાનાં શીંગડાં વડે તે નાવને ખેંચતું સમુદ્રમાં ફરવા લાગ્યું. જ્યારે બ્રહ્માની રાત્રી પૂરી થઇ, ત્યારે નાવમાં બેઠેલા સત્યવ્રત વગેરેને તે મત્સ્યે એક (નવા) ભૂગોલ પાસે ઉતાર્યા. ત્યાં તેઓએ ફરીથી સૃષ્ટિનો આરંભ કર્યો.

પ્રલયકાળવખતે બ્રહ્માને વેદજ્ઞાનની વિસ્મૃતિ થએલી હતી, પણ આ મત્સ્યાવતારે વેદોનું રક્ષણ કરી બ્રહ્માને ફરીથી વેદનું જ્ઞાન આપ્યું.

આ પ્રમાણે મત્સ્યાવતાર ધારણ કરી, ઈશ્વરે વેદોનું, સત્યવ્રતનું, સપ્તર્ષિઓનું અને ઔષધિઓનાં બીજોનું રક્ષણ કર્યું. આ સત્યવ્રત રાજા નવા કલ્પના આરંભમાં ભગવાનની કૃપાથી વૈવસ્વત મનુ થયો.

નવમ સ્કંધ.

સૂર્યવંશી રાજાઓ.

(અવતરણિકા.)

હવે સૂર્યના પુત્ર વૈવસ્વત મનુનો વંશ કહેવાય છે. આ મનુથી માનવી સૃષ્ટિનો આરંભ થયો હોવાથી, આપણે તેને આદિમનુ તરીકે ઓળખીએ છીએ. મનુને ઈક્ષ્વાકુ, શર્યાતિ વગેરે દશ પુત્રો હતા. શર્યાતિને સુકન્યા નામે ગુણવાન પુત્રી હતી, જેને ચ્યવન ઋષિ સાથે તેણે પરણાવી હતી.

આપકર્મી-સ્વાશ્રયી થવા વિષે.

'पराधीन सपने सुख नाहीं.'

નભગના પુત્ર નાભાગની કથા.

મનુનો પુત્ર નભગ અને તેનો પુત્ર નાભાગ હતો. તે ગુરૂને ઘેર ભણવા ગયો, ત્યાં ઘણા કાળ સુધી રહ્યો. તે ઉપરથી તેના ભાઈઓએ તેને નૈષ્ઠિક બ્રહ્મચારી ધારીને પિતાની સઘળી મિલ્કત વહેંચી લીધી, તેમાં નાભાગનો

ભાગ રાખ્યો નહિ. જ્યારે નાભાગ ગુરૂને ઘેરથી આવ્યો, ત્યારે તેણે ભાઈઓ પાસે પોતાનો ભાગ માગ્યો. ભાઇ-ઓએ તેને કહ્યું, 'તારા ભાગમાં વૃદ્ધ પિતા રાખ્યા છે.' પછી નાભાગે પિતા પાસે જઇ, સઘળી હકીકત કહી. તેના પિતાએ કહ્યું, 'હું તને જીવિકાનો ઉપાય બતાવું છું; તે સાંભળ. હમણાં અંગિરા કુળના બ્રાહ્મણો યજ્ઞ આરંભી બેઠા છે, તેમના કર્મમાં ભૂલ થાય છે. માટે તું ત્યાં જઈ તેમને વિશ્વદેવોનાં બે સૂક્ત ભણાવ, કે જેથી તેમની ભૂલ સુધરશે અને તેઓ ખુશી થઇને યજ્ઞ કરતાં શેષ રહેલું દ્રવ્ય તને આપશે.'

પિતાના વચનથી નાભાગ યજ્ઞભૂમિમાં ગયો, અને બ્રાહ્મણોને બે સૂક્ત ભણાવી તેમની ભૂલ સુધારી. તેથી બ્રાહ્મણોએ પ્રસન્ન થઇ, યજ્ઞમાંથી બચેલું દ્રવ્ય તેને આપ્યું. નાભાગ તે દ્રવ્ય લેવા ગયો, એટલામાં રૂદ્ર આવ્યા. તેમણે કહ્યું, કે 'યજ્ઞભૂમિપર પડેલા દ્રવ્યપર મારો હક્ક ગણાય છે.' ત્યારે નાભાગ બોલ્યો, કે 'આ ધન ઋષિઓએ મને આપેલું છે.' રૂદ્રે કહ્યું, 'તું તારા પિતા પાસે જઈ આપણા વિવાદનો ન્યાય કરાવી આવ.' આથી નાભાગ તેના પિતા પાસે ગયો. નભગે કોઇનો પક્ષ કર્યો નહિ, તેણે તો કહી દીધું કે, "યજ્ઞ ભૂમિમાં શેષ રહેલા દ્રવ્ય ઉપર રૂદ્રનો અધિ-કાર છે, એમ શાસ્ત્રો કહે છે; માટે તે સર્વ ધન રૂદ્રનું

છે." પિતાનું વચન સાંભળી નાભાગ રૂદ્ર પાસે આવ્યો, અને યજ્ઞનું બધું શેષ દ્રવ્ય તેમને સોંપ્યું.

રૂદ્ર નભગના નિષ્પક્ષપાતથી અને નાભાગના સત્ય-ટેકથી, સ્વાશ્રયિપણાથી તથા સદ્ગુણોથી પ્રસન્ન થયા. તેમણે સઘળું દ્રવ્ય નાભાગને આપી દીધું, અને તેને બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ કર્યો.

આ વાતનો સાર એ છે કે, દરેક મનુષ્યે સ્વાશ્રયી થવું, અને વગર મહેનતે દ્રવ્ય મેળવવાની ઇચ્છા ન રાખવી. મહેનતથી મેળવેલો એક પૈસો વગર મહેનતે મળેલી સોના મહોર કરતાં ઉત્તમ છે. અસત્ય બોલીને કે કોઇને છેતરીને મેળવેલું ધન નુકસાન કરે છે. પક્ષપાત કરીને બીજાઓના હક્ક ઉપર તરાપ મારનારા માણસો નીચ છે.

ઇશ્વરભક્તનો અપરાધ કરનારને કોઇ શરણ આપતું નથી.

(અંબરીષની કથા.)

ક્રોધ એ એક બુરૂં વ્યસન છે, તેને અધીન થએલા મનુષ્યો પોતાનું સઘળું ભાન ભૂલી જાય છે અને એવાં ભયંકર કર્મો કરી નાખે છે કે, જેને લીધે તેમને પાછળથી બહુ

પસ્તાવું પડે છે. માટે જ્યારે જ્યારે ક્રોધ આવે, ત્યારે ત્યારે મનને મારી શાન્ત બેસી રહેવું. ક્રોધના વેગમાં કંઈ પણ કામ કરવું નહિ, પણ જ્યારે ક્રોધ ઉતરી જાય ત્યારે જે કરવું હોય તે કરવું.

આ દુનિયામાં જે ગુન્હા થાય છે, તેનું કારણ ક્રોધ છે. માણસ ક્રોધના વેગમાં ખેંચાઈ અનેક ગુન્હા કરે છે, અને પછી તેમાંથી બચવા આમ તેમ ફાંફાં મારે છે. પણ તેમ કરતાં કેટલીક વાર તો તે બમણો બંધાય છે.

આ લોકમાં વકીલ–બેરિસ્ટરોની મદદથી માણસ ગુન્હો કર્યા છતાં, ન્યાયની કચેરીઓમાં કદાચ દોષમુક્ત થઇ શકે, પણ રાજાઓના રાજા ઇશ્વરના દરબારમાં તો તે એવી રીતે છુટી શકતોજ નથી. ત્યાં તો તેને નિર્દોષ ઠરવા માટે એવાં સાધનો જરાએ મદદરૂપ થઇ પડતાં નથી.

ઘણા માણુસો અમુક અપરાધ કર્યા પછી પરલોકમાં તેના દોષથી છુટવા માટે કોઇ પણ દેવનું શરણ લઇ, તેની ઉપાસના કરે છે અને પાપમાંથી છુટે છે. પણ પ્રભુભક્તનો અપરાધ કરનારા મનુષ્યોને તો કોઈ દેવ શરણે રાખતો નથી. પોતે પરમેશ્વર પણ તેને શરણે રાખતા નથી. તેને તો તે પાપમાંથી છુટવા માટે જે ભક્તનો અપરાધ કર્યો હોય, તેનુંજ શરણ લેવું પડે છે. ઇશ્વર એવો ભક્તવત્સલ છે, કે તે પોતાના ભક્તોનું માહાત્મ્ય વધારે છે.

અંબરીષ રાજા મહાપરાક્રમી અને પ્રભુભક્ત હતો. તેણે અનેક યજ્ઞો કરી યજ્ઞરૂપ ભગવાનનું યથાવિધિ પૂજન કર્યું હતું, અને સુપાત્ર લોકોને પુષ્કળ દાન પણ આપ્યાં હતાં. તે નિરંતર ઈશ્વરભક્તિમાં લીન રહી, સઘળા રાજ્ય-વૈભવને મિથ્યા સમજતો. તેના આવા સત્કાર્યથી શ્રીહરિએ તેને એક ચક્ર આપ્યું હતું.

એકવાર આ રાજાએ પોતાની પટ્ટરાણી સાથે એક વરસ સુધી દ્વાદશીનું વ્રત કર્યું. વ્રતને અંતે તેણે ત્રણ ઉપવાસ કરી, શ્રેષ્ઠ બ્રાહ્મણોને ભોજન કરાવી, તેમની ઇચ્છા પ્રમાણે દાન આપ્યાં. પછી બ્રાહ્મણોની આજ્ઞાથી પોતે પારણું કરવાની તૈયારી કરી, એટલામાં દુર્વાસા મુનિ આવ્યા. રાજાએ જમવાને માટે તેમને વિનતિ કરી તે કબુલી, દુર્વાસા પોતાનું નિત્ય કર્મ કરવા નદીપર ગયા. જ્યારે બારસ માત્ર એક ઘડીજ બાકી રહી, ત્યારે રાજાએ બ્રાહ્મણોને પારણા માટે પૂછ્યું કે, "હવે મારે શું કરવું ? જો હું બારસ ઉતર્યા પહેલાં પારણું ન કરૂં, તો વ્રત નિષ્ફળ જાય; અને ઋષિના પહેલો જમું તોએ દોષ લાગે." રાજાની મુઝવણ સમજી ધર્મવેત્તા બ્રાહ્મણોએ તેને વચ્ચેનો માર્ગ શોધી આપ્યો કે, માત્ર તેણે જલનું આચમન કરવું. તેમ કરવાથી વ્રત પૂર્ણ થશે અને ઋષિનો અપરાધ કર્યો પણ નહિ ગણાય.

રાજાએ બ્રાહ્મણોના વચન પ્રમાણે જલનું આચમન

કીધું, અને દુર્વાસા મુનિની રાહ જોવા માંડી. ઋષિ પોતાનું નિત્ય કર્મ પૂર્ણ થતાં, નદીપરથી આવ્યા. રાજાએ તેમને બહુ માન આપ્યું, પણ ક્રોધી દુર્વાસા: રાજાએ 'પોતાને જમાડયા પહેલાં' આચમન કર્યું તેથી પોતાનું અપમાન થયું સમજી, અત્યંત તપી ગયા. તેમણે પોતાના યોગબળથી એક વિકરાળ રાક્ષસી ઉત્પન્ન કરી તેને રાજાનું ભક્ષણ કરી જવા માટે પ્રેરી. પણ તેમ કરતાં ભગવાને આપેલું ચક્ર તે રાક્ષસીનું માથું કાપી, દુર્વાસાની પાછળ પડયું. ચક્રને આવતું દેખી દુર્વાસા ભય પામીને નાઠા, પણ ચક્રે તેમનો કેડો મૂક્યો નહિ. દુર્વાસા ત્રણ લોકમાં ભમી બ્રહ્મા, મહાદેવ અને વિષ્ણુને શરણે ગયા, પણ કોઇએ તેમને શરણ આપ્યું નહિ.

સઘળા દેવોએ દુર્વાસાને કહ્યું, કે "તમે બીજો અપરાધ કર્યો હોત, તો તો કોઇ પણ દેવ તમને શરણે રાખત; પણ આતો ભગવદ્ભક્તનો અપરાધ કીધો છે, એટલે ભગવાન પણ તમને શરણ આપશે નહિ. જો તમે તમારૂં કલ્યાણ ઇચ્છતા હોવ, તો તે રાજાને શરણે જ જાઓ." આખરે દેવોના વચનથી દુર્વાસા અંબરીષને શરણે આવ્યા, ત્યારે અંબરીષે વચ્ચે પડી ચક્રને અટકાવ્યું અને દુર્વાસાને બચાવ્યા.

" नहि सत्यात्परो धर्मः "

(હરિશ્ચંદ્રની કથા.)

ધર્મ શબ્દ ધૃ ધાતુ ઉપરથી બનેલો છે, તેનો અર્થ ધારણ કરવું એવો થાય છે; અર્થાત્ જે પ્રાણીને અધોગતિએ જતાં અટકાવે તે ધર્મ. ધર્મનાં દશ લક્ષણો છે; ધૃતિ (ધૈર્ય), ક્ષમા, દમ (સંયમ), અસ્તેય (ચોરી ન કરવી), શૌચ (પવિત્રતા), ઇન્દ્રિયનિગ્રહ, સદ્બુદ્ધિ, વિદ્યા (જ્ઞાન), સત્ય અને અક્રોધ.

આ દશ લક્ષણોમાં ચાર મુખ્ય છે; સત્ય, દયા, તપ અને શૌચ. તેમાં પણ સત્ય મુખ્ય છે. ધર્મનું મૂળજ સત્ય છે. મૂળ કાપ્યા પછી જેમ ઝાડ પડી જાય છે, તેમ સત્ય નહોય ત્યાં ધર્મ ટકી શકતો નથી. માત્ર એકલા સત્યને આધારે પણ ધર્મ ટકી રહે છે. જેમ ઝાડના મૂળને પાણી પાતાં તેનાં બધાં અંગો પોષાય છે, તેમ ફક્ત સત્યનું પાલન કરતાં ધર્મનાં બીજાં બધાં અંગોનું વગર પ્રયત્ને પાલન થાય છે.

સત્ય એ આત્માનો સ્વભાવ છે, એટલે સત્ય બોલવાથી તેનું ખરૂં સ્વરૂપ પ્રકાશી નીકળે છે, અને અન્તરમાં જ્ઞાનદીપક પ્રગટે છે. અસત્ય બોલી આત્માના સ્વભાવથી

વિરૂદ્ધ વર્તન રાખતાં, તેના ખરા સ્વરૂપ આગળ પડદો નાંખવામાં આવે છે, જેથી હૃદયમાં અજ્ઞાન રૂપી અન્ધકાર છવાએલો રહે છે. જે સત્યવ્રત પાળે છે, તે આ સંસારમાંથી તરી જાય છે. જેઓ તેનો ભંગ કરે છે, તેઓ અવિદ્યાનો આશ્રય કરી ઘોર અન્ધકારમાં આથડે છે. ટુંકામાં કહીએ તો 'સત્ય વિના બીજો ઉત્તમ માર્ગજ નથી, તેના વિના બીજો ઉત્તમ ધર્મ નથી, તેના વિના બીજું ઉત્તમ જ્ઞાન નથી.'

મનુના પુત્ર ઈક્ષ્વાકુનાં સંતાનોમાં કકુત્સ્થ, +માંધાતા, મુચુકુંદ યોગી અને ત્રિશંકુ (જે વાસિષ્ઠના શાપથી ચંડાળપણાને પામી વિશ્વામિત્રના પ્રભાવથી સદેહે સ્વર્ગમાં ગયો હતો. ત્યાંથી દેવોએ તેને ઉંધે મસ્તકે પાછો પાડયો, ત્યારે વિશ્વામિત્રે પોતાના તપોબલથી તેને મધ્યમાંજ લટકાવી રાખ્યો હતો.) વગેરે રાજાઓ પ્રખ્યાત થયા. તે પછી ત્રિશંકુનો પુત્ર હરિશ્ચન્દ્ર સત્યવાદી રાજા થયો.

+ આ રાજાના જન્મ વિષે એવી કથા છે કે, તે પોતાના પિતા યુવનાશ્વના ગર્ભમાંથી ઉત્પન્ન થયો હતો. આ વાત સૃષ્ટિક્રમની વિરૂદ્ધ છે, પણ ઉપનિષદ્ વગેરે વાંચતાં આનો મર્મ બરાબર સમજાય છે.

"**દ્વિજ**" શબ્દનો અર્થ 'બે વખત જન્મેલો' એવો થાય છે. સંતાન એક વખત માતાના ગર્ભમાંથી જન્મે છે, ત્યારબાદ જ્યારે તે યોગ્ય ઉંમરનો થાય છે, ત્યારે તેને જ્ઞાન આપવા ગુરૂ

એકવાર દેવ સભામાં તેના સત્યનાં વખાણ થયાં. તેની ખાત્રી કરવા વિશ્વામિત્રે વિવિધ કપટ કરી તેનું રાજ્ય,

---

પોતાના ગર્ભમાં રાખે છે; અર્થાત્ પોતાની પાસે રાખે છે. અને પોતાનાં જ્ઞાન, આચાર, વિચાર વગેરેની તેના પર છાપ પાડી તેને નવો જન્મ આપે છે (મનુષ્યત્વમાં લાવે છે). યજ્ઞોપવીતની ક્રિયા વખતે ગુરૂ બ્રહ્મચારીને કહે છે કે, " **मम व्रते ते हृदयं दधामि, मम चित्त मनुचितं तेऽस्तु** મારા વ્રતમાં હું તારૂં હૃદય ધારણ કરૂં છું, તારૂં ચિત્ત મારા ચિત્તને અનુસરો. " આ શબ્દો પણ એજ ભાવ સૂચવે છે.

માતા જેમ બાલકને પોતાના ગર્ભમાં રાખી બાલકના અવયવોને પોષે છે, તેમ ગુરૂ બાળકની જ્ઞાનવૃત્તિઓનું પોષણ કરે છે. બાલકના ગર્ભ-વખતે ગર્ભને કોઇપણ જાતની હરકત ન થાય, તે સારૂ માતાને જેમ કેટલાંક સાંસારિક સુખો તજવાં પડે છે; તેમ બાલકના જ્ઞાનમાં કે આચરણમાં કોઇ જાતની ખામી ન આવે, તે સારૂ ગુરૂને પણ સાંસારિક સુખોનો ભોગ આપવો પડે છે. આમ માતાના અને ગુરૂના કેટલાક સમાન ધર્મો છે.

'ગુરૂ' શબ્દનો અર્થ તપાસતાં માલુમ પડે છે કે, આત્મતત્ત્વનો ઉપદેશ કરનાર હોય તે ગુરૂ કહેવાય. માંધાતાને તેના પિતાએ પોતેજ શિક્ષણ આપ્યું હતું, અને તેને પોતાના સરખો બનાવ્યો હતો; એથી જ અહીં 'તે તેના પિતાના ગર્ભમાંથી જન્મ્યો હતો,' એવા શબ્દો વાપર્યા છે.

આવી રીતે ઘણા મુનિઓએ પોતાના શિષ્યોને ગર્ભમાં રાખી (રાતદિન પોતાની પાસે રાખી), પોતાના સરખા બ્રહ્મજ્ઞાની બનાવ્યા છે.

સ્ત્રી-પુત્રનાં વસ્ત્રો, તથા ઘરેણાં વગેરે લઇ લીધાં; અને પછી પોતે પ્રથમ યજ્ઞ કરાવ્યો હશે, તેની દક્ષિણા માગી. રાજા તો સત્યવાદી હતો, એટલે ના કહી શકયો નહિ. વિશ્વામિત્રે જુઠું બોલાવવા માટે હરિશ્ચન્દ્રને ઘણો સમજાવ્યો અને અત્યંત કષ્ટ આપ્યું, પણ રાજા એકનો બે થયો નહિ. તેણે કાશીમાં પોતાનાં સ્ત્રી-પુત્ર તથા દેહ વેચી, ઋષિનું ઋણ પૂરૂં કર્યું.

કાશીમાં દાસ તરીકે વેચાયા પછી પણ વિશ્વામિત્રે હરિશ્ચન્દ્રને ઘણું દુઃખ આપ્યું. તેનો પુત્ર નાગ ડસવાથી મરી ગયો. પુત્રને બાળવા આવેલી તારામતીને પણ વિશ્વામિત્રે ડાકણ ઠરાવી, અને હરિશ્ચન્દ્ર જે ચાંડાલને ત્યાં વેચાયો હતો તેના હાથે તેને મરાવવાની યુક્તિ રચી. આખરે દેવો સાથે શ્રીભગવાન તેની વ્હારે આવ્યા, અને વિશ્વામિત્રને શરમાવું પડયું.

શ્રીભગવાને તેના પુત્રને જીવતો કર્યો, અને તેનું રાજ્ય તેને પાછું સોંપ્યું. આ રાજાનો યશ વેદમાં (મંત્ર બ્રાહ્મણોમાં) પણ ગવાયો છે.

दुराप मपि लोके ऽस्मिन्यद्यद्वस्त्व भिवाञ्छति ।
तत्तदाप्नोति मेधावी तस्मात्कार्यः समुद्यमः ॥

ભગીરથ-આખ્યાન.

ઉપરના શ્લોકમાં કવિ કહે છે કે, 'આ જગતમાં જે વસ્તુ દુર્લભ છે, તે વસ્તુ પણ બુદ્ધિવાળો માણસ પ્રયત્ન કરતા મેળવી શકે છે. માટે ખંત રાખી ઉદ્યોગ કરવો જોઇએ' કેટલાક લોકો અમુક વસ્તુ પ્રાપ્ત કરવા ઉદ્યોગ કરે છે, છતાં તે મેળવી શકતા નથી ત્યારે કર્મનો દોષ કાઢે છે; પણ ખરી રીતે તો તેમના ઉદ્યમમાંજ ખામી હોય છે. માણસ જો ઇચ્છેલી વસ્તુ પ્રાપ્ત કરવા તન્મય બની જાય અને સતત ઉદ્યોગ જારી રાખે, તો તેને તે જરૂર પ્રાપ્ત કરી શકે. તન્મય બની પ્રયત્ન કરતાં ભગવદ્દર્શનની પણ પ્રાપ્તિ થાય, તો પછી સંસારની સાધારણ વસ્તુ કેમ ન મેળવી શકાય ?

આવો સતત ઉદ્યોગ કરવામાં આવે તેને ભગીરથ-પ્રયત્ન કહે છે. એનો અર્થ એ છે કે, ભગીરથે જેમ ગંગા લાવવા દેહની પણ ઉપેક્ષા કરીને ઉદ્યોગ કર્યો હતો, તેવો ઉદ્યોગ કરવો.

(સગર રાજાનો યજ્ઞ.)

હરિશ્ચંદ્ર પછી મનુવંશમાં પ્રસિદ્ધ રાજા સગર થયો. તે મહા પ્રતાપી હતો. એક વખત તેણે અશ્વમેધ યજ્ઞ કરી યજ્ઞનો ઘોડો પૃથ્વીપર ફરવાને છોડયો, અને તેનું રક્ષણ કરવા માટે તેની પાછળ અસંખ્યસૈનિકોને મોકલ્યા.

ઘોડો જરા સૈનિકોથી દૂર નીકળી ગયો એટલે ઇન્દ્રે તેનું હરણ કર્યું. સૈનિકોએ ઘણોએ તપાસ કર્યો, છતાં તેનો પત્તો લાગ્યો નહિ. આ વાતની સગરને ખબર થતાં તેણે સાઠહજાર રાજકુમારોને અશ્વની તપાસ કરવા માટે મોકલ્યા. તેમણે ફરતાં ફરતાં કપિલમુનિના આશ્રમ પાસે ઘોડાને બાંધેલો જોયો; કારણકે, રાજકુમારોનો વગર મહેનતે નાશ કરાવવા માટે ઇન્દ્રેજ આ ઉપાય રચ્યો હતો.

રાજકુમારો ઋષિના આશ્રમ પાસે ઘોડાને જોઇ, ' આ ચોર છે એમ માની ' ઋષિને પ્રહાર કરવા લાગ્યા. મહાત્મા કપિલ આ વખતે સમાધિમાં હતા. તેમણે સમાધિમાથી નિવૃત્ત થઇ આંખો ઉઘાડી કે તેમના યોગાગ્નિથી તે સઘળા ભસ્મ થઈ ગયા.

ઘણો વખત થયા છતાં જ્યારે રાજકુમારો ન આવ્યા, ત્યારે સગરે પોતાના પૌત્ર અંશુમાનને તપાસ કરવા મોક-

ર્યો. તેણે શોધ કરતાં કરતાં કાપલ મુનિના આશ્રમે રાખના ઢગલાની પાસે ઘોડો બાંધેલો જોયો. તેની નજીક બેઠેલા કપિલ મુનિને જોઇ, તેણે તેમની સ્તુતિ કરી. કપિલમુનિએ તેને યજ્ઞનો ઘોડો લઇ જવા માટે કહ્યું, અને 'ગંગા લાવવાથી આ તારા કાકાઓનો ઉદ્ધાર થશે;' એમ સૂચવ્યું. અંશુમાન તેમને પ્રણામ કરી, અશ્વ લઇ, યજ્ઞમંડપમાં આવ્યો. પછી સગરે બાકી રહેલો યજ્ઞ પૂરો કર્યો, તથા અંશુમાનને રાજ્ય આપીને તે સમાધિષ્ઠ થયો.

ગાદીએ બેઠા પછી અંશુમાને ગંગા લાવવા ઘણાં વર્ષ સુધી તપ કર્યું, પણ તે કાર્ય તે પૂર્ણ કરી શકયો નહિ. તેના પુત્ર દિલીપે પણ તપમાં જ પોતાની જીંદગી પૂરી કરી. ત્યાર પછી તેનો પુત્ર ભગીરથ રાજા થયો. તેણે ઘણાં વર્ષ સુધી મહાન તપશ્ચર્યા કરી, ત્યારે ગંગાજીએ પ્રસન્ન થઇ પૃથ્વીપર આવવા તેને વચન આપ્યું. પરંતુ ગંગાએ જણાવ્યું કે, "પૃથ્વીપર મને ધારણ-કરનાર કોઇ જોઇએ; તેમ ઘણા પાપીઓ પોતાનાં પાપ મારામાં ધુવે, ત્યારે મારે તે પાપ ક્યાં ધોવાં, એ પણ વિચારવું જોઇએ." ગંગાનું વાકય સાંભળી ભગીરથે કહ્યું "તમારામાં સંતપુરૂષો ન્હાશે, તેના પ્રભાવથી પાપીઓએ તમારી અંદર મૂકેલાં પાપ ધોવાઇ જશે; કારણકે, સાધુપુરૂષો તીર્થોને પણ પવિત્ર કરે છે.' હવે તમને ધારણ કરવા-

માટે હું શંકરને પ્રસન્ન કરૂં છું; કેમકે, તમે તેમની જટામા. રહી શકશો.

પછી ભગીરથે શંકરને પ્રસન્ન કર્યા, એટલે તેમણે પોતાની જટામાં ગંગાને ધારણ કર્યા. ત્યાંથી ભગીરથ રાજા ગંગાજીને પોતાના પિતૃઓની રાખ પડી હતી ત્યાં લઈ ગયો, અને તેમનો ઉદ્ધાર કર્યો. ભગીરથ રાજાના નામ ઉપરથી ગંગા ભાગીરથી કહેવાય છે.

જે દેશમાં સમૃદ્ધિ ભોગવનારા રાજાઓ પણ આવા સંયમી અને તપશ્ચર્યા કરનારા હોય, ત્યાં બ્રાહ્મણો અને બીજા વર્ણો પણ સંયમી હોય, એમાં આશ્ચર્ય શું ?

એમ કહેવાય છે કે, આગળ જતાં માર્ગમાં જહ્નુ નામે એક મુનિ બેઠા હતા, તેમની તરફ જ્યારે ગંગાનો પ્રવાહ ગયો; ત્યારે તે તેને પી ગયા. પછી દેવતાઓની સ્તુતિથી તેમણે તે પાછો કાઢયો. જહ્નુએ પાન કરીને પાછાં કાઢયાં તેથી ગંગા જાહ્નવી કહેવાય છે.

અવિવેક પડતીનું કારણ છે.

(પરશુરામ-ચરિત.)

જગતના ઇતિહાસો ઉપરથી જણાય છે, કે આ દુનિયા પરની ઘણી જાતિઓ છેક ઉન્નતિને શિખરે ચઢીને પટકાઈ ગઈ છે; જેમાંની કેટલીક તો હજુ ઉઠવાઓ પામી નથી. એનું શું કારણ? એ ઉન્નતિના શિખરે ગાજતી, અને પોતાનાં પરાક્રમોથી દુનિયાને છક કરી નાંખતી જાતિઓ શાકારણથી નીચે પડી?

ઉપરના પ્રશ્નનો ઉત્તર એક કવિ ઘણી ખુબીથી આપે છે કે, 'विवेक—भ्रष्टानां भवति विनिपातः शतमुखः' જેઓ વિવેકથી ભ્રષ્ટ થાય છે તેમની સેંકડો પ્રકારે અધોગતિ થાય છે.

વિવેક એટલે ધર્મ્ય-યોગ્ય આચરણ. દેશ, કાલ અને શાસ્ત્રને અનુસરી યોગ્ય આચરણ કરવું તેનું નામ વિવેક. અને મરજી ફાવે તેમ અયોગ્ય આચરણ કરવું તેનું નામ અવિવેક.

વિવેકવાળી જાતિઓ હંમેશાં ઉન્નતિને પામે છે. રાજ્ય, લક્ષ્મી, વૈભવ, જ્ઞાન, ઉદ્યોગહુન્નર, યશ વગેરે સર્વ વિવેકથી પ્રાપ્ત થઈ શકે છે. વિવેકી મનુષ્ય આલોક અને

પરલોકમાં પણ સંમાન પામે છે. મતલબ કે, વિવેકથી સર્વ ઐશ્વર્ય પ્રાપ્ત થઇ શકે છે. પણ ઐશ્વર્ય પ્રાપ્ત કર્યા પછી ઘણા માણુસો વિવેકને ભૂલી જાય છે. સમૃદ્ધિનો મદ ચઢતાંજ તેમનામાં અવિવેકપણું દાખલ થાય છે. અને જ્યાં અવિવેકિતાનો પ્રવેશ થયો કે, તરતજ તેઓ ઉન્નતિના શિખરેથી ગબડે છે.

પરશુરામનો અવતાર થયો તે વખતે ક્ષત્રિયો ક્ષાત્રધર્મ ભૂલી અવિવેકી બન્યા હતા. તેઓ મરજી માફક વર્તી રાજ્ય લક્ષ્મીનો દુરૂપયોગ કરતા, અને પ્રજાને સતાવતા હતા. તે વખતે તેમનું સ્વચ્છંદીપણું કોઈ અટકાવી શકે તેમ નહતું; તેથી તેમને યોગ્ય શિક્ષા કરવા, તેમની દૃષ્ટિ આગળ છવાઈ ગએલા અવિવેકરૂપ પડળને કાપી નાંખવા, ભગવાનને પૃથ્વીપર આવવું પડ્યું.

[1]ચન્દ્રવંશમાં પવિત્ર કીર્તિવાળો પહેલો રાજા પુરૂરવા થયો. તેણે ઉર્વશી નામની અપ્સરા સાથે લગ્ન કર્યું હતું. આ રાજાના વંશમાં ગાધિનામે પરાક્રમી રાજા થયો. તેણે પોતાની પુત્રી સત્યવતીને ઋચીક સાથે પરણાવી, તેનાથી જમદગ્નિ નામે પુત્ર થયો. જમદગ્નિ રેણુની પુત્રી રેણુકાને પરણ્યા હતા, તેનાથી પરશુરામનો જન્મ થયો.

---

૧ સૂર્યવંશની કથા વચ્ચે આ કથા રાખવાનું કારણ એ છે કે, પરશુરામનો અવતાર રામાવતાર પહેલાં થયો હતો.

તે સમયે હૈહય કુલમાં સહસ્રાર્જુન નામે એક બળ-
વાન ક્ષત્રિય રાજા રાજ્ય કરતો હતો હતો. તેણે પોતાના
બલથી રાવણ જેવા પરાક્રમી અસુરને પણ પોતાની માહિ-
ષ્મતી નગરીમાં કેદ કરી રાખ્યો હતો.

આ રાજા એક વખતે પોતાના સૈન્ય સાથે વનમાં
ગયો હતો, ત્યાંથી વળતાં તે જમદગ્નિના આશ્રમમાં
જઇ ચઢયો. જમદગ્નિ પાસે હવિર્ધાની નામે કામધેનુ હતી,
તેના પ્રતાપથી તેમણે આ રાજાનું સારી રીતે આતિથ્ય
કર્યું. ગાયનો પ્રભાવ જોઇ, સહસ્રાર્જુને તેને લઇ જવાનો
નિશ્ચયકર્યો અને તે માટે તેણે પોતાના સિપાઈઓને
આજ્ઞા આપી. સિંપાઇઓ રાજાની આજ્ઞાથી બળાત્કારે
ગાયને ખેંચતા માહિષ્મતી ભણી ચાલ્યા. ત્યાર પછી થોડી
વારે પરશુરામ આશ્રમમાં આવ્યા, અને ગાયનું બળાત્કારે
હરણ થયું એ વાત સાંભળતાંજ ક્રોધ કરી સહસ્રાર્જુનની
પાછળ દોડયા. તેમણે સહસ્રાર્જુન સાથે યુદ્ધ કરી તેને
માર્યો, અને ગાય પાછી લાવ્યા. પોતે બ્રાહ્મણયોનિમાં જન્મ્યા
છતાં ક્ષત્રિયનું કર્મ કર્યું તેના પાપથી મુક્ત થવા માટે
પરશુરામ જાત્રાએ ગયા, અને સઘળાં તીર્થોમાં ફરી પ્રાય-
શ્ચિતથી મુક્ત થયા.

એક દિવસ રેણુકા પતિના નિત્યકર્મ માટે પાણી
લેવા ગયાં, ત્યાં ચિત્રરથનામે ગંધર્વ જલક્રીડા કરતો હતો;

તે જોવા માટે ઉભાં રહ્યાં. હોમસમય થઇ ગયા છતાં જ્યારે રેણુકા ન આવ્યાં, ત્યારે જમદગ્નિને ખેદ થયો, કારણ કે, કોઇ દિવસ આ મુનિ પોતાનું નિત્યકર્મ ચૂકયા ન હતા. તે મુનિએ પોતાનાં પત્નીનું વર્તણુક જોઈ પુત્રોને આજ્ઞા કરી કે, "તમારી માતાનું મસ્તક કાપી નાખો." ઋષિની આ ભયંકર આજ્ઞા કોઈ પુત્રે માની નહિ. પણ પરશુરામ પિતાના તપ:પ્રભાવને જાણુતા હતા, તેથી તેમણે ફરસીથી માતાનું મસ્તક છેદી નાખ્યું. આથી જમદગ્નિ પ્રસન્ન થયા અને પરશુરામને વર માગવા કહ્યું, ત્યારે પરશુરામે 'પોતાની માતા ફરીથી જીવતી થાય, અને પોતે પાપમાંથી મુક્ત થાય' એવું વરદાન માગ્યું. ઋષિએ 'તથાસ્તુ' કહ્યું, એટલે રેણુકા ફરીથી જીવ્યાં, અને પરશુરામ માતૃહત્યાના પાપથી છુટયા.

કેટલોક સમય વીત્યા પછી સહસ્રાર્જુનના છોકરાઓ પિતાનું વૈર લેવા આવ્યા તે વખતે પરશુરામ કે તેમના ભાઇઓ આશ્રમમાં નહતા (ફરવા ગયા હતા) એ લાગ સાધી તેમણે જમદગ્નિનું ખૂન કર્યું. પતિ મરણ પામતાં રેણુકા વિલાપ કરવા મંડયાં, તે સાંભળી પરશુરામ દોડતા આવ્યા. તેમણે ફરસીથી સહસ્રાર્જુનના બધા છોકરાઓને કાપી નાખ્યા. આ વખતે તેમને ક્ષત્રિયોની દુષ્ટતા તથા ક્રૂરતા ઉપર એટલો

ધિક્કાર ઉત્પન્ન થયો કે, આખી ક્ષત્રિય જાતિને નિર્મૂળ કરવાનો તેમણે સંકલ્પ કર્યો. તેમણે એકવીસવાર આખી દુનિયા પરના સઘળા દુષ્ટ ક્ષત્રિયોનો નાશ કર્યો, અને તેમનાં રાજ્ય બ્રાહ્મણોને સોંપ્યાં. પણ બ્રાહ્મણોથી રાજ્ય સંભાળવાનું કામ બન્યું નહિ, તેથી પરશુરામે ફરીથી ક્ષત્રિયોને તેમનાં રાજ્ય પાછાં આપ્યાં

આ પ્રમાણે પોતાના અવતારનું કાર્ય પૂર્ણ કરી, ક્ષત્રિયના ચિહ્નરૂપ ધનુષ અને બાણ શ્રીરામને સોંપી, પરશુરામ મહેન્દ્રપર્વતપર તપ કરવા ચાલ્યા ગયા. તેમણે પોતાનો [1]ક્ષત્રિયસ્વભાવ તજી, શુદ્ધ સાત્વિક ગુણ ધારણ કર્યો અને શેષકાળ સમાધિમાં ગાળ્યો.



---

૧ પરશુરામના પિતા તથા પિતામહ ક્ષત્રિય કન્યાઓને પરણ્યા હતા. તેથી માતાના વારસા તરીકે તેમનામાં ક્ષાત્રગુણ આવ્યો હતો.

×શ્રીરામચરિત્ર.

પરશુરામે અવિવેકી ક્ષત્રિયોનો નાશ કર્યો, પણ હવે ઉત્તમ રાજા કેવો હોઈ શકે, એ બતાવવાની જરૂર હતી. તેમજ લોકોને પણ પિતા, માતા, પુત્ર, ભાઈ, પત્ની વગેરેના આદર્શ ધર્મો દેખાડવાની જરૂર હતી. આ કાર્ય માત્ર ઉપદેશથીજ બની શકે એમ નહતું; પણ આદર્શ વ્યવહાર કરી બતાવી, ઉત્તમ પ્રભાવ પાડી, લોકોને તે માર્ગે આકર્ષવાની આવશ્યક્તા હતી.

વળી પૃથ્વીપર હજી પણ રાક્ષસી સ્વભાવવાળા રાજાઓ અવશેષ રહ્યા હતા તેમના તરફથી દેવોને તથા ઋષિઓને વારંવાર સંકટ પ્રાપ્ત થતું તે પણ દૂર કરવાની જરૂર હતી. એ સિવાય દશરથ અને કૌશલ્યાને પૂર્વજન્માં 'તેમને ત્યાં પુત્ર રૂપે અવતરવાનું' અભિવચન આપેલું તે પણ સાર્થક કરવું હતું. આવાં અનેક કારણોને લીધે ભગવાને રામાવતાર ધારણ કર્યો.

× 'राम' શબ્દની વ્યુત્પત્તિ આ પ્રમાણે છે. 'रमन्ते यस्मिन्निति' જે ચિત્સ્વરૂપ અને અનન્ત પરમાત્માને વિષે યોગી પુરૂષો બ્રહ્માનંદમાં મ્હાલે છે તે (પરબ્રહ્મ).

સૂર્યવંશી રાજાઓમાં સગર પછી કેટલીક પેઢીએ દિલીપ થયો. તેણે કામધેનુની પુત્રી નન્દિનીની સેવાથી રઘુ નામે પુત્ર પ્રાપ્ત કર્યો હતો. રઘુ ચક્રવર્તી રાજા હતો. તેણે પોતાનું સર્વ ધન કૌત્સ નામના ઋષિકુમારને આપી દીધું હતું. તેને અજ નામે પુત્ર હતો. અજને ઈન્દુમતી નામે રાણી હતી, તેનાથી દશરથ નામે પુત્ર થયો. દશરથે પોતાના નામ પ્રમાણે દશે દિશાઓમાં વિજય મેળવ્યો હતો. તેને ત્રણ રાણીઓ હતી; કૌશલ્યા, સુમિત્રા અને કૈકેયી. કૈકેયી ગાન્ધાર (કન્દહાર) ના રાજાની પુત્રી હતી. તે બહાદુર હોવાથી રાજાને પ્રિય હતી. એકવાર દશરથ રાજા એક રાક્ષસ સાથે યુદ્ધ કરતા હતા, તે વખતે તેમના રથનું પૈડું ધરીમાંથી નીકળી જવાની તૈયારીમાં હતું. તે જોઇ, રાજાની સાથે ગએલી કૈકેયીએ સમયસૂચકતા વાપરી પોતાના હાથની આંગળા ધરીમાં નાખી; અને પૈડાને ટકાવી રાખ્યું. યુદ્ધ પૂર્ણ થયા પછી રાજાને આ વાતની ખબર પડી, તેથી ખુશ થઇને તેમણે કૈકયીને કોઈ પણ પ્રસંગે બે વરદાન માગી લેવાનું વચન આપ્યું.

(રામાવતાર)

દશરથ રાજા વૃદ્ધ થયા છતાં તેમને સંતાન ન હતું, તેથી વસિષ્ઠે તેમને પુત્રેષ્ટિ યજ્ઞ કરવાનો ઉપદેશ કરાવ્યો.

તે યજ્ઞના પ્રભાવથી રાજાને ચાર પુત્ર થયા; કૌશલ્યાથી રામ, સુમિત્રાથી લક્ષ્મણ, અને કૈકેયીથી ભરત તથા શત્રુઘ્ન. પુત્રોની જ્યારે યોગ્ય ઉંમર થઇ, ત્યારે રાજાએ તેમને ક્ષત્રિયોને યોગ્ય અભ્યાસ કરાવ્યો.

(રામ અને લક્ષ્મણ વિશ્વામિત્ર સાથે વનમાં ગયા.)

એકવાર વિશ્વામિત્ર ઋષિએ પોતાના યજ્ઞનું રાક્ષસોથી રક્ષણ કરવા માટે દશરથ રાજા પાસે રામલક્ષ્મણની માગણી કરી. રાજાનો જીવ કચવાયો તો ખરો, પણ કુલગુરૂ વસિષ્ઠની સંમતિ મળવાથી તેમણે રામ-લક્ષ્મણને વિશ્વામિત્ર સાથે મોકલ્યા. ત્યાં તેમણે તાટકા વગેરેનો નાશ કર્યો અને વિશ્વામિત્ર પાસેથી દુર્લભ અસ્ત્રવિદ્યા ગ્રહણ કરી.

(સીતા-સ્વયંવર.)

એ સમયે વિદેહમાં જનક નામે રાજા રાજ્ય કરતો હતો. તેને લક્ષ્મીના અંશરૂપ સીતા નામે પુત્રી હતી. સીતા સ્ત્રીત્વનાં બધાં ઉત્તમ લક્ષણોથી પૂર્ણ હતાં. તેમના વિવાહને માટે જનક રાજાએ સ્વયંવર રચી, દેશ દેશથી રાજાઓને તથા ઋષિ-મુનિઓને તેડાવ્યા હતા. રામ અને લક્ષ્મણ પણ વિશ્વામિત્ર સાથે ત્યાં ગયા હતા. જનકનું એવું પણ હતું, કે શિવનું ધનુષ વાળે તે સીતાને વરે. જ્યારે બીજા રાજાઓથી તે કામ ન બન્યું, ત્યારે રામે તે

ધનુષને વાળી તેના ત્રણ કકડા કર્યા. આ કાર્યથી ખુશ થઇ જનકે રામ સાથે સીતાને પરણાવ્યાં. લક્ષ્મણ વગેરેનાં પણ સીતાની બ્હેનો સાથે લગ્ન થયાં. ત્યાંથી અયોધ્યા જતાં રસ્તામાં પરશુરામ મળ્યા, તેમણે રામના પરાક્રમથી ખુશ થઇ પોતાનું ધનુષ રામને આપી દીધું, અને પોતે તપ કરવા ચાલ્યા ગયા.

(રામનો વનવાસ.)

દશરથે રામને યુવરાજ પદ આપવાનું નક્કી કર્યું, તે વખતે દુષ્ટ દાસી મંથરાની સલાહથી કૈકેયીએ પોતાનાં બે વરદાનોમાં 'રામને ચૌદ વરસ વનમાં મોકલવાનું' અને 'ભરતને રાજ્ય આપવાનું' માગ્યું. દશરથ નાખુશ તો થયા, પણ વચનથી બંધાએલા તેથી શું કરે ? ભરત અને શત્રુઘ્ન પણ આ વખતે તેમના મોસાળમાં ગએલા હતા, એટલે કૈકેયીનું ધાર્યું થયું.

(પુત્રે પિતાનું વચન પાળવું જોઇએ.)

રામને જ્યારે પોતાના વનવાસની ખબર પડી, ત્યારે તેઓ જરા પણ નારાજ થયા નહિ. તેમણે પોતાના પિતાને ધીરજ આપી અને કહ્યું, કે "પુત્રે પિતાનું વચન પાળવું જ જોઇએ. ખરો પુત્ર તે કહેવાય, કે જે પોતાનાં સદાચરણોથી માતા પિતાને પ્રસન્ન કરે. આપ જરાએ ખેદ ન

કરશો. હું આપના વચનને સત્ય કરીશ." આ પ્રમાણે કહી રામ વન જવા માટે તૈયાર થયા. પણ દશરથને તો તે કારી ઘા જેવું લાગ્યું, તેથી તે બેભાન થઈ જમીનપર પડયા.*

(પત્નીધર્મ.)

'રામ વન જાય છે' એવી ખબર જ્યારે સીતાને મળી; ત્યારે તે પણ રામની સાથે વન જવાને તૈયાર થયાં. રામે તેમને અયોધ્યામાં રહેવા અથવા વિદેહ જવા માટે બહુ કહ્યું, પણ તેમણે માન્યું નહિ. સતી સીતાએ તો

---

* પુત્રના વિયોગથી મૃત્યુ પામવાનો દશરથ રાજાને શાપ હતો. એકવાર તે મૃગયા કરવા ગયા હતા તે વનમાં પોતાનાં અંધ માબાપને જાત્રા કરાવવા નીકળેલો શ્રવણ નામે ઋષિકુમાર સરોવરમાંથી જળ ભરવા આવ્યો. પાણી ભરતાં 'બુડ્ બુડ્' અવાજ થયો, તેથી 'આ કોઈ પાણી પીવા આવેલો મૃગ હશે' એમ ધારી રાજાએ શબ્દવેધી બાણ માર્યું. મર્મસ્થાનમાં બાણનો ઘા થવાથી શ્રવણે પ્રભુનામનો ઉચ્ચાર કરી પોતાનો દેહ છોડયો. મનુષ્યનો શબ્દ સાંભળી દશરથ રાજા તેની પાસે ગયા. શ્રવણે મરતી વખતે ઇસારાથી 'પાણીનો ઘડો પોતાનાં મા-બાપને પહોંચાડવા' રાજાને ભલામણ કરી. દશરથ રાજા ઘડો લઇ શ્રવણનાં મા-બાપ પાસે ગયા, અને બનેલી હકીકત તેમને કહી. તે વખતે પુત્રના શોકથી વ્યાકુળ થએલાં શ્રવણનાં માતા-પિતાએ પોતાનો દેહ છોડતાં રાજાને શાપ આપ્યો, કે "તારું મરણ પણ આ પ્રમાણે (પુત્રના વિયોગથી) થશે."

રામને કહ્યું, "સ્ત્રી એ પુરૂષની છાયારૂપ છે, એટલે તે પતિથી વિખુટી રહી શકે નહિ. પતિના સુખ-દુઃખમાં ભાગ લેવો એ સાધ્વી સ્ત્રીનો ધર્મ છે. માછલીને પાણીથી અલગ કરી દૂધમાં રાખવામાં આવે તો પણ તે જીવી શકતી નથી, તેમ બીજે સ્થળે ગમે તેટલાં સુખ મળતાં હોય તો પણ સુશીલ સ્ત્રી પતિ વગર રહી શકતી નથી." સીતાના આવા ટેકથી વડીલોની આજ્ઞા લઇ રામે તેમને સાથે લીધાં.

(ભ્રાતૃ-પ્રેમ.)

લક્ષ્મણજી પણ રામ સાથેજ વનમાં જવા તેયાર થયા. નાનપણથી તેમનો રામની સાથે ગાઢ સ્નેહ હતો તેથી તે ક્ષણવાર પણ રામનો વિયોગ સહન કરી શકે તેમ ન હતું; આથી રામે તેમને પણ સાથે લીધા. પછી તે ત્રણે જણ વલ્કલ પહેરી વન તરફ ચાલ્યાં. રામના ગયા પછી દશરથ રાજાએ શોકથી પોતાના પ્રાણ તજ્યા, ત્યારે પ્રધાનોએ ભરત અને શત્રુઘ્નને તેડાવ્યા. તે આવ્યા, અને રામનો વનવાસ સાંભળી તેમણે માતાના કૃત્યને ધિક્કાર્યું. પિતાની ઉત્તર ક્રિયા કરી રામને પાછા તેડી લાવવા માટે ભરત રામની પાછળ ગયા. રસ્તામાં તેમનો અને રામનો મેળાપ થયો. રામે ભરતને શાન્તિપૂર્વક સમજાવ્યા અને અયોધ્યા તરફ પાછા મોકલ્યા. પણ ભ્રાતૃસ્નેહી ભરતજીએ પોતે રાજ્ય સ્વીકાર્યું નહિ. તેમણે રામની પાદુકા (પાવડી) સિંહાસન પર મૂકી, અને રામના પ્રતિનિધિ તરીકે રાજવહીવટ ચલાવ્યો.

(સીતાહરણ.)

રામ, સીતા અને લક્ષ્મણ પંચવટીમાં આશ્રમ બાંધીને રહ્યાં છે તે વાત લંકાના રાજા રાવણે જાણી.[1] સીતાના રૂપથી તે સ્વયંવર વખતેજ મોહ પામ્યો હતો, તેથી તેણે સીતાને હરી લાવવાનો ઉપાય વિચાર્યો. તે રામનું પરાક્રમ જાણતા હતો તેથી તેમને આશ્રમથી દૂર કરવા માટે તેણે પોતાના મામા મારીચને કપટી મૃગનું રૂપ ધારણ કરવાને કહ્યું. રાવણની ધાકથી મારીચ માયિકમૃગ બન્યો, અને સીતાએ બનાવેલી વાડીમાં આવી ફરવા લાગ્યો. સીતાને તે બહુ ગમ્યો, તેથી તેને લાવવા માટે તેમણે રામને કહ્યું. રામે તેમને કહ્યું, કે "આ જંગલમાં ઘણા માયાવી રાક્ષસો રહે છે; તેમની આ માયા છે માટે મૃગ પકડવાનો વિચાર છોડી દો." તોપણ સીતાએ હઠ છોડી નહિ, ત્યારે રામ ધનુષબાણ લઇ મૃગ પાછળ ગયા. ઘણે દૂર ગયા પછી પણ જ્યારે મૃગ હાથમાં ન આવ્યો, ત્યારે રામે તીક્ષ્ણ બાણ માર્યું. બાણના પ્રહારથી રાક્ષસે "હા લક્ષ્મણ!" એમ ઉંચેથી ક્રારમા ચીસ પાડી. તે સાંભળતાં, સીતાના આગ્રહને અધીન થઇ લક્ષ્મણ પણ રામની પાછળ ગયા. તે વખતે

---

૧. રાવણની બ્હેન શૂર્પણખાનાં નાક-કાન લક્ષ્મણે કાપ્યાં હતાં, તેથી તેણીએ સીતાને હરીલાવવા રાવણને ઉશ્કેર્યો હતો.

રાવણ પોતાનો વેષ બદલીને પર્ણકુટી આગળ આવ્યો અને સીતાને ઉપાડી ગયો.

(સુગ્રીવ સાથે મૈત્રી.)

મૃગને માર્યા પછી રામ અને લક્ષ્મણ પંચવટી આગળ આવ્યા, અને સીતાને ન દેખવાથી તેમને શોધવા માટે દક્ષિણ દિશા તરફ ચાલ્યા. માર્ગમાં જટાયુ પાસેથી ખબર મેળવીને તે પંપા સરોવર આગળ આવ્યા. ત્યાં તેમને હનૂમાનનો મેળાપ થયો. હનૂમાને પોતાના રાજા સુગ્રીવ સાથે રામની મૈત્રી કરાવી. રામે પણ વાલીને હણી સુગ્રીવને તેનું રાજ્ય તથા સ્ત્રી અપાવ્યાં, અને મિત્રનું દુઃખ દૂર કર્યું.

(રાવણનો વધ.)

પછી હનૂમાન લંકામાં જઇ સીતાની શોધ કરી આવ્યા. તેથી રામે વાનરસૈન્ય સાથે લંકાપર ચઢાઈ કરી. સમુદ્રપર સેતુ બાંધી તેઓ લંકામાં આવ્યા. રાવણને સમજાવવા માટે રામે વાલીનાપુત્ર અંગદને મોકલ્યો, પણ રાવણ સમજ્યો નહિ. આખરે યુદ્ધ થયું તેમાં રાવણ, કુંભકર્ણ, ઈન્દ્રજીત વગેરે મરાયા. પછી રામે લંકાનું રાજ્ય વિભીષણને સોંપ્યું.

વિભીષણ રાવણનો ભાઇ હતો, પણ સદ્ગુણી હતો. તેણે રામ સાથે સલાહ કરવા રાવણને બહુ સમજાવ્યો હતો,

પણ રાવણે તેનું કહ્યું ન માની તેને ધિક્કાર્યો; તેથી વિભીષણ તેનો સંગ છોડી રામને શરણે આવ્યો હતો. દુષ્ટ માણસો પોતાનો દુરાગ્રહ છોડતા નથી, હિતેષીઓની અવગણના કરે છે અને પતંગીઆની માફક મૃત્યુરૂપ અગ્નિમાં પડે છે.

(રામરાજ્ય.)

રાવણને મારી સીતા સાથે રામ અયોધ્યામાં આવ્યા તે વખતે નગરમાં મહાન્ ઉત્સવ થયો, અને વસિષ્ઠ વગેરે ઋષિઓએ તેમનો રાજ્યાભિષેક કર્યો. ગાદીપર બેઠા પછી રામે ધર્મથી અને ન્યાયથી પ્રજાનું પાલન કર્યું. તેમના રાજ્યમાં પ્રજા એટલું સુખ ભોગવતી હતી, કે હજી સુધી ‘રામરાજ્ય’ એ શબ્દ લોકોના હૃદયમાં સ્થાન કરી રહ્યો છે. સારા રાજ્યને “રામરાજ્ય” ની ઉપમા આપવામાં આવે છે.

(સીતાત્યાગ.)

મહાન નૃપતિઓ હરકોઇ ઉપાયે પણ પોતાની પ્રજાને સન્તુષ્ટ રાખવાને ઇચ્છે છે. રામ પ્રજાને સંતુષ્ટ રાખવા માટે કેટલો ભોગ આપવાને તૈયાર હતા, એ નીચેના શ્લોકપરથી સમજાશે:—

‘રાજ્ય, પ્રજા, સુખ, ભોગ વા જાનકી પણ કદી કાલ;
લોક-પ્રીતિ આરાધવા, તજતાં દુઃખ ન લગાર.

(ઉત્તર રામચરિત.)

એકવાર શ્રીરામે જાસુસને મ્હોડે ગામમાં થતી સીતાની નિંદા સાંભળી. સીતાને લીધે પોતાના તરફ પ્રજાનો આટલો ઓછો ભાવ થાય છે એમ ધારી, પ્રાણથી પણ પ્રિય અને વિશુદ્ધ સીતાદેવીનો તેમણે અતિ દુઃખથી ત્યાગ કર્યો. આ વખતે દેવીને ગર્ભ હતો, તેથી તે વાલ્મીકિના આશ્રમે જઈ રહ્યાં. ત્યાં તેમણે યુગ્મ–પુત્રોને જન્મ આપ્યો. વાલ્મીકિએ તેમના સંસ્કાર કરી તેમનાં કુશ અને લવ એવાં નામ પાડયાં, અને ઉંમર થતાં સંસ્કાર કરી તેમને વિદ્યાભ્યાસ કરાવ્યો.

(અશ્વમેધ યજ્ઞ.)

સીતાનો ત્યાગ કર્યો પછી અખંડ બ્રહ્મચર્ય વ્રત ધારણ કરી શ્રીરામચન્દ્રે અશ્વમેધ યજ્ઞનો આરંભ કર્યો, અને પોતાની *સહધર્મચારિણી તરીકે સીતાની સુવર્ણ–મૂર્તિ રાખી. આ ઉપરથી તેમની ઉપરની કઠોરતા પણ અન્તરની મૃદુતા પ્રત્યક્ષ જણાઇ આવે છે. છુટો મૂકેલો અશ્વમેધ યજ્ઞનો ઘોડો પૃથ્વીપર ફરતાં ફરતાં જ્યારે વાલ્મીકિના આશ્રમે પહોંચ્યો, ત્યારે લવે તેને બાંધ્યો અને પોતાના પરાક્રમથી રામના સૈન્યને હરાવ્યું. લક્ષ્મણનો પુત્ર કુમાર ચન્દ્રકેતુ પણ આ બાળકના પરાક્રમથી ખુશ થયો. છેવટે રામને જાતે ત્યાં આવવું પડયું. રામે લવને જોયો, અને કાન્તિપરથી તેને પોતાનો પુત્ર માન્યો. એટલામાં તો વાલ્મીકિ સાથે સીતા અને કુશ પણ ત્યાં આવી પહોંચ્યાં.

વાલ્મીકિએ પરસ્પર ઓળખાણ કરાવ્યું. પછી સીતા સર્વ લોકોની સમક્ષ પોતાની શુદ્ધતાની ખાત્રી કરી આપી, પૃથ્વીમાં સમાઇ ગયાં (પૃથ્વીમાંથી તેમની ઉત્પત્તિ થઇ હતી અને પૃથ્વીમાં જ તેમનો સમાવેશ થયો). રામને આથી વધારે શોક થયો. તેમણે યજ્ઞનું કાર્ય સમાપ્ત કરી કુશને રાજ્ય સોંપ્યું, તથા લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્નના પુત્રોને પણ રાજ્યનો કેટલોક ભાગ વહેંચી આપ્યો.

આમ પોતાનું અવતાર–કાર્ય સમાપ્ત કરીને ભાઇઓ સાથે રામ સ્વધામ પધાર્યા. દુનિયામાં ઘણાએ રાજાઓનાં રાજ્ય થઇ ગયાં, પણ રામરાજ્ય તે રામરાજ્ય. આવા આદર્શ રાજાઓ જવલ્લેજ થાય છે. રામના ચરિત્રમાંથી આદર્શ વ્યવહાર સંબંધી જે ઉત્તમ બોધ મળે છે, તે સમજી કંઇક અંશે પણ તેને વ્યવહારમાં ઉતારવા પ્રયત્ન થાય; તો શ્રીરામચન્દ્ર પ્રભુની સેવા સાર્થક લેખાય.

(અવતરણિકા.)

હવે ચંદ્રવંશી પ્રખ્યાત રાજાઓનાં ચરિત્રો કહેવામાં આવશે. સૂર્યવંશમાં જેમ આદિ રાજા મનુ છે, તેમ ચંદ્રવંશમાં આદિ રાજા બુધનો પુત્ર પુરૂરવા છે. પુરુરવા ઉર્વશી નામે અપ્સરાને પરણ્યો હતો, તેનાથી આ વંશનો વિસ્તાર થયો છે.

ચન્દ્રવંશી ગાધિ રાજાની પુત્રીના વંશમાં પરશુરામનો અવતાર થયો હતો, તેમનું ચરિત્ર પૂર્વે આપ્યું છે.

ચન્દ્રવંશી રાજાઓ.

'ભોગ ભોગવવાથી કામનાઓ પૂર્ણ થતી નથી.'

(યયાતચરિત.)

મનુ મહારાજ કહે છે કે, ઇચ્છાઓ ભોગ ભોગવવાથી શાન્ત થતી નથી, પણ ઘી હોવાથી જેમ અગ્નિ વધારે પ્રજળે તેમ તે વધતીજ જાય છે. માટે પ્રાણીઓએ ઈચ્છાઓને અધીન થઈ, તેમને પૂર્ણ કરવાની નિરર્થક મહેનત ન કરવી. ઈચ્છાઓને પૂર્ણ કરવા જતાં પૂર્ણ કરનારાજ પોતે પૂરા થઈ જાય છે. શ્રી શંકરાચાર્ય કહે છે કે, "દાંત પડયા છતાં, પળીયાં આવ્યા છતાં અને શરીર જીર્ણ થયા છતાં આશાઓ જીર્ણ થતી નથી." આયુષ, ધન અને શરીર ક્ષીણ થાય છે પણ તૃષ્ણા ક્ષીણ થતી નથી.

ત્યારે તૃષ્ણાને કેવી રીતે શાન્ત કરવી ? કારણ કે, અટકાવવા જતાં તો તે બમણી ઉભરાય છે. જેમ ઉભરાને દાબતાં તેનો જુસ્સો વધે છે, તેમ તૃષ્ણાપ્રવાહને અટકાવતાં તેનું જોર વધે છે, ગમે તેવા સંયમને પણ તે તોડી નાખે છે. ત્યારે શું કરવું ? તૃષ્ણા શમાવવાનો માત્ર એક ઉપાય છે. તે એ કે, તૃષ્ણા–પ્રવાહ ઉછળતો હોય તે વખતે તેને દાબી દેવો

નહિ; પણ તેના વેગની દિશા બદલવી. એવી રીતે કે, જ્યારે તે વેગમાં આવે તે વખતે કોઇ વિષય સંબંધી પદાર્થનું ચિંતન ન કરતાં ઇશ્વરચિંતન કરવા લાગવું, ઇશ્વરનું સ્વરૂપ મનમાં ઉતારવું, તેના ધ્યાનમાં લીન થવાનો પ્રયત્ન કરવો, સદુપદેશ મળે તેવાં પુસ્તકો વાંચવાં અને એમ કરીને ઉછળતા તૃષ્ણાપ્રવાહને પ્રભુ તરફ વાળવો. આવા નિરંતરના અભ્યાસથી થોડી મુદતમાં તેનું સારૂં ફળ આવે છે, મન શાંત અને નિર્મળ બને છે, તેમાં ઈશ્વરી પ્રકાશ પડે છે, અને માણસ સ્થિતપ્રજ્ઞ થઇ શકે છે.

ચન્દ્રવંશી નહુષ રાજાને છ પુત્રો હતા, તેમાં યયાતિ અતિપ્રખ્યાત હતો. તેને શુક્રાચાર્યની પુત્રી દેવયાની[1] તથા વૃષપર્વાની પુત્રી શર્મિષ્ઠા[2] એ બે રાણીઓ હતી. દેવયાનીને

---

૧ બૃહસ્પતિનો પુત્ર કચ શુક્રાચાર્ય પાસે સંજીવિની વિદ્યા શિખતો હતો, તે વખતે દેવયાનીએ તેનાં રૂપ ગુણથી આકર્ષાઇ તેની સાથે લગ્ન કરવાની ઇચ્છા કરી; ત્યારે કચે તેને ગુરૂ પુત્રી ગણી પરણવાની ના કહી. તે ઉપરથી દેવયાનીએ તેને શાપ આપ્યો કે, 'તારી વિદ્યા નિષ્ફલ જશે.' એટલે કચે પણ સામો શાપ આપ્યો કે, 'કોઇ પણ બ્રાહ્મણ તારો પતિ થશે નહિ.'

૨ શર્મિષ્ઠા રાક્ષસરાજાની પુત્રી હતી. એક દિવસ તેણીએ પોતાના ગુરૂ શુક્રાચાર્યની પુત્રી દેવયાનીનો તિરસ્કાર કર્યો, તે ઉપરથી શુક્રાચાર્ય રીસાઇને ચાલ્યા. રાક્ષસરાજાએ વિનતિ કરીને તેમને રોક્યા,

યદુ તથા તુર્વસુ નામના બે પુત્ર હતા, અને શર્મિષ્ઠાને દ્રુહ્યુ, અનુ તથા પૂરુ નામે ત્રણ પુત્રો હતા.

રાજા શર્મિષ્ઠા તરફ પ્રેમ રાખતો હતો તેથી દેવયાનીને ઈર્ષ્યા થઇ અને તેણીએ પોતાના પિતાને ત્યાં જઈ તેમને પોતાનું દુઃખ કહ્યું. તેથી શુક્રે યયાતિને શાપ આપ્યો, કે 'તું વૃદ્ધ થા.' જ્યારે રાજાએ પોતાના ગુન્હા માટે તેમની ક્ષમા માગી, ત્યારે શુક્રે તેને વરદાન આપ્યું કે, 'જો બીજો કોઈ તારી વૃદ્ધાવસ્થા લઈ લેવા ખુશી હશે; તો તે લઇ શકશે.'

યયાતિ રાજા શુક્રના શાપથી વૃદ્ધ થયો, છતાં તેની ભોગેચ્છાઓ તો હજી જેવીને તેવીજ હતી. તેથી તેણે પોતાના પુત્રોને બોલાવી 'તેમનું યૌવન પોતાને આપવા અને પોતાનું વૃદ્ધત્વ તેમણે સ્વીકારી લેવાનું' કહ્યું, પણ પહેલા ચાર છોકરાઓએ તેમ કરવાનું કબુલ્યું નહિ. છેવટે રાજાએ પોતાના સૌથી નાના પુત્ર પૂરુને પોતાનું ઘડપણ લેવા

ત્યારે શુક્રે કહ્યું કે, 'તું જો મારી પુત્રીનું મન મનાવે તો હું રહું.' રાજાએ દેવયાનીને પૂછ્યું કે, 'બ્હેન ! તારે શું જોઇએ ?' દેવયાનીએ તરતજ શર્મિષ્ઠાને પોતાની દાસી તરીકે માગી. તે વખતથી શર્મિષ્ઠા દેવયાનીની દાસી થઇ રહી. જ્યારે દેવયાનીને યયાતિ સાથે પરણાવી, ત્યારે શર્મિષ્ઠાને પણ તેની સાથે દાસી તરીકે આપી હતી. તે વખતે શુક્રાચાર્યે રાજા પાસેથી કબુલત લીધી હતી કે, "શર્મિષ્ઠાને રાણી તરીકે ગણવી નહિ." છતાં તેના રૂપગુણથી યયાતિ રાજા તેની સાથે રાણી તરીકે વર્તતો હતો.

કહ્યું. પૂરુ પિતૃભક્ત હતો. તેણે પિતાનું વચન માની, પોતાનું યૌવન પિતાને આપ્યું અને તેનું ઘડપણ પોતે ગ્રહણ કર્યું.

પુત્રનું યૌવન મેળવ્યા પછી યયાતિ રાજાએ એક હજાર વર્ષ પર્યન્ત ભોગ ભોગવ્યા, છતાં કામનાઓ તૃપ્ત થઈ નહિ; ત્યારે તેને ભાન આવ્યું અને પૂર્વના સુસંસ્કારોથી તેને સંસાર તરફ વિરાગ થયો. તેણે પોતાના પુત્ર પૂરુને તેનું યૌવન પાછું આપી પોતાનું ઘડપણ લઇ લીધું. પોતાનું વચન પાળવાથી પૂરુ ઉપર રાજાનો પ્રેમ વધ્યો હતો, તેથી એક મોટી સભા ભરી સર્વની સમક્ષ તેણે પૂરુનો રાજ્યાભિષેક કર્યો. તેણે સભાસદોને કહ્યું કે, "રાજ્યનો વારસ જો કે મોટો પુત્ર ગણાય, છતાં પૂરુએ મારૂં વચન પાળ્યું છે તેથી આ અધિકાર મેં તેને સોંપ્યો છે. શાસ્ત્રો કહે છે કે, "જે પુત્ર મા-બાપનું વચન માને અને તેમના ભલામાં તત્પર રહે તેજ ખરો પુત્ર છે." એ ન્યાયે પણ મારા આ પાંચ પુત્રોમાં ખરો પુત્ર પૂરુ જ ગણાય. તેથી મેં જે કંઇ કર્યું છે તે યોગ્ય છે."

પૂરુને રાજ્ય સોંપ્યા પછી યયાતિ રાજા વનમાં ગયો. ત્યાં તેણે સંયમપૂર્વક પરમાત્માની ભક્તિથી વાસનાઓનો ક્ષય કરી ભગવદ્ગતિ પ્રાપ્ત કરી. દેવયાનીએ પણ સાંસારિક વિષયોનો મોહ છોડી પોતાનું મન પરમાત્મા સાથે જોડ્યું.

દુષ્યન્ત–આખ્યાન.

પુરુ વંશમાં રૈભ્યનો પુત્ર દુષ્યન્ત પ્રખ્યાત રાજા થઈ ગયો છે. તે એક દિવસ રથમાં બેસી મૃગયા કરવા વનમાં ગયો હતો. માર્ગમાં એક હરિણની પાછળ જતાં રાજા તપોવનમાં પેઠો. તે તપોવનમાં કણ્વ મુનિનો આશ્રમ હતો. આશ્રમમાં કણ્વની દત્તક પુત્રી શકુંતલા પોતાની સખીઓ સાથે વૃક્ષોને પાણી પાતી હતી. રાજા તેની સુંદરતા જોઈ અતિ વિસ્મય પામ્યો. તે મનમાં વિચારવા લાગ્યો કે, "મારૂં વિશુદ્ધ ચિત્ત આજે વિકારને વશ થયું, તેનું શું કારણ? જો આ બ્રાહ્મણની પુત્રી હોય તો કદાપિ મારો પ્રેમ તેના તરફ થાય નહિ. મારૂં મનજ સાક્ષી પૂરે છે કે, તે ક્ષત્રિયની પુત્રી હોવી જોઇએ. સત્પુરૂષોને જ્યારે સંદેહ થાય, ત્યારે તેમના અંતઃકરણની પ્રવૃત્તિઓ જ તેને માટે સાબિતી રૂપ છે." તો પણ રાજાએ શકુન્તલાની સખીઓને તેનાં કુળ, જાતિ વગેરે પૂછ્યાં.

(શકુન્તલાની ઉત્પત્તિ.)

સખીઓએ રાજાને કહ્યું કે, "આ શકુન્તલા ગાધિ રાજાના પુત્ર વિશ્વામિત્રની પુત્રી છે. એક વખતે તે ઋષિ તપ કરતા

હતા, તેથી ભય પામી ઇન્દ્રાદિ દેવોએ તેમનું તપ ભંગ કરવા મેનકા નામની એક અપ્સરા મોકલી. વિશ્વામિત્રે તેનાં રૂપ-ગુણથી મોહ પામી, તપ છોડી, તેની સાથે ગૃહસ્થાશ્રમ કર્યો. થોડા સમય પછી તેમને એક પુત્રી થઈ, તેને જંગલમાંજ છોડી મેનકા સ્વર્ગમાં ચાલી ગઇ. વનમાં ફરતાં દયાળુ કણ્વમુનિએ તે છોકરીને જોઇ અને પોતાના આશ્રમમાં લાવી તેનું પાલન કર્યું.

વિશ્વામિત્રની વાત ઉપરથી મન કેટલું ચંચળ છે, તે સમજાય છે. તે એવું તો બલવાન છે કે, આપણે તેને નિયમમાં રાખવા બહુ પ્રયત્ન કરતા હોઈએ, છતાં જરાક લાગ મળતાં (રજઃ કે તમોગુણનું બળ વધતાં) તે છટકી જાય છે.

દુષ્યન્ત રાજાએ શકુન્તલાને ક્ષત્રિયપુત્રી જાણી તેની સાથે ગાંધર્વ-વિધિથી લગ્ન કર્યું. લગ્નની નિશાની તરીકે પોતાની વીંટી શકુન્તલાને આપી, રાજા પોતાના નગર તરફ ચાલ્યો ગયો.

વખત જતાં શકુન્તલાએ એક પુત્રરત્નને જન્મ આપ્યો. કણ્વે તેની વિધિપુર્વક સંસ્કારક્રિયા કરી, તેનું નામ ભરત રાખ્યું.

બાળક જેમ જેમ મોટો થતો ગયો, તેમ તેમ તેનાં બળ, બુદ્ધિ, પરાક્રમ વગેરે ખીલવા લાગ્યાં. તે જંગલમાં સિંહ-ણનાં બચ્ચાં જોડે રમતો અને તેમનાથી જરાએ ડરતો નહિ.

આજના જમાનાનાં બિલાડીના ડોળાથી એ ડરનારાં આપણાં બાળકો ક્યાં, અને પ્રાચીન કાળનાં આવાં બળવાન બાળકો ક્યાં ?

આટલા બધા તફાવતનું કારણ માત્ર એ જ છે કે, આપણે ચાર આશ્રમોના મૂળ રૂપ બ્રહ્મચર્યાશ્રમનો ભંગ કર્યો છે. આપણે નાનાં બાળકોને પરણાવી, ઢીંગલા ઢીંગલીની રમત કરી, પશુ જેવું જીવન ગાળીએ છીએ.

થોડા વખત પછી કણ્વ મુનિએ પોતાના શિષ્યોસાથે બાળકસહિત શકુન્તલાને દુષ્યંત રાજાને ત્યાં મોકલાવી. પણ પોતાની આપેલી વીંટી ન જોવાથી રાજાને શક પડયો, તેથી તેણે શકુન્તલાને સ્વીકારી નહિ. એવું બન્યું હતું કે, દુષ્યંતે આપેલી વીંટી રસ્તામાં આવતાં શન્કુતલાની આંગળીથી નીકળી પડી હતી.

રાજાના મનની સ્થિતિ આ વખતે સુડી વચ્ચે સોપારી જેવી થઇ. તે શકુન્તલાને રાખવા ઇચ્છતો ન હતો, તેમ તે પાછી જાય; એમ પણ ચ્હાતો ન હતો. તેથી તેણે

ન્તલાને પોતાના પુરોહિતને ઘેર રાખ્યા. ત્યાર પછી ન્તલાની આંગળીથી પડી ગએલી વીંટી એક મચ્છી- રની મારફતે રાજાને મળી. પોતાના નામાક્ષરથી કિત થએલી મણિમુદ્રાને જોઇ; સૂર્ય ઉગતાં જેમ અંધકાર થાય છે, તેમ રાજાની સ્મૃતિ તાજી થઇ. પોતે કણ્વના શ્રમમાં ગએલો, ત્યાં શકુન્તલાને પરણેલો, વગેરે વૃત્તાંત રાજાની દૃષ્ટિ આગળ તરવા માંડયું. પોતાના કૃત્ય માટે અતિ ખેદ થયો. તેણે શકુન્તલાને પુષ્કળ માન સાથે ાહિતને ત્યાંથી તેડાવી પોતાની પટરાણી બનાવી.

દુષ્યન્ત રાજા શકુન્તલા સાથે લાંબા કાળ સુધી ્યસુખ ભોગવી સંસારના વિષયોથી નિવૃત્ત થયો. તેણે તાના પુત્ર ભરતને રાજ્ય સોંપ્યું, અને શકુન્તલા સાથે માં રહી પ્રભુભક્તિના પ્રતાપે અક્ષય પદ પ્રાપ્ત કર્યું.

ભરતે ગાદીપર આવ્યા પછી અનેક દેશો જીત્યા ને પોતાની કીર્તિ ચારે દિશામાં વિસ્તારી. તેણે અનેક ાે કરી પુષ્કળ દાન આપ્યાં. તેના નામથી આપણો દેશ ારત વર્ષ' કે 'ભરતખંડ' કહેવાય છે.

ભરતને ભરદ્વાજ નામે પુત્ર હતો, તેના પુત્ર સંકુતિને તેદેવ નામે દયાળુ અને ઉદાર પુત્ર પ્રાપ્ત થયો હતો.

'दया धर्मको मूल है.'

રંતિદેવચરિત.

મહાત્મા તુલસીદાસ દયાને ધર્મનું મૂળ કહે છે, તે વાત ખરી છે. દયાથી હૃદય કોમલ બને છે, અભિમાન દૂર થાય છે, બીજાના દુઃખમાં ભાગ લેવાની ઇચ્છા થાય છે, ઉદારતા આપોઆપ પ્રગટ થાય છે અને પરોપકારની વૃત્તિઓ જાગૃત થાય છે.

જેમ વૃક્ષ વાવવું હોય ત્યારે તેનાં મૂળ ચોંટવા માટે જમીનને ખેડી નરમ કરવામાં આવે છે, તેમ ધર્મકલ્પતરૂનાં બીજ રોપવા માટે પ્રથમ હૃદયને દયા–ગુણથી નરમ બનાવવું જોઇએ. તોજ તેમાં ધર્મ–કલ્પતરૂનાં મૂળ ચોંટે છે. દયાહીન કઠોર હૃદયમાં કદી ધર્મના અંકુરો ફૂટતા નથી.

દયાળુ માણસ પ્રાણીઓનો વિશ્વાસ–પાત્ર બને છે. તેના આગળ મનુષ્યો પોતાનાં સુખ દુઃખની વાત કહી શકે છે, અને તે તેમને ધીરજ આપી પોતાનાથી બને તે પ્રમાણે તેમનું દુઃખ દૂર કરવા પ્રયત્ન કરે છે. દયાળુ મનુષ્ય

કદી દુઃખીઓનું દુઃખ દૂર ન કરી શકે, તો પણ તેના દયા-યુક્ત આશ્વાસન માત્રથી દુઃખીને ધીરજ તો આવે છે.

ક્રૂર હૃદયવાળા મનુષ્ય પાસે તો કોઇ જતુંજ નથી. કારણ કે લોકોને દૂરથીજ તે ભયંકર લાગે છે. ઘરડો નાગ દાંત પડી જવાથી કરડી ન શકતો હોય, તોપણ લોકો તેની પાસે જવાને શું હિંમત કરશે ?

દયાળુ જનમાં દયા સાથે ઉદારતા હંમેશ રહેલી હોય છે. જેને લીધે તે ઘણીવાર એવી સ્થિતિમાં આવી પડે છે કે, ઘણા મનુષ્યો તેના આવા ઉદાર કાર્યને વખોડી કાઢે છે અને તેને મૂર્ખમાં પણ ખપાવે છે. તેવા મનુષ્યોને સ્વ-કર્તવ્યનું ભાનજ નથી. તેઓ એમ સમજે છે કે, સંસારમાં આવી ગમે તે ઉપાયે માત્ર પોતાનું જ ઉદર ભરવું, બીજાઓને દબાવી તેમની પાસે પોતની વાહ-વાહ કહેવરાવવી અને તેઓમાં પ્રતિષ્ઠિત ગણાવું. પણ આવા માણસો પોતાને (ભયથી કે કોઇપણ હેતુથી) ધન્યવાદ દેના-રાઓનાં હૃદય તપાસે છે?

આ કથાનો નાયક રંતિદેવ રાજા અતિ દયાળુ અને ઉદાર હતો. તેના ગુણોને લીધે તેનો યશ આ લોકમાં અને પરલોકમાં ગવાયો છે.

તે રાજા પોતાની જાતે જેટલું પ્રાપ્ત કરતો તેમાંથી નિર્વાહ પૂરતું રાખી, બાકીનું ગરીબોને વહેંચી આપતો. આ તેનો નિત્યનો નિયમ હતો. આ નિયમની પરીક્ષા કરવા ઇશ્વરે તેને કસોટીએ ચઢાવ્યો.

એક સમય એવો આવ્યો કે, રંતિદેવને કેટલાક દિવસ પર્યન્ત કંઇપણ દ્રવ્ય પ્રાપ્ત થયું નહિ; તેથી તેને કુટુંબ સાથે ઉપવાસ કરવા પડયા. કેટલાક ઉપવાસ થયા પછી એક દિવસે દૈવયોગે તેને મિષ્ટાન્ન પ્રાપ્ત થયું, ત્યારે રંતિદેવ પોતાના કુટુંબ સાથે ખાવા બેઠો. એટલામાં એક ભૂખ્યા બ્રાહ્મણે આવી, તેની પાસે અન્નની યાચના કરી. રંતિદેવે જરાપણ સંકોચ કર્યા વિના તે બ્રાહ્મણને તેમાંથી જમાડયો. બ્રાહ્મણ જમીને ગયો કે, એક શૂદ્ર ભૂખથી ટળવળતો ત્યાં આવ્યો. રંતિદેવે દયાથી તેને પણ જમાડયો. તે જાણતો હતો કે ગમે તે જાતિનો મનુષ્ય હોય, પણ સર્વમાં આત્મા તો એકજ છે. હવે થોડો ખોરાક બાકી રહ્યો હતો. એટલામાં વળી એક ભૂખ્યો શિકારી કુતરાઓ સાથે તે ઠેકાણે આવી પહોંચ્યો, ત્યારે રંતિદેવે શેષ રહેલું અન્ન પણ તેને આપી દીધું હવે ફક્ત એક લોટામાં પાણી હતું તે પીને રાજાએ સંતોષ માનવાનો નિશ્ચય કર્યો, એટલામાં તો દૂરથી જ તેણે એક મુસાફરને પાણી મેળવવા શબ્દ કરતો સાંભળ્યો; ત્યારે આ દયાળુ રાજાએ પાણી પણ તેને આપી દીધું.

ઘણે દિવસે મેળવેલું અન્ન દયાથી અતિથિઓને આપી દઇ રાજા કહેવા લાગ્યો; 'બસ, આજ સ્થિતિ ઉત્તમ છે. પાત્રને દાન આપી નિષ્કિંચન–નિર્ધન બનવું તેના આગળ ઈન્દ્રાસન પણ રદ છે. હું સુખની કે ધનની આશા રાખતો નથી, પણ દીનતા માગું છું'' કે જેથી બીચારા ગરીબોનાં દુઃખ જાણી શકાય. શ્રીમંત મનુષ્યો ગરીબોનાં દુઃખ ક્યાંથી જાણે ? જેને ગરીબોનાં દુઃખ દૂર કરવાની ઈચ્છા હોય તેણે પોતેજ પ્રથમ દીન બનવું જોઈએ. બાળકની વૃત્તિઓ પારખવી હોય તો બાલક બનવું જોઇએ; કારણ કે, ' આંધળો જ આંધળાની ગત જાણે.' કોઇપણ મનુષ્યની જોડે ભળ્યા વિના તેના અન્તરના વિચારો આપણે પામી શકતા નથી."

આ પ્રમાણે વિચાર કરતાં રંતિદેવનું ચિત્ત વિરાટ્-રૂપ પરમાત્મા સાથે લીન થયું. આપોઆપ તેને સમાધિ દશા પ્રાપ્ત થઇ. તેજ વખતે બ્રહ્મા, વિષ્ણુ તથા મહેશ્વર વગેરે દેવોએ તેને દર્શન આપ્યાં. રાજાએ તેમને પ્રણામ કર્યો, પણ તેમની પાસેથી કંઇ માગ્યું નહિ. કારણ કે, તે નિઃસ્પૃહ હતો; અને એક પરમાત્માને જ ભજતો હતો. આ પ્રમાણે સમાધિમાં નિમગ્ન થએલો તે રાજા પરમાત્મ-સ્વ-રૂપને પ્રાપ્ત થયો. તેના પ્રભાવથી તેના વંશજો પણ સદાચારી, દયાળુ અને પરોપકારી થઇ; સદ્ગતિને પામ્યા હતા.

(અવતરણિકા.)

આ પ્રમાણે પુરુવંશના મુખ્ય પુરુષોનાં ચરિત્રો કહ્યાં. આયુના પુત્ર દિવોદાસના વંશમાં દ્રુપદ વગેરે અને અજમીઢના પુત્ર ઋક્ષના વંશમાં જરાસંધ, યુધિષ્ઠિર, દુર્યોધન વગેરે રાજાઓ થયા. કુરૂ રાજા ઋક્ષથી ત્રીજો પુરૂષ હતો. તેના પુત્ર જહ્નુથી ચોથી પેઢીએ પ્રતીપ રાજા થયો. તેને શાંતનુ નામે પુત્ર હતો. શાંતનુ રાજાને બે રાણીઓ હતી; ગંગા અને સત્યવતી. ગંગાને ભીષ્મ અને સત્યવતીને ચિત્રવીર્ય તથા વિચિત્રવીર્ય નામે પુત્રો હતા. વિચિત્રવીર્યને પણ બે પુત્રો હતા; ધૃતરાષ્ટ્ર અને પાંડુ. તેમના પુત્ર કૌરવ તથા પાંડવ કહેવાયા.

કુરૂવંશ.

એક વચની ભીષ્મ.

मातृदेवो भव । पितृदेवो भव । आचार्यदेवो भव ।

(મા, બાપ અને ગુરૂને દેવ-પૂજ્ય ગણો.)

'આબી બોલ્યા અને અબા ફોક' આ કિંવદન્તી કોઈથી અજાણી નથી. ઘણા માણસો એવા છે કે, જેઓ બોલશે કાંઇ અને કરશે કાંઈ. આમ કરવામાં તેઓ પોતાની કુશલતા માને છે, અને એમ કરવાથી જ વ્યવહાર ચાલે એવી તેમની માન્યતા હોય છે. જેનામાં આ ગુણ વધારે તેજ ન્યાત કે

ગામનો પંચાતીઓ થઇ શકે, આવો વ્યવહાર અત્યારે તો ઘણી જગાએ પ્રચલિત છે. બધા ઉદ્યોગોમાં પણ બેવચની· પણાએ પોતાની જડ ઘાલી છે. બાહ્યદૃષ્ટિએ તપાસતાં આવા વ્યવહારથી કેટલાક તાત્કાલિક લાભ મળે છે ખરા, પણ તે થોડી મુદ્દત ટકનારા હોય છે. કારણકે, સામો માણસ જ્યારે સમજી જાય છે કે, તેને–પોતાને છેતરવામાં આવે છે, ત્યારે તે બેવચની માણુસની પત રાખતો નથી અને કોઇ પણ કાર્યમાં કે ધંધામાં તેની સાથે પડતો નથી. જ્યારે એક માણુસ કોઈને બેવચની પણાથી છેતરે છે ત્યારે બીજા લોકો તેને છેતરે છે. આમ તે ઠેરનોઠેર રહે છે. કારણકે, એ તો કુદરતી નિયમ છે કે ‘જેવું વાવીએ તેવું લણીએ’ અને ‘કરીએ તેવું પામીએ.’

બેવચની માણુસના બોલ અહીં જુદા અને તહીં જુદા હોવાથી, તેને સાપની ઉપમા આપી છે; કારણકે, સાપને બે જીભો હોય છે. એકવચની માણુસનો વ્યવહાર જેવો દીપી નીકળે છે, તેવો બેવચનીનો વ્યવહાર દીપતો નથી. એક વચની માણુસે મેળવેલી લક્ષ્મી ભલે થોડી હોય, પણ તે સુલક્ષ્મી છે. તે હંમેશ ટકે છે, અને તેને સુખ ઉપજાવે છે. બેવચનીએ અઢળક ધન મેળવ્યું હોય છતાં તે અલક્ષ્મી હોવાથી તેને ત્યાં નુકસાન કરાવે છે. એકવચનીનો

થશ વધે છે અને બેવચની માણસ જગતમાં નિંદાપાત્ર બને છે.

આન્તરિક દૃષ્ટિએ તપાસતાં તો બે-વચનીપણું તદ્દન ખરાબ છે. બેવચની માણસ પ્રથમ તો જુઠું બોલવાનો ગુન્હો કરે છે અને આત્માને છેતરે છે; કેમકે તેના અન્તરમાં જુદું હોય છે અને હોઠે જુદું આવે છે. આમ હાથે કરીને ઈશ્વરના સત્ય પ્રકાશને દૂર કરવાથી તેને નિરંતર અંધારામાં—અજ્ઞાનમાં સડવાનું રહે છે, અને તે પોતાની અધોગતિ કરે છે. શાસ્ત્રો કહે છે કે, 'આત્મા આત્માનો બંધુ છે, અને આત્મા આત્માનો શત્રુ પણ છે' તે આ રીતે સિદ્ધ થાય છે.

બેવચનીપણાની પાછળ અધર્મના બધા ગુણો માણસમાં દાખલ થાય છે. પછી ભલે તે ઉપરથી ધર્મનો ડોળ કરતો હોય, પણ તે પાખંડ જ છે. ભગવાન પાખંડીને તો હંમેશાં પોતાનાથી દૂર રાખે છે. જેઓ એક વચની છે તેઓજ જગતમાં મરદ અને મનુષ્ય છે. તે હંમેશને માટે પ્રભુના પ્રિય અને કૃપાપાત્ર બની રહે છે.

એક વખત શંતનુ રાજા મૃગયા કરવા માટે યમુના નદીની આસપાસ આવેલા વનમાં ફરતો હતો, એટલામાં તેણે એક લાવણ્યવાળી કન્યા જોઈ. રાજાએ તેની પાસે

જઇ તેનું તથા તેના પિતાનું નામ પૂછયું, ત્યારે તે બોલી; 'હું ઢીમર રાજાની પુત્રી છું. મારૂ નામ મત્સ્યગંધા છે.' પછી રાજાએ તેના પિતા પાસે જઇ તેની માગણી કરી. ત્યારે ઢીમર બોલ્યો; 'હું એક શરતથી કન્યા આપું.' શાન્તનુએ તેને કહ્યું, 'તારી જે શરત હોય તે કહે.' ઢીમરે કહ્યું કે, "મારી પુત્રીનો જે પુત્ર થાય, તે તમારી પાછળ ગાદીનો માલીક બને એવી શરત કરો." રાજાને આ શરત પસંદ ન પડી, તેથી તે પોતાના નગર તરફ ચાલ્યો ગયો. રાજા ગયો તો ખરો, પણ તેનું મન આ ઢીમર પુત્રીના લાવણ્યમાં જ રમી રહ્યું હતું તેથી તે દિવસે દિવસે ક્ષીણ થવા લાગ્યો. [1]પ્રિયવ્રતે પિતાને તેમના દુઃખનું કારણ પૂછયું, પણ પુત્ર આગળ આવી હલકી વાત જણાવતાં રાજાનું મન કચવાયું; તેથી તેણે ખરી વાત ઉડાવી દીધી. પછી પ્રિયવ્રતે શન્તનુના સારથિને બોલાવી, ખરી હકીકત સમજી લીધી અને પિતાનું માનસિક દુઃખ દૂર કરવા તે ઢીમર પાસે ગયા. ઢીમરે તેને પણ તેજ શરત કહી બતાવી. ત્યારે પ્રિયવ્રતે કહ્યું, "હું પ્રતિજ્ઞા કરૂં છું કે, તારી પુત્રીને જે પુત્ર થશે તે અમારો રાજા થશે." ઢીમર બોલ્યો, 'સત્ય-ધર્મપરાયણ રાજકુમાર ! તમારૂં વચન તમે મિથ્યા નહિ

---

૧ પ્રિયવ્રત, શાન્તનવ અને ગાંગેય વગેરે ભીષ્મનાં પર્યાય નામ છે.

કરો એ હું સમજું છું, પણ તમારો પુત્ર થાય તે કંઇ આ શરત પાળે ખરો ? આ મને મોટો સંશય છે.' ઢીમરનું વાકય સાભળતાંજ પિતૃભક્ત પ્રિયવ્રત બોલ્યા, 'તને મારા પુત્રથી શંકા થઈ તો હું પરણીશજ નહિ; પછી શું ? હવે તારી પુત્રી આપતાં તને કોઇ જાતની હરકત છે ?' રાજપુત્રની આવી ભીષ્મ પ્રતિજ્ઞા સાંભળી ઢીમરે પોતાની પુત્રી શંતનુ રાજાને આપી. રાજા પણ પોતાના પુત્રની આવી દ્દઢ પ્રતિજ્ઞા જાણી મનમાં અતિખેદ પામ્યો. તેણે પ્રિયવ્રતને આશિર્વાદ આપ્યો કે, "તેં મારે માટે તારો સ્વાર્થ તજી, તારો દૃઢ નિશ્ચય અને પિતૃભક્તિ દેખાડી આપ્યાં છે, તેથી તારૂં મરણ તારે આધીન રહેશે; અર્થાત્ તારી ઇચ્છા હશે ત્યારેજ તું મરીશ."

રાજકુમાર પ્રિયવ્રત પોતાની ભીષ્મ પ્રતિજ્ઞાથી લોકોમાં ભીષ્મ નામથી પ્રખ્યાત થયા. તે મરણ પર્યન્ત બ્રહ્મચારી રહ્યા, અને મહાન્ સંકટમાં પડયા છતાએ પોતાની પ્રાણ-પ્રિય પ્રતિજ્ઞા તેમણે તોડી નહિ. તેના પ્રભાવથી તે અક્ષય-લોકને પામ્યા અને જગતમાં પોતાનો અક્ષય યશ મૂકતા ગયા.

યદુવંશ.

દશમ સ્કંધનો પ્રારંભ.

સ્વાર્થીની સગાઇ શી?

(કંસે દેવકીના છ પુત્રોનો નાશ કર્યો.)

સ્વાર્થ સાધવો એટલે કોઇ પણ ઉપાયે પોતાનો હેતુ બર લાવવો. દરેક પ્રાણીમાં સ્વાભાવિક રાતે સ્વાર્થનાં બીજ હોય છે; પરંતુ તેની એ હદ હોય છે. તદ્દન સ્વાર્થને છોડી દેનારા પુરૂષો પણ પૃથ્વીપર ઉત્પન્ન થયા છે—થાય છે. મનુષ્યની ઉચ્ચતા કે નીચતા તેના સ્વાર્થની સીમાથી આંકી શકાય છે.

એક કવિ મનુષ્યોના વર્ગ પાડતાં કહે છે કે, "જેઓ જશાએ સ્વાર્થબુદ્ધિ રાખતા નથી તે સત્પુરૂષો ઉચ્ચ કોટીના છે, સ્વાર્થ સાથે પરમાર્થને સાધનારા પુરૂષો મધ્યમ વર્ગના છે; પોતાના સ્વાર્થને માટે પરોપકારને તિલાંજલિ

આપનારા—બીજાનું અહિત કરનારા કે કરાવનારા માણસો અધમ પંક્તિના—મનુષ્ય રાક્ષસો છે, પણ જેઓ વિના સ્વાર્થે બીજાઓને હેરાન કરે છે તેમને કઇ કોટીમાં મૂકવા, તે અમે જાણતા નથી.''

આ ગણનામાં ત્રીજા અને ચોથા પ્રકારના સ્વાર્થને શાસ્ત્રો ધિક્કારે છે. એવી જાતનો સ્વાર્થ પિતા—પુત્ર વચ્ચે, ભાઇ—ભાઈમાં, મિત્ર—મિત્રમાં, શેઠ—ચાકરની અંદર; એમ દરેક જગાએ કુસંપ કરાવે છે.

એ દુષ્ટ સ્વાર્થ ઉંદર સારૂ ડુંગર ખોદાવનાર, છતે પૈસે દુઃખ ભોગવાવનાર, ન કરવાનાં કામો કરાવનાર, પરમાર્થમાંથી પ્રીતિને હઠાવનાર, ગરીબોને દુભાવનાર, ઈશ્વરભજનમાં અણગમો પેદા કરનાર, નિવૃત્તિનો નિરંતરનો શત્રુ, સુખનાં સ્વપ્નાં આપનાર, સરળતાનો સંહારક, પાખંડને પોષનાર, આનંદનો અરિ, પવિત્રતા, પ્રેમ, સ્વાભિમાન અને સ્વતંત્રતાને દૂર કરનાર, વિવેકને વણસાડનાર અને ભવસાગરમાં ભમાવનાર છે. સ્વાર્થી માણસ માતાને, પિતાને, પુત્રને, સ્વામીને, બંધુને કે પ્રિયમિત્રને જોખમમાં નાખતાં અચકાતો નથી; કારણ કે તેનું હૃદય કઠોર હોય છે. આ દુષ્ટ સ્વાર્થ તેવા માણસોનાં હૃદયમાં વાસ કરે છે કે, જેમના હૃદયમાં ભગવત્પ્રેમે સ્થાન કર્યું નથી.

યયાતિના પુત્ર યદુ રાજાના વંશજોની રાજધાની મથુરા હતું. ત્યાં યદુ પછી કેટલીક પેઢીએ આહુક નામે રાજા થયો. તેને દેવક અને ઉગ્રસેન નામે બે પુત્રો હતા. દેવકને દેવકી નામે એક સુશીલ પુત્રી હતી. ઉગ્રસેનના મોટા પુત્રનું નામ કંસ હતું. તે ઘણો ક્રૂર, ઈશ્વરથી વિમુખ અને સજ્જનોનો શત્રુ હતો.

દેવકે પોતાની પુત્રી દેવકીનું લગ્ન શૂરસેનના પુત્ર વસુદેવ સાથે કર્યું હતું. તે વખતે બ્હેનને સારૂં લગાડવા માટે કંસ વસુદેવ અને દેવકીનો રથ હાંકી થોડે સુધી તેમને વળાવવા ગયો. એટલામાં દેવદૂતોદ્વારા તેને ખબર મળી કે, "દેવકીના આઠમા ગર્ભથી તારૂં મરણ થશે." આથી કંસ ચોંકયો અને મ્યાનમાંથી તલવાર કાઢી બ્હેનનું મસ્તક કાપવા તૈયાર થયો. ખરેખર, "अव्यवस्थितचित्तानां प्रसादोऽपि भयङ्करः અસ્થિર ચિત્તવાળા મનુષ્યોની કૃપા પણ કોઈ વખતે ભયંકર નીવડે છે."

દેવકીને મારતાં વસુદેવે કંસને અટકાવ્યો અને કેટલોક સદ્‌બોધ આપ્યો, પણ 'પત્થરપર પાણી' ની પેઠે તે ફોગટ ગયો. ત્યારે વસુદેવે વિચાર કર્યો કે, "બધું નાશ થતું હોય, તો બુદ્ધિમાને તેમાંથી અર્ધું પણ બચાવવું જોઇએ. વળી 'અણી ચૂકયો સો વર્ષ જીવે' એ ન્યાયે

દેવકીના પુત્રો કંસને આપવાની શરતે પણ આ વખતે દેવકીનો જીવ બચાવવો જોઇએ. ભવિષ્યની વાત આગળપર જોઇ લેવાશે." આમ ધારી વસુદેવે કંસને કહ્યું, "અરે, રાજન્! તમે સમજુ થઈ કેમ ભૂલો છો? તમને દેવકીનાં સંતાનોથી ભય છે, કંઈ દેવકીથી તો ભય નથી ને? નાહક દેવકીને શા સારૂ મારો છો? તમારી બ્હેનને જે સંતાન થશે તે હું તમને આપી જઈશ, પછી શું?" વસુદેવના આ વચનપર કંસને વિશ્વાસ આવ્યો, તેથી તેણે દેવકીને છોડી દઇ વસુદેવને વિદાય કર્યા.

જ્યારે દેવકીને પ્રથમ પ્રસવ થયો, ત્યારે પોતાનું વચન પાળવા માટે વસુદેવજી પુત્રને લઈ કંસ પાસે ગયા. 'ધૈર્યરૂપી ધનવાળા સાધુ પુરૂષો દુઃખ પડતાં પણ પોતાનું સત્યવ્રત છોડતા નથી.' કંસ પોતાની બ્હેનના પુત્રને જોઇ બોલ્યો, "એને પાછો લઇ જાઓ; મને એનાથી ભય નથી." કંસનું વચન સાંભળી વસુદેવજી પુત્રને લઇ ઘર તરફ ચાલ્યા પણ કંસને વિશ્વાસ આવ્યો નહિ, તેથી તેણે બાળકને પાછો મંગાવી મારી નાખ્યો.

એ અરસામાં નારદઋષિ ફરતા ફરતા કંસ પાસે આવ્યા. નારદ એ વિશ્વનું હિત કરનાર, સજ્જનોના સહાયક અને સૃષ્ટિના વિકાસક્રમને મદદ કરનાર છે. તેમણે

વિચાર્યું કે, "હવે તો આ દુષ્ટ ઘણુંજ અયોગ્ય આચરણ કરે છે, તેના મરણ વિના જગતને શાંતિ મળે તેમ નથી. જો તે હદ બહાર જુલમ કરે તોજ તેનાં અવશેષ સુકૃત પૂરાં થાય અને જલદીથી તેનો વિનાશ થાય." આથી તેમણે કંસને ઉશ્કેર્યો કે, "હજી તું ભોળોજ રહ્યો. તું જાણુ તો નથી કે, આ વ્રજમાં જેટલા ગોવાળ છે; તથા આ વસુદેવ, નંદ વગેરે છે; તે બધા દેવો છે! તેઓ તારો વિનાશ કરાવવા અવતર્યા છે. માટે જલદી ચેત!!!"

નારદની ઉશ્કેરણીથી કંસ ઉશ્કેરાયો. તેણે વસુદેવ અને દેવકીને પકડી કારાગૃહમાં નાખ્યાં, પોતાના પિતા ઉગ્રસેન પણ દેવોના પક્ષના જ હોવા જોઇએ એમ ધારી તેમને પણ કેદ કર્યા, અને ગાદીપર બેસી પોતાની આણ વર્તાવી. જો કે, દેવવાણીએ તો તેને કહ્યું હતું કે, 'દેવકીના આઠમા ગર્ભથી તારો નાશ થશે.' પણ નારદે તેને એમ સમજાવી દીધું કે, "એ દેવવાણીમાં કપટ છે. આઠ માણસોનું એક કુંડાળું કરીએ તેમાં પહેલો કયો અને આઠમો કયો એ સમજી શકાતું નથી, તેમ આ આઠમા ગર્ભ વિષે પણ જાણવું." કંસની બુદ્ધિઉપર અજ્ઞાનતાનું પડળ લાગેલું તેથી તેણે નારદની વાત સત્ય માની, અને દેવકીના છ પુત્રોને અનુક્રમે મારી નાખ્યા.

શ્રી કૃષ્ણાવતાર.

બધા અવતારોમાં શ્રીકૃષ્ણનો* અવતાર મુખ્ય ગણાય છે. કેમકે, શ્રીકૃષ્ણચરિત્રમાંથી વ્યાવહારિક, ધાર્મિક, આધ્યાત્મિક વગેરે અનેક વિષયોનું ઉચ્ચ શિક્ષણ મળે છે. બીજા અવતારોનો હેતુ જ્યારે અમુકદેશી છે ત્યારે શ્રીકૃષ્ણ-અવતારનો હેતુ સર્વદેશી છે.

શ્રીકૃષ્ણચરિત્રમાં વિવિધતા છે, માટેજ તે દરેક મનુષ્યોને રૂચિકર થઇ પડયું છે. કેટલીકવાર તેમાં શ્રીકૃષ્ણનો ભક્તપ્રતિનો તાદૃશ પ્રેમ દેખાય છે અને શ્રીકૃષ્ણ એક પ્રેમનીજ મૂર્તિ હોય એવો અનુભવ થાય છે, તો બીજી વખતે દુષ્ટોના સંહાર કરવાને તે ઉગ્રમૂર્તિ જણાય છે; અર્થાત્ કાલસ્વરૂપે દર્શન દે છે. કેટલીક વાર તે રાજનીતિનું ખરૂં સ્વરૂપ સમજાવતાં પોતાનું અગાધ ડહાપણ અને દૂરદર્શીપણું પ્રકટ કરે છે; તો કેટલીક વાર મનુષ્યોને પોતાનાં કર્તવ્યોનું ભાન કરાવી, આત્મ-અનાત્મનો ભેદ સમજાવી, સ્વસ્વરૂપનું જ્ઞાન કરાવતાં જગદ્ગુરૂરૂપે દેખાવ દે છે.

*कृष् + न=कृष्ण. સર્વ પ્રાણી માત્રના આધારરૂપ ઐશ્વર્ય, અને નિર્વૃતિ (અખંડાનંદ) જેમાં એકત્ર રહે છે તે કૃષ્ણ-પરબ્રહ્મ.

વળી તે વચ્ચે વચ્ચે પ્રિયમિત્ર અર્જુનનું હિત કરવા તેના સારથિ થઇ એક વ્યક્તિ તરીકેનો સરળ સ્વભાવ વ્યક્ત કરે છે; તો બીજી પળે તેને પોતાનું વિશ્વરૂપ બતાવી "હું બ્રહ્મ છું, બધું વિશ્વ મારામાં છે, હું શુદ્ધ સ્વરૂપ છું, દ્વંદ્વથી મુક્ત છું, કર્તા છતાં કર્મબંધનોથી છુટો છું, ભોક્તા છતાં નિર્લેપ છું" ઇત્યાદિ વાક્યોથી પોતાનું વિભુત્વ અને અવ્યક્તપણું પ્રકટ કરે છે. આવી વિવિધતા તેમના ચરિત્રમાં આપણને પદે પદે ભાસે છે. પરમાત્માની આવી અગાધ અને અનન્ત લીલાનું યથાર્થ અવલોકન કોણ કરી શકે? છતાં પોતાનાં મન, વાણી અને બુદ્ધિને શુદ્ધ કરવા માટે શક્તિ પ્રમાણે તેનાં ચરિત્રોનું અવલોકન કરવું અને પરમાનંદમાં નિમગ્ન થવું; એ દરેક મનુષ્યનું કર્તવ્ય છે.

જ્યારે પૃથ્વીપર દુષ્ટોનો ભાર બહુ થયો હતો અને મનુષ્યો પોતાનાં કર્તવ્ય ભૂલી આડે માર્ગે વિચરતા હતા, ત્યારે વેદોએ પૂર્ણ સ્વરૂપ પરમાત્માની પ્રાર્થના કરી કે, 'હે વિભો! હવે આપ પૃથ્વીનો ભાર દૂર કરવા અને જગતમાં શાન્તિ સ્થાપવા અવતાર ધારણ કરો.' દેવોની અરજ સાંભળી, તેમને પણ અવતાર ધારણ કરવાનું કહી, ભગવાને પોતાના અંશરૂપે પ્રથમ બલભદ્રનો અવતાર ધારણ કર્યો. ત્યારપછી પ્રભુએ શુદ્ધ આનંદના સ્થાનરૂપ

વસુદેવના શરીરમાં પોતાનું તેજ પ્રકટ કરી, તે દ્વારા પ્રજ્ઞારૂપ દેવકીજીના દેહમાં દાખલ થઇ, પોતાનાં અનન્ત તેજથી કારાગૃહને પ્રકાશિત કરી મૂક્યું. તે વખતે વસુદેવ અને દેવકીજીની સ્થૂલ દષ્ટિ દૂર થઇ અને તેઓ પ્રત્યક્ષ પરમાત્મ-સ્વરૂપને અનુભવવા લાગ્યાં. પણ આ સ્થિતિ લાંબો વખત ટકી નહિ. થોડા વખત પછી તેમણે પોતાના આગળ શંખ, ચક્ર, ગદા, પદ્મ અને હૃદયમાં શ્રીવત્સનાં ચિન્હવાળું એક બાળક પડેલું દેખ્યું. આવા અદ્ભુત બાળકને જોઈ વસુદેવ તથા દેવકી અતિ આનંદ પામી પરમાત્માની સ્તુતિ કરવા લાગ્યાં. દેવોએ પણ અન્તરિક્ષમાં રહી પ્રભુસ્તુતિ કરી.

પ્રભુ ગમે તેને ત્યાં પ્રકટ થતા નથી, પણ જ્યાં સંયમ, તપ, શ્રદ્ધા, પ્રેમ અને ભક્તિભાવ પૂર્ણ જાગૃત થયાં હોય ત્યાંજ પ્રકટ થાય છે. વસુદેવ અને દેવકીએ પૂર્વ-જન્મમાં પોતાનાં મહાન્ તપથી સ્વ–સ્વરૂપમાં ભગવત્–સ્વરૂપને પ્રકટાવવા યોગ્ય અધિકાર પ્રાપ્ત કર્યો હતો, તેથીજ તેમનામાં ભગવત્–સ્વરૂપનું પ્રાકટય થયું; એ વાત અહીં યાદ રાખવા જેવી છે.

(શ્રીકૃષ્ણનું ગોકુળ જવું.)

પછી ઈશ્વરપ્રેરણાથી વસુદેવ શ્રીકૃષ્ણને લઈ ગોકુળ ગયા, અને તેમને નંદને ત્યાં મૂકી, યશોદાની પુત્રીને લઈ પાછા મથુરામાં આવ્યા. આ બધો પ્રભુનો ચમત્કાર હતો.

વસુદેવના આવ્યા પછી છોકરી રડવા લાગી, તેથી કંસને જાહેર થયું કે, દેવકીને પ્રસવ થયો છે. આ પોતાનોજ શત્રુ અવતરેલો છે એમ ધારી કંસ દોડતો આવ્યો, અને જોયું તો છોકરી અવતરેલી દીઠી. તોપણ પોતાનો નિયમ તો તેણે પાળ્યોજ.

ભગવાનને શરણે જતાં અવિદ્યાનો લય થાય છે.

(પૂતનાવધ.)

અગ્નિમાં પડતાં ધાતુના દોષો જેમ બળીને ભસ્મ થાય છે, તેમ હૃદયમાં રહેલી અવિદ્યાનો (માયા-ભ્રમ-અજ્ઞાનનો) ભગવાનને શરણે જતાં લય થઈ જાય છે. હંમેશાં સૂર્યની પાસે રહેનારાઓને જેમ અન્ધકાર નડતો નથી, અમૃતરસ પીનારને જેમ મરણ ભય ઉપજાવતું નથી, નિરંતર ચન્દ્રકિરણ સેવનારને જેમ તાપ ખેદ પમાડતો નથી; તેમ જગતમાં રહેવા છતાં નિરંતર ભગવાનનાં ચરણ-કમળને હૃદયમાં ધારણ કરનારો મનુષ્ય અવિદ્યા-માયાનાં આવરણમાં ફસાતો નથી. તેને આ સંસારના ત્રિવિધ તાપ તપાવતા નથી. તે હંમેશાં શુદ્ધ, બુદ્ધ અને મુક્ત રહે છે. આ કથામાં પૂતના અવિદ્યાનું સ્વરૂપ છે, તે

ભગવાનને ફસાવવા જાય છે; પણ ભગવાનનો સ્પર્શ થતાંજ તેનું અવિદ્યારૂપ નષ્ટ થાય છે.

વસુદેવજી જે કન્યાને ગોકુળમાંથી ઉપાડી લાવ્યા હતા તેનો જ્યારે કંસ રાજાએ નાશ કર્યો, ત્યારે તેને દેવી વાણીથી ખબર મળી કે, 'તારો નાશ કરનાર તો ઉત્પન્ન થઈ ચુકયો છે.' તે વખતે કંસે પોતાનાં બ્હેન–બનેવીને છુટાં કરી, તેમની ક્ષમા માગી, પોતાના પાપનું પ્રાયશ્ચિત કર્યું.

બીજા રાક્ષસોને જ્યારે ભગવાનના અવતારની ખબર થઈ, ત્યારે તેઓ કંસને કહેવા લાગ્યા કે; "જો વિષ્ણુ ઉત્પન્ન થયો હોય તો તેનો નાશ કરવાને એક ઉપાય છે. અમે સાંભળ્યું છે કે, બ્રાહ્મણો, ગાયો, વેદ, તપ, સત્ય, ઇન્દ્રિય-નિગ્રહ, મનઃસંયમ, શ્રદ્ધા, દયા, તિતિક્ષા અને યજ્ઞો એ બધાં વિષ્ણુનાં અંગો છે; માટે તેમનો નાશ કરવાથી વિષ્ણુનો આપોઆપ નાશ થશે." રાક્ષસોનાં વચન કંસને સત્ય ભાસ્યાં, તેથી તેણે તેમને ઇચ્છા પ્રમાણે વર્તવાની પરવાનગી આપી.

પછી કંસે તરતનાં જન્મેલાં સઘળાં બાળકોનો નાશ કરવા માટે એક પૂતના નામની રાક્ષસીને હુકમ કર્યો. તેથી તે પોતાના સ્તનપર વિષ ચોપડી, ઘણા બાળકોને ધવરાવી તેમનો નાશ કરતી ગોકુળમાં નંદરાયને ત્યાં આવી, અને કૃષ્ણને પોતાના ખોળામાં લઈ ધવરાવવા લાગી.

પ્રભુ દયાલુ છે. તે પોતાની પાસે આવેલા પાપીનાં પાપ નિવૃત્ત કરે છે. એ મુજબ શ્રીકૃષ્ણે પૂતનાને ધાવતાં, તેની સઘળી દુર્વૃત્તિઓને ખેંચી લીધી અને તેના અવિદ્યાસ્વરૂપનો નાશ કર્યો.

યશોદાને વિશ્વરૂપદર્શન.

યશોદા અત્યારસુધી શ્રીકૃષ્ણનાં પ્રભુત્વથી અજાણ હતાં. એક સામાન્ય સ્ત્રીની માફક તે શ્રીકૃષ્ણને પુત્રભાવથી જોતાં. તેમનો આવો ભાવ પ્રભુને દૂર કરવો હતો, તેથી એક દિવસ યશોદાના દેખતાં તેમણે માટી ખાધી. યશોદા દોડી આવ્યાં અને માટી બહાર કાઢી નાખવા માટે શ્રીકૃષ્ણને મ્હોં ઉઘાડવાનું કહ્યું. તે મુજબ શ્રીકૃષ્ણે પોતાનું મ્હોં ઉઘાડયું તો તેમાં યશોદાને આખું વિશ્વ જણાયું. યશોદા તો તેથી વિસ્મિત થઈ ગયાં અને આ કોઈ દેવી પુરૂષ છે એમ ધારી, શ્રીકૃષ્ણને પ્રભુભાવે જોવા લાગ્યાં.

આ વાત નજીવી લાગે છે, પણ તેમાં રહસ્ય સમાએલું છે. માટી એટલે પૃથ્વીતત્વઃ તેનું ભક્ષણ કરી શ્રીકૃષ્ણે એમ સૂચવ્યું, કે 'આવાં અનેક તત્ત્વો મારામાં છે.' તે મારામાંજ ઉત્પન્ન થાય છે, પોષાય છે અને લીન થાય છે. એટલે જેને તું તારો એક પુત્ર ગણે છે તે હું એક વ્યક્તિમાત્ર નથી, અથવા તો તને જણાતો આ દેહ એ મારૂં (પરમાત્માનું) સત્ય સ્વરૂપ નથી. હું તો સર્વાન્તર્યામી, સચરાચરબ્રહ્માંડને ધારણ કરનાર, અવિનાશી અને સચ્ચિદાનંદરૂપ છું. તમે પણ બ્રહ્મનાંજ અંશરૂપ છો. આમ આપણે એકરૂપ છીએ ત્યાં મારૂં-તારૂં વગેરે ભાવ કયાંથી હોઇ શકે? એવો ભાવ તો અવિદ્યાથી ઉત્પન્ન થાય છે. માટે આત્મસ્વરૂપને પ્રાપ્ત કરવા ઇચ્છતા મનુષ્યે તેનો ત્યાગ કરવો જોઇએ.'

આ પ્રમાણે શ્રીકૃષ્ણે યશોદાજીની (પોતાના તરફ પુત્ર તરીકેની) ભ્રમબુદ્ધિ દૂર કરી તેમને આત્માના વિશ્વવ્યાપીપણાનું જ્ઞાન આપ્યું.

કર્મનાં દઢબન્ધનોમાંથી પ્રાણીઓનો છુટકારો કરનાર પ્રભુજ છે.

(ગુલકોની મુક્તિ.)

છુટા હોય તે બીજાને છોડાવી શકે. પોતેજ કર્મથી બંધાએલો પ્રાણી બીજાને શી રીતે બન્ધનમુક્ત કરી શકે ? આ વિષે એક રમુજી વાત છે. " એક વખત એક રાજાએ ભાગવતની સપ્તાહ સાંભળી, પણ તે કર્મબન્ધનોથી છુટયો નહિ. ત્યારે તેણે વ્યાસને કહ્યું કે, ' તમે કથા સંભળાવી છતાં મારો મોક્ષ ન થયો તેનું કારણ શોધી કાઢો, નહિ તો તમને શિક્ષા થશે.' રાજાનાં વચન સાંભળતાંજ વ્યાસજી ભયભીત થઇ કારણ શોધી કાઢવા પૃથ્વીપર ફરવા લાગ્યા, એવામાં તેમને એક મહાત્મા તરફથી આશ્વાસન મળ્યું. વ્યાસજી તે મહાત્માને લઇ રાજા પાસે આવ્યા. મહાત્માએ રાજાને કહ્યું, 'હું તારા પ્રશ્નનો ઉત્તર આપું છું, પણ તે પહેલાં બે ઘડી માટે તારો અધિકાર મને સોંપ.' રાજાએ તેમ કર્યું, એટલે મહાત્માએ તેને તથા વ્યાસને જુદા જુદા થાંભલા સાથે બંધાવ્યા. તેમણે વ્યાસને કહ્યું,

'મહારાજ ! આ તમારા યજમાનને તમે છોડો જોઈએ.' પણ વ્યાસજી બન્ધાએલા તેથી તેને શી રીતે છોડી શકે. પછી મહાત્માએ રાજાને કહ્યું, 'રાજન્! તમે ક્ષત્રિય છો, તેથી તમારો ધર્મ છે કે, તમારા ગુરૂને તમારે છોડવા જોઇએ.' મહાત્માનું વચન સાંભળી રાજા મૂગો રહ્યો. પછી મહાત્માએ તે બન્નેને છુટા કરાવ્યા અને કહ્યું; 'જોયું કે, તમે બન્ને બન્ધાએલા હતાં તેથી કોઇ કોઇને છોડી શકયા નહિ, પણ હું છુટો અને સ્વતંત્ર હોવાથી તમને છોડાવી શકયો. આજ રીત કર્મબન્ધનની પણ સમજવી.' રાજા મહાત્માના કહેવાનો મર્મ કળી ગયો અને તેમનું બહુ સંમાન કરી, તેમને વિદાય કર્યા."

ઉપરની વાતનો સારાંશ એટલોજ છે કે, સંસારના સર્વે જીવો પોતપોતાના કર્મથી બન્ધાએલા છે; એટલે તે એક બીજાને મુક્ત કરી શકે નહિ. માત્ર પરમાત્મા[1] સર્વ બન્ધનોથી મુક્ત હોવાથી પ્રાણીઓનો ઉદ્ધાર કરી શકે છે, અને તે માટેજ તેને અવતાર ધરવા પડે છે.

અહીં એટલું જાણવાની જરૂર છે કે, જ્યારે પ્રભુ પ્રાણીઓનાં બન્ધન કાપવા માટે આવે છે ત્યારે તે પોતે

---

૧ મહાત્માઓ માત્ર મુક્તિનો માર્ગ બતાવે, પણ મુક્તિ તો પરમાત્માજ આપે છે.

પણ પ્રથમ તો લીલા[1]માત્ર બન્ધાય છે, અને બન્ધનમાં આવ્યા પછી પોતાની અનન્ત શક્તિથી બન્ધનોને તોડી, ભક્તોને મુક્ત કરી, પોતે પણ મુક્ત થયો હોય તેમ[2] જણાય છે.

જ્યારે પરમાત્મા લીલામાત્ર બન્ધાયો હોય છે, ત્યારે ઇશ્વરનું સત્ય સ્વરૂપ નહિ સમજનારા અજ્ઞાની જીવો તેને સાધારણ મનુષ્યની પેઠે સંસારવ્યવહારમાં લપટાએલો જુએ છે. પણ જ્ઞાની પુરૂષો જોઇ શકે છે કે, તે વિષયરૂપી વિષની નજીક છતાં ચેતન-જાગૃત છે. વિષય-વિષ તે આત્મારામ પ્રભુને બાધ કરી શકતુંજ નથી.

આ ભાવ શ્રીમદ્ભાગવતની અંદર અલંકારી ભાષામાં વર્ણવ્યો છે. એક વખત યશોદાએ શ્રીકૃષ્ણને તોફાન કરતા જોઈ દામણાથી ઉખળની સાથે બાંધ્યા. ત્યારે શ્રીકૃષ્ણ ઉખળને ખેંચતા નજીકમાંજ ઉગેલાં બે યમલાર્જુનનાં (આંજણીઆનાં) વૃક્ષોની પાસે ગયા. તે ઝાડ નજીક નજીક ઉગેલાં હોવાથી તેમનાં મૂળ એક બીજા જોડે ગુંથાઇ ગએલાં હતાં. તેથી તેમની વચ્ચે થઈને નીકળતાં આડી થએલી ઉખળ અટકી, તો પણ શ્રીકૃષ્ણે તેને એટલા જોરથી ખેંચી કે, તે બે વૃક્ષો મૂળ સમેત ઉખડી ગયાં.

---

૧ પોતે બન્ધનરહિત અને નિષ્ક્રિય છતાં જન-સમાજને દેખાડવાજ ઇશ્વર કર્મ કરે છે.

૨ પ્રભુ સ્વતંત્ર છે, એટલે તેને મુક્તથવાપણું હોતું નથી.

કહેવાય છે કે, આ બે વૃક્ષો કુબેરના બે પુત્ર હતા. તેઓ નારદમુનિના શાપથી ઝાડરૂપ થઈને પૃથ્વીપર પડયા હતા. તેમનો ઉદ્ધાર કરવા માટે શ્રીકૃષ્ણ દામણાથી બંધાયા હતા. જયારે તે ઝાડ ઉખડી ગયાં ત્યારે તમાંથી બે દેવ-સ્વરૂપ પ્રકટયાં, અને શ્રીકૃષ્ણની સ્તુતિ કરી અલકા નગરી તરફ ચાલ્યાં ગયાં.

ઈશ્વરની કોઇ પણ ક્રિયા સહેતુક (હેતુવાળી) હોય છે. તેનું કંઈ પણ કામ નિરથક કે સ્વાર્થ સારૂ હોતું નથી, પણ પરમાર્થ માટેજ હોય છે.

(અવતરણિકા.)

શ્રીકૃષ્ણે બાલ્યાવસ્થામાં જ જનસમાજમાંથી આસુરી શક્તિઓનો નાશ કરવાનું શરૂ કર્યું હતું. તેમણે આરંભમાં બકાસુરને (પાખંડ, કે જે શ્રીકૃષ્ણ-આત્મ પ્રકાશને ગળી જતો-ઢાંકી નાખતો હતો, તેને), અઘાસુરને (તામસ ભાવ, કે જે અજગર-પ્રમાદ, આલસ્ય વગેરે-રૂપે વાછરડા-નિર્દોષ પ્રવૃત્તિઓને ગળીજતો-ક્ષીણ કરતો હતો, તેને), શકટાસુરને (અહંકાર, કે જે આ સંસારમાં 'હું કરૂં છું' વગેરે ભાવ ઉત્પન્ન કરે છે, તેને), તૃણાવર્તને (વંટોળાઆની પેઠે અંધાધુંધ મચાવનાર ક્રોધને) અને ધેનુકાસુરને (જડ સ્વભાવ, કે જે તાડનાં ફલ-ઉચ્ચ અભિલાષાઓ પ્રાપ્તકરતાં નડતો હતો, તેને) હણ્યા હતા.

"सर्वं विष्णुमयं जगत्"*

આખું જગત વિષ્ણુમય છે.

બ્રહ્માનો મોહ દૂર કર્યો.

સમગ્ર જગત ઈશ્વરથીજ વ્યાપેલું છે. તેના વગર એક પાંદડું પણ હાલતું નથી. પિતારૂપે, માતારૂપે, પુત્રરૂપે, પત્નીરૂપે, બંધુરૂપે, મિત્રરૂપે, જ્ઞાનરૂપે અને સર્વ દ્રવ્યરૂપે; ઉચ્ચરૂપે કે નીચરૂપે વિલસતો એ પરમાત્માજ છે. છતાં અજ્ઞાન વડે લોકો મારૂં-તારૂં, અમે-તમે, આ ઉંચો, પેલો નીચો; એવો ભિન્નભાવ રાખી વહેવાર કરે છે અને હર્ષશોકને અધીન થાય છે. પરંતુ જેમણે પરમાત્માને વિશ્વવ્યાપક અનુભવ્યો છે, અને જેમની દૃષ્ટિમાં અદ્વૈતભાવ રમી રહ્યો છે, તેમને મન કંઇ ભિન્નતા નથી કે હર્ષશોક પણ નથી.

આ બધી વાત સમજ્યામાં આવે, છતાં તેને આચારમાં મૂકવી ઘણી કઠણ છે. જ્ઞાનીઓ પણ ઘણીવાર ગોથાં ખાય છે. બ્રહ્માજી જેવા તત્વજ્ઞાનીએ પરમાત્માની સર્વવ્યાપકતા

---

* શ્રુતિ પણ કહે છે કે, सर्वं खल्विदं ब्रह्म આ બધું (વિશ્વ) બ્રહ્મ જ છે.

જાણ્યા છતાં માયાને અધીન થઇ ભૂલ ખાધી હતી. પણ શ્રીકૃષ્ણે પોતાનાં આચરણથી બ્રહ્માનો મોહ દૂર કરી, તેમની ભૂલ સુધારી, ઈશ્વરની સર્વવ્યાપકતા સંબંધી તેમનું જ્ઞાન ફરીને સતેજ કર્યું.

શ્રીમદ્‌ભાગવતમાં આ ભાવનું કથારૂપે વર્ણન કર્યું છે. શ્રીકૃષ્ણાવતાર ફક્ત ઉચ્ચ કોટીના માણસોના ઉદ્ધારને માટેજ નહિ, પણ મધ્યમ અને નીચ કોટીના માણસોના ઉદ્ધાર માટે પણ હતો. તેથાજ તેઓ ગોવાળો સાથે ખેલતા હતા, તેમને પોતાના પ્રેમથી આકર્ષી તેમના હૃદયમાં પ્રેમભક્તિ જાગૃત કરતા હતા અને જ્ઞાનના અંકુરો રોપતા હતા.

એક વખત શ્રીકૃષ્ણ ગોપકુમારોના સાથે વાછરડાં ચરાવતા યમુનાને કિનારે ગયા. ત્યાં તે ગોવાળોના પુત્રોની સાથે ખાતા, પીતા અને રમતગમત કરતા હતા તે જોઈ બ્રહ્માને શંકા થઇ કે, 'મહાન્ ઇશ્વર આવા અધમ ગોવાળીઆઓ સાથે શું રમી શકે? જરૂર શ્રીકૃષ્ણ ઇશ્વરાવતાર નથી.' પછી તે પોતાની શંકા દૂર કરવા ગોવાળોથી દૂર ચરતાં વાછરડાંને હરી ગયા. જ્યારે વાછરડાં દેખ્યાં નહિ, ત્યારે ગોવાળો તેમની શોધ કરવા ગયા; તેમને પણ બ્રહ્માજીએ એક છુપા સ્થાનનો અંદર રોકી રાખ્યા. શ્રીકૃષ્ણે જાણ્યું કે, બ્રહ્માજીને મોહ થયો છે માટે મારે તેમના

મોહને દૂર કરવો જોઇએ. વ્રજવાસી ગોવાળોને પણ જ્ઞાન આપવાનો આ એક સુ-અવસર પ્રાપ્ત થયો હતો. તેથી પ્રેમમૂર્તિ શ્રીકૃષ્ણજીએ સર્વ ગોપાલકોના દેહમાં વિરાજતો સ્વસ્વરૂપ આત્મા પોતાના તરફ આકર્ષી લીધો અને તેમને ઇશ્વરની સર્વવ્યાપકતાનું એવું ભાન કરાવ્યું, કે જેને લઇને વ્રજવાસી ગોવાળો સર્વ વિશ્વને સ્વ-સ્વરૂપમાં અને પોતાને સર્વ વિશ્વમાં અનુભવવા લાગ્યા. તે વખતે ગોવાળો પોતાનાં ગાયો, વાછરડાં, પુત્રો વગેરેનું તો ભાનજ ભૂલી ગયા; કારણ કે, સર્વ એકરૂપ બન્યા પછી પોતાનું કે પારકું રહ્યુંજ કયાં? આ સમયે તો તેઓ પુત્રરૂપે, ગાયો રૂપે અને વાછરડાં રૂપે પોતજ હતા.

કેટલાક સમય પછી વૃન્દાવનમાં શું થયું તે જોવાની ઇચ્છાથી બ્રહ્માજી ત્યાં આવ્યા, અને ગોવાળોની સ્થિતિ જોઇ આશ્ચર્યમાં ગરક થયા કે, "અહો, ઇશ્વરનું કેવું સામર્થ્ય છે કે, તેમણે આવી હલકી જાતને પણ 'सर्वं विष्णुमयं जगत्' નો પૂર્ણ અનુભવ કરાવી દીધો!!! વળી તેની સાથે મારામાં જે ઉચ્ચ-નીચપણાની ભાવના હતી તને પણ દૂર કરી!" પછી બ્રહ્મા શ્રીકૃષ્ણને શરણે ગયા અને મોહથી ઇશ્વરના સ્વરૂપને ભૂલ્યા તે માટે તેમણે ક્ષમા માગી પ્રભુની સ્તુતિ કરી. તેમણે વાછરડાં તથા ગોપકુમારો શ્રીકૃષ્ણને પાછા સોંપ્યા. પ્રભુ પણ બ્રહ્માને ભેટયા, અને ઇશ્વરની માયા દુસ્તર છે એમ જણાવી તેમને શાન્ત કર્યા.

કામ એ નાગ જેવો છે.

ભગવાનની મૂર્તિ હૃદયમાં રાખવાથી કામ છતાય છે.

(કાલીયનાગદમન.)

'મુક્તિની ઇચ્છા હોય તો દુષ્ટ વાસનાને વિષ જેવી ગણી છોડી દો, અને ક્ષમા, નમ્રતા, દયા તથા સંતોષ કે જે અમૃત જેવાં છે તેમને સેવો.' આ વચન એક મહાત્માના મુખમાંથી નીકળેલું છે અને તે અનુભવનું છે.

પ્રાણીને ભગવદ્ભજન કરતાં અટકાવનાર છ શત્રુઓ શરીરમાં રહેલા છે, તેઓમાં 'કામ' (દુષ્ટ વાસના) મુખ્ય છે. તેની પાછળ બીજા પાંચ જીવે છે. શ્રીકૃષ્ણભગવાને પણ 'કામ' ને 'વિનાશનું મૂળ' કહ્યો છે. કારણ કે, કામથી ક્રોધ, ક્રોધથી મોહ, મોહથી સ્મૃતિવિભ્રમ (શંકા), સ્મૃતિવિભ્રમથી બુદ્ધિનાશ અને બુદ્ધિનાશથી અધ:પતન થાય છે. કામ રજોગુણથી પેદા થએલો, બહુભક્ષી (કદી તૃપ્ત ન થનારો) અને મહાપાપકર્મ કરનારો પ્રાણીનો શત્રુ છે. જેમ ધૂમાડાથી અગ્નિ ઢંકાય છે અને મેલથી દર્પણ ઝાંખું થાય છે, તેમ કામરૂપ શત્રુથી આત્મપ્રકાશ ઢંકાઇ જાય

છે. તેના સખ્ત ઝપાટાથી જ્ઞાનદીપક બુઝવાઇ જાય છે. જેમ દાન, દમ અને દયા સ્વર્ગનાં દ્વાર છે, તેમ કામ, ક્રોધ અને લોભ નરકનાં દ્વાર છે.

કામ એ ઝેરીલો નાગ છે. માણુસને નાગ કરડ્યા પછી જેમ તે બેભાન અને અસમર્થ–દીન બને છે, તેમ કામના ભયંકર વિષથી ઘેરાએલો પ્રાણી વિવેકને ભૂલી જાય છે અને પરવશ બને છે. નાગના ઝેરની અસરથી જેટલાં ચિન્હ પ્રાણીમાં જણાય છે, તે બધાં ચિન્હ કામવશ થએલામાં દેખાય છે.

લોકો નાગના વિષથી ઉગરવા પોતાની પાસે મો’રો રાખે છે. જેમની પાસે મો’રો હોય છે તેઓ નિર્ભય થઈ જગતમાં વિચરે છે; કારણુ કે, તેથી તેમને નાગ કરડે તો પણુ વિષ ચઢવાનો ભય રહેતો નથી. તે પ્રમાણે કામરૂપી નાગના વિષને હણુનાર પણુ એક જડીબુટ્ટી છે. તે દેખાતી નથી, હાથમાં આવતી નથી, પણુ નિરંતર હૃદયમાં રાખી શકાય છે. તેને પડી જવાની અથવા ખોવાઈ જવાની ધાસ્તી નથી; તેમ તે ભાંગી કે તૂટી પણુ જતી નથી. કોઇ જગાએ તેને શોધવી પડે એમ નથી, તેમ તે દૂર પણુ નથી. આવી અજબ જડીબુટ્ટી તે ભગવત્સ્વરૂપ છે. તેને નિરંતર પોતાના હૃદયમાં અનુભવનાર માણુસ કામના દુઃસહ્ય વિષથી બચે

છે. ભગવાનનાં ચરણુકમળનો હૃદયને સ્પર્શ થતાંજ કામ શાન્ત થઈ જાય છે. પછી મનુષ્ય ભલે ઘરમાં રહે કે બહાર રહે, તોપણુ તેનો અધઃપાત થતો નથી. માટે હરેક મનુષ્યે ભગવાનનો આશ્રય લઇ પોતાના હૃદયમાં તેમના સ્વરૂપનો નિત્ય અનુભવ કરવો.

શ્રીકૃષ્ણુ પ્રભુએ પોતાના આશ્રિતોને કામરૂપી નાગથી બચાવી મુક્ત કર્યા હતા, એ વાત શ્રીમદ્ભાગવતમાં કાલીય-દમનના નિમિત્તે કહેવામાં આવી છે.

એકવાર શ્રીકૃષ્ણુ ગોપકુમારો સાથે વાછરડાં ચરાવવા યમુના[1] નદીપર ગયા હતા. ત્યાં એક [2]ધરામાં કાલીય[3] નામે નાગ રહેતો હતો. તેના વિષથી ધરાનું જલ વિષમય બની ગયું હતું. કોઇ તે જગાનું પાણી પીતું તો મરી જતું. આ જગાએ ગોપકુમારો આવ્યા, ત્યારે શ્રીકૃષ્ણે તેમને તે વિષથી બચાવવા અંદર પડતું મૂક્યું; કારણુ કે, આ વખતે ગોપકુમારો શ્રીકૃષ્ણુના આશ્રિત હતા અને તેમના સ્વરૂપમાં લીન થએલા હતા. શ્રીકૃષ્ણુ ધરામાં પડયા, તે વખતે તેમના ખરા સ્વરૂપને નહિ સમજનાર ગોપકુમારો રડવા લાગ્યા. તેમ યશોદા અને બીજા લોકો પણુ આ સમાચાર સાંભળીને યમુનાને કાંઠે આવ્યા અને શોક કરવા લાગ્યા.

---

૧. યમુના અંતઃકરણુમાં બુદ્ધિરૂપ છે. ૨. ધરો—હૃદયરૂપ.
૩. કાલીયનાગ—'કામ.'

કાલીય નાગ શ્રીકૃષ્ણને ધરામાં આવેલા જોઈ તેમના પર વિષ નાંખવા મંડયો, પણ આત્મારામને તેથી શું અસર થાય? પોતાના બધા ઉપાય કરી જયારે કાલીય નાગ થાકયો, ત્યારપછી શ્રીકૃષ્ણે તેની ફણાપર પોતાના બે પગ મૂકી તેને શાન્ત કરી નાખ્યો અને વેણુ વગાડી બધા લોકોને આનંદ આપ્યો. પછી કાલીય નાગ તે ધરો છોડી, શ્રીકૃષ્ણને પ્રણામ કરી, બીજે સ્થળે ચાલ્યો ગયો. સારાંશ કે જયાં પ્રભુનો વાસ થાય ત્યાં 'કામ' ટકી શકતો નથી.

ક્રોધ એ દેવ સમાન છે.

ક્રોધને પીજાય તેજ ખરો જ્ઞાની, ભક્ત કે મહાત્મા છે.



એ નાગ જેવો છે તેમ ક્રોધ એ વનમાં સળગતા અગ્નિ-દવ જેવો છે. દવમાં જેમ સૂકું કે લીલું બધું બળી જાય, તેમ ક્રોધાગ્નિથી ધર્મ, દાન, તપ, પુણ્ય વગેરે બધું બળીને ભસ્મ થઈ જાય છે. ક્રોધ એ કામનો નાનો ભાઈ હોવાથી તે બંનેના દુર્ગુણો સમાન છે. વાવાઝોડું જેમ ઝાડોને જડથી ઉખેડીને ફેંકી દે છે અને અંધાધુંધ મચાવી દે છે, તેમ ક્રોધ જ્ઞાનનો નાશ કરી હૃદયમાં અંધારું કરી નાખે છે. ક્રોધી

મનુષ્ય સારૂં ખોટું પારખી શકતો નથી, સાહસ કરી નાખે છે અને પાછળથી પસ્તાય છે.

જગતમાં પોતાને જ્ઞાની, ભક્ત કે મહાત્મા તરીકે ઓળખાવવાને ઇચ્છતા માણસોએ ક્રોધને દૂર કરવો જોઇએ. જ્યાં સુધી ક્રોધને દૂર કર્યો નથી, સહનશીલતા લેશ માત્ર નથી; ત્યાં સુધી જ્ઞાની, ભક્ત કે મહાત્મા તરીકેની લાયકાત પ્રાપ્ત થએલી ગણાતી નથી. ખરી વાત તો એ છે કે, જે ક્રોધ પીજાય-પોતે સહનશીલતા ધારણ કરે, તેજ મનુષ્ય ઉપરના અધિકારોને લાયક છે. અધિકાર કોઈના આપ્યા લેવાતા નથી, તે તો સ્વપરાક્રમથીજ મેળવી શકાય છે.

(ક્રોધને દૂર કરવાનો ઉપાય)

ક્રોધને દૂર કરવા સારૂ મનને હંમેશાં અન્ય વિષય તરફ દોરવું જોઇએ; કારણ કે, સાંસારિક વિષયો ક્ષણભંગુર હોવાથી ક્ષણિક આનંદ આપી મનને પાછું ક્રોધવશ કરી દે છે; માટે મનને પરમાત્મા તરફજ વાળવું. આમ હંમેશનો અભ્યાસ કરવાથી મન સ્થિર થશે. સ્થિર મનથી ઇશ્વરની ઝાંખી કરી શકાશે અને એમ કરતાં પરમાત્મા સાથે તદ્રૂપ થવાશે. આવી તદ્રૂપ સ્થિતિ થતાં ફરીથી ક્રોધાગ્નિ પ્રકટ થશે નહિ.

આ ભાવ શ્રીમદ્ ભાગવતમાં દાવાનળના પાનરૂપે વ્યક્ત કર્યો છે. એકવાર જ્યારે ચોતરફ દાવાનળ પ્રકટ્યો ત્યારે

ગોવાળો ગભરાયા. તેઓ દાવાનળમાંથી બચવા શ્રીકૃષ્ણની સ્તુતિ કરવા લાગ્યા, ત્યારે શ્રીકૃષ્ણ આશ્રિત ભક્તોનું રક્ષણ કરવા સારૂ તે દાવાનળનું પાન કરી ગયા. અર્થાત્ જ્યારે સર્વ મનુષ્યોના હૃદયમાં ક્રોધાગ્નિનું જોર વધ્યું હતું અને તેના તાપથી તે બળતા હતા, ત્યારે શ્રીકૃષ્ણે તેમને સંયમનું શિક્ષણ આપ્યું, અને તે દ્વારા જનતાનું અંતઃકરણ નિર્મળ કરી તેમાં પ્રભુપ્રેમ પ્રકટ કર્યો. જ્યારે દરેકના હૃદયમાં પ્રભુપ્રેમ અને પ્રભુભક્તિ જાગૃત થયાં ત્યારે ક્રોધને અવકાશજ ન રહ્યો-તે આપોઆપ શાન્ત થઇ ગયો. આત્મપ્રકાશ ક્રોધાગ્નિને ગળી જાય છે-શાન્ત કરી નાખે છે; કારણ કે, તે શીતળ જળ સમાન અથવા સુધા (અમૃત) સમાન છે.

નિષ્કામપણે એક પ્રભુનેજ સેવવો.

(ગોવર્ધનમહોત્સવ.)

સર્વ બ્રહ્માંડનું મૂળ અક્ષર બ્રહ્મ છે. ઇન્દ્ર, સૂર્ય, યમ, વરુણ, વાયુ, અગ્નિ, સોમ વગેરે અનેક દેવો તે બ્રહ્મનાજ અંશ છે. તેમને વિશ્વનું રક્ષણ, ભરણ, પોષણ વગેરે કરવા માટે સરજાયા છે. તે દેવો અમુક હેતુ માટે સરજાએલા હોવાથી, તે હેતુ સિદ્ધ થવા પૂરતુંજ તેમનામાં સામર્થ્ય હોય છે. તેથી તેમને શ્રદ્ધાથી

સેવીને મનુષ્યો કોઇ પણ પોતાનો એક હેતુ સિદ્ધ કરી શકે છે. જ્યારે બીજો હેતુ સિદ્ધ કરવો હોય ત્યારે વળી બીજા દેવનું યજન કરવું પડે છે. આમ છતાં તેનું ફલ ચિરસ્થાયી હોતું નથી; કારણ કે, સકામભક્તિથી પ્રાપ્ત કરેલું ફળ થોડાજ વખતમાં નાશ પામે છે. વળી અનેક કામનાઓ સિદ્ધ કરવા માટે અનેક દેવોનું પૂજન કરવું પડે છે, તેથી કોઈ પણ દેવ તરફ મનુષ્યની નિષ્ઠા દૃઢ રહેતી નથી. જે મનુષ્ય નિષ્ઠાશૂન્ય હોય છે તેનું ચિત્ત પણ અસ્થિર રહે છે, અને એવા અસ્થિરચિત્તમાં કદી નિષ્કામભાવ પ્રકટ થતો નથી—ઉદય પામતો નથી. જ્યાં સુધી નિષ્કામભાવ ઉદય પામતો નથી ત્યાં સુધી મોક્ષ દૂર રહે છે, અને શાન્ત ચિત્તે–દ્વંદ્વ ભાવ છોડીને ઈશ્વરની આરાધના થઈ શકતી નથી. માટે ઉત્તમ અધિકારીએ પ્રભુ તરફ જ પોતાની મનોવૃત્તિઓ રાખવા જોઈએ. નિષ્કામ ભાવનાવાળો માણસ સર્વ દેવો તરફ સમદૃષ્ટિથી જુએ છે, બધા દેવોને તે ઇશ્વરસ્વરૂપેજ દેખે છે.

એક પરમાત્માની ભક્તિ કરવાથી બધા દેવતાઓની ભક્તિ થાય છે; કારણ કે, તે સર્વ દેવોનું મૂળ છે. ઝાડના મૂળમાં પાણી નાખવાથી જેમ તેનાં બધાં અંગો તૃપ્ત થાય છે, તેમ પ્રભુની નિષ્કામસેવા કરવાથી બધા દેવો સંતુષ્ટ અને તૃપ્ત થાય છે. જે ફળ બીજા દેવો પાસેથી માગીને

મેળવવાં પડે છે, અને છતાંએ તે નાશવંત હોય છે; તે સઘળાં ફળ પરમાત્માની ભક્તિથી ભક્તને અનિચ્છાએ પ્રાપ્ત થાય છે, પણ ખરા ભક્તને તેની સ્પૃહા એ હોતી નથી. નિષ્કામકર્મથી પ્રાપ્ત થએલાં ફળ બંધનકારક હોતાં નથી, જ્યારે સકામ કર્મથી મેળવેલાં ફળ બંધનકારક નીવડે છે અને પ્રભુથી વિમુખ રાખે છે. માટે સત્યસુખ મેળવવા પ્રભુની નિષ્કામભક્તિ કરવી જોઈએ.

જ્યારે પ્રભુસેવા મનુષ્યને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે પુરૂષાર્થો પ્રાપ્ત કરાવે છે; ત્યારે તેને છોડી દઇ બીજી માથાફોડ શા સારૂ કરવી? કયો માણસ એવો હશે, કે જે સીધો રસ્તો છોડી અવળા અને લાંબા માર્ગે જશે?

નિષ્કામપણે પ્રભુભજન કરનારો જ્ઞાની પ્રભુને અતિપ્રિય છે. શ્રીમદ્ભગવદ્ગીતામાં શ્રીકૃષ્ણે અર્જુનને ઉદ્દેશીને કહ્યું છે કે, "ચાર પ્રકારના માણસો ઇશ્વરને ભજે છે; દુ:ખી, જીજ્ઞાસુ (જ્ઞાનની ઇચ્છાવાળો), કામનાવાળો અને જ્ઞાની. આ ચારેમાં જ્ઞાની ભક્ત ઈશ્વરને અતિપ્રિય છે. તે પ્રભુનો આત્મા જ છે (તે પોતેજ ઇશ્વર સ્વરૂપ છે). તે સર્વત્ર ઈશ્વરનેજ દેખે છે. બીજા ત્રણ પ્રકારના ભક્તો કે જેઓ કામનાથી પ્રભુસેવા–ઈશ્વરના અંશરૂપ બીજા દેવોની–સેવા કરે છે, તેમની ઇચ્છાઓને પણ તે તે દેવરૂપે પ્રભુજ પૂર્ણ કરે છે.

જે મનુષ્યો જે દેવને ભજે છે, તેઓ તે દેવના સ્વરૂપને પ્રાપ્ત થાય છે, અને એકનિષ્ઠાથી નિષ્કામપણે કેવળ ઇશ્વરનું આરાધન કરનારા ભક્તો પરમાત્મસ્વરૂપનેજ પામે છે. માટે મનુષ્યોએ પ્રભુનુંજ સ્મરણ કરવું, તેનામાંજ ચિત્ત પરોવવું અને તેનેજ શરણે જવું. એમ કરવાથી પ્રભુ તેમને સર્વ પાપથી મુક્ત કરશે. બ્રહ્માદિ સર્વ લોકો કાળે કરીને પણ ક્ષય પામે છે, તેથી તે તે લોકોને પ્રાપ્ત થએલા જીવો ફરીથી જન્મ-મરણની જંજાળમાં ફસાય છે; પણ પ્રભુને શરણે ગએલા-તેના સ્વરૂપમાં મળી ગએલા પાછા ફરતા નથી-અર્થાત્ અવિદ્યાને અધીન થઇ જન્મ-મરણાદિની જાળમાં સપડાતા નથી. તેઓ નિરંતર મુક્ત છે-સ્વતંત્ર છે."

"ઈશ્વર બીજા કોઇ સાધનોથી નહિ, પણ અનન્ય ભક્તિથીજ પ્રાપ્ત થાય છે. વેદ, યજ્ઞ, તપ, દાન વગેરેમાં જે પુણ્ય રહેલું છે; તેની હદને ઈશ્વરભક્ત ઓળંગી ગએલો છે. તે પુણ્ય અને પાપ બન્નેથી મુક્ત છે."

આ બધાં ગીતાનાં વચનોપરથી એટલું સિદ્ધ થયું કે, નિષ્કામપણે પ્રભુભજન કરવું એજ સંસારમાં સાર છે. સર્વ કૃત્યો પ્રભુભક્તિમાં પૂર્ણ થાય છે. પ્રભુભક્ત સર્વ દેવતાઓને પ્રભુ સ્વરૂપેજ જુએ છે. તેને મન કોઇ ઉચ્ચ કે નીચ નથી. અભેદભાવમાં અન્યપણાનો અવકાશજ ક્યાં રહ્યો?

ગોવર્ધનમહોત્સવના વર્ણનનું પણ આજ તાત્પર્ય છે. એક વખત બધા ગોવળો વર્ષાદ માટે ઇન્દ્રયાગ કરતા હતા, પણ તેઓ આવું સકામ યજન કરે તે શ્રીકૃષ્ણને રુચ્યું નહિ. તેથી તેમણે આ સકામ યજન છોડી દઇ, નિષ્કામપણે-ઇશ્વર પ્રીત્યેર્થં યજ્ઞ કરવાને ગોવાળોને સૂચવ્યું. ગોવાળોએ શ્રીકૃષ્ણની સલાહથી ઇન્દ્રયાગ બંધ કરી ગોવર્ધન (ગો-ઇન્દ્રિય, વાણી, ગાય, પૃથ્વી, બળદ, વૈકુંઠ વગેરેને વર્ધન વધારનાર-પુષ્ટિ આપનાર) પ્રભુનું પૂજન કર્યું.

ઇન્દ્રને આ કારણથી ગુસ્સો થયો. તેણે પ્રજાને હેરાન કરવા પુષ્કળ વરસાદ વરસાવ્યો જેથી સઘળા લોકો ભયભીત થયા. શ્રીકૃષ્ણે તેમની સાન્ત્વના કરી અને તેમને સમજાવ્યા કે, 'ઇશ્વર તરફ શ્રદ્ધા રાખો; તે તમારૂં રક્ષણ કરશે.' પછી બધા ગોવાળો પ્રભુભક્તિમાં લીન થયા, સૌ પોતપોતાના સ્થૂલ દેહનું ભાન ભૂલી ગયા અને કેવળ અન્તરાત્માનો અનુભવ કરવા લાગ્યા. તે વખતે શ્રીકૃષ્ણે તેમને ગોવર્ધન પર્વતને આશ્રયે રાખી, અતિવૃષ્ટિના દુઃખમાંથી મુક્ત કર્યા. વર્ષાદનો એક છાંટો સરખોએ તેમનાપર પડયો નહિ. આખરે ઇન્દ્ર કંટાળ્યો. તેણે વૃષ્ટિ બંધ કરી અને ગર્વ તજી, પ્રભુશરણે આવી, નમ્ર ભાવે તેમની સ્તુતિ કરી. પ્રભુ દૃઢશ્રદ્ધાવાળા ભક્તોને સંકટમાંથી બચાવેજ છે.

પરમાત્મા પરમાનંદ(પૂર્ણપ્રેમ)સ્વરૂપ છે, અને તે પ્રેમને તાંતણે બંધાય છે.

ભક્તરાજો ગાઈ ગયા છે કે, 'વ્હાલો મારો આનંદ પરમાનંદ કહેવાય.' આ વચનની શ્રુતિ પણ સાક્ષી પૂરે છે કે, 'प्रज्ञानमानन्दं ब्रह्म' બ્રહ્મ પ્રજ્ઞાન-(જેના ચૈતન્ય વડે પુરૂષ જુએ છે, સાંભળે છે, સુંઘે છે, બોલે છે, સ્વાદુ અને અસ્વાદુ રસને જાણે છે, તે) રૂપ અને આનન્દ-સ્વરૂપ છે. (अयमात्मा परानन्दः આ આત્મા પરમ-આનન્દ સ્વરૂપ છે. 'પંચદશી.') આવા આનંદમાં પ્રેમ મિશ્રિત છે, એટલે જ્યાં પરમ-આનંદ થાય છે ત્યાં આપોઆપ વિશુદ્ધ-નિર્દોષ પ્રેમ પ્રકટે છે, તેથી બ્રહ્મનું પરમાનન્દ-પૂર્ણપ્રેમસ્વરૂપ સિદ્ધ થાય છે. નાટક ભજવનારા કરતાં જોનારાઓને વધારે આનંદ હોય છે; કારણ કે, તેઓ તટસ્થ છે. તેમ પ્રાણીઓને પોતાનું ચૈતન્ય આપી સંસારથી અલિપ્ત રહેનાર બ્રહ્મનું આનંદસ્વરૂપ હોય એ સ્વાભાવિક છે.

એ આનંદ-પૂર્ણ પ્રેમસ્વરૂપ પરમાત્મા બધે વસેલો છતાં, પોતાના ખરા સ્વરૂપમાં ક્યાં પ્રકટ થાય છે, તેનો ખ્યાલ કરવા માટે એક દૃષ્ટાન્ત લો. જ્યારે કોઈ સારા મા-

ણુસને બોલાવવો હોય ત્યારે તેની સ્થિતિને યોગ્ય તેને રહેવા વગેરેનો બંદોબસ્ત આપણે પ્રથમ કરીએ છીએ. જો એમ ન કરીએ તો તેને ત્યાં ફાવે નહિ, અને તેથી તે લાંબો વખત રહે નહિ. તેમ બ્રહ્મને તેના ખરા સ્વરૂપમાં પ્રકટાવવા સારૂ પ્રથમ તો હૃદયમાં પૂર્ણ આનંદ—પ્રેમ પ્રકટાવવો જોઇએ, કારણ કે તેના સ્વરૂપને તે માફક છે.

આ વાત ખાસ લક્ષમાં રાખવાની છે કે, પ્રભુ બાહ્ય-ક્રિયાઓ પર લક્ષ આપતો નથી. તેતો ભક્તનો આન્તરિક પ્રેમ જુએ છે. જયાં આગળ તે જીગરનો પ્રેમ જુએ છે, ત્યાં તરત પ્રકટ થાય છે. પ્રેમી મનુષ્ય સ્રી છે કે પુરૂષ છે, ઉચ્ચ છે કે નીચ છે, નાનો છે કે મોટો છે, તે તરફ પ્રભુ ધ્યાન આપતો નથી. તે તો એક સાધારણ પ્રાણીમાં પણ નિર્દોષ અને ખરો પ્રેમ જુએ તો તરત પ્રકટ થાય છે, અને મોટો અધિકારી, ધનાઢય, કળાવાન કે પંડિત હોય છતાં જો તેના અન્તઃકરણમાંથી અહંભાવ દૂર ન થયો હોય, તો ત્યાં તે પ્રકટ થતો નથી. કેમકે, 'પ્રેમને કંઇ નેમ નથી.' એક ભજનમાં પણ ગાયું છે કે,

'વ્હાલો પ્રેમને વશ થયા રાજીરે,
તેમાં શું કરે પંડિત ને કાજીરે; વ્હાલો૦'

એક બાળકનો દાખલો લો: તેની માતાનું તેનાપર વ્હાલ છે, તે તેને સંભાળવાની પણ દરકાર રાખે છે, છતાં

જ્યાં સુધી તે રડતુ નથી ત્યાં સુધી માતા તેને પોતાના ખોળામાં લઇ બેસી રહેતી નથી. બાળક જ્યારે ખરેખરૂં રડે છે અને માતાને પણ એમ લાગે છે કે, હવે તેને લીધા વગર છુટકો નથી; ત્યારેજ તે ઘરનાં અનેક કામ પડતાં મૂકીને પણ તેને લે છે, અને પ્રેમથી તેને શાન્ત કરીને જે જોઇતું હોય તે આપે છે. તેમ ઇશ્વર પણ ભક્તનો અનન્ય પ્રેમ દેખે છે, ત્યારેજ તેની પાસે પ્રકટ થાય છે. માત્ર ઉપલકિયા ભાવથી પ્રભુ કદી ખરા સ્વરૂપમાં પ્રકટ થતો નથી. માટે તેને ખરા સ્વરૂપમાં પ્રકટાવવા પ્રેમમય બનવું જોઇએ. અન્તઃકરણમાં એવો ભાવ થવો જોઇએ કે, 'તેના વિના હવે રહી શકાશેજ નહિ, તેજ મારૂં સર્વસ્વ છે, અને હું તેનોજ (અંશ) છું.' જો આવો ભાવ થાય તો પ્રભુ પ્રકટે.

નરસિંહ મહેતો, મીરાંબાઇ, તૂલસીદાસ, રામદાસ, તુકારામ, જ્ઞાનેશ્વર વગેરે પ્રેમી ભક્તોના હૃદયમાં રાતદહાડો ઇશ્વરનીજ ધૂન લાગેલી હતી; તોજ તેઓ પોતાના હૃદયમાં ઇશ્વરને સત્યસ્વરૂપે પ્રકટ કરી શકયા હતા.

વ્યવહારમાં પણ આવા નિર્દોષ પ્રેમનીજ આવશ્યક્તા છે. પ્રેમથીજ સર્વ પ્રાણીઓ વશ થાય છે. ક્રૂરમાં ક્રૂર સ્વભાવને પણ પ્રેમથી બદલી શકાય છે. કારણ કે, દરેક વસ્તુમાં પ્રભુ પ્રેમસ્વરૂપે બીરાજેલો છે અને પ્રેમથી તે આકર્ષાય છે. પણ ઘણા માણસો આ વાત જાણતા નથી, અને

જાણે છે તેઓ અમલમાં મૂકી શકતા નથી; જેને લીધે તેઓ બીજાને વશ કરવા બળાત્કારપણાનો ઘાતકી અમલ કરે છે, અને એમ કરીને પોતાનીજ અધોગતિ કરે છે.

જેણે આનંદ–સ્વરૂપ પરમાત્માને પોતાના હૃદયમાં સત્યસ્વરૂપે પ્રકટાવેલો છે, તે પ્રેમી માણસ આખા વિશ્વમાં આનંદ પ્રકટાવી શકે છે. દરેક મનુષ્યમાં પરમાત્મા બીરાજેલો છે, એમ ધારીને તે કોઇનો તિરસ્કાર કરતો નથી, પણ તેમના દુઃખમાં મદદરૂપ થઇ પડે છે. તેમ જે ભૌતિક વસ્તુઓ ભવિષ્યમાં નાશ થનારી છે, તેમના ભોગે પણ તે પ્રાણીઓનાં કષ્ટો હરવા પ્રયત્ન કરે છે. તેમ કરતાં પોતાના પર મોટી આફતો આવી પડે તેની પણ પ્રેમીભક્ત પરવા કરતો નથી; કારણ કે, તે પ્રેમમય બની ઇશ્વરના પરમાનંદ–સ્વરૂપમાં મગ્ન થએલો હોય છે તેથી તેને એવી આપત્તિઓ શોક ઉપજાવી શકતી નથી. તે આત્મારામ બની ગયો હોવાથી નિરન્તર શાન્ત ચિતે પરમ–આનંદને અનુભવ છે.

શ્રીમદ્ભાગવતમાંથી કેટલાક પ્રેમમય પ્રસંગો અહીં આપવામાં આવ્યા છે.

(બ્રાહ્મણોની સ્રીઓપર અનુગ્રહ.)

શ્રીકૃષ્ણ એક વખત ગોપકુમારોની સાથે વનમાં ફરતા હતા તે વખતે તેમને ભૂખ લાગી, તેથી તેમણે નજી-

કમાં યજ્ઞ કરતા બ્રાહ્મણો પાસેથી અન્ન મંગાવ્યું. બ્રાહ્મણો-એ ગોપ કુમારોને અન્ન આપવાની ના પાડી, ત્યારે શ્રી-કૃષ્ણે તેમને બ્રાહ્મણોની પત્નીઓ પાસે મોકલ્યા. 'શ્રીકૃષ્ણ ભોજન મંગાવે છે' એ વાત સાંભળતાંજ તે પ્રેમમય બની ગઈ અને જે મળ્યું તે લઇ, ઘરનું સઘળું કામ છોડીદઈ, શ્રીકૃષ્ણની પાસે આવી; અને તેમને ભોજન આરોગાવ્યું. સ્ત્રીઓ સ્વાભાવિક રીતે પ્રેમનું સ્થાન છે; કેમકે, તેમનાં હૃદય કોમળ હોય છે.'

પોતાની પત્નીઓના પ્રભુ તરફના વિશુદ્ધ પ્રેમથી પાછળથી બ્રાહ્મણોને પસ્તાવો થયો, આટલાં વરસથી યજ્ઞ-યાગ વગેરે કરવા છતાં અંતઃકરણ શુદ્ધ ન થયાં તે માટે તેઓ શરમાયા અને સ્ત્રીઓને ધન્યવાદ આપ્યો.

આ વાતનો સારાંશ એ છે કે, પ્રેમી ભક્તોને પરમા-ત્મા કરતાં પોતાનાં માતા, પિતા, પતિ, પુત્ર, ગૃહ, બંધુ, ભગિની વગેરે વધારે વહાલાં હોતાં નથી. તેમ તેમને તે અપ્રિય પણ હોતાં નથી.

(વસ્ત્રાહરણ).

"પ્રભુને શરણે જવું હોય તો બાહ્ય ઉપાધિઓને છોડવી જોઇએ."

જો ઇશ્વરનુંજ શરણ ગ્રહણ કરવું છે તો સઘળી બહારની ઉપાધિઓને છોડવી જોઇએ. બાહ્ય ઉપાધિરૂપ આવરણો (વસ્ત્રો) ને ફેંકી દઇને જ ઇશ્વરની પાસે જઇ શકાય છે. ઇશ્વરનાજ શરણમાં રહેવા ઇચ્છતા હો તો બાહ્ય આડંબરનો ત્યાગ કરવો પડશે. જ્યાંસુધી કોઇપણ બાહ્ય ઉપાધિ વળગેલી હશે, ત્યાંસુધી કદાપિ પરમાત્મા સાથે ઐક્ય થવાનું નથી. લાલસાઓ ઉન્નતિને માર્ગે જતાં અટકાવે છે.

પ્રભુ અર્જુનને પણ એજ ઉપદેશ આપે છે કે, 'सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज તું સઘળા બાહ્ય ધર્મોને ભૂલી જઇ (વિષયોમાંથી આસક્તિ છોડી દઇ) મારે શરણે આવ." આજ ભાવનું બીજું પણ એક વાક્ય છે કે, ' तद्विज्ञानार्थं स गुरुमेवाभिगच्छेत् समित्पाणिः श्रोत्रियं ब्रह्म-निष्ठम् તે બ્રહ્મને જાણવા સારૂ હાથમાં સમિધ લઇને બ્રહ્મ-નિષ્ઠ ગુરૂ પાસે જવું.' અહીં समिध् શબ્દ વાસનાઓનો ક્ષય કરવાનું સૂચવે છે. (समिध् એટલે હોમ કરવાનું કાષ્ઠ, તેમાં બાળવાનો ગુણ હોય છે તે પરથી લક્ષ્યાર્થ).

પાતંજલ યોગશાસ્ત્રમાં યોગનાં જે આઠ અંગો ગણાવેલાં છે, તેમાં સમાધિને છેલ્લું સ્થાન આપ્યું છે. કારણ, પ્રથમનાં સાત અંગ સિદ્ધ કરી, તે વડે ચિત્તવૃત્તિઓને શુદ્ધ કર્યા પછીજ સમાધિ કરી શકાય છે. તેથી સમાધિદશા (પરમાત્મા સાથે એકતા અનુભવવાની સ્થિતિ) પ્રાપ્ત કરવા માટે સઘળી બાહ્ય ઉપાધિઓનો લય કરી, ચિત્તવૃત્તિઓને નિષ્કામ, નિઃસંગ અને સ્થિર કરવી જોઇએ.

વસ્ત્રહરણનું પણ આજ તાત્પર્ય છે. શ્રીકૃષ્ણપ્રભુએ તે સમયના મનુષ્યોની વૃત્તિઓને (ગોપીઓને) જ્યારે સકામ, ચંચળ અને બાહ્ય ઉપાધિઓનાં આવરણોથી ઘેરાએલી જોઇ, ત્યારે તેમને સુધારવા માટે જ્ઞાનોપદેશથી તેમનાં આવરણો (વસ્ત્રો) હરી લીધાં. પછી તેમને પોતાના તરફ (ઈશ્વર તરફ) ખેંચી, તેઓમાં સ્વપ્રકાશ–આત્મપ્રકાશ પ્રેર્યો (ફરીને તેમનાં વસ્ત્ર પાછાં આપ્યાં). સદસદ્વિવેકિની બુદ્ધિ જે વૃત્તિઓના સંગમાં દોરવાઇ હતી તેને સંગરહિત કરી, તેમાં (રાધિકામાં) પોતાનું પૂર્ણાનંદ સ્વરૂપ પ્રકટ કર્યું (પોતાનું શરીર તેને હંમેશને માટે અર્પણ કર્યું).

આમ શ્રીકૃષ્ણે છ વરસની ઉંમરમાંજ લોકોને જીતેન્દ્રિય અને નિઃસંગ બનાવી મનુષ્યકર્ત્તવ્યનું ભાન કરાવ્યું, અને ઉત્તમ ગૃહસ્થાશ્રમી બનાવ્યા.

*રાસક્રીડા.

પ્રભુ સાચા પ્રેમની કસોટી કરે છે.

સર્વ જાતની ઉપાધિઓથી મુક્ત થએલા ભક્તોના ચિત્તની વૃત્તિઓ કેવળ પ્રભુમાંજ તલ્લીન રહે છે, પછી

---

* 'रसानां समूहो रासः' રસ—ભક્તિરસ અર્થાત્ ભજનાનંદની જેમાં બરાબર જમાવટ થાય, તે 'રાસ' કહેવાય. રાસમાં સઘળો બાહ્યભાવ ભૂલી જવાય છે અને 'સાક્ષાત્ સ્વરૂપ'નો સંબંધ (અનુભવ) થાય છે, એ બ્રહ્માનંદનો અનુભવ કરનાર કદાપિ ભયને વશ થતો નથી.

'क्रीडा' એટલે લીલા. સર્વાંગત (નિરાકાર) બ્રહ્મનું જગદ્રૂપ થવું તે લીલા કહેવાય છે. ધર્મ—આદિ પુરૂષાર્થોની સિદ્ધિ માટે જગતની રચના છે. પુરૂષાર્થ સિદ્ધ કરી ભક્તિરસમાં લીન થએલો ભકત એકાન્તસંન્યાસ (કામ્યકર્મોનો ત્યાગ) સ્વીકારે છે, એ અવસ્થામાં પ્રભુ તેને સ્વરૂપદાન કરે છે. (નિષ્કામ ભક્તના શુદ્ધ અંતઃકરણમાં આત્મપ્રકાશ પડે છે, અને બ્રહ્માનંદનો તેને સાક્ષાત્કાર થાય છે). તે વખતે જગત બધું બ્રહ્મમય ભાસ છે, અને દૃષ્ટા—દૃશ્ય વગેરેની ભિન્નતા રહેતી નથી. આ ક્રીડામાં ॐ કારનો નાદ (બ્રહ્મનાદ) એ વેણુધ્વનિ છે. એ નાદ ચિત્તવૃત્તિઓને બાહ્ય વિષયોમાંથી નિવૃત્ત કરી આત્મા તરફ વાળે છે.

વેણુનો અર્થ "व च इश्च वयौ, तौ अणूकतौयेन ચંચળતા અને કામ એ બેને ક્ષીણ કરનાર" એવો થાય છે.

તેમને બહારના વિષયો ખેંચી શકતા નથી; છતાં પણ પ્રભુ પોતાના તરફ તેમનો સાચો પ્રેમ છે કે નહિ તેની કસોટી કરે છે. એ કસોટીમાંથી જો તેઓ પાર ઉતરે તો પછી તેમને પ્રભુ દર્શન આપે છે, સદાકાળ તેમની સમીપમાંજ રહે છે, તેમને સ્વસ્વરૂપમાં રમાડે છે, (સ્વસ્વરૂપનું અનુસંધાન કરાવે છે) અને શાશ્વત સુખ આપી આનંદ અનુભવાવે છે.

"જેમનું મન પ્રભુદર્શન માટે તલસતું હોય તેઓજ કસોટીમાંથી પાર ઉતરે છે."

આપણે ઉપર જોઇ ગયા કે, ઈશ્વર સત્ય પ્રેમની કસોટી કરે છે, ત્યારે તે કસોટીમાંથી પાર કોણ ઉતરી શકે? જેને ખરી તરસ લાગી હોય તે ગમે ત્યાંથી ગમે તે ઉપાયે પણ પાણીને શોધી કાઢવા પ્રયત્ન કરે છે, તેમાં ગમે તેટલાં વિઘ્ન આવે છતાંએ તેમને ગણુતો નથી. તે જાણે છે કે, પાણી વગર હવે પોતાનું જીવન ટકી શકે તેમ નથી. આ વખતે તેને ખાવાનાં પકવાન્ન મળે, સારાં સારાં વસ્ત્રો અને આભરણો મળે અથવા બીજી કોઇપણ ચીજ મળે તો પણ તેને તે પ્રિય લાગશે નહિ. તેની ઇચ્છા તો અત્યારે જલ મેળવવાની છે. તેને મન અત્યારે તો પાણીજ અમૂલ્ય વસ્તુ છે. આમ જલની ખરી ધખસ લાગી હોવાથી તે ગમે ત્યાંથી જલ મેળવી શકે છે.

એવીજ ઉત્કટ ઈચ્છા ઇશ્વરપ્રાપ્તિ માટે થવી જોઈએ. વાછરડું જેમ ધાવવા વખતે ગાય પાસે જવા આતુર થઈ જાય છે, તેમ જેનું મન ઇશ્વરદર્શન માટે આતુર થયું હોય તે કોઈ પણ જાતની લાલસાઓથી ડગતું નથી, અનેક વિઘ્નો આવે તો પણ પાછું પડતું નથી અને સખતમાં સખત રીતે કસોટી કરવા છતાં વધારે ને વધારે શુદ્ધ બનતું જાય છે. જેમ શુદ્ધ સોનાને વધારે તાપ આપતાં તેનો ખરો વર્ણ પ્રકાશી નીકળે છે, તેમ ખરા ભક્તની કસોટી થતાં તેનું ચિત્ત વધારે કોમળ બને છે. કોમળ અને પવિત્ર ચિત્તવાળો મનુષ્ય ઇશ્વરનું દર્શન પામી, સ્વસ્વરૂપમાં લીન થઇ, શાશ્વત સુખને પ્રાપ્ત કરી શકે છે. તેની વૃત્તિઓ નિરંતર ઈશ્વરદર્શન માટે તલસતી હોય છે, તેથી ચુંબક જેમ લોઢાને ખેંચે તેમ તેનું અન્તઃકરણ પ્રભુને આકર્ષે છે.

ભકત-ભજનીયનો સંબંધ સ્ત્રીપુરૂષ જેવો છે.

રા સફીડામાં શ્રીકૃષ્ણે મોરલી વગાડી તેનો સૂર સાંભળી ગોપીઓ આનંદમાં ગરક થઇ, અને પોતાનાં પતિ, પુત્ર, માતા, પિતા વગેરેનું મમત્વ છોડી દઇ, શ્રીકૃષ્ણ પાસે આવી. પ્રભુ તેમનો આન્તરિક ભાવ જોવા તેમની વચ્ચેથી ક્ષણમાત્ર અદૃશ્ય થયા, પણ ગોપીઓનું અન્તઃકરણ તો શ્રીકૃષ્ણ પ્રતિ એટલું બધું તલસતું હતું કે તેઓ દરેક

જગાએ (જડ અને ચેતનમાં) પ્રભુને શોધતી હતી (પ્રભુ સર્વત્ર છે એવો ભાવ તેમના હૃદયમાં જાગૃત થયો હતો). તેમના આવા ઉત્તમ ભાવને લીધે શ્રીકૃષ્ણ તેમની વચ્ચે પ્રકટ થયા, અને પોતાનાં અસંખ્ય રૂપો પ્રકટ કરી દરેકની જોડે રમ્યા (દરેકમાં આત્મા રૂપે હતા તે પ્રકાશિત થયા અને સ્વરૂપાનુસંધાન-જીવાત્મા અને પરમાત્માનું ઐક્ય અનુભવાવ્યું). અહીં શ્રીકૃષ્ણની મોરલીનો સ્વર તે બ્રહ્મનાદ છે. એ નાદ સમાધિદશામાં અન્તઃકરણની અંદર યોગીઓ અનુભવી શકે છે. આ નાદથી અન્તઃકરણની વૃત્તિઓ આપોઆપ બહારની ઉપાધિઓનો ત્યાગ કરી, આત્મસ્વરૂપની શોધ કરવા મંડે છે. પ્રથમ તેમને આખા પિંડમાં આત્મપ્રકાશ જણાય છે, પણ તે પ્રકાશ સૂક્ષ્મ થતાં થતાં આખરે અન્તઃકરણમાંજ કરોડો સૂર્ય પ્રકટ થયા હોય તેવો માલુમ પડે છે. તે પ્રકાશમાં ઇન્દ્રિયો અને ઇન્દ્રિયોના વિષયો, અન્તઃકરણ અને અન્તઃકરણની વૃત્તિઓ વગેરે સર્વનો લય થાય છે. પછી જ્ઞાતા અને જ્ઞેય, ધ્યાતા અને ધ્યેય એમાંનું કશું રહેતું નથી અને 'एकमेवा द्वितीयं ब्रह्म' એકજ અદ્વિતીય બ્રહ્મ શેષ રહે છે.

કોઇ કહેશે, કે 'ભાગવતમાં આવી ચોકખી વાત કેમ ન કહી ? તેમાં એમજ જણાવવું હતુંને, કે, શ્રીકૃષ્ણે પોતાના આશ્રયે રહેલા ભક્તજનોના અન્તઃકરણમાં આત્મ-

ભાવ જાગૃત કર્યો. તેમજ આખા વિશ્વમાં અને પોતાનામાં રહેલો આત્મા એકજ છે અને તે બ્રહ્મરૂપ છે, એવો અનુભવ તેમને કરાવ્યો.' પરંતુ આટલુંજ જણાવવાથી વ્યવહારમાં ગુંથાએલા માણસો સમજી શકે નહિ, તેથી તેમને આવું ઉત્તમ યોગજ્ઞાન ટુંકમાં સમજાવવા માટે દૃષ્ટાન્ત પણ વ્યાવહારિકજ આપ્યું છે; અને ભક્ત તથા ભજનીયનો સંબંધ સ્ત્રી-પુરૂષ રૂપે કલ્પ્યો છે. આ રૂપકથી એવું દર્શાવ્યું છે કે, એક સ્ત્રીના પોતાના પતિ-પુરૂષની સાથે જે જે ધર્મો છે તે બધા ધર્મો ભક્ત અને ભજનીય (ઈશ્વર) ની વચ્ચે છે. સ્ત્રી જેમ પુરૂષને પોતાનાં તન, મન અને ધન અર્પણ કરી તેના સાથે ઐક્ય અનુભવે છે; તેમ ભક્ત પણ પોતાનાં તન, મન અને ધન ઇશ્વરને અર્પણ કરીનેજ ઈશ્વર સાથે ઐક્ય અનુભવી શકે છે.

(સ્થૂલદૃષ્ટિએ.)

વૈદ્ય જેમ નાડી તપાસીને દવા આપે છે, તેમ ઉપદેશ પણ પાત્રતાની પરીક્ષા કરીને આપવો જોઈએ. શ્રીકૃષ્ણે ગોપીઓની નાડી તપાસી હતી. તેઓ જાણતા હતા, કે ગોપીઓના અન્તઃકરણમાં કામભાવ વિશેષ છે. તેથી તેમણે પોતાના કામદેવથી પણ અધિક સુંદર શરીર વડે તેમને આકર્ષી, અને તેમના પ્રેમભાવને અટકાવ્યા વગર યુક્તિથી માત્ર તેનો પ્રવાહ બદલ્યો. આમ કરવાથી ગોપીઓનો પ્રેમ

જે પ્રથમ કામનામય હતો તે બદલાઇ નિષ્કામ થયો, અને વિશુદ્ધ થઈ પરમાત્મા તરફ વળ્યો.

કોઈ પણ માણસની અમુક વૃત્તિઓને અટકાવી દેવી તેના કરતાં તેના પ્રવાહની દિશા બદલાવવી એ વધારે શ્રેય-સ્કર છે. જો કે, આ કામ ઘણું કઠણ છે, તે સાધારણ માણસથી બની શકે તેવું નથી; પણ પરમાત્મા તો તે કરવાને સમર્થ છે.

ભાવનાજ સ્વરૂપ ઘડે છે.

ભાવનાઓ ઉપરજ બધી વાત આધાર રાખે છે. મનમાં જેવી ભાવનાઓ ઉત્પન્ન થાય છે, તેવાંજ કાર્યો થાય છે. એકાદ વખત પણ થએલી ભાવના હરકોઇ વખતે પણ ફળ આપે છે. સ્વપ્નના અનુભવ ઉપરથી આપણે જોઈ શકીએ છીએ કે, યાદ પણ ન હોય એવી ભાવનાઓ કેવાં કેવાં સ્વરૂપ ધારણ કરે છે? મન ઉપર કે શરીર પર પણ એ ભાવનાઓનીજ અસર થાય છે. શરીર કે મન ગમે તેટલાં સારાં છતાં, કોઈ વખત ભાવના બદ-લાતાં તે નિર્બલ કે ક્ષીણ થએલાં લાગે છે, અને તેજ પાછાં સદ્ભાવના થતાં સશક્ત અને સુદૃઢ માલુમ પડે છે. જે ભક્તો, જ્ઞાનીઓ, મહાન શોધકો કે મહાન કવિઓ થઇ ગયા છે,

તે પણ ભાવનાઓનેજ આભારી છે. કારણ કે, મનમાં અમુક ભાવના ઉત્પન્ન કરી તેને પ્રત્યક્ષ કરવા પ્રયત્ન કર્યો, કે તે સફળ થાય છેજ.

સુખ કે દુઃખ કંઇ વસ્તુઓ નથી, તે પણ ભાવનાઓજ છે. આ સંસારમાં શત્રુ કે મિત્ર કાંઇ પ્રથમથીજ નિર્માણ થએલા હોતા નથી, તે આપણી ભાવનાથીજ બને છે.

ભાવનાની કેટલી બધી અસર થાય છે તે એક દાખલો લઇને તપાસીએ.

'એક ભમરી જ્યારે કીડાને (ઇયળને) પકડી લાવી પોતાના દરમાં મૂકે છે, ત્યારે તેનામાં પોતાના તરફની ભાવના પેદા કરવાને તેને વારંવાર ચટકા ભરે છે. તેથી કીડાને એટલો બધો ભય ઉત્પન્ન થાય છે કે, તે ક્ષણે ક્ષણે ભમરીને જુએ છે. આમ વારંવાર ભમરીનું ધ્યાન કરતાં તેની ભાવનાઓ ભમરીમય બની જાય છે, તેથી થોડાજ વખતમાં તે પોતાનું સ્વરૂપ છોડી દઇ ભ્રમરરૂપ બને છે.

બીજો દાખલો એક કુટુંબનો લો. એક કુટુંબમાં એક યુવાન પુરૂષ છે; તેને માતા-પિતા પુત્રભાવથી જુએ છે, ભાઇ કે બ્હેન ભ્રાતૃભાવથી જુએ છે, ભાભી દિયર કે જેઠ તરીકેના ભાવથી જુએ છે, તેની પત્ની પોતાના પ્રાણાધાર પતિ તરીકે જુએ છે, છોકરો પિતૃભાવથી જુએ છે ભત્રીજો પિતૃવ્યભાવથી જુએ છે; એમ સઘળાં એકજ પુરૂ-

પને ભિન્ન ભિન્ન ભાવે જુએ છે અને તેની સાથે તેવાજ ભાવને અનુસરતો વ્યવહાર પણ રાખે છે. આ ઉપરથી સાબત થાય છે કે, ભાવનાઓની ભિન્નતાથીજ સંબંધ કે વ્યવહારની પણ ભિન્નતા થાય છે.

શાસ્ત્રમાં એક વચન છે કે, 'याद्दशी भावना सिद्धिः सिद्धिर्भवति ताद्दशी જેવી ભાવનાઓ તેવીજ સિદ્ધિ પણ મળે છે.' મરણ વખતે પણ જેવી ભાવના થાય તેવો તેનો પુનર્જન્મ થાય છે. એટલા માટેજ શ્રીકૃષ્ણપ્રભુ અર્જુનને ઉપદેશ આપે છે કે, " જે મનુષ્ય અન્તકાલે મારૂં સ્મરણ કરતાં પોતાનો દેહ છોડે છે, તે મારા સ્વરૂપને પામે છે." આ વાત અક્ષરે અક્ષર સાચી છે; કારણ કે, ભાવનાજ સ્વરૂપ ઘડે છે.

માણસ જો પોતાની જીંદગીમાં સબળ કે નિર્બળ, ધનવાન કે નિર્ધન, પંડિત કે મૂર્ખ, નીરોગ કે રોગી, ઉદ્યોગી કે દરિદ્ર, પવિત્ર કે પાપી, ઉચ્ચ કે નીચ બનતો હોય તો તે તેની ભાવનાઓને લીધેજ. ઉચ્ચ ભાવનાવાળો માણસ કદી હીન દશાને પામતો નથી, અને નીચ ભાવનાવાળો કદી ઉચ્ચ સ્થિતિને પામતો નથી. એટલાસારૂ પોતાનું કલ્યાણ ઈચ્છતા મનુષ્યોએ કદી પણ હલકી ભાવનાઓ અન્તઃકરણમાં ઉત્પન્ન કરવી નહિ.

રાસક્રીડામાં ગોપીઓને તેમના ભાવપ્રમાણે પ્રેમમય

સ્વરૂપ જણાવ્યા પછી શ્રીકૃષ્ણે પાપીઓને પણ તમના ભાવ પ્રમાણે પોતાનું ઉગ્રસ્વરૂપ જણાવ્યું હતું.

શ્રીકૃષ્ણે શંખચૂડ, કેશી, વ્યોમાસુર વગેરે અનેક આસુરી શક્તિઓનો નાશ કર્યો તે સાંભળી કંસને બહુ ફીકર થઇ. તે સમજી ગયો કે, 'મારો વિનાશ કરનાર પ્રભુ પૃથ્વીપર અવતરી ચુકયા છે.' પણ હવે હરકોઇ ઉપાયે તેમનો નાશ કરવાનું તેણે धार्यु. તેણે મોટા મોટા મલ્લોનો તથા સૈન્યનો બરાબર વ્યૂહ ગોઠવ્યો, અને કૃષ્ણ તથા બળદેવને ધનુર્યાગને બહાને વ્રજમાંથી તેડી લાવવા અક્રૂરને મોકલ્યા.

અક્રૂરજી પરમ ભગવદ્-ભક્ત હતા. તે તો પ્રભુનાં દર્શન થશે એમ જાણી ખુશી થયા. વ્રજમાં ગયા પછી નંદરાયે તેમનો સારો સત્કાર કર્યો. શ્રીકૃષ્ણ તથા બળદેવજીએ પણ તેમને વડીલ તરીકે માન આપ્યું. પછી અક્રૂરજીએ કંસની આજ્ઞા નંદજીને કહી સંભળાવી, જે સાંભળતાં નંદરાયને તથા સર્વ ગોપ અને ગોપીઓને મહાન્ કષ્ટ થયું. તેમને શાન્તિ આપતાં શ્રીકૃષ્ણે કહ્યું, "તમે જરાએ ગભરાશો નહિ, અમે સુખેથી અમારા મામાનું નિમંત્રણ સ્વીકારી તેને ત્યાં જઇશું અને તેની ઇચ્છા સફળ કરીશું."

'શ્રીકૃષ્ણ જવાના છે' એવું સાંભળી પ્રેમાળ ગોપ અને ગોપીઓ રડવા લાગ્યાં. પણ શ્રીકૃષ્ણજીને હજી ઘણાં

કાર્યો કરવાનાં બાકી હતાં, તેથી તેમને આશ્વાસન આપી તે અક્રૂરજી સાથે રથમાં બેસી મથુરા પધાર્યા. માર્ગમાં જતાં અક્રૂરજીનો સ્નેહભાવ જોઇ શ્રીકૃષ્ણે તેમને આત્મજ્ઞાન આપ્યું.

મથુરામાં ગયા પછી શ્રીકૃષ્ણ પોતાના તરફ પ્રેમ રાખનારી કુબ્જાનો ઉદ્ધાર કરી, કંસે કરેલી યોજનાને સફળ કરવા માટે માર્ગમાં ઉભેલા ઉન્મત્ત હાથી કુવલયાપીઠને હણી, મલ્લોના અખાડા તરફ ગયા. તે વખતે આ નવવયસ્ક કુમારોનું અને મલ્લોનું યુદ્ધ જોવા ઘણા નાગરિકોની અખાડા આગળ ઠઠ્ઠી થઈ હતી. નાગરિકો આ કુમારોને મલ્લોની સામા ઉભેલા જોઈ અંતઃકરણમાં દયા ઉપજવાથી કંસને શાપ આપતા હતા, અને દુષ્ટહૃદયના રાક્ષસો ખુશ થતા હતા.

જે વખતે શ્રીકૃષ્ણ અખાડામાં ઉભા, તે વખતે સર્વ મનુષ્યોએ પોતપોતાની ભાવના પ્રમાણે તેમને જોયા. મલ્લોએ વજ્રરૂપે, મનુષ્યોએ ઉત્તમ પુરૂષરૂપે, સ્ત્રીઓએ કામદેવરૂપે, ગોવાળોએ કુટુંબીરૂપે, દુષ્ટ રાજાઓએ શિક્ષકરૂપે, માતાપિતાએ બાલકરૂપે, કંસે મૃત્યુરૂપે, યોગીઓએ પરમ તત્ત્વરૂપે અને યાદવોએ પરમ દૈવતરૂપે તેમનાં દર્શન કર્યાં.

પછી વિલંબ ન કરતાં શ્રીકૃષ્ણજીએ મલ્લયુદ્ધ કરી, સઘળા મલ્લોનો વધ કર્યો અને જ્યાં આગળ કંસ બેઠો

હતો તે જગાએ દોડી જઈ, તેને પકડી પૃથ્વીપર પટક્યો. તેજ વખતે કંસનો અમર આત્મા ભગવદ્રૂપમાં મળી ગયો. સઘળા રાજભવનમાં હાહાકાર થયો. પછી શ્રીકૃષ્ણજીએ સર્વ નાગરિકોને શાંત કરી ઉગ્રસેનનો રાજ્યાભિષેક કર્યો, અને પોતાનાં માતાપિતાને બંધનથી મુક્ત કરી તેમના ચરણમાં પ્રણામ કર્યા. તે વખતે વસુદેવ તથા દેવકી શ્રીકૃષ્ણ તથા બલદેવને ઈશ્વરસ્વરૂપ માની તેમને ભેટયાં નહિ, પણ દૂરથીજ નમ્યાં.

ઉત્તમ ગુરૂભક્તિ.

ગીતામાં ભગવાન અર્જુનને ઉપદેશ કરે છે કે, "મારે કંઈ કરવાનું કે મેળવવાનું નથી, તોપણ હું સામાન્ય મનુષ્યની પેઠે સઘળાં કાર્ય કરી બતાવું છું; કારણકે, મારે લોકોને તે તરફ દોરવા છે. લોક ગતાનુગતિક છે, એટલે તે હમેશાં શ્રેષ્ઠ માણસોનું અનુકરણ કરે છે. તેથી જો શ્રેષ્ઠ માણસો કર્મ ન કરે અથવા લોકવિરૂદ્ધ આચરણ કરે, તો તે જનસમાજને બગાડે છે. માટે લોકોને દોરવાની ખાતર પણ શ્રેષ્ઠ માણસોએ લૌકિક કર્મો કરવાં જોઈએ." આ

હેતુથી ઉપનયનસંસ્કાર થયા પછી શ્રીકૃષ્ણ બલદેવજી સાથે સાંદીપનિ નામે ગુરૂને ત્યાં ગયા, અને ગુરૂજી તરફ આદરભાવ રાખી તથા સહાધ્યાયી-મિત્રો તરફ અતિ પ્રેમ રાખી, વિદ્યાભ્યાસ કરવા લાગ્યા.

શાસ્ત્રોમાં ગુરૂનું સ્થાન બહુ ઉંચું છે; કારણકે, તે શિષ્યને સંસ્કારી, સદ્‌ગુણી અને જ્ઞાની બનાવી પુનર્જન્મ આપે છે, તેને સુધારવા માટે પોતે ઉપભોગોનો ત્યાગ કરી અનેક કષ્ટ સહે છે અને નિરન્તર તેના ભલામાં તત્પર રહે છે. આવા મહાન ઉપકારોના બદલામાં શિષ્યે તેમના પ્રત્યે પૂજ્યભાવ રાખવો, તેમની પાસે નમ્રતાથી રહેવું અને જેમ બને તેમ તેમની સેવામાં તત્પર રહેવું જોઇએ.

વિદ્યા ત્રણ રીતે પ્રાપ્ત કરી શકાય છે; ગુરૂની સેવાથી, પુષ્કળ ધન ખરચીને અથવા વિદ્યાને બદલે વિદ્યા આપીને. પણ આ ત્રણ રીતોમાં પહેલી રીત વધારે શ્રેયસ્કર છે, કારણકે, ગુરૂસેવાથી મેળવેલી વિદ્યા અક્ષય થાય છે.

મનુ મહ જ ખે છે, કે "જેણે થોડું પણ જ્ઞાન આપ્યું હોય તે ગુરૂ કહેવાય. ગુરૂની પાસે વિનયથી રહેવું. કોઇ જગાએ તેમની નિંદા થતી હોય તો ત્યાંથી ખસી જવું, પણ તેમાં ભાગ ન લેવો. તેમની રીતભાતના ચાળા ન પાડવા, તેમ તે આવે ત્યારે ઉભા થઇ તેમને સંમાન આપી તેમના બેઠા પછી બેસવું."

શ્રીકૃષ્ણ ભાવપૂર્વક ગુરૂની સેવા કરતા હતા. એમ ગુરૂસેવા કરતાં થોડાજ વખતમાં તેમણે અંગસહિત વેદોનું અધ્યયન પૂર્ણ કર્યું. ગુરૂ તેમની અમાનુષી બુદ્ધિ, તેમનું જીતેન્દ્રિયપણું તથા તેમનો સેવાભાવ જોઇ પ્રસન્ન થયા. તેમણે ‘આ કોઇ દૈવીપુરૂષો છે’ એમ માની ગુરૂદક્ષિણામાં પોતાનો મૃત પુત્ર માગ્યો, અને શ્રીકૃષ્ણે પોતાની યોગશક્તિથી ગુરૂની ઇચ્છા પૂર્ણ કરી.

હું કરૂં હું કરૂં એજ અજ્ઞાનતા,
શકટનો ભાર જેમ શ્વાન તાણે;
સૃષ્ટિમંડાણ છે સર્વ એણી પેરે,
જોગી જોગેશ્વરા કોક જાણે.

(જરાસંધનું મથુરાપર આક્રમણ, દ્વારકાની સ્થાપના, કાલયવનનો નાશ અને મુચુકુન્દચરિત.)

‘સર્વ કાર્યો પ્રભુ ઇચ્છાથી થાય છે તેના વગર તો એક પાંદડુંએ હાલતું નથી.’ એમ ભગવદ્‌ભક્તો તથા મહાત્માપુરૂષો માને છે, અને પોતાનાં કાર્યો કર્યે જાય છે. તેઓ કર્તાપણાનું અભિમાન રાખતા નથી, અર્થાત્ અમુક

કાર્ય મેંજ કર્યું છે, મારા વગર તે કોઈથી બની શકે તેમ ન હતું, હું ન હોઉં તો એ કામ થાયજ નહિ; એવા અભિમાનમાં તેઓ તણાતા નથી. માત્ર " ખાલી ચણો ખખડે ઘણો " એ કહેવત પ્રમાણે જેઓ અર્ધદગ્ધ હોય છે તેઓજ થોડું કામ કરીને પણ ઘણા ગાજે છે, અને લોકોમાં પોતાની મહત્તા વધારવા બકે છે કે, " હું હતો તો આમ બન્યું, બીજા કોઇની શક્તિ નથી કે આવું કામ કરી શકે, મેં તો આવાં ઘણાં કામ કર્યાં છે. " આમ બબડતાં તેઓ સમજતા નથી, કે " ગાજતો મેઘ વર્ષે નહિ અને વરસતો મેઘ ગાજે નહિ. "

મહાન્ પુરૂષોમાં બધાં કાર્યો કરવાની શક્તિ હોય છે, પણ તેઓ દેશકાળને અનુસરે છેઃ—અમુક વખતે અને અમુક સ્થળે જે કરવા જેવું હોય તે કરે છે અને કરવા જેવું ન હોય તે નથી પણ કરતા. જ્યારે અર્ધદગ્ધ—ઉછાંછળા લોકોમાં આવી સ્થિરતા હોતી નથી. તેઓ તો એમ સમજે છે કે, ' હું મારો પ્રકાશ લોકોને ક્યારે બતાવી દઉં ? ' પરંતુ સાહસ કામ કરી પોતાનો પ્રકાશ બતાવવા જતાં તેઓ ફાવતા નથી, અને પાછળથી પસ્તાય છે. ભવભૂતિ કહે છે કે,

" सहसा विदधीत न क्रिया मविवेकः परमापदां पदम् ।
वृणतेहि विमृश्यकारिणं, गुणलुब्धाः स्वयमेव सम्पदः ॥

કોઇ દિવસ સહસા કામ કરવું નહિ; કારણ કે, અવિ-

વેઠ (ખોટી ઉતાવળ) પરમ આપત્તિનું સ્થાન છે. વિચારીને કામ કરનારા માણસોને સંપત્તિઓ પોતાની મેળે આવીને મળે છે—પ્રાપ્ત થાય છે.”

સૃષ્ટિનો ઉદ્ધાર કરવા આવેલા અવતારી પુરૂષો કોઈથી ન થઈ શકે તેવાં કાર્યોજ પોતાના હાથે કરે છે, અને જે કાર્યો અન્યથી બની શકે તેવાં હોય તે કાર્યો તેમની પાસેજ કરાવે છે. કારણ કે, જે પૂર્ણ છે તેને લોકોમાં પોતાની વાહવાહ બોલાવવાની ઈચ્છા હોતી નથી. તેતો બીજાઓનેજ ઉત્સાહ આપીને પ્રેરે છે, બની શકે તેટલાં કાર્યો તેમની પાસે કરાવી તેમને યશોભાગી બનાવે છે અને પોતે તો દ્રષ્ટા તરીકેજ રહે છે. અવતારીની પ્રભુતા આમાંજ રહેલી છે. એક મીલ એંજીનીઅર એંજીનને ચાલતું કરી તે દ્વારા બીજાં ચક્રોને ગતિ આપે છે એટલે તે ચક્રો પોત પોતાની હદમાં રહી ફરવા મંડે છે, અને જેનું જે કામ હોય તે કરે છે. તે વખતે એંજીનીઅર તો માત્ર દ્રષ્ટા તરીકેજ રહે છે. છતાં જ્યારે જ્યારે ચક્રોને સુધારવા તેની જરૂર પડે છે ત્યારે તે મીલની અંદર દાખલ થઈ ભાંગેલાં ચક્ર કાઢી નાખે છે, અને સુધરી શકે તેવાંને સુધારે છે. આમ મીલનું કામ ધમધોકાર ચાલતું રહે છે. તેમ પ્રભુ પણ આ સંસારચક્રને ગતિ આપી તેમાં રહેલા અનેક જીવોને કર્મ કરવા પ્રેરે છે, જરૂર પડે પોતે પણ આવી જાય છે અને

પોતાને કરવા જેટલાં કામ પોતે કરી, બાકીનાં કામ બીજાઓ પાસે કરાવી, માર્ગ સરળ કરી આપે છે. પણ પોતે તો હંમેશાં અલિપ્ત-તટસ્થ અને પૂર્ણ-આનંદ સ્વરૂપેજ રહે છે. આનુંજ નામ ઉત્તમ કાર્યકુશળતા કહેવાય.

*　　　*　　　*　　　*

શ્રીકૃષ્ણે વિદ્યાભ્યાસ કરીને આવ્યા પછી ઉદ્ધવજીને વ્રજમાં મોકલી નંદ, યશોદા અને વ્રજવાસીઓના સમાચાર મેળવ્યા અને તેમને ઉપદેશ અપાવી શાન્ત કર્યા. ત્યારબાદ અક્રૂરને હસ્તિનાપુર મોકલી પોતાનાં ફોઇ કુન્તાજીના પુત્રોના કુશળતાના સમાચાર મંગાવ્યા.

કંસના મરણ પછી તેની બે રાણીઓ દુ:ખી થઇ, પોતાના પિતા જરાસંધને ત્યાં ગઇ હતી. પુત્રીઓનું દુઃખ જરાસંધ સહન કરી શકયો નહિ. તે મોટું સૈન્ય લઇ મથુરાપર ચઢી આવ્યો. શ્રીકૃષ્ણ અને બળદેવે તેની સાથે યુદ્ધ કરી તેના સૈન્યનો સંહાર કર્યો, તેથી તે નાસી ગયો. આવી રીતે જરાસંધ સત્તર વખત ચઢી આવ્યો પણ તે પોતાની ધારણા સફળ કરી શકયો નહિ.

જરાસંધની મથુરાપરની સત્તરમી ચઢાઇ વખતે યાદવોને માથે મોટું કષ્ટ આવી પડયું; કારણ કે, એ અરસામાં કાલયવન નામનો કોઇ મુસલમાન પાદશાહ પણ યાદવોના બલની ખ્યાતિ સાંભળી મથુરાપર ચઢી આવ્યો. હવે આ

બન્ને રાજાઓને યાદવો એકી વખતે જીતી શકે તેમ ન હતું, તેથી સમયસૂચકતા વાપરી શ્રીકૃષ્ણ પોતાના સઘળા કુટું-બીઓ સાથે ત્યાંથી નીકળી ગયા; અને ગુજરાતના પશ્ચિમ કિનારે દ્વારકા નામે મોટું નગર વસાવી, ત્યાં પોતાની રાજધાની કરી. પછી બળદેવજી વગેરેને ત્યાં મૂકી શ્રીકૃષ્ણ પાછા મથુરામાં આવ્યા, અને શહેરનો કિલ્લો ઉઘડાવી સર્વના દેખતાં નાઠા. તે જોઇ, કાલયવન તેમની પાછળ દોડયો. આમ દોડતાં દોડતાં શ્રીકૃષ્ણ એક પર્વતની ગુફામાં પેઠા. ત્યાં મુચુકુંદ નામે એક મહાન્ રાજર્ષિ સમાધિષ્ઠ થએલો[1] હતો. તેને જોતાંજ શ્રીકૃષ્ણે પોતાનું પીતાંબર તેના ઉપર નાખ્યું, અને ગુફામાં છુપાઇ હવે શું થાય છે તે જોતા ઉભા. થોડીવારમાં કાલયવન શ્રીકૃષ્ણને શોધતો તે ગુફામાં આવ્યો અને પીતાંબર જોઇ, આ શ્રીકૃષ્ણ છે એમ ધારી, સમાધિષ્ઠ મુચુકુન્દને લાત મારી. તેથી મુચુકુન્દની આંખ ઉઘડી ગઈ. તેજ વખતે તેના યોગાગ્નિથી કાલયવન ભસ્મ થઇ ગયો.

---

૧ ભાગવતમાં લખ્યું છે કે, 'દેવો પાસેથી વરદાન મેળવી મુચુકુન્દ ગુફામાં ઉંઘતો હતો.' આ અલંકારિ–ભાષાનો અર્થ 'સંસા-રના ભોગોને તજી સમાધિ કરતો હતો' એવો થાય છે. જુઓ મણિરત્ન માલાઃ—

'शेते सुखं कस्तु समाधिनिष्ठः' ।

કાલયવનનો નાશ થયા પછી શ્રીકૃષ્ણ મુચુકુન્દની
ને આવી ઉભા રહ્યા. તેણે જ્ઞાનદૃષ્ટિથી પરમાત્માને
ળખ્યા અને હર્ષમાં આવી તેમની સ્તુતિ કરી. શ્રીકૃષ્ણે
વરદાન માગવા કહ્યું, પણ તેણે પ્રભુભક્તિ વગર
જું કંઈ માગ્યું નહિ.

મુચુકુન્દ માન્ધાતાનો પુત્ર હતો. તેણે પોતાના અતિ
ક્રમથી દેવોને પણ ઘણી મદદ કરી હતી. તેનું અન્તઃ
ણ સંસારના ભોગોથી હંમેશાં અનાસક્ત રહેતું, જેને
ને તે રાજ્ય વગેરે છોડી દઈ એકાન્તમાં સમાધિ કરતો હતો.

ધર્મ, અર્થ કામ અને મોક્ષ ગૃહસ્થાશ્રમમાં સાધી શકાય છે.

(શ્રી કૃષ્ણનો ગૃહસ્થાશ્રમ)

બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ, અને સંન્યસ્ત આ ચાર આશ્રમોમાં ગૃહસ્થાશ્રમની શ્રેષ્ઠતા છે; કારણકે, તે બીજા ત્રણ આશ્રમોને ઉપકારી થઈ પડે છે. ગૃહસ્થાશ્રમનું પાલન જો નિયમ-
ક થાય; તો તે કલ્પતરૂસમાન ફળદાયક બને છે. ઉત્તમ
સ્થાશ્રમી ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે પુરુ-

ષાર્થોને સાધી શકે છે, પોતે સુખી થઇ બીજાને સુખી કરી શકે છે અને આ લોકમાં પોતાનો અમર યશ મૂકતો જાય છે.

ગૃહસ્થાશ્રમમાં પુણ્ય કરવાના પ્રસંગો મળે છે, સદ્‌ગુણોની કસોટી થાય છે અને એ કસોટીમાંથી પાર ઉતરેલા મનુષ્યો પ્રભુના કૃપાપાત્ર બને છે.

ભાગવતમાં ગૃહસ્થાશ્રમી ભક્તોનાંજ ચરિત્રો વધારે આપ્યાં છે; કેમકે, તેમને પોતાનું જીવન વિકટ માર્ગે પસાર કરવું પડયું હોય છે અને છતાં તે અણીશુદ્ધ રહેલું હોય છે. જેટલું ગૃહસ્થાશ્રમી ભકતોના ચરિત્રમાંથી જાણવાનું મળે છે, તેટલું અન્યઆશ્રમસ્થ ભકતોનાં ચરિત્રોમાંથી જાણવાનું મળતું નથી.

અહીં કોઇ શંકા કરે કે, 'માણસો ગૃહસ્થાશ્રમમાં દાખલ થયા પછી લોકવ્યવહારમાં અને રૂઢિઓમાં એવા ગુંથાઈ જાય છે કે, તેમને આત્મકલ્યાણ કરવાનો સમય મળતો જ નથી. તો પછી તે બીચારા પોતાનો ઉદ્ધાર કેવી રીતે કરી શકે?' આના ઉત્તરમાં આપણે કહી શકીએ કે, ખરી ખુબી ત્યાંજ રહેલી છે. કારણ કે, લોકવ્યવહારનાં અનેક કાર્ય કરવા છતાં અને આશ્રમધર્મ બરાબર પાળવા છતાં, તેમાં આસક્ત ન થવું તેમાંજ ખરા સંયમની કસોટી

થાય છે. આ સાથે પતિ તરીકેની, પુત્ર સાથે પિતા તરીકેની સંબંધીઓ સાથે સંબંધી તરીકેની અને દેશ સાથે એક નાગરિક તરીકેની ફરજો અદા કરતાં ઉત્તમ સંયમી ગૃહસ્થને કંઇ ભાર લાગતો નથી. તેને મન તો આ બધાં કાર્યો એક રમત જેવાં છે.

કમળ પાણીમાં રહેલું છતાં પાણી જોડે તેનો સંબંધ નથી, તેમ ઉત્તમ ગૃહસ્થ ભોગોની નજીક રહેવા છતાં, વિષય વાસનાથી ખેંચાતો નથી. તે ઉંઘતો નથી, પણ સદૈવ જાગૃત રહે છે–વાસનાઓથી અલિપ્ત રહે છે. અર્જુનગીતામાં શ્રીકૃષ્ણ કહે છે કે, "સંસારસું સરસો રહે ને મન મારી પાસ, સંસારથી લેપાય નહિ તે જાણવો મમ દાસ." આટલામાંજ બધો સાર આવી જાય છે. આ પ્રમાણે વર્તનારો માણસ અસાર સંસારને સારવાળો બનાવે છે. તેનો ગૃહસ્થાશ્રમ લૂખો નહિ પણ રસમય જણાય છે. બહારના માણસોને તે વ્યવસાયી લાગે છે, છતાં આન્તરિક દૃષ્ટિએ તપાસતાં તો તે બહુ નિવૃત્તિવાળો હોય છે. તે પોતાને સ્થૂલ, સૂક્ષ્મ વગેરે દેહોથી ભિન્ન–આત્મસ્વરૂપ માને છે. તેને સંસાર સાથે કંઇ લેવા દેવા હોતું નથી. તે કર્મફલથી હંમેશાં અલિપ્ત રહે છે.

ભગવાન શ્રીકૃષ્ણનો ગૃહસ્થાશ્રમ આવો ઉત્તમ અને બોધપ્રદ છે, માટે દરેક ગૃહસ્થાશ્રમીએ તેનું સૂક્ષ્મ અવલો-

કન કરી તેમાંથી સાર લઇ, તે પ્રમાણે પોતાનો ગૃહસ્થાશ્રમ સુધારવા તત્પર બનવું જોઈએ.

[રૂકિમણી હરણ.]

વિદર્ભ દેશમાં ભીષ્મક નામે એક રાજા હતો તેને રુકિમણી નામે એક સુશીલ પુત્રી હતી. તેનો વિવાહ શ્રીકૃષ્ણ સાથે કરવાની તેના પિતાની તથા તેના કુટુંબીઓની ઈચ્છા હતી, પણ રાજાનો વડો કુમાર રુકમી તેથી વિરૂદ્ધ હતો. તેણે પોતાની બ્હેનનો વિવાહ શિશુપાલ જોડે કરી દીધો, અને લગ્નનું મુહૂર્ત નક્કી કરાવી જાન પણ તેડાવી. રુકિમણીને આ વાત ગમી નહિ, તેથી તેણે પોતાના પુરોહિતને શ્રીકૃષ્ણ ઉપર એક વિનયભર્યો પત્ર લખી આપી દ્વારકા મોકલ્યો.

આ તરફ શિશુપાલ સાથે રુકિમણીને પરણાવવાની ધામધુમ થઇ રહી હતી. સ્થળે સ્થળે કંકુમપાત્રકાઓ મોકલી રુકમીએ પોતાના પક્ષના સઘળા રાજાઓને તેડાવ્યા હતા. શિશુપાલ પણ નીમેલા દિવસે જાન લઇને આવ્યો.

રુકિમણીએ મોકલેલા પુરોહિતે દ્વારકામાં આવી શ્રીકૃષ્ણને પત્ર પહોંચાડયો. પોતાના તરફ રુકિમણીનો ભાવ જાણી શ્રીકૃષ્ણ વિદર્ભદેશ તરફ જવા માટે તૈયાર થયા. કેમકે, આ સમયે વિદર્ભ જવામાં બે કામ સરતાં હતાં. થોડા

જ દિવસોમાં શ્રીકૃષ્ણ, બળદેવ અને બીજા કેટલાક યાદવો વિદર્ભ આવી પહોંચ્યા. ભીષ્મક રાજા માન સાથે તેમને નગરમાં તેડી લાવ્યો. રુક્મિણી પણ શ્રીકૃષ્ણના આવવાથી ખુશ થઇ.

વિવાહના દિવસે રુક્મિણી અંબિકાની પૂજા કરવા ઉપવનમાં ગઇ, અને શ્રીકૃષ્ણને પણ ત્યાં આવવાને સંદેશો મોકલી તેમની રાહ જોતી બેઠી. શ્રીકૃષ્ણ પણ રથમાં બેસી પોતાના મંડળ સાથે ત્યાં આવી પહોંચ્યા. અંબિકાની પૂજા કરી રુક્મિણી દેવળની બહાર નીકળી કે, તસ્તજ શ્રીકૃષ્ણે ખુલ્લી રીતે તેને રથમાં બેસાડી રથ દ્વારકા તરફ હાંકયો. રાજાઓનો ઉતારો બગીચાની આસપાસ જ હતો, તેથી તે રુક્મિણીનું હરણ થયું જોઇ શ્રીકૃષ્ણની પાછળ દોડયા, પણ બલદેવજીએ તેમને મારી હઠાવ્યા. જરાસંધ, શિશુપાલ વગેરે તો મ્હોં વિકાસી જોઈ રહ્યા, પણ રુકમીથી તે સહન થયું નહિ. તેણે પ્રતિજ્ઞા કરી કે, "હું શ્રીકૃષ્ણને યુદ્ધમાં માર્યા વિના કુંડિનપુરમાં પ્રવેશ કરીશ નહિ." રુકમી રથમાં બેસી [1]શસ્ત્રાસ્ત્રો લઈ શ્રીકૃષ્ણની પાછળ પડયો. માર્ગમાં તેને શ્રીકૃષ્ણનો ભેટો થયો. તેમની વચ્ચે યુદ્ધ થયું

---

૧ ફેંકી શકાય તે અસ્ત્ર (તીર, ગોળી વગેરે) અને હાથમાં પકડીને મારી શકાય તે શસ્ત્ર (તલવાર, ભાલો વગેરે).

તેમાં રુકમી હાર્યો, તેથી શરમને લીધે કુંડિનપુર પાછો ન જતાં વચ્ચે જ બીજું નગર વસાવીને રહ્યો. શ્રીકૃષ્ણ નિર્વિઘ્ન દ્વારકા પહોંચ્યા અને વિધિપૂર્વક રુકિમણી સાથે લગ્ન કર્યું. રુકિમણીને પ્રદ્યુમ્ન નામે પુત્ર હતો, તેણે પોતાના પરાક્રમથી શંબરાસુરનો વધ કર્યો હતો.

હ્રી, શ્રી, લક્ષ્મી, ધૃતિ, મેધા, તુષ્ટિ, શ્રદ્ધા અને ક્રિયા વગેરે આઠ શક્તિઓ જેમ આત્માને અનુસરનારી છે, તેમ શ્રીકૃષ્ણ (આત્મસ્વરૂપ) ને સદા અનુસરનારી રૂકિમણી, જાંબવતી, સત્યભામા, નાગ્નજીતી, ભદ્રા, લક્ષ્મણા, કાલિન્દી અને મિત્રવિન્દા વગેરે આઠ પટરાણીઓ હતી.

આવો વિશાળ ગૃહસ્થાશ્રમ છતાં શ્રીકૃષ્ણ બ્રહ્મચારી હતા. શાસ્ત્રો કહે છે, કે 'ધર્મપ્રમાણે ગૃહસ્થાશ્રમ કરનાર સદા બ્રહ્મચારી જ ગણાય છે.' શ્રીકૃષ્ણજીને લોકોમાં ઉત્તમ ગૃહસ્થાશ્રમનો દાખલો બેસાડવો હતો, તેથી પોતાને આઠ પટરાણીઓ છતાં તેમણે મોહ—નરકાસુર—નો ત્યાગ કરી (નાશ કરી), સઘળી વૃત્તિઓને (ભૌમાસુરે કેદ કરેલી સઘળી સ્ત્રીઓને) પોતાને કબજે કરી હતી; અને ગૃહસ્થાશ્રમમાં સંયમ કેમ જાળવી શકાય તેનો પ્રત્યક્ષ દાખલો આપ્યો હતો. મોટા પુરૂષોનાં આચરણો લોકોને દોરવા માટે જ હોય છે.

(બાણાસુરના હાથ કાપ્યા.)

શોણિતપુર (શરીર) નામે નગરમાં બલિરાજાનો મોટો પુત્ર બાણાસુર [1](કામ) રાજ્ય કરતો હતો (સત્તા ભોગવતો હતો). તેણે રૂદ્રની કૃપાથી બહુ સામર્થ્ય મેળવ્યું હતું. એક દિવસ રૂદ્રની પાસે જઇ તેમની સાથે યુદ્ધ કરવાની તેણે માગણી કરી. રૂદ્રે જાણ્યું, કે આ દુષ્ટને બલ આપ્યું એટલે તે તેનો ઉપયોગ મારી સામેજ કરવા માટે આવ્યો. પછી તેમણે તે રાક્ષસને કહ્યું કે, "અરે મૂઢ! તેં મને તારી દુર્જનતા બતાવી "જ્યાં ખાય ત્યાંજ ઠીંકરૂં ફોડે" એ કહેવત સિદ્ધ કરી આપી છે. તેથી તને એવો બળવાન શત્રુ મળશે, કે જે તારા [2]હાથ કાપી નાખી તારો ગર્વ ઉતારશે." શિવનાં આ વચનોની બાણાસુરને કંઇજ અસર થઇ નહિ. તે તો મદભર્યો ત્યાંથી પોતાની નગરી તરફ પાછો આવ્યો, અને શત્રુ ક્યારે મળશે તેની રાહ જોવા લાગ્યો.

---

૧ કામદેવનું નામ 'પંચશર' છે; કેમકે તે આંબાનો મોર, કેસૂડાં વગેરે પાંચબાણ ધારણ કરે છે. તેમના દર્શનથી કામીજનો પીડાય છે. આ ઉપરથી બાણવાળા કામને અહીં બાણાસુરરૂપે વર્ણવ્યો છે.

૨ કામયુક્ત ભાવો તે બાણાસુરના હાથ, તેમનો નાશ કરી શ્રીકૃષ્ણે તેને (બાણાસુર-કામને) પોતાનો આશ્રિત બનાવ્યો.

આ રાક્ષસ રાજાને ઉષા[1] નામની એક પુત્રી હતી. તેની [2]બાલ્યાવસ્થા વીતી ગએલી છતાં, રાજાએ તેને પરણાવી ન હતી. તેને ગામથી દૂર એક [3]મહેલમાં તેની સખી ચિત્રલેખાની સારવાર નીચે રાખી હતી. [4]ચિત્રલેખા બહુ ચપળ હતી. એક વખત તેણીએ ઉષા આગળ પ્રદ્યુમ્નના પુત્ર [5]અનિરૂદ્ધનાં બહુ વખાણ કર્યાં, જેથી ઉષાનું મન અનિરૂદ્ધ પ્રતિ ખેંચાયું. તેણીએ પોતાની સખીને હરકોઇ ઉપાયે અનિરૂદ્ધને શોણિતપુર તેડાવવાને કહ્યું. કાર્યકુશળ ચિત્રલેખા પોતાની સખીનો મનોરથ પૂર્ણ કરી, ત્યાંથી વિદાય થઈ. કેટલોક કાળ વીત્યા પછી બાણાસુરે આ હકીકત જાણી, તેથી તેણે અનિરૂદ્ધને કેદ કર્યો. પતિ કેદમાં પડતાં ઉષા

---

૧ ઉષા—પ્રાતઃકાલ—તમોગુણથી રહિત થએલી સાત્વિક બુદ્ધિ (ઉષા બાણની પુત્રી કહેવાય છે પણ તે તેને શિવે આપી હતી તેથી દૈવીસંપત્તિવાળી હતી). ૨ બાલ્ય—અજ્ઞાનદશા.

૩ ઉષા શુદ્ધ હોવાથી પોતાને અધીન નહિ થાય એ હેતુથી તેને મહેલમાં—આવરણોમાં ગાંધી રાખી હતી.

૪ ચિત્રલેખા—જાતજાતનાં ચિત્ર ખડાં કરનારી અંતઃકરણની વૃત્તિ.

૫ અનિરૂદ્ધ—ન અટકાવી શકાય, અર્થાત્ જે રોકી શકાતો નથી. જે સ્વતંત્ર વિચરનાર છે, તે જીવાત્મા. (સાત્વિક બુદ્ધિનું વલણ જીવાત્મા તરફ જ હોય છે. કામ તેને અપ્રિય હોય છે). આવા સ્વતંત્ર જીવાત્માને પણ કામે આવરણમાં ઘેરવાનો દાવો કર્યો.

લીન થઇ શોક કરવા લાગી. પતિને મુક્ત કરવા તેણીએ પિતાને વિનવ્યો, પણ કઠોર હૃદયના મનુષ્યોમાં દયાની લાગણી કયાંથી હોય? 'અનિરૂદ્ધને બાણાસુરે કેદ કર્યો છે' એ ખબર જ્યારે દ્વારકાં પહોંચી, ત્યારે [1]શ્રીકૃષ્ણ અને બળદેવજી યાદવસૈન્ય લઇ [2]શોણિતપુર આવ્યા. તેમણે અનિરૂદ્ધને છુટો કરવા માટે બાણાસુરને કહેણ મોકલ્યું, પણ તેણે માન્યું નહિ. આખરે લડાઈ થઇ, તેમાં રાક્ષસોનું ઘણું સૈન્ય નાશ પામ્યું અને બાણાસુરના હાથ કપાયા. એટલામાં શિવજી તે સ્થળે આવ્યા, અને સમાધાન કરી આપ્યું. શિવના ઉપદેશથી બાણે ઉષાને અનિરૂદ્ધ સાથે પરણાવી, અને પહેરામણી વગેરે આપી સઘળા યાદવોને વિદાય કર્યા. પશુબળમાં મસ્ત થએલા અધમજનોની આવી દશા થાય છે, આખરે તેમને પસ્તાવું પડે છે.

(દેહાભિમાનનો ત્યાગ કરવો.)

માણસ જ્યારે આત્મભાવ ભૂલી જઇ સ્થૂલ દેહમાંજ

---

૧ શ્રીકૃષ્ણ–પરાત્મા–પુરૂષોત્તમ.

૨ શોણિત–લોહીવાળું પુર–નગર; શરીર. (સારાંશ કે, કામે સ્વતંત્ર જીવાત્માને મોહજાળમાં ફસાવવાનો દાવો કર્યો, પણ સાત્વિક બુદ્ધિના નિમંત્રણથી પરાત્માનો પ્રકાશ તેમાં પડ્યો તે વડે સઘળી કામવૃત્તિઓ નષ્ટ થઇ. અને પુરૂષોત્તમના કિરણરૂપ જીવાત્મા સ્વતંત્ર થઇ પોતાની અસલ સ્થિતિને પામ્યો.)

'હુંપણું'' ધારણ કરે છે, ત્યારે તેનું અધઃપતન થાય છે. ઉન્નતિ પ્રાપ્ત કરવાને ઇચ્છતા મનુષ્યે તો તેવી સ્થૂલદષ્ટિનો ત્યાગ કરી અધ્યાત્મદષ્ટિ રાખવી જોઇએ.

અનેક કાર્યો કરવા છતાં શ્રીકૃષ્ણના જીવનમાં 'હુંપણું' (અહંભાવ) કોઈ જગાએ દૃષ્ટિગોચર થતું નથી. તેમણે 'હું વાસુદેવ છું' એમ માનનારા પોંડ્રક (દેહભાવ-સ્થૂલદષ્ટિ) નો નાશ કર્યો હતો. આવા અનેક કારણોને લીધે શ્રીકૃષ્ણ 'યોગેશ્વર' કહેવાય છે. તેમણે જનસમાજને કર્મયોગનું અને સાથે સાથે જ્ઞાનયોગનું આચરણ પ્રત્યક્ષ કરી દેખાડયું છે. તેમની ઉપાસના કરનારા વૈષ્ણવભક્તોએ ખાસ તેમના જીવનમાંથી કરીને નીચેના મુદ્દાઓ ગ્રહણ કરી આચારમાં મૂકવા જ જોઈએ, "આ શરીર (સ્થૂલ કે લિંગ શરીર) આત્મા નથી. શરીરની ક્રિયાઓ એ આત્માની ક્રિયાઓ નથી. શરીરને થતાં સુખ-દુઃખ આત્માને લાગુ પડતાં નથી. આત્મા અવિકારી અને દ્વંદ્વપણાથી મુક્ત છે. આત્માને વિષયો ખેંચી શકતા નથી. એ સિવાય પોતે આત્મ સ્વરૂપ છે એમ માની સુખ-દુઃખથી ગભરાવું નહિ. ભોગ તરફ વૃત્તિઓ દોડાવવી નહિ. લાભ-હાનિ પોતાને કંઈ જ નથી એમ ધારી ફુલાવું નહિ કે ગભરાવું પણ નહિ. કુદરત જે સંજોગોમાં અને જે સ્થિતિમાં મૂકે તે સંજોગોને અને તે સ્થિતિને વધાવી લેવાં. હંમેશાં આનંદથી વિચરવું. પોતે

પૂર્ણજ છે એમ માની સંતોષવૃત્તિ ધારણ કરવી. સંજોગોને અને સ્થિતિને આત્મબળથી સુધારી લેવા પ્રયત્ન કરવો. પારકી આશા ન રાખતાં આત્મબળપર વિશ્વાસ રાખવો. સત્યનોજ જય છે એમ માનવું. સર્વ વાતે સાવધ રહેવું. ઉતાવળ, સાહસ, ગભરાટ અને ભયનો ત્યાગ કરવો. ધીરજ રાખવી. ક્ષમા અને સમદૃષ્ટિ રાખવી. ઇન્દ્રિયોને સ્વાધીન રાખવી. ઈશ્વર તરફ પૂર્ણ શ્રદ્ધા રાખવી વગેરે....” આ માર્ગ શ્રેયસ્કર અને નિષ્કંટક છે. માટે તેને ગ્રહણ કરી પ્રભુભજનમાં નિમગ્ન રહેવું એ ભક્તોનું કર્તવ્ય છે.

વ્યવહારકુશળતા અને અનાસક્તિ (નિઃસ્પૃહતા).

નારદજીને એક વખત વિચાર થયો, કે “શ્રીકૃષ્ણ આટલા બધા વિભવોમાં રહ્યા છતાં ‘ યોગેશ્વર ’ કેમ કહેવાય છે ? હું સંસારથી વિરક્ત છું છતાં મારૂં મન કોઇ વખત ચળે છે, તો ભોગોની સમીપ રહેનારનું મન શી રીતે સ્થિર રહી શકે ? જાતજાતના વિભવો ભોગવનાર સંયમ શી રીતે જાળવી શકે ? ” આવા વિચારોમાં ગરક થએલા તે મુનિ શ્રીકૃષ્ણની પરીક્ષા કરવા દ્વારકામાં આવ્યા.

નારદે આવીને શ્રીકૃષ્ણની બધી ક્રિયાઓનું ધ્યાનપૂર્વક અવલોકન કર્યું તો તેમને શ્રીકૃષ્ણની અનેક ક્રિયાઓ દૃષ્ટિગોચર થઈ. કોઇ વખત શ્રીકૃષ્ણ સ્ત્રી-પુત્રને આનંદ કરાવતા બેઠા

હતા, તો કોઈ વખત અનેક વિભવો ભોગવતા હતા; કોઈ વખત રાજસભામાં બેસી ન્યાયપૂર્વક રાજ્યકારભાર કરતા હતા, તો કોઇ વખત ઉદ્ધવજી સાથે જ્ઞાન ગોષ્ઠી કરતા હતા; કોઈ વખત ઘરમાં એકલા બેસીને પ્રકૃતિથી પર-પુરૂષનું ધ્યાન કરતા હતા, તો કોઈ સમયે વડીલોની સેવા કરતા હતા; કોઇ વખતે બલદેવજીની સાથે લોકકલ્યાણનો વિચાર કરતા બેઠા હતા, તો કોઈ વખતે મુખ્ય પ્રધાનો સાથે મસલત કરતા હતા; આમ ઠેક ઠેકાણે જુદે જુદે વખતે નારદજીએ શ્રીકૃષ્ણનો ભિન્ન ભિન્ન વ્યવહાર જોયો. તેમાં તેમને લાગ્યું કે, ઘણા વ્યવસાયો છતાં, કોઈમાંએ શ્રીકૃષ્ણનું મન આસક્ત નથી. તેમ તે પોતાના પૂર્ણ અને શુદ્ધ સ્વરૂપને પણ ભૂલ્યા નથી. આથી નારદજીનું આશ્ચર્ય વધ્યું અને તેમણે શ્રીકૃષ્ણને શરણે જઈ તેમની પ્રભુતાની પ્રેમથી ઉભરાતા હૃદયે સ્તુતિ કરી. નારદને ખાત્રી થઈ કે, વ્યવહારનો ત્યાગ કરનારા માણસો કરતાં તેમાં રહીને અલિપ્ત રહેનારા મનુષ્યોનો દરજ્જો ઉંચો છે. શ્રીકૃષ્ણ ભગવાન અર્જુનને ગીતામાં કહે છે કે,

“ अनाश्रितः कर्मफलं कार्यं कर्म करोति यः ।
स संन्यासी च योगी च न निरग्निर्न चाक्रियः”

“ જે મનુષ્ય કર્મનાં ફળની ઇચ્છા રાખ્યા વગર નિઃસ્પૃહ-પણે કાર્ય કરે છે, તેજ ખરો સંન્યાસી અને યોગી છે; માત્ર

અગ્નિહોત્ર વગેરે કર્મકાંડને છોડી દેનાર કે સઘળી ક્રિયાનો ત્યાગ કરનાર (વ્યવહાર ન કરનાર) જ સંન્યાસી કે યોગી છે, એમ નથી."

"જ્ઞાનીએ પણ પોતાના વડીલોની અને અનુભવી જનોનો સલાહ લેવી જોઇએ."

શ્રીકૃષ્ણ આવી રીતે આદર્શ ગૃહસ્થાશ્રમ લોકશિક્ષાને માટે આચરતા હતા, અને વિશ્વને નિષ્કંટક કરી પોતાનાં અવતારકાર્યો એક પછી એક સમાપ્ત કરતા હતા. એક દિવસે તે રાજસભામાં બેઠા હતા, તેવામાં જરાસંધે કેદ કરેલા રાજાઓ તરફથી અને રાજસૂય યજ્ઞ કરવાને ઇચ્છતા યુધિષ્ઠિર તરફથી તેમને આહ્વાન પત્રો મળ્યાં. આમ એકજ વખતે બે કર્તવ્યો પ્રાપ્ત થયાં હોવાથી કયું કરવું અને કયું ન કરવું તેનો નિર્ણય કરવા સારૂ શ્રીકૃષ્ણે એક સમિતિ કરી. આ સમિતિમાં બહુ માણસો નહતા; માત્ર શ્રીકૃષ્ણ, ઉદ્ધવજી, અને બલરામ એ ત્રણ જણજ હતા. સભા કેવી હોવી જોઇએ, એ વિષે એક કવિ લખે છે કે, 'વૃદ્ધ (વયોવૃદ્ધ, જ્ઞાનવૃદ્ધ, અને તપોવૃદ્ધ), સત્યવાદી અને કોઇની તરફેણ નહિ કરનારા (નિઃસ્પૃહ) પુરૂષો (પછી તે બે હોય, ત્રણ હોય, કે અનેક હોય,) જ્યાં એકઠા મળે તે સભા કહેવાય છે. પણ સહસા કર્મ કરનારા, અનનુભવી અને

સમજણુ વગરના ઘણા માણુસો એકત્ર મળ્યા હોય, છતાં તે સભા ગણાતી નથી.'

શ્રીકૃષ્ણુ સમર્થ હોવાથી પોતાની મેળે નિશ્ચય કરી લે તેમ હતું, છતાં 'વડીલોની અનુમતિ લેવી જોઇએ' એવો લોકવ્યવહાર સાચવવા માટે તેમણે વડીલ ભાઇ બલદેવજીની તથા બૃહસ્પતિના નીતિ–નિપુણુ શિષ્ય ઉદ્ધવજીની સલાહ માગી. આ પ્રથા ઉત્તમ છે; કારણકે, ડહેલ અને અનુભવીની સલાહ પ્રમાણે કામ કરવાથી તેમાં સફળતા મળે છે. અમુક મનુષ્ય બહુ જ્ઞાની થયો, એટલે તેણે પોતાના વડીલવર્ગને તુચ્છદૃષ્ટિએ જોવાનો નથી. ઘણાએ પંડિતંમન્યો સ્વાભિમાનમાં તણાઇ જઇ વડીલોનાં હિત–વચનોનો અનાદર કરે છે, અને પાછળથી દુઃખ અનુભવે છે. રાવણુ સમર્થ વિદ્વાન છતાં પોતાના અભિમાનમાં ખેંચાયો, અને વિભીષણુ વગેરેનાં હિતવાક્યોનો અનાદર કર્યો, જેને લીધે તે તેના સઘળા કુટુંબ સાથે નાશ પામ્યો.

'बालादपि सुभाषितं ग्राह्यम्' એક બાળક પાસેથી પણુ હિતવચન ગ્રહણુ કરવું જોઇએ. આ નીતિ કંઇ ખોટી નથી. ભલેને પોતાના કરતાં ઉતરતી પંક્તિનો કે નાની ઉંમરનો માણુસ હોય, પણુ તે જો સત્ય માર્ગ બતાવતો હોય તો ઉપકારની સાથે તે સ્વીકારવો જોઇએ.

વળી એક વિચાર ઘણા અનુભવી અને ડાહ્યા માણસોની આગળ મૂકવાથી તે યોગ્ય છે કે અયોગ્ય છે તેનો જલદીથીજ નીવેડો આવી જાય છે. આવા અનેક ફાયદાઓને લીધે પોતાની મેળેજ ખરો નિશ્ચય કરી લેનારા સત્પુરૂષો પણ જનસમાજને દોરવા માટે અનુભવી પુરૂષોની સલાહ માગે છે.

(શ્રીકૃષ્ણ યુધિષ્ઠિરના યજ્ઞમાં પધાર્યા.)

સમિતિમાં કેટલીક ચર્ચાને અન્તે એવો નિશ્ચય થયો કે, "મિત્રનું કામ પહેલું કરવું. વળી યુધિષ્ઠિરના યજ્ઞમાં જવાથી એકલા જરાસંધનો નહિ પણ . પાલ વગેરે દુષ્ટ રાજાઓનો પણ સંહાર કરવાનો પ્રસંગ પ્રાપ્ત થશે. માટે ડાહ્યા માણસે 'એક કામમાં અનેક કાર્યો થતાં હોય' તેવો માર્ગ પકડવો જોઈએ." આથી શ્રીકૃષ્ણ કુટુંબીઓ સાથે ઇન્દ્રપ્રસ્થ પધાર્યા.

(જરાસંધનું ભીમને હાથે મરણ.)

આ તરફ યુધિષ્ઠિરની રાજધાની–ઇન્દ્રપ્રસ્થમાં રાજસૂય યજ્ઞની તૈયારીઓ ચાલી રહી હતી. તે અરસામાં ત્યાં શ્રી કૃષ્ણ પધારવાથી યુધિષ્ઠિરને સારી મદદ મળી. રાજસૂય યજ્ઞ કરનાર રાજાએ પ્રથમ તો સર્વ રાજાઓને તાબે કરવા પડે છે. જો બધા રાજાઓ તેનું આધિપત્ય સ્વીકારે

તોજ રાજસૂય યજ્ઞ થઇ શકે. બીજા બધા રાજાઓ તો યુધિષ્ઠિરનું આધિપત્ય કબુલ કરે તેમ હતું, પણ અનેક રાજાઓને કેદ કરનારો જરાસંધ પાંડવોને નમતું આપે તેવો નહતો. તેથી જરાસંધને જીતવા માટે શ્રી કૃષ્ણ: અર્જુન તથા ભીમને સાથે લઇ તેની રાજધાનીમાં ગયા; અને તેની સાથે યુદ્ધ માગ્યું. પછી જરાસંધ અને ભીમ વચ્ચે ભારે ગદાયુદ્ધ થયું તેમાં જરાસંધ મરાયો. જરાસંધના મરણ પછી તેના પુત્રને રાજ્ય સોંપી, બંદીખાને પડેલા રાજાઓને છુટા કરી; શ્રીકૃષ્ણ, ભીમ તથા અર્જુન ઇન્દ્રપ્રસ્થ આવ્યા.

(શિશુપાલવધ અને યજ્ઞની સમાપ્તિ.)

શુભ દિવસે યુધિષ્ઠિરે રાજસૂય યજ્ઞ શરૂ કર્યો; તેમાં સઘળા દેશોના રાજાઓ આવ્યા હતા. જ્યારે યજ્ઞ સમાપ્ત થયો અને સઘળા રાજાઓનું પૂજન કરવાનો વખત આવ્યો, ત્યારે યુધિષ્ઠિરે વૃદ્ધ પિતામહ ભીષ્મને પૂછ્યું, 'કે મારે આ રાજાઓમાં કોની પહેલી પૂજા કરવી ?' તેના ઉત્તરમાં ભીષ્મે શ્રીકૃષ્ણનું પ્રથમ પૂજન કરવાની, યુધિષ્ઠિરને સંમતિ આપી. તે વખતે શ્રીકૃષ્ણને ધિક્કારનારો તેમની ફોઇનો પુત્ર શિશુપાલ પોતાના પક્ષના રાજાઓ સાથે ખળભળી ઉઠયો. તેણે શ્રીકૃષ્ણનું બહુ અપમાન કર્યું. તોપણ શ્રીકૃષ્ણે તેની કંઇ ગણના કરી નહિ; કેમકે, " અધુરો ઘડો છલકાય, ભર્યો

ન છલકાય." પણ શ્રીકૃષ્ણનો પક્ષ કરનાર રાજાઓ શિશુપાલનાં અશ્લીલ ભાષણ ન સહી શકયા. તેઓ તો હાથમાં આયુધો પકડી તેને મારવા દોડયા. શિશુપાલ પણ જરાએ ગભરાયા વિના તેમને પાછા હઠાવી શ્રીકૃષ્ણ તરફ ધસી ગયો. તેજ વખતે શ્રીકૃષ્ણે ચક્રથી તેનું મસ્તક કાપી નાખ્યું. પછી યુધિષ્ઠિરે શ્રીકૃષ્ણ વગેરે સર્વ રાજાઓનું પૂજન કરી યજ્ઞ સમાપ્ત કર્યો.

યજ્ઞ પૂરો થયા પછી દ્વારકા જતાં શ્રીકૃષ્ણે પોતાના ઉપર ચઢી આવેલા શિશુપાલના ભાઇ દંતવક્ત્રનો તથા વિદૂરથનો પણ નાશ કર્યો હતો.

મિત્રકૃત્ય (મિત્રની ફરજ.)

મહાત્મા તૂલસીદાસજી રામાયણમાં સાચી મિત્રતાનું વર્ણન કરતાં કહે છે કે, "જે મનુષ્ય મિત્રના દુઃખે દુઃખી થતો નથી તેને જોવાથી પણ પાપ લાગે છે. જે માણસ દુઃખમાં કંઈ મદદ કરતો નથી તે દુષ્ટની મિત્રતા શી? ખરો મિત્ર તે કહેવાય કે, જે પોતાના મિત્રને અવળે રસ્તે જતાં અટકાવી સારા માર્ગે ચઢાવે, તેના દોષોને દૂર કરી

તેને સદ્દગુણી બનાવે, સમયે આપે અને વિપત્તિ વખતે સો· ગણો સ્નેહ બતાવે.” બાકી સુખસંપત્તિ વખતે તો પોતાનો સ્વાર્થ સાધનારા ઘણાએ મિત્રો મળી આવે છે, પણ તેમની મિત્રતા દુઃખની વખતે કાયમ રહેતી નથી. કેટલાક મિત્રો એવા પણ હોય છે કે, મોંઢે મીઠું બોલે અને પાછળથી કાપે. એવા શત્રુની ગરજ સારનારા મિત્રોને તો દૂરથીજ નમસ્કાર કરવા જોઈએ. ખરો મિત્ર હોય તે તો ખોટું લગાડીને પણ હિતવચન કહે. આવી રીતે ખરી વાત કહેનારા અને હિતકર વચન સાંભળનારા મિત્રો દુનીઆમાં વિરલા હોય છે.

ભારવિ કવિ કહે છે કે, “જે સારી શિખામણ આપતો નથી તે મિત્ર નથી પણ શત્રુ છે. તેમ જેઓ હિતૈષી મિત્રનું વચન સાંભળતા નથી તે નીચ–મનુષ્ય છે.” મરણને વશ થએલા માણસોજ સાચા મિત્રના હિતવચનની અવગણના કરે છે.

શ્રીકૃષ્ણજીએ બાલસ્નેહી ગરીબ સુદામા પ્રતિ પ્રેમ રાખી જે મિત્રકાર્ય બજાવ્યું હતું, તેવું મિત્રકૃત્ય કરનારા પુરૂષો આ જગતમાં દુર્લભ છે.

શ્રીકૃષ્ણ અને સુદામા બન્ને એક સાથે સાંદીપનિને ત્યાં ભણતા હતા. ગુરૂને ઘેરથી છુટા પડયા પછી તેમણે ગૃહસ્થાશ્રમ શરૂ કર્યો. સુદામાની સ્થિતિ ઘણી નબળી હતી.

તેમના ઘરમાં સંતાનોને ખાવા પૂરતું અનાજ પણ ન હતું. તેથી તેમનાં પત્નીએ તેમને કહ્યું કે, તમે તમારા બાલસ્નેહી શ્રીકૃષ્ણ પાસે જાઓ, તો કંઇ ભૂખ ભાગે. મિત્ર પાસે યાચના કરવી એ સુદામાને ગમતું નહતું, છતાં ગરીબાઇને લીધે નિરૂપાયે પત્નીની વાત તેમને માનવી પડી.

જ્યારે સુદામા શ્રીકૃષ્ણ પાસે જવા નીકળ્યા ત્યારે મિત્ર પાસે ખાલી હાથે ન જવાય એમ ધારી ઋષિપત્નીએ તેમને થોડાક તાંદળા કપડામાં બાંધી આપ્યા. તે લઇ સુદામા દ્વારકા આવ્યા. રાજદ્વાર આગળ આવી, શ્રીકૃષ્ણનો વૈભવ જોઈ, ઋષિજી તો વિચારમાંજ પડી ગયા. તે મનમાંજ બબડયા કે, "અરે દૈવ! આતે તારો કેવો ન્યાય! અમે એકજ ગુરૂના શિષ્ય છતાં અમારા વચ્ચે કેટલો તફાવત! અત્યારે એક રાજ્ય ભોગવે છે, જ્યારે બીજાને ખાવાના પણ વાંધા છે." આવી કલ્પનાના વમળમાં તણાતા સુદામા પર શ્રીકૃષ્ણની દૃષ્ટિ પડી. ઘણે દહાડે પોતાના મિત્રને જોઇ શ્રીકૃષ્ણને ઉમળકો આવ્યો અને તે રાજભવનમાંથી બહાર દોડી આવ્યા. શ્રીકૃષ્ણ સુદામાને ઘણા પ્રેમથી ભેટયા. બીજા રાજપુરૂષો તો આ બનાવ જોઇ આશ્ચર્ય પામ્યા. તે મનમાંજ કહેવા લાગ્યા કે, 'શ્રીકૃષ્ણ આ શું કરે છે'

સુદામાને લઇ શ્રીકૃષ્ણ પોતાના મહેલમાં આવ્યા. ત્યાં તેમને સ્નાન વગેરે કરાવી પકવાન્નનું ભોજન કરાવ્યું.

સુદામા કેટલાક દિવસ દ્વારકામાં રહ્યા, પણ શરમને લીધે તેમણે પૈસાની યાચના કરી નહિ. જ્યારે તે પોતાને ઘેર જવા માટે શ્રીકૃષ્ણની રજા લઇને નીકળ્યા, ત્યારે તેમની પાસેથી તાંદળાની પોટલી શ્રીકૃષ્ણે ભાવથી લીધી; અને મિત્રની ભાવની ભેટ સ્વીકારી, પટરાણીઓ સાથે તે તાંદળા ખાધા. તેના બદલામાં મિત્રધર્મને જાણનારા શ્રીકૃષ્ણજીએ સુદામાજીને અઢળક સંપત્તિ આપી તેમનું દારિદ્ર દૂર કર્યું.

'ક્ષમાથી મોટાઇ મળે છે.'

એક વખત ઋષિઓ સરસ્વતીના તટપર યજ્ઞ કરતા હતા તે વખતે 'ત્રણ દેવમાં મોટો કોણ' એ પ્રશ્ન ઉપસ્થિત થયો. તેના નિર્ણય માટે બધાએ એકમતિથી ભૃગુને તપાસ કરવા મોકલ્યા. ભૃગુ પ્રથમ બ્રહ્મસભામાં ગયા, અને બ્રહ્માને નમન કર્યા વિનાજ સભામાં બેસી ગયા. આથી બ્રહ્માને ક્રોધ તો થયો, પણ ભૃગુ પોતાનો પુત્ર છે એમ ધારી, ઉત્પન્ન થએલા ક્રોધને તેમણે શમાવ્યો.

ક્રોધ કાંઇ છુપો રહેતો નથી, તેતો ચહેરાપરથીજ સ્પષ્ટ વર્તાય છે. એ મુજબ ભૃગુઋષિ વર્તી ગયા કે બ્રહ્માને ક્રોધ પ્યો ખરો. પછી તે ત્યાંથી શિવ સભામાં ગયા. ભૃગુને

આવ્યા જાણી શ્રીશંકર તેમને ભેટવા ઉભા થયા, પણ ભૃગુએ ભેટવાની આનાકાની કરી; તેથી શિવે ત્રિશૂલ લઇ તેમનો નાશ કરવાની ઇચ્છા કરી, પણ પાર્વતીએ વચ્ચે પડી શિવનો ક્રોધ શાન્ત કર્યો. ત્યાંથી ભૃગુમુનિ વિષ્ણુલોકમાં ગયા, અને વિષ્ણુની છાતીમાં લાત મારી. ત્યારે શ્રીવિષ્ણુભગવાને ભૃગુમુનિનું ચરણકમળ પંપાળતાં મૃદુ વાણીથી કહ્યું; "તાત ! તમારા સુકોમળ ચરણને મારી કઠણ છાતીના આઘાતથી કષ્ટ થયું હશે. તીર્થને પણ પવિત્ર કરનારા આપના જેવા સાધુ પુરૂષોના ચરણસ્પર્શથી હું કૃતાર્થ થયો છું." ભગવાનની આવી ગંભીર વાણીથી ભૃગુમુનિ શરમાયા. તેમણે બે હાથ જોડી, આંખમાં પ્રેમનાં આંસુ લાવી, પરમાત્માની સ્તુતિ કરી; અને તેમની રજા લઇ યજ્ઞસભા તરફ પ્રયાણ કર્યું. ભૃગુ મુનિ યજ્ઞસભામાં આવ્યા એટલે મુનિઓએ તેમની પાસેથી બધી હકીકત સાંભળી નિશ્ચય કર્યો, કે જે 'ક્ષમાશીલ' છે તેજ મોટો છે.

(૧) ક્ષમાથી માણસ મોટો ગણાય છે.

(૨) આપણે બીજાને ક્ષમા આપીએ તે ઇશ્વર આપણને ક્ષમા આપે.

(૩) ક્ષમાથી સર્વ લોકો વશ થાય છે.

(૪) કોઈપણ કામ ક્ષમાથી સાધી શકાય છે.

એકાદશ સ્કંધ.

પ્રભુ અહંકારને ખાય છે.

"યાદવોને શાપ."

વિનાશનું મૂળ અભિમાન છે. જ્યાંસુધી હૃદયમાં દુષ્ટ અભિમાને વાસ ન કર્યો હોય ત્યાં સુધી જાણવું કે, ઉન્નતિ છે. પણ જ્યારે મિથ્યા અભિમાન ઉત્પન્ન થાય ત્યારે સમજી લેવું કે, હવે ઉન્નતિ સ્થિર રહેવાની નથી. યાદવોને પણ એજ મિથ્યાભિમાને ઘેર્યા. તેઓ સમજ્યા કે, "આપણી અઢળક સંપત્તિ અને અતુલ સુખ આગળ સ્વર્ગનું ઐશ્વર્ય પણ કંઇ હિસાબમાં નથી. આપણા બળ સામે કોઈ ટકી શકે તેમ નથી." આથી તે નિરંકુશ બન્યા, સ્વચ્છંદતાથી વિચરવા લાગ્યા અને બીજાઓને તૃણ સમાન લેખવા લાગ્યા. શ્રીકૃષ્ણજી તેમને થએલો અભિમાન સમજી ગયા હતા. પણ હવે પૃથ્વી પરનું પોતાનું કાર્ય પૂર્ણ થયું

હોવાથી, અતુલ પરાક્રમી અને નિરંકુશ બનેલા અસંખ્ય યાદવો પૃથ્વી પર રહે એ તેમને મન ઈચ્છવા જોગ નહતું; તેથી તેઓ તટસ્થ રહ્યા.

એકવાર યાદવકુમારો સાંબને સ્રીવેશ ધારણ કરાવી ઋષિઓ પાસે ગયા, અને તેમની મશ્કરી કરવાની ઇચ્છાથી પૂછવા લાગ્યા કે; 'હે વિપ્રવરો! આ ગર્ભવતી સ્રીને શું અવતરશે? ઋષિઓ સમજ્યા કે, "આ લોકો કાળને અધીન થયા જણાય છે, તેથીજ આમ મદોન્મત્તની પેઠે બકે છે. માટે હવે તેઓ શિક્ષાનેજ યોગ્ય છે." એમ વિચારી તેમણે યાદવોને શાપ આપ્યો કે, "અરે, અવિનયી લોકો! આ સ્રી સાંબેલાને જન્મ આપશે અને તેથી તમારા કુલનો સંહાર થશે." આ એક અલંકાર છે, તેનો ભાવાર્થ એવો છે કે, "તમે મદાન્ધ થએલા હોવાથી એકબીજા સાથે કુસંપ કરશો-લઢશો, જેને લીધે તમારો નાશ થશે."

આવો ભયંકર શાપ સાંભળી યાદવકુમારો ભયભીત થયા. તેમણે યાદવસભામાં શાપની વાત કહી બતાવી. ઉગ્રસેન વગેરે બધા યાદવો આથી ખિન્ન થયા અને પરસ્પર કલેશ નથાય તે માટે સર્વને ઉપદેશ આપ્યો. શાપની વાત યાદવોએ શ્રીકૃષ્ણને જણાવી ન હતી, પણ સર્વાન્તર્યામી પ્રભુ તો તેમનાં આચરણો પરથી પ્રથમથીજ ભાવિભાવ જાણી

ગયા હતા. તેથી આ વખતે તેઓએ જાણે કંઇ જાણતાજ નથી એમ દેખાડી, સમયને તેનું કામ કરવામાં હરકત પહોંચાડી નહિ; કારણ કે, પ્રભુ પણ 'સમય એજ રચે છે બળાબળ' ઇત્યાદિ કુદરતી નિયમોને માન આપે છે.

શ્રી કૃષ્ણજીનો ઉદ્ધવને ઉપદેશ.

(તત્વવેત્તા પોતાનો ઉદ્ધાર પોતે જ કરે છે.)

જ્યારે ઉદ્ધવજીને લાગ્યું કે, થોડાજ કાળમાં ભગવાન આ લોકનો ત્યાગ કરશે, ત્યારે તે દુઃખી થયા. તેમણે ધાર્યું, કે હવે કોઇ ઉદ્ધારનો માર્ગ બતાવનાર રહેશે નહિ. ખરેખર, સત્પુરૂષોનો સમાગમ એવો છે કે, તે છોડતાં બહુ કઠણ લાગે છે. કહ્યું છે કેઃ—

(ગીતિ.)

સજ્જન સંગ ન થાશો, સંગ થતાં પણ થશો નહિ સ્નેહ;
જો કહીં નેહ થયો તો, થશો ન તેનો કદાપિ પલ છેહ.

પોતાના ભાવિ-વિજોગથી ઉદ્ધવજીને ખિન્ન થતા જોઈ શ્રીકૃષ્ણ ભગવાન તેમને ઉપદેશ આપવા લાગ્યા, કે 'હે

ઉદ્ધવ ! આ જગતમાં તત્ત્વની પરીક્ષા કરનારા મનુષ્યો ઘણા ભાગે પોતેજ પોતાનો ઉદ્ધાર કરે છે, તેમને ગુરૂના ઉપદેશની અપેક્ષા રહેતી નથી. સંશય તથા વિપરીત ભાવના દૂર થતાં આપોઆપ જ્ઞાન પ્રાપ્ત થાય છે. આ વિષે હું તમને એક દૃષ્ટાન્ત કહું છું તે સાંભળો.

(સર્વત્ર પ્રભુને જોનારો જ્ઞાની કુદરત પાસેથી પણ જ્ઞાન મેળવે છે.)

દત્તાત્રેય—ચરિત.

મહામુનિ દત્તાત્રેયે આખા જગતમાં ફરી પોતાની મેળેજ જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. તેમણે પોતાના ચોવીસ ગુરૂ માન્યા હતા, અને તેમની પાસેથી બુદ્ધિ પ્રાપ્ત કરી હતી. તે ગુરૂઓ પૃથ્વી, વાયુ, આકાશ, જળ, અગ્નિ, ચંદ્ર, સૂર્ય, હોલો, અજગર, સમુદ્ર, પતંગ, મધમાખી, હાથી, મધ ઉતારનાર પારધિ, હરણ, માછલું, પિંગલા (વેશ્યા), ટીટોડો, બાળક, છોકરી, બાણ ઘડનાર, સર્પ, કરોળીઓ, અને ભમરો વગેરે હતા. તે દરેકની પાસેથી તેમણે અવનવું જ્ઞાન મેળવ્યું હતું.

" પૃથ્વી જેમ ઘણા માણસોએ પગથી દબાવ્યા છતાં હાલતી નથી, તેમ ધીર પુરૂષે સાંસારિક દુઃખોથી ડગવું

નહિ. પૃથ્વીના સર્વ રસકસો જેમ બીજાને માટે છે, તેમ સત્પુરૂષે પોતાની સમૃદ્ધિ પરમાર્થમાં વાપરવી."

"શરીરમાં રહેનારો પ્રાણવાયુ કેવળ આહારથીજ સંતોષ પામે છે, પણ વિષયોની અપેક્ષા રાખતો નથી; તેમ યોગીએ માત્ર શરીરયાત્રા પૂરતા આહારપર સંતોષ માનવો, પણ વિષયોને અધીન થવું નહિ. વળી બહારનો વાયુ હરકોઇ સ્થળે સંચરવા છતાં આનંદી કે ખિન્ન થતો નથી, તેમ યોગીએ ગમે તે સ્થળે નિવાસ કરવા છતાં હર્ષશોકથી રહિત થવું. વાયુમાં સુગંધ કે દુર્ગંધ માલુમ પડે છે, પણ તેનું ખરૂં સ્વરૂપ તો ગંધરહિત હોય છે; તેમ જ્ઞાનીએ માનવું કે, આત્મા દેહમાં રહેલો હોવાથી જન્મ-મરણ-વાળો લાગે છે, પણ તે ખરી રીતે જન્મ-મરણવાળો નથી."

"આકાશ જેમ સર્વવ્યાપક છતાં કોઇ જોડે સંબંધ રાખતું નથી, તેમ આત્મા સર્વવ્યાપક છતાં નિઃસંગ છે એમ જાણવું."

"જલ પોતે શુદ્ધ રહી બીજાને શુદ્ધ કરે છે, તેમ યોગીએ શુદ્ધ રહી બીજાઓને શુદ્ધ કરવા."

"અગ્નિ જેમ તેજસ્વી, પ્રકાશમાન અને સર્વમાન્ય છે, તથા ઉદરરૂપી એકજ પાત્ર રાખનારો અને સર્વભક્ષી છે, છતાં તે શુદ્ધ (નિર્દોષ) રહે છે; તેમ યોગીએ પણ જ્ઞાનથી તેજસ્વી, તપથી પ્રકાશમાન, પરોપકારથી સર્વમાન્ય અને ઉદરપોષણથીજ સન્તુષ્ટ થવું."

"ચન્દ્રની કળાઓ આપણને વધતી ઘટતી દેખાય છે, પણ ચન્દ્ર તે પ્રમાણે વધતો કે ક્ષીણ થતો નથી; તેમ જન્મથી મરણ સુધીના છ વિકારો દેહને છે, આત્માને નથી એમ જાણવું."

"સૂર્ય પોતાનાં કિરણોદ્વારા જળ લે છે અને વૃષ્ટિરૂપે પાછું આપે છે, પણ તેમાં તે આપવા–લેવાનું માન રાખતો નથી; તેમ યોગીએ પણ અમુક વસ્તુ પ્રાપ્ત કર્યાનો કે અમુક વસ્તુનું દાન કર્યાનો અહંકાર ન કરવો. વળી અનેક જળાશયોમાં સૂર્ય અનેક બિંબરૂપે જણાતો છતાં, તે એકજ છે; તેમ અનેક દેહોમાં રહેલો આત્મા એક છે એમ જાણવું."

"હોલાની પેઠે કોઇપણ જગાએ અતિ આસક્તિ રાખવી નહિ. કારણ કે, અતિ પ્રીતિ કે આસક્તિથી અંતે દુઃખ અનુભવવું પડે છે."

"અજગરની વૃત્તિ જોઈ યોગીએ સંતોષવૃત્તિ ધારણ કરવી. સમુદ્રની સ્થિતિ જોઇ ગંભીરતા, અગાધતા, અને પ્રસન્નતા રાખવી. પતંગીઆઓનું મરણ જોઈ રૂપપર પ્રીતિ ન રાખવી. ભમરાનું કમળમાં બંધન જોઇ વિષયલાલસાથી એકજ જગાએ ભરાઈ ન રહેવું, અને તે જેમ અનેક પુષ્પોમાંથી રસ ચૂસે છે, તેમ જ્ઞાનીએ સર્વ શાસ્ત્રોમાંથી સાર ગ્રહણ કરવો. મધમાખીઓ અતિ સંગ્રહ કરવાથી દુઃખ પામે છે

તે જોઇ સાધુપુરૂષે પોતાના નિભાવ સારૂ સંગ્રહ ન કરી મૂકવો."

"સ્પર્શસુખની લાલસાથી હાથી બીજાઓના હાથમાં ફસાઇ જાય છે, માટે જ્ઞાનીએ તેવા મિથ્યા સુખની સ્વપ્ને પણ ઇચ્છા ન કરવી."

"મધમાખીઓએ એકઠું કરેલું મધ પારધીઓ લે છે અને તે વળી બીજાઓને આપે છે, તેમ લોભીઆઓનું ધન ધૂતારા લઇ જાય છે અને તેમની પાસેથી વળી બીજા કોઇ લઇ લે છે. માટે ધનનો ઉપભોગ કરવો કે તે પરમાર્થમાં ખર્ચવું."

"શબ્દવિષય (ગાયન વિગેરે સાંભળવાથી) થી હરણોનો પારધીઓના હાથે વિનાશ થાય છે, માટે યોગીએ વિષય સંબંધી ગાયનો ન સાંભળવાં."

"રસવિષય (સ્વાદ) ની આસક્તિથી માછલાં જાળમાં પકડાય છે, માટે જિહ્વાને જીભને વશ રાખવી. જીભને વશ કર્યાથી બધી ઇન્દ્રિયો વશ થાય છે એમ સમજી સ્વાદને અધીન ન થવું, અને અન્નને ઔષધ સમજી ખાવું."

આ સિવાય પિંગલા નામની વેશ્યા પાસેથી દત્તાત્રેય મુનિ આશા-તૃષ્ણાઓને તજવાનું અને પ્રેમ માત્ર ઇશ્વર તરફ રાખવાનું શિખ્યા હતા. એક વખતે તેમણે ફરતાં

ફરતાં એક ટીટોડો જોયો, તેના મોંઢામાં માંસ હોવાથી બધાં પક્ષીઓ તેને મારવા આવ્યાં ત્યારે તે મોંઢામાંથી માંસનો ત્યાગ કરી પક્ષીઓના મારથી બચ્યો. તે જોઈ દત્તાત્રેયે ઉપદેશ ગ્રહણ કર્યો, કે, 'માણસ પણ આ પ્રમાણે વિષયોની આસકિત તજવાથી જમના મારથી બચે છે.'

"છોકરાને જેમ માન કે અપમાન હોતાં નથી, તેમ યોગીએ પણ માન–અપમાન, લાભ–અલાભ, હર્ષ–શોક, વગેરે દ્વંદ્વનો ત્યાગ કરવો. કુંવારી કન્યા (કુમારી) ના હાથે જ્યારે એક જ કંકણ હોય છે, ત્યારે તેનો ખડખડાટ થતો નથી; તે જોઈ યોગીએ એકલાજ રહેવું, કે જેથી કોઇ જાતની ઉપાધિ ન આવી પડે. કહ્યું છે કે, "द्वितीयाद् भयं भवति સંગથી ભય ઉત્પન્ન થાય છે."

"બાણ ઘડનાર જેમ કામમાં લીન થવાથી બાહ્યભાન ભૂલી જાય છે, તેમ યોગીએ બાહ્યભાવ ભૂલી ઇશ્વરસ્મરણ કરવું."

"સર્પ જેમ એક દરમાં સ્થિર રહેતો નથી અને સાવધ રહે છે; તેમ યોગીએ હંમેશાં એકાન્તમાં સાવધપણે રહેવું અને સંતોષ રાખવો, તેમ ઘર તરફની આસક્તિનો ત્યાગ કરવો."

"કરોળીઓ પોતાના મુખમાંથી લાળ કાઢી મરજી પ્રમાણે જાળ બાંધે છે, અને ગળી જાય છે; તેમ પ્રભુ પણ

આ જગતને સ્વેચ્છાથી ઉત્પન્ન કરે છે, પોષે છે અને તેનો સ્વસ્વરૂપમાં તિરોભાવ કરે છે એમ જાણવું. વળી કરોળીઓ જેમ જાળ બનાવવાના કામમાં કંટાળતો નથી, પણ ફરીફરીને મહેનત કરે છે; તેમ ઇશ્વરદર્શનની અભિલાષા રાખનાર યોગીએ પણ વિઘ્નોથી ન ડરતાં ખંતથી આગળ વધવું."

"કીડો જેમ ભમરીનું ધ્યાન કરવાથી ભ્રમરરૂપ બને છે, તેમ બધાં પ્રાણીઓનાં સ્વરૂપ ભાવના પ્રમાણે ઘડાય છે. માટે સાધકે હંમેશાં પોતાની ભાવનાઓ ઉચ્ચ રાખવી, ધ્યાન પણ ભગવાનનું જ કરવું અને ધારણા પણ સ્વસ્વરૂપમાં જ કરવી."

સાધુપુરૂષોનાં બત્રીસ લક્ષણો.

બીજાના દુઃખમાં મદદ કરવી. કોઇનાપર દ્રોહ ન કરવો. ક્ષમા રાખવી. સત્ય બોલવું. ઇર્ષ્યાનો ત્યાગ કરવો. સુખ–દુઃખને સમાન ગણવાં. પરોપકારમાં તત્પર રહેવું. મનને કબજે રાખવું. ઇન્દ્રિયોને વશ રાખવી. ચિત્ત કોમળ બનાવવું. આચરણ પવિત્ર રાખવાં. દાન ન લેવું. સાંસારિક સુખોની ઇચ્છા તજવી. આહાર–વિહારમાં નિયમિત થવું. શાંતિ ધારણ કરવી. સ્વધર્મમાં દઢ રહેવું. આશ્રય એક ઈશ્વરનો જ કરવો. આત્મતત્ત્વનું જ ચિંતન કરવું. હંમેશાં સાવધ રહેવું. નિર્વિકારી બનવું. ધીરજ રાખવી. ભૂખ, તરસ, શોક, મોહ, જન્મ અને મરણ પોતાને

બથી એમ સમજવું. માનની ઇચ્છા ન રાખવી. બીજાઓને માન આપવું. ઉપદેશ કરવામાં કુશળતા બતાવવી. કોઇને છેતરવો નહિ. દયા રાખવી. વિવેકી થવું. આ બધાં લક્ષણો સાધુપુરૂષોનાં છે. જેનામાં એ લક્ષણો સંપૂર્ણ હોય તેને મહાત્મા જાણવો.

ભક્તિનાં લક્ષણ.

ઇશ્વરનાં દર્શન, ચરણસ્પર્શ, પૂજન અને સ્તવન વગેરે કરવાં. સરળતા રાખવી. પ્રભુકથાપર શ્રદ્ધા રાખવી. ધ્યાન એક પરમેશ્વરનું જ કરવું. સર્વસ્વ પ્રભુને અર્પણ કરવું. જ્યાં સુધી દેહભાવ હોય, ત્યાં સુધી પ્રભુનું દાસત્વ સ્વીકારવું. પ્રભુનાં જ કીર્તન કરવાં. ઉત્સવ કરવા. તીર્થ-યાત્રા કરવી. વ્રત કરવાં (પ્રભુ સંબંધી). પ્રભુને માટે હાર, અલંકાર વગેરે તૈયાર કરવા. પ્રભુમંદિરને જાતે જ ચોકખું રાખવું. અભિમાનનો ત્યાગ કરવો. પાખંડ તજવો. કરેલું કામ કહી બતાવવું નહિ. પ્રભુને અર્પણ કરેલા પદાર્થોપર અહંભાવ ન રાખવો. પોતાની પ્રિયમાં પ્રિય વસ્તુ પ્રભુને અર્પણ કરવી. વૈદિક વિધિથી પ્રભુનુંપૂજન કરવું. યજ્ઞ કરવો. અતિથિસત્કાર કરવો. સર્વ તરફ બંધુભાવ રાખવો. હંમેશાં પોતાના હૃદયમાં પ્રભુમૂર્તિનું ધ્યાન કરવું. અખિલ વિશ્વમાં પ્રભુને જોવા. સમદૃષ્ટિ રાખવી. જીતેન્દ્રિય થવું.

દાન આપવું-જ્યાં જેની જરૂર હોય, ત્યાં તે વસ્તુ આપવી. કામ-આદિ છ શત્રુઓનો ક્ષય કરવો. સત્સંગ કરવો વગેરે.

ચાર વાણીનું નિરૂપણ.

શરીરમાં છ ચક્ર છે. નાભિમાં જે ચક્ર છે તે આધારચક્ર કહેવાય છે. તેમાં નિરંતર (અખંડ) નાદ થયા કરે છે, તેને વિદ્વાનો 'परावाणी' કહે છે. જ્યારે બોલવાની ઇચ્છા થાય છે, ત્યારે તે આધારચક્રમાં થતો અવાજ હૃદયમાં-મણિપૂર [1]ચક્રમાં આવે છે. ત્યાં (ઉચ્ચાર થતા પહેલાં મનથી જ) અક્ષરોનાં સૂક્ષ્મ સ્વરૂપ ઘડાય છે. (ગોઠવાય છે.) વિદ્વાનો એને 'पश्यन्ती' વાણી કહે છે. ત્યાંથી તે નાદ કંઠમાં-વિશુદ્ધિ ચક્રમાં આવે છે, ત્યારે તે 'मध्यमा' વાણીથી ઓળખાય છે. ત્યાંથી છેવટે તે કંઠ, તાલુ, મૂર્ધા, દંત અને ઓષ્ઠ વગેરે સ્થાનોમાં અથડાઇ મુખમાંથી ઉચ્ચારરૂપે બહાર પડે છે; તેને 'वैखरी' વાણી કહે છે. હ્રસ્વ, દીર્ઘ, પ્લુત (ત્રણ માત્રાવાળો સ્વર), ઉદાત્ત અનુદાત્ત, સ્વરિત વગેરે ભેદવાળા સ્વરો: તેમજ કંઠ્ય, તાલવ્ય, મૂર્ધન્ય, દન્ત્ય, ઓષ્ઠય, અન્તઃસ્થ, મહાપ્રાણ, અલ્પપ્રાણ વગેરે ભેદવાળા વ્યંજનો: 'वैखरी' વાણીનાં સ્વરૂપ છે.

---

૧ મહાભાષ્યકાર પતંજલિનો પણ એવોજ અભિપ્રાય છે.

વિષ્ણુપદ પ્રાપ્ત કરવામાં સિદ્ધિઓ વિઘ્નરૂપ છે.

બાળક જ્યારે રડતું હોય છે ત્યારે તેને છાનું રાખવા માટે તેની માતા તેના આગળ મનગમતાં રમકડાં મૂકે છે, તેથી પણ તે છાનું ન રહે તો તેને ખાવાના સારા સારા પદાર્થ આપે છે, છતાંએ તે રડયાં કરે તો પછી તેને પોતાના ખોળામાં લઈને બેસે છે. તેમ ઈશ્વર પણ પોતાનાં દર્શન કરવાને ઈચ્છતા ભકતોને–યોગીઓને પ્રથમ સિદ્ધિઓ આપીને લલચાવે છે. જો યોગી સિદ્ધિઓમાં લલચાઇ એટલાથી જ અટકે, તો તેને ઈશ્વરદર્શન થતું નથી, અને એમનેએમ અનંતકાળ વહી જાય છે. પણ જો યોગી સિદ્ધિઓને ન ગણકારે અને તેમના પાશમાં ન ફસાય, તો જરૂર તે ઈશ્વરદર્શન કરી શકે છે.

મુખ્ય સિદ્ધિઓ આઠ છે:–અણિમા (સૂક્ષ્મ સ્વરૂપ ધારણ કરવું), મહિમા (મહાન્ સ્વરૂપ ધરવું), લઘિમા (શરીરને હલકું કરવું), પ્રાપ્તિ (દરેકની ઈન્દ્રિયોપર કાબુ મેળવવો), પ્રાકાશ્ય (આ લોક અને પરલોકની બીના પ્રત્યક્ષ કરવાની શક્તિ), ઈશિતા (ઈશ્વરમાં માયાને અને જીવમાં માયાના અંશોને પ્રેરવાની શક્તિ), વશિતા

(જીતેન્દ્રિયપણું) અને પ્રાકામ્ય (સર્વ ઇચ્છાઓ સફળ કરવાની શક્તિ).

બીજી પણ દશ સિદ્ધિઓ છે:—દૂરદર્શન (છેટેથી જોવું), દૂરશ્રવણ, અનુર્મિત્વ (ભૂખ અને તરસ સહન કરવાની શક્તિ), મનોજવ (મન જાય ત્યાં જવું), કામરૂપ (ઇચ્છા પ્રમાણે રૂપ ધારણ કરવાં), પરકાય-પ્રવેશન (બીજાના શરીરમાં પ્રવેશ કરવો), સ્વચ્છંદમૃત્યુ (ઇચ્છા હોય ત્યારે મરવું), દેવસહક્રીડાનુદર્શન (દેવોની ક્રીડા જોવી), યથાસંકલ્પસિદ્ધિ (ધાર્યા પ્રમાણે થવું), અપ્રતિહતાજ્ઞા (સર્વત્ર આજ્ઞાનું પાલન થવું). એ સિવાય બીજી પણ કેટલીક સિદ્ધિઓ છે; જેમકે, ત્રિકાલ-જ્ઞાન, અપદ્વંદ્વ (સુખદુ:ખાદિથી ગભરાવું નહિ), પારકાનું મન પારખવું, પ્રતિષ્ટંભ (સૂર્ય, અગ્નિ, જળ કે વિષના બળને અટકાવવું) અને અપરાજય વગેરે. આ બધી સિદ્ધિઓ યોગથી પ્રાપ્ત થાય છે.

આ સિદ્ધિઓ પ્રાપ્ત થયા પછી તેમાં લોભાઇ, ઇશ્વર-દર્શન કરતાં અટકી જવું; એ કોઈ ઇષ્ટ મિત્રને મળવા જતાં રસ્તામાં તમાસો જોવા ઉભા રહી, તેમાં ગંમત પડતાં મિત્રને મળવાની વાત ભૂલી જવા જેવું છે. સિદ્ધિઓને પ્રાપ્ત કરવા કરતાં જે સિદ્ધિઓનો, મોક્ષનો, જ્ઞાનનો અને ધર્મનો સ્વામી છે; તે પરમાત્માને પ્રાપ્ત કરવો એજ

ઉત્તમ છે. તેને પ્રાપ્ત કરવાથી બધું પ્રાપ્ત થાય છે; કારણ તે સર્વાન્તર્યામી અને સર્વનો પ્રભુ છે. માટે યોગી પોતાના યોગબળથી અને અનન્ય ભક્તિથી તેને (પ્રભુને) જ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો. અનન્ય ભક્તિથી પ્રભુ સહજ મળે છે; કારણકે, તે ભક્તિને અધીન છે. માટે જ કર્મ અને જ્ઞાનમાર્ગ કરતાં ભક્તિમાર્ગની ઉત્તમતા છે.

સામાન્ય ધર્મનું નિરૂપણ.

અનીતિ-પાપમાંથી બચાવે તે ધર્મ. [1]વર્ણાશ્રમ-ધર્મનાં સામાન્ય લક્ષણો આ પ્રમાણે છે:-સત્ય, દયા, તપ, (ઇન્દ્રિયનિગ્રહ), પવિત્રતા, સહનશીલતા, સાર-અસારનો વિવેક, મનનો સંયમ, અહિંસા, બ્રહ્મચર્ય, દાન, સ્વાધ્યાય (નિત્યનો અભ્યાસ), સરળતા, સંતોષ, મહત્પુરૂષોની સેવા, તમોગુણ અને રજોગુણનો અટકાવ, નિષ્કામ કર્મ, વાણી ઉપર કાબુ, આત્મા શરીરથી જુદો છે એવું જ્ઞાન, આતિથ્ય, સર્વ પ્રાણીઓ તરફ પ્રેમ, અને ભગવાનની ભક્તિ-શ્રવણ, કીર્તન, સ્મરણ, સેવન, પૂજા, નમસ્કાર, દાસત્વ, સખ્ય અને આત્મસમર્પણ-વગેરે.

---

૧ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ ચાર વર્ણો છે. અને બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યાસ એ ચાર આશ્રમ છે.

બ્રાહ્મણધર્મ.

બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય એ ત્રણ વર્ણ 'દ્વિજ' કહેવાય છે; કેમકે, તેઓ જન્મ અને સંસ્કારથી શુદ્ધ થાય છે. જેઓ દ્વિજપણાને પામેલા છે, તે સઘળાને યજ્ઞ, વેદાધ્યયન તથા દાનનો અધિકાર છે.

ચારે વર્ણોમાં બ્રાહ્મણો ગુરૂપદ ધારણ કરતા હોવાથી શ્રેષ્ઠ ગણાય છે. તેમનાં કર્મો પણ બીજા ત્રણ વર્ણો કરતાં અઘરાં અને શ્રેષ્ઠ છે.

"ભણવું—ભણાવવું, યજ્ઞ કરવો અને યજ્ઞ કરાવવો, દાન આપવું અને દાન લેવું;" આ છ કર્મો બ્રાહ્મણોનાં છે. છેલ્લાં ત્રણ કર્મથી (ભણાવવું, યજ્ઞ કરવો અને દાન લેવું એ ત્રણથી) બ્રાહ્મણ પોતાની આજીવિકા કરી શકે, એવી વેદ–આજ્ઞા છે.

દાન લેવાથી તપનો અને તેજનો નાશ થાય છે, એમ માનનારા બ્રાહ્મણે દાન ન લેવું. તેમ યજ્ઞ કરાવીને કે ભણાવીને દક્ષણા (વેતન) લેવાથી દીનતા વગેરે દોષ જોવામાં આવે, તો શીલ કે[1] ઉંછ[2] વૃત્તિથી આજીવિકા ચલાવવી;

---

૧. ખેતરમાંથી દાણા ઉપાડી ગયા પછી બાકી રહેલા દાણા વીણી લેવા તે.

૨. વ્હેપારીની દુકાન પર પડી રહેલા દાણા વીણી લેવા તે.

કારણ કે, તે બીજી આજીવિકાઓ કરતાં ઉત્તમ છે.

આપત્તિ કાળમાં ક્ષત્રિય કે વૈશ્યની આજીવિકા સ્વીકારવાની-ખેતીવાડી વગેરે ધંધો કરવાની કે શસ્ત્ર પકડવાની-બ્રાહ્મણને છુટ છે. પણ શ્વવૃત્તિ [નીચની સેવા] થી આજીવિકા કરવાની ચોકખી મના છે. કારણ કે, બ્રાહ્મણનો દેહ ધરી, આજીવિકા માટે મરજી મુજબ વર્તવું એ યોગ્ય નથી. સંસારનાં સુખ ભોગવવા માટે જ બ્રાહ્મણનો દેહ નથી, પણ જીતેન્દ્રિયપણે તપશ્ચર્યા કરી પરલોક સુધારવા માટે છે.

મનનો નિગ્રહ, ઇન્દ્રિય-નિગ્રહ, તપશ્ચર્યા, પવિત્રતા, સંતોષ, ક્ષમા, સરળતા, જ્ઞાન, દયા અને ઇશ્વર તરફ આસ્થા એ બ્રાહ્મણપણાનાં દશ લક્ષણો છે. પોતાને બ્રાહ્મણ તરીકે ઓળખાવનારે એ લક્ષણો સંપાદન કરવાં જોઇએ

[1]બ્રાહ્મણે આશ્રમ ધર્મો બરાબર પાળવા. પાંચ કે આઠ વર્ષે ઉપનયન સંસ્કાર થયા પછી, ગુરૂને ત્યાં જઇ વેદાદિ શાસ્ત્રોનું અધ્યયન કરવું, ગૃહસ્થાશ્રમની ઇચ્છા હોય તો તે

---

१ जन्मना जायते शुद्रः संस्कारात् द्विज उच्यते ।
वेदाभ्यासात् भवेद्विप्रो ब्रह्मज्ञानेन ब्राह्मणः ॥

માણસ:જન્મથી શુદ્ર (મનુષ્ય તરીકે) ગણાય છે, સંસ્કાર (ઉપવીત વગેરે) થી 'દ્વિજ' કહેવાય છે; વેદનો અભ્યાસ કર્યા પછી 'વિપ્ર' થાય છે, અને બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરવાથી 'બ્રાહ્મણ' બને છે.

આશ્રમનું નિયમપૂર્વક સેવન કર્યા પછી વાનપ્રસ્થાશ્રમ ગ્રહણ કરવો. તેમાં ઈન્દ્રિયોને બરાબર કબજે કર્યા પછી સંન્યાસાશ્રમ સ્વીકારી, પરમાત્મસ્વરૂપમાં લીન થવું.

જે બ્રાહ્મણ સંતોષી હોય, અતિથિઓનો સત્કાર કરતો હોય, લોક-હિત કરવામાં તત્પર હોય, પોતે જ્ઞાની થઈ બીજાઓને ઉપદેશ આપીને સુધારતો હોય, ઘરમાં રહેવા છતાં વિષયોમાં આસક્તિ ન રાખતો હોય અને પ્રેમ માત્ર પ્રભુ પ્રતિજ રાખતો હોય; તે મોક્ષ પામે છે. તે કદી દુઃખી થતો નથી, અને બીજાઓને સુખી કરે છે. તેની મદદમાં હંમેશાં ઇશ્વર હોય છે, એટલે કોઈ તેનો પરાભવ કરી શકતું નથી.

ક્ષત્રિયધર્મ.

'ક્ષતાત્ ત્રાયત ઇતિ ક્ષત્રઃ' સર્વનું રક્ષણ કરે તે—ક્ષત્રિય. ઉદ્યમ, પરાક્રમ, પ્રભાવ, વીરજ, કુશળતા, ક્ષમા, યુદ્ધમાં ઉત્સાહ, દાન, પ્રસન્નતા, સંયમ અને ઐશ્વર્ય એ ક્ષત્રિયોના સ્વાભાવિક ગુણો છે.

ક્ષત્રિયોએ આપત્તિ કાળમાં પણ પરિગ્રહ ન કરવો–

દાન ન લેવું, તેમ કદાપિ હલકી નોકરી ન સ્વીકારવી. બ્રાહ્મણોની પેઠે તેમને પણ વેદ ભણવાનો અને યજ્ઞ કરવાનો અધિકાર છે. આજીવિકાની આપત્તિમાં યજ્ઞ કરાવવાનું અથવા ભણાવવાનું કામ પણ તે કરી શકે છે.

પોતાના શૌર્યથી આજીવિકા કરવી એ ક્ષત્રિયો માટે ઉત્તમ વૃત્તિ છે. તે સિવાય ઋત (શીલ કે ઉંછ જેવી વૃત્તિ), અમૃત [માગ્યા વિના મળે તે સ્વીકારવું), પ્રમૃત [ખેતી વાડી વગેરે) અને સત્યાનૃત [વ્યાપારાદિ] વગેરે ચાર વૃત્તિઓ ક્ષત્રિયો માટે કહેલી છે.

ક્ષત્રિય રાજાએ પ્રજાનું પોતાની સંતતિ પ્રમાણે પાલન કરવું, તેમનાં સંકટોને દૂર કરવાં, દુષ્ટોને શિક્ષા કરવી અને કાયદા બાંધી તે પ્રમાણે રાજયતંત્ર ચલાવવું. રાજાએ ધાર્મિક માણસોને અધિકારી નીમવા, અને તેમને વેતન આપવા માટે તથા રાજ્યનું બીજું ખર્ચ નિભાવવા માટે પ્રજા પાસેથી યોગ્ય કર લેવો. ધાર્મિક રાજા પ્રજા પાસેથી કર લે છે, તે પ્રજાની આબાદી માટેજ. બ્રાહ્મણો પર રાજાએ કર ન નાખવો; કારણ કે, તે સાદી વૃત્તિ પર રહેનારા હોય છે. પ્રજાને નહિ દુભાવનારો રાજા આ લોકમાં મહત્ સુખ ભોગવી ઉત્તમ ગતિને પામે છે.

ક્ષત્રિયો જગતના હાથરૂપ છે. (સ્વપરાક્રમથી જગતનું રક્ષણ કરનારા છે) તેથી તેમનો દરજ્જો જગતમાં ઉચ્ચ છે.

વૈશ્ય-ધર્મ.

વ્હેપાર અને ખેતી કરી-કરાવી તથા ગાય આદિ પશુ-ઓને ઉછેરી-ઉછેરાવી પોતાનું ગુજરાન નિભાવવું, અને બીજા વર્ણોનું પોષણ કરવું, એ વૈશ્યોનાં કર્મ છે. જેમ ઉપદેશનો બધો ભાર બ્રાહ્મણો પર છે, રક્ષણનો ભાર ક્ષત્રિયો પર છે તેમ જગતના પોષણનો ભાર વૈશ્યો પર છે. શરીરમાં જે કાર્ય ઉદર કરે છે-પોતાનું પોષણ કરી ખાધેલા ખોરા-કને સંઘરી તે વડે બીજા અંગોને પણ પુષ્ટિ આપે છે-તે જ કાર્ય વર્ણવ્યવસ્થામાં વૈશ્યોનું છે.

ઉદારતા રાખવી એ વૈશ્યોનો ખાસ ગુણ છે. તે સિ-વાય દેવ, બ્રાહ્મણ, ગુરૂ અને વડીલોનો સત્કાર કરવો, ઈશ્વરની ભક્તિ કરવી, ધર્મ, અર્થ અને કામને પોષવા, આસ્તિકતા રાખવી, નિત્ય ઉદ્યમ કરવો અને સર્વ કાર્યોમાં કુશળતા બતાવવી એ પણ વૈશ્યોના ગુણો છે.

આપત્તિકાળમાં વૈશ્યઃ બ્રાહ્મણ કે ક્ષત્રિયની વૃત્તિ ધારણ કરી શકે છે. વૈશ્યોની મુખ્ય ફરજો આ છે; ઉદ્યોગ-હુન્નરને ખીલવી તે દ્વારા દેશની આબાદી વધારવી, અતિધન હોવા છતાં અભિમાન ન કરવો, પાત્રને દાન આપવું, ચિત્તમાં સંતોષ રાખવો અને ગરીબોનાં દુઃખ દૂર કરવા પ્રયત્ન કરવો.

શૂદ્ર-ધર્મ.

શૂદ્ર એ બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય જાતિને મદદરૂપ છે. શરીરમાંનો એક સાધારણ ભાગ પણ જો નબળો હોય, તો શરીરની ઘણીખરી ક્રિયાઓ અટકી પડે છે; તેમ શૂદ્ર જાતિની સ્થિતિ નબળી હોય, તો ત્રણ જાતિઓ પોતાની પ્રગતિ કદાપિ કરી શકે નહિ. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર આ ચાર જાતિથી વિરાટનુંઅંગ પૂર્ણ થાય છે. શૂદ્રો વિરાટ્-સ્વરૂપના પગ ગણાય છે, તેથી જો તે ન હોય અથવા નિર્બલ હોય તો આખા અંગ (જગત)નો વ્યાપાર અટકી પડે. માટે શૂદ્ર જાતિ તરફ ઘૃણા કે તિરસ્કાર તો નજ હોવો જોઈએ. શ્રીકૃષ્ણ ભગવાન પણ ગીતાજીમાં કહે છે કે, "તત્ત્વજ્ઞાનીઓ તો સર્વત્ર સમાન દૃષ્ટિ રાખે છે." આપણામાં જે આત્મા છે તેજ આત્મા શૂદ્રમાં પણ છે, તેથી શૂદ્રોનો તિરસ્કાર એ આત્માનો જ તિરસ્કાર છે.

શૂદ્રે બ્રાહ્મણ, ક્ષત્રિય કે વૈશ્યની નોકરી કરી તે વડે પોતાની આજીવિકા નિભાવવી, એમ શાસ્ત્રો કહે છે. પવિત્રતા રાખવી, પોતાથી ઉત્તમ વર્ણ તરફ નમ્રતા અને સદ્‌ભાવ રાખવો, નિષ્કપટપણાથી નોકરી કરવી, ચોરી ન કરવી, સત્ય બોલવું અને ગાય આદિ પશુઓનું રક્ષણ કરવું; શૂદ્રોના ધર્મ છે.

ગૃહિણી-ધર્મ.

સ્ત્રી પુરૂષની અર્ધાંગના કહેવાય છે, અર્થાત્ ગૃહસ્થાશ્રમમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરૂષાર્થ સિદ્ધ કરવા માટે તે પુરૂષનો સહાયક બને છે. સ્ત્રી અને પુરૂષ બન્ને મળીને ગૃહસ્થાશ્રમનું સ્વરૂપ પૂર્ણ થાય છે. તેમાંથી એકાદ ખંડિત થતાં ગૃહસ્થાશ્રમ લુલો થઇ જાય છે. સ્ત્રી પુરૂષનો મિત્ર છે. સ્વભાવમાં કોમળ અને પોતાના પતિને નિરંતર અનુસરનારી સ્ત્રી સ્વામીને મદદરૂપ થઈ, તેના મનને આનંદ અને શાન્તિ ઉપજાવે છે, એટલા માટેજ તે ગૃહદેવી કહેવાય છે.

પતિની સેવા કરવી, પતિને અનુકૂલ રહેવું, પતિનાં સગાં સંબંધીઓ સાથે પ્રેમ અને સંપ રાખવો તથા નિયમ પ્રમાણે વર્તવું; એ પતિવ્રતા સ્ત્રીનાં લક્ષણો છે.

પતિવ્રતા સ્ત્રીએ સવારમાં પતિના પહેલાં ઉઠવું અને નાહી ધોઇ સ્વચ્છ કપડાં પહેરવાં. પછી સૌભાગ્યવતીના ચિન્હરૂપ પોતાની સ્થિતિને યોગ્ય અલંકાર ધારણ કરવા. વડીલોને અભિવાદન કરી ઘરનો સરસામાન ઝાડી ઝપટીને સાફ કરવો, અને ઘરમાંથી કચરો વગેરે કાઢી ઘરને ચોકખું રાખવું. પતિ સાથે કે વડીલોની સાથે વિનયથી અને મધુર વાણીથી બોલવું. પોતાના ઘરમાં જે

પદાર્થો હોય, તેટલાથી સંતોષ માનવો. પવિત્રતાથી અને સ્વચ્છતાથી ઉત્તમ રસોઇ બનાવી; પતિને તથા વડીલોને જમાડયા પછી જમવું. નિવૃત્તિ વખતે જ્ઞાન પ્રાપ્ત કરવું અને ગુંથવાની, કાંતવાની કે ભરત વગેરેની કોઇ પણ કલા શિખી લેવી. ઘરમાંની ચીજોપર પૂરતી દેખરેખ રાખી, તે બગડી ન જાય તેની કાળજી રાખવી. પતિ ઉપર કદી ક્રોધ કરવો નહિ. નોકરવર્ગ હોય તો તેના તરફ માયાળુપણે વર્તવું. પોતાના ઘરમાં કંઇ વસ્તુ ન હોય અને તે (વસ્તુ) લાવવા જેટલી પતિની સ્થિતિ નહોય, તો તે વસ્તુ માટે હઠ ન કરવી. ઘરનાં કામકાજ હોંશિઆરીથી કરવાં. ધર્મનું જ્ઞાન સંપાદન કરવું. સત્ય બોલવું. હંમેશાં મનથી, વાણીથી અને શરીરથી પતિનું હિત કરવામાં તત્પર રહેવું. પોતાનાં બાળકોને સદાચારી, નીતિવાન્ અને સંસ્કારી બનાવવા પ્રયત્ન કરવો. ઉત્તમ સ્ત્રીનું વર્ણન કરતાં એક કવિ કહે છે કે, "कार्येषुमंत्री, करणेषुदासी, भोज्येषुमाता, शयनेषुरंभा । मनोऽनुकूला, क्षमया धरित्री, गुणैश्च भार्या कुल मुद्धरन्ती ॥ કાર્યમાં મંત્રી (પ્રધાન) જેવી, આજ્ઞા ઉઠાવવામાં દાસીજેવી, ભોજન સમયે માતા જેવી, શયનવખતે રંભાજેવી, ક્ષમામાં પૃથ્વી જેવી અને પતિની ઇચ્છાને હંમેશાં અનુકૂલ રહેનારી સ્ત્રી પોતાના ગુણોવડે કુળનો ઉદ્ધાર કરે છે."

બ્રહ્મચારીના ધર્મો.

જે બ્રહ્મચર્યવ્રત ધારણ કરે તે બ્રહ્મચારી કહેવાય. ઉપનયન (જનોઇ) સંસ્કાર થયા પછી ગુરૂને ત્યાં જઇ વેદ ભણવા–અભ્યાસ કરવા–માટે જે વ્રત પાળવામાં આવે છે તે 'બ્રહ્મચર્ય' કહેવાય છે. બ્રહ્મચર્યાશ્રમ ચાર આશ્રમોમાં મુખ્ય છે અને જીવનના તથા આશ્રમોના પાયારૂપ છે. દ્વિજ (બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય) વર્ણે આ આશ્રમનું બરાબર સેવન કરવું જોઇએ. જેઓએ બ્રહ્મચર્યવ્રત બરાબર પાળ્યું નથી, તેમની જીંદગી નિરર્થક છે. અર્વાચીન સમયમાં ભારતવર્ષની પડતીનું મુખ્ય કારણ બ્રહ્મચર્યાશ્રમનો અભાવ છે. જ્યાંસુધી આ દેશના લોકો બ્રહ્મચર્યવ્રત બરાબર સેવતા, ત્યાંસુધી દેશ સ્વતંત્ર અને આબાદ હતો, લોકો નીરોગ અને દીર્ઘાયુષ હતા, તેમનાં તન, મન અને બુદ્ધિનો પરિપૂર્ણ વિકાસ થતો.

બ્રહ્મચર્યવ્રતના નિયમોજ એવા છે, કે જેનું સેવન કરવાથી મનુષ્ય જીતેન્દ્રિય બને છે અને બીજા આશ્રમોમાં પ્રવેશ કરવાને લાયક થાય છે. બ્રહ્મચર્યના અભાવે અત્યારનો ગૃહસ્થાશ્રમ લુખો જણાય છે. જેટલા મહાન્ પુરૂષો થયા,

તેમણે આ આશ્રમનું બરાબર સેવન કરેલું.

"બ્રહ્મચારીએ પોતાનું ઘર છોડી અભ્યાસ પૂર્ણ થતાં સુધી ગુરૂને ઘેર રહેવું, અને તેમની આજ્ઞામાં રહી અભ્યાસ કરવો. મસ્તકે કેશ રાખવા પણ તેમાં તેલ વગેરે ન નાખવું. દાંત, કેશ તથા વસ્ત્રો ચોકખાં રાખવાં. આસનને કે વસ્ત્રોને રંગવાં નહિ. વીર્યનું બરાબર રક્ષણ કરવું. અગ્નિ, આચાર્ય, સૂર્ય ગાય, બ્રાહ્મણ, ગુરૂ, વૃદ્ધ તથા દેવોની ઉપાસના કરવી. ત્રિકાલસંધ્યા કરી, ગાયત્રીજપ કરવો. આચાર્યને ઇશ્વર-તુલ્ય લેખવા. પરાશ્રય ન કરવો. પોતાને ભિક્ષામાં અગર બીજી કોઇ રીતે જે વસ્તુ મળે, તે આચાર્યને નિવેદન કરી, તેમની આજ્ઞાથીજ તેનો ઉપયોગ કરવો. ગુરૂની નિંદા ન સાંભળવી અને તેમની રીતભાતનું અનુકરણ ન કરવું.

ગુરૂ બેસે ત્યારે બેસવું, અને આવે ત્યારે ઉભા થઇ પ્રણામ કરવા. આંખમાં અંજન વગેરે ન કરવું. સ્ત્રીઓનો સંગ તજવો. નીચ માણસોની સોબત ન કરવી. જોડા અને છત્રીનો પણ ત્યાગ કરવો. મેખલા, મૃગચર્મ, દંડ, કમંડલુ, જનોઈ અને દર્ભ હંમેશ પાસે રાખવાં. ખાવા પીવામાં નિયમિત રહેવું. સ્વાદોનો ત્યાગ કરવો. બહુ તીખા, ગરમ તથા બ્રહ્મચર્યનો ભંગ કરે તેવા માદક પદાર્થો કે ઉતરી ગએલા

૧ ધોળાં વસ્ત્રજ પહેરવાં.

પદાર્થો ન ખાવા. ઠંડા પાણીથી ન્હાવું. ચોરી ન કરવી. જુઠું ન બોલવું. સર્વનું સંમાન કરવું. સર્વ ભોગોનો અને અલંકારોનો ત્યાગ કરવો. અપશબ્દો બોલવા નહિ, અર્થાત્ બ્રહ્મચારીએ મન, વાણી તથા કાયાનો જેમ બને તેમ નિગ્રહ કરવો અને સાદાઈ જાળવવી. ખોરાકમાં ઘી-દૂધનો ઉપયોગ કરવો પણ મસાલા, તેલ, ખટાસ વગેરેનો ત્યાગ કરવો. કામ, ક્રોધ, જુગાર વગેરે નિંદ્ય કર્મોને તજવાં ”

આ પ્રમાણે વિદ્યાભ્યાસ પૂર્ણ થતાં સુધી બ્રહ્મચર્ય જાળવી ગુરૂને ત્યાં રહેવું. ઓછામાં ઓછું પચીસ વર્ષ તો બ્રહ્મચર્ય જાળવવુંજ જોઇએ. ત્યારબાદ, ઇચ્છા હોયતો ગૃહસ્થાશ્રમ સ્વીકારવો.

કેટલાક મહાત્માઓ ગૃહસ્થાશ્રમ ન સ્વીકારતાં નૈષ્ઠિક બ્રહ્મચર્ય ધારણ કરી, આત્માનો ઉદ્ધાર કરે છે અને બીજાઓને પણ તારે છે. જીવતાં સુધી બ્રહ્મચર્ય પાળનાર અક્ષય પદને પામે છે. નૈષ્ઠિક બ્રહ્મચારીએ જીવન પર્યન્ત બ્રહ્મચારીના ધર્મોનું બરાબર આચરણ કરવું, અને પોતાનો દેહ પરોપકાર માટે અર્પણ કરવો. નૈષ્ઠિક બ્રહ્મચર્ય ધારણ કરનાર દ્વિજ અગ્નિની પેઠે પ્રકાશે છે. સર્વના ઉપર તેનો પ્રભાવ પડે છે. તેના ઉગ્ર તપથી તે પરમાત્મસ્વરૂપને પ્રાપ્ત થાય છે, તેને કંઈ વસ્તુ દુર્લભ નથી. બ્રહ્મચર્ય શારીરિક તપ છે, અને અભ્યાસ વાણીનું તપ છે.

બ્રહ્મચર્યાશ્રમનું માહાત્મ્ય વાંચ્યા કરતાં તેનો અનુભવ કરનારનેજ માલુમ પડે છે કે, બ્રહ્મચર્યથી કેટલું સામર્થ્ય આવે છે ? 'હનૂમાનની પૂજા' એ નૈષ્ઠિક બ્રહ્મચારી પ્રત્યે વિશ્વનો આદર દર્શાવે છે.

ખેદની વાત છે કે, આજકાલ લોકો પોતાનાં બાળકોને કાચી ઉંમરમાં પરણાવવાનો લ્હાવો લઇ, તેમની જીંદગી બગાડી નાખે છે. તેઓ પોતાની જાતેજ પોતાના વંશની પડતીનું બીજ રોપે છે.

ગૃહસ્થ–ધર્મ.

બ્રહ્મચર્યવ્રત પાળી, અભ્યાસ કર્યા પછી, ગૃહસ્થાશ્રમની ઇચ્છાવાળા બ્રહ્મચારીએ તે આશ્રમ સ્વીકારવો. સ્ત્રી સુશીલ હોય તોજ ગૃહસ્થાશ્રમ દીપી નીકળે છે, માટે હરેકે પોતાની જાતિની, અસગોત્ર (અન્ય ગોત્રની), સારા કુળની, સુશીલ અને અવસ્થામાં પોતાના કરતાં નાની સ્ત્રી સાથે વિવાહ કરવો; પણ રોગવાળી, કુરૂપ, ખોડવાળી અને દુર્ગુણી સ્ત્રી સાથે લગ્ન કરવું નહિ.

વિવાહ આઠ પ્રકારના છે. "બ્રાહ્મ (કન્યાનો પિતા કન્યાને શણુગારી યોગ્ય પતિ સાથે પરણાવે તે), દૈવ (યજ્ઞના ઋત્વિજને કન્યા આપવામાં આવે તે), આર્ષ (કન્યાનો પિતા એક કે બે ગાય અને બળદ લઈને કન્યા આપે તે), પ્રાજાપત્ય (ધર્માચરણ કરવા માટે કન્યા આપવામાં આવે તે), આસુર (પહેલું લઈને કન્યા પરણાવવામાં આવે તે), ગાન્ધર્વ (વર–કન્યા એક બીજાની ઇચ્છાથી પરસ્પર પરણે તે), રાક્ષસ (કન્યાના સંબંધીઓને દુઃખ દઈ કન્યાને ઉપાડી જવામાં આવે તે) અને પૈશાચ" આમાં પ્રથમના ચાર વિવાહ ઉત્તમ છે. શાસ્ત્રોમાં ચોકખી મનાઇ છે કે, કન્યાનું દાપું ન લેવું. કારણ કે, તે અધમ કાર્ય ગણાય છે.

બ્રહ્મચારીના જેજે ધર્મો છે તે બધા ગૃહસ્થે પાળવાના છે. [1]નિયમ પ્રમાણે વર્તનારો ગૃહસ્થ બ્રહ્મચારી ગણી શકાય છે. નિયમ જાળવનાર જીતેન્દ્રિય ગૃહસ્થની પ્રજા લાંબા આયુષવાળી, નીરોગ, બુદ્ધિમાન્, બળવાન્ અને ઉત્તમ નીવડે છે. ગૃહસ્થાશ્રમ ધર્મકાર્યો કરવા માટે છે, માત્ર ભોગો ભોગવવા માટેજ નથી. ગૃહસ્થાશ્રમી સ્ત્રી–પુરૂષ

---

૧ રજઃ કાળની પ્રથમની સોળ રાત્રિઓમાંથી પ્રથમની ચાર, અગીઆરમી અને તેરમી રાત્રિ, તથા બીજી ગમે તે આઠ રાત્રિ તજી; બાકી રહેલી કોઇપણ બે રાત્રિ ગર્ભાધાન માટે યોગ્ય ગણી છે.

સુશીલ અને પરસ્પર પ્રેમવાળાં હોય તોજ તેમનો આશ્રમ ઉત્તમ બને છે.

ગૃહસ્થાશ્રમ ચારે આશ્રમોનું પોષણ કરનાર હોવાથી બધા આશ્રમોમાં તે પ્રથમ સ્થાન ભોગવે છે. ગૃહસ્થાશ્રમ સ્વીકારી કર્મો કરવા છતાં કર્મફળમાં આસક્તિ ન રાખનારા અને વિષયોમાં નહિ ફસાનારા ગૃહસ્થને કર્મબંધન થતું નથી, તે હંમેશ મુક્તજ છે.

ગૃહસ્થે નીતિથી ધન પ્રાપ્ત કરી તેમાંથી સંતોષપૂર્વક પોતાની આજીવિકા કરવી. પોતાના ખોરાકમાંથી બની શકે તે પ્રમાણે અતિથિસત્કાર કરવો, અને ઇશ્વરભક્તિમાં પરાયણ રહેવું; એ ઉત્તમ ગૃહસ્થનું લક્ષણ છે.

શાસ્ત્રો દરેક ગૃહસ્થને પાંચ મહાયજ્ઞ કરવાનું ફરમાવે છે. પાંચ મહાયજ્ઞો આ પ્રમાણે છે; "બ્રહ્મયજ્ઞ–ભણવું તથા ભણાવવું, પિતૃયજ્ઞ–પિતૃઓનું તર્પણ વગેરે કરવું–પોતાનાં સત્કાર્યોથી પૂર્વજોને ઉજ્જવલ કરવા, દેવયજ્ઞ–યજ્ઞ વગેરે કરી દેવોને સંતોષ આપવો–દાન વગેરે કરવું–લોક કલ્યાણ માટે આત્મભોગ આપવો, ભૂતયજ્ઞ–પ્રાણીમાત્રનું યથાશક્તિ પોષણ કરવું–ગાય વગેરે પશુઓનું પાલન કરવું, અને અતિથિયજ્ઞ –પોતાના ખોરાકમાંથી યથાશક્તિ ભૂખ્યા તરસ્યા અભ્યા-

ગતોને અન્નજળ આપી તૃપ્ત કરવા. આ [1]પંચમહાયજ્ઞ કરનારો ગૃહસ્થ નિત્ય થતાં–કંડની (ખાંડણીઓ), પેષણી (ઘંટી), ચૂલો, પાણીયારૂં તથા માર્જની (સાવરણી) થી થતાં–પાંચ પાપમાંથી મુક્ત થાય છે. ગૃહસ્થ છતાં જે મનુષ્ય દેવોનું, અતિથિઓનું, નોકરચાકરોનું, માતાપિતાનુ, અને કુંટુંબી-ઓનું પોષણ કરતો નથી અને માત્ર સ્વાર્થજ કરે છે, તે જીવતાં મુઆ સમાન છે.

જેમ નદીઓ સમુદ્રનો આશ્રય કરે છે, તેમ સર્વે આશ્રમવાસીઓ ગૃહસ્થાશ્રમીનો આશ્રય કરે છે. જે ગૃહસ્થને ઘેરથી અતિથિ વિમુખ જાય, તેનું ઘર શ્મશાન જેવું છે. દરિદ્ર માણસ પણ આવેલા અતિથિને આસન, જલ અને શક્તિ પ્રમાણે અન્ન આપી શકે, અને બે સારા શબ્દો કહી તેનો સત્કાર કરી શકે.

ગૃહસ્થે હંમેશાં કામ, ક્રોધ, લોભ, મોહ વગેરે શત્રુ-ઓને કબજે રાખવા, તેમને વશ થવું નહિ. સત્યને અને સ્વધર્મને વળગી રહેવું. કોઇને ઉચ્છિષ્ટ (એંઠું) અન્ન આપવું નહિ. દુષ્ટનો પ્રતિગ્રહ ન કરવો અને નીચની ચાકરી ન કરવી.

પ્રાતઃકાળમાં વહેલા ઉઠી, પરમાત્માનું સ્મરણ કરી,

---

૧ વૈશ્વદેવની ક્રિયામાં પંચમહાયજ્ઞનો સમાવેશ થાય છે.

નાહીધોઈ, સન્ધ્યાવંદન, [1]દેવપૂજા વગેરે નિત્યકર્મ કરવાં; અને પછી પોતાના કામે લાગવું.

ગૃહસ્થાશ્રમીએ યોગ્યવ્રત કરવાં, ભગવાનના ઉત્સવો કરવા, પવિત્ર રહેવું, સદાચાર હંમેશ પાળવો અને કદી વિવેકથી ભ્રષ્ટ થવું નહિ. જ્ઞાન હોવા છતાં મૌન રાખવું, શક્તિ હોવા છતાં ક્ષમા રાખવી અને દાન કરીને કદી ન દેખાડવું; એ ગૃહસ્થના ભૂષણરૂપ છે. આ પ્રમાણે બ્રહ્મચર્ય, તપ, શૌચ, સંતોષ, યજ્ઞ, સર્વ પ્રાણીઓ તરફ સ્નેહ અને પ્રભુની નિષ્કામ ભક્તિ એ ગૃહસ્થોના મુખ્ય ધર્મો છે.

જેઓ ઉત્તમ ગૃહસ્થધર્મ પાળી, [2]સ્વધર્મમાં તત્પર રહી, આત્મચિંતન કરે છે; તેઓ મોક્ષના અધિકારી છે. જનક જેવા રાજાઓ ગૃહસ્થાશ્રમમાં રહીને પણ વિદેહી બન્યા હતા.

---

૧ વેદમાં પંચ–વિષ્ણુ, શિવ, ગણપતિ, સૂર્ય અને દેવી–દેવનું પૂજન કહેલું છે, તે અનુક્રમે પંચ-રસ (જલ), આકાશ, વાયુ, તેજ અને પૃથ્વી–તત્ત્વનુંજ પૂજન છે. તત્ત્વો ઇશ્વરની પ્રત્યક્ષ મૂર્તિઓ છે.

૨ વર્ણધર્મમાં.

વાનપ્રસ્થ-ધર્મ.

નિયમ પ્રમાણે ઘરમાં એક પરોણાની પેઠે રહેલા, અહંતા મમતા રહિત ગૃહસ્થાશ્રમીએ ચ્હાય તો ભગવદ્‌ભક્તિ કરતાં ઘરમાંજ રહેવું અને નહિતો વનમાં જવું. વાનપ્રસ્થે શાસ્ત્રવિહિત ધર્મોનું આચરણ કરવું. "વિષયોને મૃગજળ જેવા સમજી તજી દેવા, અને હમેશાં શાન્ત ચિત્તથી રહેવું. તૃષ્ણાઓના પ્રવાહને અટકાવવો. આહાર સાત્ત્વિક રાખવો અથવા કંદમૂળ ખાવાં. ઈન્દ્રિયો અને મનને વશ કરવાં. અગ્નિહોત્ર કરવું. સાદાં અને રંગ વગરનાં વસ્ત્ર ધારણ કરવાં અથવા વલ્કલ પહેરવાં. આજીવિકાનાં સર્વ સાધન પોતેજ મેળવી લેવાં. વ્યવહારનો સર્વભાર પુત્ર વગેરે ઉપર નાખવો અને પોતે તેનાથી અલગ રહેવું. સર્વદા આત્મતત્ત્વનુંજ ચિંતન કરવું. મન, વાણી અને શરીરપર પૂર્ણ કાબુ મેળવવો." તપશ્ચર્યા અને યજ્ઞ વાનપ્રસ્થના મુખ્ય ધર્મો છે. તે ઉપરાંત બ્રહ્મચારીના ધર્મો પણ વાનપ્રસ્થે બરાબર પાળવા જોઈએ.

સામાન્ય સંન્યાસધર્મ.

વાનપ્રસ્થાશ્રમમાં જીતેન્દ્રિય અને વિગતરાગ (આસક્તિ વગરના) થઇ, પુરૂષે સંન્યાસ ગ્રહણ કરવો. જેણે સઘળાં કામ્ય (ફળની ઇચ્છાવાળાં) કર્મોનો ત્યાગ કર્યો હોય,

તેજ સંન્યાસી થઇ શકે. સંન્યાસીએ માત્ર દંડજ રાખવો, વસ્ત્રથી ગાળેલું પાણી પીવું, સત્યથી પવિત્ર થએલી વાણી બોલવી, પૃથ્વીપર જોઇને પગ મૂકવો અને મનથી જે સારૂં જણાય તે કરવું; પતિતનું અન્ન ન લેવું, કોઇનો સંગ ન કરવો, આત્મામાંજ વિલાસ કરવો અને તેમાંજ સંતોષ માનવો; સર્વત્ર સમદ્રષ્ટિ રાખવી, ભેદભાવ ભૂલી જવો અને સર્વત્ર ઈશ્વરસ્વરૂપનેજ નિહાળવું; ઈન્દ્રિયોને વશ રાખી, મનમાં ઇશ્વરના ભાવના કરીને જગતમાં ફરવું; જગતના પદાર્થો નાશવંત છે એમ સમજી તેમાં આસક્તિ ન રાખવી, (આત્મા સિવાય) બીજું બધું મિથ્યા સમજી આત્મામાંજ નિષ્ઠા રાખવી અને પતનના કારણરૂપ મન, વાણી અને ઈન્દ્રિયોને વશ કરી તેમને આત્મ-સ્વરૂપમાં જોડી દેવાં. શાન્તિ તથા અહિંસા સંન્યાસીના મુખ્ય ધર્મ છે. (સંન્યાસીએ પણ બ્રહ્મચારીના ધર્મોનું બરાબર આચરણ કરવું જોઇએ.)

પરમહંસના સામાન્ય ધર્મો.

"પાળી શકાય તેટલા (સંન્યાસ) આશ્રમ ધર્મ પાળી પરમાત્મામાંજ મગ્ન રહેવું. માન અપમાનનો વિવેક તજવો. ફળની ઇચ્છા તજી સ્વતંત્ર ફરવું. લોકોને ખુશી કરવાનો ભાવ તજી, પોતાને ખરૂં લાગે તેવું આચરણ કરવું. પાખંડ તજવો. નકામો વાદવિવાદ છોડી દેવો. કોઇની

સાથે પ્રેમ કે કલહ કરવો નહિ. સુખ–દુઃખ આદિ દ્વંદ્વથી મુક્ત બનવું. હર્ષ શોકને તજવા. જે મળે તેપર સંતોષ માનવો. સર્વબંધનોથી મુક્ત થવું. સર્વત્ર આત્મ–સ્વરૂપજ જોવું અને સઘળો બાહ્યભાવ ભૂલી જવો.

વર્ણાશ્રમધર્મ પાળવાથી અંતઃકરણ શુદ્ધ થાય છે, શુદ્ધ અંતઃકરણમાં આત્મદર્શન થાય છે અને આત્મદર્શન પામેલો પ્રાણી ફરીને દ્વંદ્વમાં ફસાતો નથી, અર્થાત્ તે પરમાત્માની નજીકજ રહે છે. વર્ણાશ્રમધર્મનું સેવન ભગવદ્ભક્તિ સાથે થવું જોઇએ; કારણકે, તપ, યોગ, વગેરે સાધનોનું અન્તિમ ફલ ભગવત્–પ્રાપ્તિજ છે. અને તે ભક્તિરૂપ સાધનથી થઈ શકે છે.

વ્યસનનું અનિષ્ટ પરિણામ.

યાદવોનો સંહાર અને શ્રીકૃષ્ણનું સ્વધામ પધારવું.

વ્યસન કરવાથી મનુષ્યની બુદ્ધિ વિવેકભ્રષ્ટ થાય છે. વ્યસનીને કર્તવ્ય કે અકર્તવ્યનું ભાન રહેતું નથી. બુદ્ધિ, બળ, શરમ અને સહનશીલતા વગેરે સદ્ગુણો વ્યસનીમાં હોતા નથી. સન્નિપાત થયો હોય, ત્યારે મનુષ્યમાં

જે ચિન્હ જણાય છે; તે બધાં ચિન્હ વ્યસની માણુસમાં માલમ પડે છે. ઘણા સમર્થ રાજાઓ વ્યસનોથી રાજ્ય ખોઇ બેઠા છે, સાધકો સાધનાભ્રષ્ટ થયા છે અને દેશો અવનતિ પામ્યા છે. વ્યસની પ્રજા પોતાની સ્વતંત્રતા જાળવી શકતી નથી, તે હંમેશાં પરાધીનજ રહે છે. વ્યસન એ વિનાશનું મૂલ છે. વ્યસનનો અર્થજ '(वि+अस्+अन) ધર્મ કે અભ્યુદયના માર્ગથી મનુષ્યને ઘણે દૂર ફેંકી દેનાર' એવો થાય છે, એટલે 'यथा नाम तथा गुणाः' નામ પ્રમાણે તેનામાં ગુણો હોય એ સંભવિત છે. કેફી વસ્તુઓ વિના પણ બીજાં ઘણી જાતનાં વ્યસનો છે; દ્યૂત, ચોરી, અસત્ય, વ્યભિચાર, મદ, આળસ અને કોઇ પણ વસ્તુનું હદ બહાર સેવન કરવું તે પણ વ્યસનમાંજ ગણાય છે.

ઋષિઓના શાપ પછી યાદવોની બુદ્ધિ ભ્રષ્ટ થઇ હતી. તેઓ એક વખત યાત્રા કરવા માટે પ્રભાસપત્તન (પટ્ટન-પાટણ) ગયા હતા, ત્યાં મદિરા પીને અંદર અંદર તોફાન કરવા મંડયા. તેમનું તોફાન એટલા સુધી વધ્યું કે, તેઓ એક બીજાને શસ્ત્રોથી મારી નાખવા લાગ્યા. શ્રીકૃષ્ણે અને બળદેવજીએ તેમને સમજાવ્યા, ત્યારે તેઓ ગુસ્સે થઇ ઉલટા શ્રીકૃષ્ણ અને બળદેવને મારવા દોડ્યા. આખરે યાત્રામાં ગએલા બધા યાદવો

પરસ્પર લડી કપાઇ મુવા. બળદેવજીને આથી બહુ શોક થયો; તેથી તેમણે સમુદ્રના તીરપર બેસી, યોગથી શરીરનો ત્યાગ કર્યો. શ્રીકૃષ્ણ ભગવાન પણ 'હવે પોતાના અવતારનું કાર્ય પૂર્ણ થયું છે એમ માની' સ્વધામ પધાર્યા.[1]

---

૧ યાદવોનો નાશ થયા પછી શ્રીકૃષ્ણ એક પીપળા નીચે બેઠા હતા, તેવામાં મૃગ શોધતા એક વ્યાધે દૂરથી બાણ ફેંક્યું; તે શ્રીકૃષ્ણના પગે વાગ્યું. વ્યાધને જ્યારે આ વાતની ખબર પડી, ત્યારે તે ગભરાયો અને શ્રીકૃષ્ણની ક્ષમા માગવા લાગ્યો. શ્રીકૃષ્ણે તેને આશ્વાસન આપી, ઉપદેશ કર્યો. આમ મહાન યોગેશ્વર શ્રીકૃષ્ણે પોતે પ્રભુ (સર્વ શક્તિમાન) છતાં ઋષિનું વચન સત્ય કર્યું.

બારમો સ્કંધ

ભાગવતશ્રવણનું ફલ.

પરીક્ષિત-મોક્ષ.

આત્મા અનાત્માનું જ્ઞાન થાય અને મરણનો ભય ટળે, એ ભાગવતશ્રવણનું મુખ્ય ફલ છે. શુકદેવજીએ પરીક્ષિતને ભાગવતનું પૂર્ણ જ્ઞાન આપ્યા પછી કહ્યું, 'રાજન! તું ભાગવત સાંભળી કૃતાર્થ થયો છે. હવે તને મરણનો ભય ન હોવો જોઇએ. 'હું મરીશ' એ પશુબુદ્ધિ છે, તેનો તારે ત્યાગ કરવો જોઇએ. દેહ પૂર્વે ન હતો, હમણાં જણાય છે અને હવે પછી અદશ્ય થશે. પણ તું (આત્મા) તો શાશ્વત્ છે, ત્રણે કાળમાં વિદ્યમાન છે અને અવિકારી છે (જન્મતો નથી કે મરતોએ નથી). અગ્નિ લાકડામાં રહ્યા છતાં લાકડાથી ભિન્ન છે, તેમ તું દેહમાં

રહેલો છે, છતાં દેહથી ભિન્ન છે. દેહથી દેહની ઉત્પત્તિ થાય છે, આત્માની નહિ. દેહના જન્મમરણાદિ વિકારો આત્માને લાગુ પડતા નથી. આત્માને ઘણા સમયથી દેહનો સંબંધ થએલો હોવાથી જન્માદિક સંસારનો ભ્રમ થાય છે. એ ભ્રમ નિવૃત્ત થતાં, આત્મા મુક્ત થાય છે. ઘડો ફૂટી ગયા પછી તેમાં રહેલો આકાશનો થોડો ભાગ (ઘટાકાશ) જેમ મહાકાશરૂપ થાય છે, તેમ તત્ત્વજ્ઞાનથી દેહોપાધિ દૂર થતાં જીવ બ્રહ્મરૂપમાં ભળે છે. જેમ તેલ, કોડિયું, વાટ અને અગ્નિના સંયોગથી દીવાનું દીવાપણું દેખાય છે; તેમ કર્મ, મન, દેહ અને ચેતન્યના અધ્યાસથી સંસારનો ભાસ થાય છે. દીવો ઠરી જતાં તેજ જેમ તેજસ તત્ત્વમાં ભળી જાય છે (નાશ પામતું નથી); તેમ કર્મ–આદિ ઉપાધિનો લય થતાં ચૈતન્યરૂપ જીવ બ્રહ્મમય બને છે. હે નૃપતિ ! ભાગવતમાંથી તેં આ બધું જ્ઞાન પ્રાપ્ત કર્યું છે. તત્ત્વજ્ઞાનથી આત્માનું અને અનાત્માનું સ્વરૂપ જાણીને તું વિવેકી થયો છે. તું અત્યારે આત્મસ્વરૂપ છે. તું દેહભાવ ભૂલી ગએલો હોવાથી, તક્ષક નાગનો ડંખ અને તેનાથી થનારૂં મૃત્યુ તને દુઃખકર થશે નહિ. આત્મભાવે તું તક્ષકને પણ આત્મસ્વરૂપ જોઇશ. પછી મરવું કે મારવું રહ્યું જ ક્યાં ?' શુકદેવજી આ પ્રમાણે જ્ઞાન આપી, રાજાની રજા લઇ ચાલતા થયા. પછી પરીક્ષિત રાજાએ દેહભાવનો ત્યાગ કરી, આત્માની પરમાત્મા

સાથે એકતા કરી. થોડાજ વખતમાં તેના દેહને તક્ષક નાગ ડસ્યો અને આત્મા બ્રહ્મસ્વરૂપમાં ભળ્યો. મૃત્યુનો ભય ટળે એજ ભાગવત શ્રવણનું ખરૂં ફળ છે.

ભાગવત સાંભળીને પણ જો મરણનો ડર રહ્યો હોય, દેહને થતા જન્મ–મરણાદિ વિકારો આત્માને છે એવી માન્યતા હોય, સુખ–દુઃખ વગેરે દ્વંદ્વનો ત્યાગ ન થયો હોય, અન્તઃકરણમાં વિવેકબુદ્ધિ ઉત્પન્ન ન થઈ હોય, સમભાવ ન પ્રકટયો હોય અને 'પ્રભુ સર્વ સ્થળે છે' એવું ન અનુભવી શકાતું હોય; તો ભાગવતનું રહસ્ય બરાબર સમજવામાં આવ્યું નથી, એમજ થયું.

સર્પ–યજ્ઞ.

'બનવાનું બન્યાં જાય છે' એવું સમજનાર અનુભવી મનુષ્ય મોહ કે ક્રોધને અધીન થતો નથી. પણ એવી સમજણ પ્રાપ્ત થવી દુર્લભ છે. કદી એવી સમજ આવે તો તેને આચારમાં ઉતારવી કઠણ છે. એ સમજણ જો વ્યવહારમાં મૂકાય તો પછી કોઈ વાતની મુઝવણજ રહેતી નથી.

પરીક્ષિતના મૃત્યુથી તેના પુત્ર જન્મેજયને ક્રોધ થયો. તેણે સર્પસત્ર કરી તેમાં સર્પોને હોમવા માંડયા, ત્યારે તક્ષક [1]નાગ ગભરાઈ ઇન્દ્રને શરણે ગયો. જયારે જન્મેજયે તે

---

૧ ઇતિહાસકારો જણાવે છે, કે "નાગ' નામની એક અનાર્ય જાતિ હતી તેનો આ તક્ષક રાજા હતો."

હકીકત જાણી, ત્યારે તેણે ઇન્દ્ર સાથે તક્ષકને યજ્ઞમાં હોમવા ઋત્વિજોને કહ્યું. હવે ઇન્દ્ર પણ ગભરાયો. આખરે બૃહસ્પતિએ જન્મેજય પાસે જઈ તેને ઉપદેશ કર્યો, કે 'તક્ષકને યજ્ઞમાં હોમવો એ તમને ઉચિત નથી. પ્રાણીઓ પોતાનાં કર્માનુસાર સુખદુઃખ પ્રાપ્ત કરે છે, બાકી સુખદુઃખ આપનાર તો એક નિમિત્ત માત્ર છે. બૃહસ્પતિના ઉપદેશથી જન્મેજયે ક્રોધ છોડી દઈ, સર્પસત્ર બંધ કર્યો.

પરિશિષ્ટ

સૃષ્ટિરચના.

‘ सदेव सौम्येदमग्र आसीत् ’ આ દૃશ્ય જગતના આરંભમાં બ્રહ્મ કેવળ સદ્રૂપ, અવિકારી અને નિર્ગુણ હતું. તે વખતે સૃષ્ટિ રચનારી સર્વ શક્તિઓનો (તત્વોનો) તેમાં લય થએલો હતો, અને તે માત્ર ચૈતન્યસ્વરૂપે વિલસતું હતું. તે અદ્વૈત, અનંત અને સદ્રૂપ બ્રહ્મમાં ‘ અનેક પ્રકારે થવાની, ઊર્મિ (ઇચ્છાશક્તિ) ઉત્પન્ન થઈ. તે વડે (ઇચ્છારૂપ પોતાની માયા શક્તિ—કાર્યકારણ શક્તિ વડે) તેણે પોતાને વિષે આપોઆપ ઉત્પન્ન થએલાં કાલ (જેનાથી ત્રણ ગુણવાળું સર્વકાર્યના આશ્રયરૂપ પ્રધાનતત્ત્વ—પ્રકૃતિ વિકાર પામે છે—પરિણામ પામે છે, તે ઇશ્વરીપ્રભાવ), કર્મ (જરાયુજ, સ્વેદજ, અંડજ અને ઉદ્ભિજ્જ વગેરે ભૂતોની ઉત્પત્તિ કરનાર યજ્ઞ) અને સ્વભાવને ગ્રહણ કર્યાં. પછી કાળથી સ્વભાવમાં ક્ષોભ થયો, એટલે સત્ત્વ, રજ અને તમ એ ત્રણ ગુણ સમભાવ છોડી દઈને ભિન્ન થયા. ત્રણ ગુણો જુદા થયા એટલે કર્મથી મહત્તત્ત્વ ઉત્પન્ન થયું (મહત્ તત્ત્વનો

લય થતો નથી. તે જગતનું ચૈતન્યરૂપ બીજ છે. એને બીજા શબ્દમાં 'તેजस्' કહે છે. તે સત્વગુણી, સ્વચ્છ અને રાગદ્વેષ વગરનું છે. તે 'वासुदेव' સંજ્ઞાથી ઓળખાય છે. વિદ્વાનો તેને 'चित्त' પણ કહે છે). તેમાંથી અહંકાર ઉત્પન્ન થયો. તે તામસિક, રાજસિક અને સાત્વિક એમ ત્રણ પ્રકારનો હોવાથી કાર્ય (અધિભૂત), કારણ (અધ્યાત્મ) અને કર્તા (અધિદેવ) ના આશ્રયરૂપ છે.

તામસ અહંકારમાંથી આકાશ ઉત્પન્ન થયું. તેમાંથી વાયુ, તેનાથી તેજ, તેજથી જળ અને જળથી પૃથ્વી; એમ પાંચ મહાભૂત ઉત્પન્ન થયાં. એ પંચમહાભૂતોના અનુક્રમે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પાંચ મુખ્ય ગુણો છે; તેમને 'તન્માત્રાઓ' પણ કહે છે.

રાજસ અહંકારમાંથી જ્ઞાનેન્દ્રિય—કાન, ચામડી, આંખ જીભ અને નાક; અને કર્મેન્દ્રિય—વાણી, હાથ, પગ, ગુહ્ય-ભાગ અને ગુદા—ઉત્પન્ન થયાં. જ્ઞાનની શક્તિ બુદ્ધિ અને ક્રિયા—કર્મની શક્તિ પ્રાણ પણ રાજસ અહંકારનાં કાર્યો છે.

સાત્વિક અહંકારમાંથી મન ઉત્પન્ન થયું. મન અને દશ ઇન્દ્રિયોમાં અનુક્રમે ચન્દ્ર, દિશા, વાયુ, સૂર્ય, વરુણ, અશ્વિનીકુમાર, અગ્નિ, ઇન્દ્ર, ઉપેન્દ્ર, પ્રજાપતિ તથા મિત્ર

વગેરે દેવોની શક્તિઓ (તત્વો) મૂકવામાં આવી છે. જેને લીધે ઇન્દ્રિયો પોતપોતાનાં કાર્યો—પ્રકાશ, શ્રવણ, સ્પર્શ, સુંઘવું, જોવું, સ્વાદ લેવો, બોલવું, આપવું, લેવું, ચાલવું, પ્રજોત્પત્તિ કરવી, મળ ત્યાગ કરવો તથા અપાનવાયુ બહાર કાઢવો વગેરે—કરી શકે છે.

આ પ્રમાણે ઉત્પન્ન થએલાં તત્ત્વો જ્યારે જુદાં જુદાં હતાં ત્યારે સૃષ્ટિ ઉત્પન્ન કરી શક્યાં ન હતાં, પરંતુ જ્યારે તે ઇશ્વરી શક્તિથી સંયુક્ત થયાં; ત્યારે તેઓએ સમષ્ટિ (આખું શરીર) તથા વ્યષ્ટિ (શરીરનો એક અવયવ)-રૂપ સ્થૂલ બ્રહ્માંડ સરજ્યું. હજારો વર્ષ વીત્યા પછી પાણી પર રહેલા આ બ્રહ્માંડરૂપ સ્થૂલ શરીરમાં ભગવાને પુરૂષ-રૂપે પ્રવેશ કર્યો અને તેને સજીવ કર્યું; એટલે તેમાંથી અનેક લોક પ્રકટ થયા. આ [1]વિશ્વરૂપ, પરમાત્માનો પ્રથમ અવતાર અને માયા—પ્રકૃતિના અધિષ્ઠાતા તરીકે ગણાય છે.

વિશ્વરૂપ ભગવાનના અવયવોમાં ચૌદ લોકનાં સ્થળ આ પ્રમાણે કહ્યાં છેઃ—કેડથી ચરણ સુધીના નીચેના ભાગોમાં અતલ, વિતલ, સુતલ, તલાતલ, રસાતલ, મહાતલ,

---

૧ પુરૂષ, હિરણ્યગર્ભ, સૂત્રાત્મા, વિષ્ણુ વગેરે વિશ્વરૂપ (વિરાટ્-સ્વરૂપ)નાં પર્યાય નામ છે. પુરૂષ 'અધિદૈવ' કહેવાય છે. અનેક દેહોમાં ભિન્ન દેખાતા જીવાત્માઓ તેનાં કિરણ છે.

અને પાતાલ વગેરે સાત લોકો; અને ઉપરના ભાગમાં ભૂર્, ભુવર્, સ્વર્, મહઃ, જન્, તપસ્ અને સત્ય વગેરે સાત લોકો.

ચાર વર્ણો, સર્વ દેવો, વેદો, યજ્ઞો, સર્વ અવતારો, નદીઓ, પર્વતો, વનસ્પતિઓ અને પશુપક્ષીઓ વગેરે સ્થાવર-જંગમાત્મક સર્વ બ્રહ્માંડનું ઉત્પત્તિસ્થાન આ વિરાટ-સ્વરૂપ છે.

નિત્યમુક્ત જીવાત્માને પાંચ ભૂતો, ઇન્દ્રિયો અને તેમના અભિમાની દેવતાઓ તથા ત્રણ ગુણો; કાર્ય, કારણ તથા કર્તાપણામાં અભિમાન ઉત્પન્ન કરાવી સંસારના જન્મ-મરણ રૂપ પાશમાં ખેંચે છે.

કલ્પના આરંભમાં જ્યારે લોકોની ફરીને રચના કરવાની હોય છે ત્યારે જલમાં પોઢેલા (નારાયણ) વિશ્વરૂપના નાભિકમળમાંથી પ્રથમ બ્રહ્મા–સ્વયંભૂ પ્રકટ થાય છે. તે બ્રહ્મા જ્યારે વિષ્ણુ [વિશ્વરૂપ] ની સ્તુતિ કરે છે ત્યારે તેમના તપથી પ્રસન્ન થઇ, ભગવાન તેમને વિશ્વ રચવાનું જ્ઞાન તથા સામર્થ્ય આપે છે. આ પ્રમાણે પરમાત્મા સ્વયંભૂરૂપે દૃશ્ય જગતની ઉત્પત્તિ કરે છે, વિષ્ણુરૂપે પાલન કરે છે અને હરરૂપે તેનો લય કરે છે. તે વિશ્વનો નિયામક છતાં, બ્રહ્મસ્વરૂપે તો નિત્યમુક્ત

અને અવિકારી છે. જેમ ગંભીર સમુદ્રના અમુક ભાગમાં કોઇ કોઇ વખતે વાયુઓનું ઘનીકરણ થવાથી ઊર્મિઓ ઉત્પન્ન થાય છે, વધે છે અને પાછી સમાઇ જાય છે, છતાં સમુદ્રને તેની સાથે સંબંધ નથી; તેમ અવિકારી બ્રહ્મના સત્-સ્વરૂપને દૃશ્ય જગતનાં કાર્યો સાથે કંઇ સંબંધ નથી. તે તો હંમેશાં પૂર્ણ અને શાન્ત છે. 'તેની પૂર્ણતામાં કદાપિ જરાએ ઊણપ આવતી નથી,' એમ શ્રુતિઓ કહે છે.

દશ પ્રકારની સૃષ્ટિ.

૧ મહત્તત્ત્વની સૃષ્ટિ, (૨) અહંકારની સૃષ્ટિ, (૩) પંચમહાભૂતોની સૃષ્ટિ, (૪) ઈન્દ્રિયસૃષ્ટિ, (૫) ઇન્દ્રિયોના અધિષ્ઠાતા દેવોનીસૃષ્ટિ અને (૬) તામસી સૃષ્ટિ (જેનાથી જીવને વિક્ષેપ થાય છે તે); આ છ પ્રાકૃત (પ્રકૃતિથી ઉત્પન્ન થએલી) સૃષ્ટિઓ છે.

(૭) સ્થાવર ([૧]વનસ્પતિ, [૨]ઓષધિ, વેલા, વાંસ, છોડ અને વૃક્ષની) સૃષ્ટિ, (૮) પશુ-પક્ષીઓની સૃષ્ટિ અને (૯) મનુષ્યસૃષ્ટિ આ વૈકૃત (વિકારથી ઉત્પન્ન થનારી) સૃષ્ટિઓ છે.

---

૧ જેનાપર ફૂલ ન થાય પણ ફળ આવે તે. (૨) ફળ આવ્યા પછી નાશ થનારી.

આ નવસૃષ્ટિઓ ઉપરાંત એક પ્રાકૃત-વૈકૃત સૃષ્ટિ છે તેમાં સનત્કુમાર વગેરે આવે છે; કારણ કે, તેમની મનુષ્યમાં અને દેવોમાં એમ બન્ને ઠેકાણે ગણતરી થઇ છે.

દેવોમાં પણ દશ પ્રકારની વૈકૃત સૃષ્ટિ છે. જેમકે,— વિદ્યાધરો, અપ્સરાઓ, યક્ષો, રાક્ષસો, ગંધર્વો, કિન્નરો, પિશાચો, ગુહ્યકો, સિદ્ધો અને ભૂતો.

ચાર પ્રકારના પ્રલય.

જગતના ચાર પ્રકારના પ્રલય છે; નિત્ય, નૈમિત્તિક પ્રાકૃત અને આત્યંતિક કાળથી જે પ્રલય થાય તે નિત્ય [1]પ્રલય કહેવાય છે. બ્રહ્માના દિવસને અંતે ઘણી અનાવૃષ્ટિઓથી કે પ્રચંડ કાળરૂપ અગ્નિથી જે પ્રલય થાય, તે નૈમિત્તિક પ્રલય કહેવાય છે. અને ગુણોજ જ્યારે પોતપોતાનાં કાર્યોને સંકેલી મૂળરૂપ-સ્વભાવમાં મળી જાય, અર્થાત્ જગતની ઉત્પત્તિ વખતે બ્રહ્મમાંથી જેમ એક પછી એક તત્ત્વો વિસ્તાર પામ્યાં હતાં, તેમ પાછાં તે (તત્ત્વો) એક બીજામાં લય થાય; (સંકોચાઇ જાય) ત્યારે પ્રાકૃતપ્રલય થયો કહેવાય છે. તે વખતે માત્ર સદ્‌રૂપ બ્રહ્મજ શેષ રહે છે. મોક્ષને આત્યંતિક પ્રલય કહે છે.

---

૧ પરિપક્વ અવસ્થા થયા પછી મરણ નીપજે તે.

પરમાણુથી માંડીને કલ્પ સુધીના કાળની ગણના.

પદાર્થોના સૌથી છેલ્લા ઝીણામાં ઝીણા ભાગને પરમાણુ કહે છે. પરમાણુ એ એવો ભાગ છે કે, જેમાંથી વિભાગ થઇ શકતો નથી. તે કાર્યની દશાએ પહોંચ્યો હોતો નથી, અર્થાત્ કોઇ સાથે જોડાએલો હોતો નથી. આવો એક પરમાણુ જેટલી જગા રોકે, અને તેટલી જગાને ઓળંગતાં સૂર્યને જેટલો સમય થાય; તેટલા સમયને પરમાણુકાળ કહે છે. આ પરમાણુકાળ ઉપરથી વિદ્વાનોએ કાળનું માપ કાઢ્યું છે.

૨ પરમાણુકાળ = ૧ અણુકાળ.
૩ અણુકાળ = ૧ ત્રસરેણુકાળ કે ત્રુટિ.
૧૦૦ ત્રુટિ = ૧ વેધ.
૩ વેધ = ૧ લવ.
૩ લવ = ૧ નિમેષ.
(આંખનો પલકારો થાય, તેટલા સમયને નિમેષ કહે છે.)
૩ નિમેષ = ૧ ક્ષણ.
૫ ક્ષણ = ૧ કાષ્ઠા.
૧૫ કાષ્ઠા = ૧ લઘુ.
૧૫ લઘુ = ૧ નાડી–ઘડી.
૨ ઘડી = ૧ મુહૂર્ત.
૭ા ઘડી = ૧ પ્રહર.

૮ પ્રહર = ૧ રાત્રદિન.
૧૫ દિન = ૧ પક્ષ (પખવાડિયું)
૨ પક્ષ = ૧ માસ.
૨ માસ = ૧ ઋતુ.
૩ ઋતુ = ૧ અયન.
૨ અયન = ૧ વર્ષ.

---

૧ માસ = ૧ સૂર્યની રાશિ.
૧૨ રાશિ = ૧ સંવત્સર.

---

૩૫૪ દિન = ૧ ચાન્દ્રવર્ષ×
૩૬૫ ,, = ૧ સૌરવર્ષ.+
૩૬૦ ,, = ૧ સાવનવર્ષ.*
૩૨૪ ,, = ૧ નાક્ષત્રવર્ષ.●
૩૬૧ ,, = ૧ બાર્હસ્પત્યવર્ષ.(.)

મનુષ્યોનો ૧ માસ = પિતૃઓનાં રાતદિન
મનુષ્યોના ૧૨ માસ = દેવોનાં રાતદિન.

× ચન્દ્રની ગતિ ઉપરથી.

+ સૂર્યની ગતિ ઉપરથી.

* સવન એટલે યજ્ઞ, અર્થાત્ યજ્ઞકાર્યમાં જે વર્ષ ગણાય છે તે.

● નક્ષત્ર ૨૭ છે, એ (ચાન્દ્રમાસના) હિસાબે બાર માસના દિન ૩૨૪ થાય.

(.) ગુરૂના તારાને એક રાશિ ભોગવતાં જેટલો વખત લાગે તેટલો સમય.

દેવોનાં ૪૮૦૦ વર્ષ = ૧ સત્યયુગ.
(મનુષ્યોનાં ૧૭૨૮૦૦૦)

દેવોનાં ૩૬૦૦ વર્ષ (મનુષ્યોનાં ૧૨૯૬૦૦૦) } = ૧ ત્રેતાયુગ.

દેવોનાં ૨૪૦૦ વર્ષ (મનુષ્યોનાં ૮૬૪૦૦૦) } = ૧ દ્વાપરયુગ.

દેવોનાં ૧૨૦૦ વર્ષ (મનુષ્યોનાં ૪૩૨૦૦૦) } = ૧ કલિયુગ.

૪૦૦૦ યુગ (૧૦૦૦ ચોકડી) ૪૩૨૦૦૦૦૦૦૦ મનુષ્યવર્ષ. } = ૧ બ્રહ્મદિન.

,, = ૧ બ્રહ્મરાત્રિ.

૧ બ્રહ્મદિન = ૧૪ મન્વન્તર.

૧૪ મન્વન્તર = ૧ કલ્પ. (દૈનંદિનકલ્પ, જે બ્રહ્માના દરેક દિવસને અન્તે થાય છે તે.)

---

૪ યુગ = ૧ ચોકડી.

+૭૧ ચોકડી = ૧ મન્વન્તર.

+ એક મન્વન્તર પૂર્ણ થતાં ૭૧ ચોકડી કરતાં કંઈક વધારે વખત લાગે છે, એટલે લગભગ ૨૮૬ યુગ થાય છે.

૫૦ બ્રહ્મવર્ષ = ૧ પૂર્વાર્ધ.
૫૦ ,, = ૧ પરાર્ધ.
૧૦૦ બ્રહ્મવર્ષ = ૧ મહાકલ્પ.

ચાલુ મહાકલ્પમાં બ્રહ્માનાં ૫૦ વર્ષ વીતી ગયાં છે. હાલ બીજો પરાર્ધ ચાલે છે, તેમાં પહેલા (૫૦+૧=૫૧ મા) વર્ષના પ્રથમ દિવસનાં ૧૩ ઘડી, ૪૨ પળ અને ૩ વિપળ[1] ગયાં છે. આ શ્વેતવરાહ નામે કલ્પ ચાલે છે, તેમાં હાલ વૈવસ્વત નામનો સાતમો મનુ છે. ચાલુ યુગ સત્તાવીસમો કલિયુગ છે (સત્તાવીસમી ચોકડી છે), તેનાં ૫૦૨૩ વર્ષ ગયાં છે અને ૪૨૬૯૭૭ વર્ષ બાકી છે.

આવી રીતે (સૃષ્ટિના આરંભ) કાલની ગણતરી સહેલાઇથી થઈ શકે છે, અને તે સહેલથી યાદ પણ રહે છે; કેમકે, આમાં લાંબી સંખ્યા યાદ રાખવાનો શ્રમ પડતો નથી. માત્ર બ્રહ્માનાં અમુક ઘડી, પ્રહર, દિવસ કે વર્ષ કહેવાથીજ કાલનું માન સમજી શકાય છે.

કલિના આરંભમાં યુધિષ્ઠિરનો શક ચાલતો હતો. તે ૩૦૪૪ વર્ષ ચાલ્યો. પછી વિક્રમસંવત શરૂ થયો, તેનું હાલ ૧૯૭૯ મું વર્ષ છે. દક્ષિણમાં વળી શાલિવાહનનો

---

૧ બ્રહ્માનું એક વિપળ મનુષ્યોનાં ૪૦૦૦૦ વર્ષ જેટલું જાણવું.

[1]શક ચાલે છે, તેનું હમણાં ૧૮૪૪ મું વર્ષ છે. આ ત્રણ સિવાય બીજા પણ ત્રણ શકકર્તા ગણાવેલા છે. (વિજયાભિનંદન, નાગાર્જુન અને કલ્કિ.)

સામાન્ય સાંખ્યમત–દિગ્દર્શન.

પરબ્રહ્મનો અનુભવ કરાવનારા ગ્રંથોમાં ષડ્દર્શન શાસ્ત્રો પ્રથમ પદે વિરાજે છે. તેમનાં નામ સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક, પૂર્વમીમાંસા અને ઉત્તર મીમાંસા છે.

સાંખ્યશાસ્ત્ર કપિલ મુનિએ રચ્યું છે. તે પ્રકૃતિ તથા પુરૂષ સંબંધી જ્ઞાન આપે છે. તેમાં છ અધ્યાયોથી વિષયોનું નિરૂપણ, પ્રકૃતિનાં કાર્ય, વિષય પ્રતિ વૈરાગ્ય, પિંગલ વગેરે વિરાગી પુરૂષોની આખ્યાયિકા, પરપક્ષનિર્જય અને સર્વાર્થસંક્ષેપ વગેરે વિષયો સ્પષ્ટતાથી સમજાવ્યા છે.

સાંખ્યશાસ્ત્ર પચીસ તત્ત્વો સ્વીકારે છે; પુરૂષ, પ્રકૃતિ, બુદ્ધિ, અહંકાર, મન, ગંધ, રસ, રૂપ, સ્પર્શ, શબ્દ,

---

૧ વિક્રમ અને શાલિવાહનના સંવત્સરમાં ૧૩૫ વર્ષનો તફાવત રહે છે.

(ચૈત્રમાસ–મેષ સંક્રાંતિ–શરૂ થયા પછી ૧૩૪ વર્ષનો તફાવત જાણવો; કેમકે, તે વખતે શકનું વર્ષ બદલાય છે.)

નાસિકા, જીવ્હા, ચક્ષુ, ત્વચા (ચામડી), કર્ણ, વાણી, હાથ, પગ, પાયુ, ઉપસ્થ, પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ. આ તત્વોના યથાર્થ જ્ઞાનથી મોક્ષ થાય છે.

પુરૂષતત્વ એટલે આત્મતત્વ. તેમાં બે ભેદ છે. ઉત્કૃષ્ટ (શ્રેષ્ઠ) આત્મા પરમાત્મા, પુરૂષોત્તમ કે પરમેશ્વર કહેવાય છે. તે એક અને સચ્ચિદાનંદસ્વરૂપ છે. તેનાથી ઉતરતી કોટિ જીવાત્માની છે. તે ભિન્ન ભિન્ન દેહોમાં ભિન્ન ભિન્ન જણાય છે, અને પ્રકૃતિના ગુણોએ કરીને સક્રિય ભાસે છે. આત્મા મૂર્તિમાન નથી પણ ચૈતન્યરૂપ છે, પ્રકૃતિનો ભોક્તા છે, નિત્ય છે અને સર્વવ્યાપક છે. તે અકર્તા, નિર્ગુણ, સૂક્ષ્મમાં સૂક્ષ્મ, અનાદિ અને નિર્વિકાર છે. તે પોતે કોઈ તત્વને ઉત્પન્ન કરતો નથી, જે સઘળું થાય છે તે પ્રકૃતિથીજ થાય છે; માટે તે 'અચ્યુત' કહેવાય છે. આત્મા સર્વનો સાક્ષી છે. પુરૂષતત્વ વિના બાકીનાં તત્વો જડ છે.

પ્રકૃતિ બ્રહ્માંડનું મૂળ છે. તે અવ્યક્ત હોવાથી ઇન્દ્રિયોના અનુભવમાં આવતી નથી. તે ત્રણ ગુણવાળી છે. એ ગુણો તેમાં સમાનપણે રહે છે, અને પોતપોતાનાં સ્વભાવકર્મોથી ઓળખાય છે. સત્વગુણ સુખસ્વભાવવાળો છે. આર્જવ (નમ્રતા), માર્દવ (કોમળતા), સત્ય શૌચ, લજ્જા, બુદ્ધિ, ક્ષમા, દયા અને પ્રસન્નતા વગેરે તેનાં લક્ષણો છે. રજોગુણ

દુઃખસ્વભાવવાળો છે. તેનાં લક્ષણો; દ્વેષ, દ્રોહ, મત્સર, નિંદા, વંચન (કપટ), સંતાપ, શોષણ, ભેદ, ચિત્તની ચંચળતા, સ્તંભન અને ઉદ્વેગ વગેરે છે. તમોગુણ મોહસ્વભાવવાળો છે. અને દીનતા, ભય, અજ્ઞાન, મદ, આળસ, નિરૂદ્યોગીપણું, નાસ્તિકતા, ખેદ, ઉન્માદ અને સ્વપ્ન વગેરે તેનાં લક્ષણો (ચિન્હો)છે. પ્રકૃતિનાં સર્વ કાર્યો આ ત્રણ ગુણોથી યુક્ત છે. પ્રકૃતિ અને તેનાં કાર્યો જડ છે, પરંતુ આત્માના ચૈતન્યથી તે સચેતન જણાય છે. જેમ પાંગળો આંધળાના ખભાપર બેસે અને બન્નેની ગતિ થાય; તેમ પુરૂષ–પ્રકૃતિના સંયોગથી જગતનો વિકાસ થાય છે.

પુરૂષ–પ્રકૃતિના સંયોગથી બનેલાં તત્વોમાં પહેલું ચિત્ત–બુદ્ધિ તત્ત્વ છે, એને મહતતત્વ પણ કહે છે. તેનાથી વસ્તુનું જ્ઞાન થાય છે. એનાં આઠ રૂપ છે, તેમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ઐશ્વર્ય આ ચાર રૂપ સાત્વિક છેઃ અને અધર્મ, અજ્ઞાન, અવૈરાગ્ય તથા અનૈશ્વર્ય આ ચાર તામસ રૂપ છે. ધર્મથી અભ્યુદય અને મોક્ષ થાય છે. પ્રકૃતિથી પુરૂષ ભિન્ન છે, એવી સમજ તે જ્ઞાન. વિષયસુખોમાંથી આસક્તિ તોડી મનને વશ રાખવું તે વૈરાગ્ય. અને સિદ્ધિઓ મેળવવી તે ઐશ્વર્ય.

બુદ્ધિતત્ત્વ વિકાર પામી તેમાંથી અહંકાર તત્ત્વ ઉત્પન્ન થાય છે. અહંકાર સાત્વિક, રાજસિક અને તામસિક એમ ત્રણ

પ્રકારનો છે. તેનાથી બુદ્ધિએ આલોચન કરેલા વિષયો પ્રત્યે મમતા પેદા થાય છે.

અહંકારથી ઇન્દ્રિયો, પંચભૂતો વગેરે ઉત્પન્ન થયાં છે. ઇન્દ્રિયો અગિયાર છે; પાંચ જ્ઞાનેંદ્રિય, પાંચ કર્મેન્દ્રિય અને મન. સંકલ્પ કરવો એ મનનો સ્વભાવ છે, અને તે ઇન્દ્રિયોનું સંચાલક છે.

આકાશ, વાયુ, તેજ, જળ અને પૃથ્વી એ પાંચ મહાભૂત છે. તેમની શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પાંચ માત્રાઓ છે. આવી રીતે પ્રકૃતિ ચોવીસ તત્ત્વરૂપ છે. તેનાથી આ બધુ વિશ્વ થાય છે. કાચબાનાં અંગો જેમ તેના શરીરમાં પેસે છે અને પાછાં નીકળે છે, તેમ મૂળ પ્રકૃતિમાંથી વિશ્વ થાય છે અને તેમાંજ પાછું સમાય છે. સમાતી વખતે જે તત્ત્વ જેમાંથી નીપજ્યું હોય, તે તેમાં લય પામે છે. આખરે પ્રકૃિત કાયમ રહે છે. તે કોઇમાં સમાતી નથી. આમ પ્રકૃતિ–પુરૂષનું યુગ્મ અનાદિ છે અને તે હંમેશ કાયમ રહે છે.

તત્ત્વો પ્રમેય હોવાથી પ્રમાણો વડે તેમની સાબિતી થાય છે. પ્રમાણ ત્રણ છે; પ્રત્યક્ષપ્રમાણ, અનુમાનપ્રમાણ અને શબ્દપ્રમાણ. ઇન્દ્રિયોથી ઘટ (ઘડો), અલંકાર વગેરેનું જ્ઞાન થાય, તે પ્રત્યક્ષ પ્રમાણ. હાથમાં દંડ જોઇ, તે

દંડી (સંન્યાસી) છે; એવું જ્ઞાન થાય તે અનુમાનપ્રમાણ. અને યથાર્થવક્તાનું વાક્ય શબ્દપ્રમાણ કહેવાય છે.

પ્રકૃતિ અને પુરૂષના વિવેક[1]જ્ઞાનથી મોક્ષ થાય છે. જ્યાંસુધી પ્રકૃતિ–પુરૂષસંબંધી વિવેકજ્ઞાન પ્રાપ્ત ન થાય; ત્યાંસુધી જીવાત્માને પ્રકૃતિનું બંધન રહે છે. વિવેકજ્ઞાન થયું કે એ બંધન ત્રુટે છે. પ્રકૃતિ જો કે, અનાદિ અને નિત્ય છે; તોપણ દૃઢ વૈરાગ્ય, વિવેકજ્ઞાન, ઇશ્વરભક્તિ વગેરે ઉપાયોથી તે પરાભવ પામે છે. લાકડામાંથી ઉત્પન્ન થએલો અગ્નિ જેમ લાકડાને ભસ્મ કરે, તેમ જ્ઞાનાગ્નિથી પ્રકૃતિનો તિરોભાવ થાય છે, એને મોક્ષ કહે છે. પછી જીવાત્મા પ્રકૃતિના બંધનમાં આવતો નથી. સૂર્યનાં કિરણો જેમ સૂર્યમાં સમાય છે, તેમ પુરૂષ–જીવાત્મા પરાત્મા–પુરૂષોત્તમમાં સમાય છે. અને " न स पुनरावर्तते " 'ફરીથી તે પાછો ફરતો નથી.'

---

૧. હું શુદ્ધ રૂપ છું, પ્રકૃતિથી ભિન્ન છું, મને પ્રકૃતિનાં કાર્યો સાથે કંઇ લેવા દેવા નથી, હું સ્વતંત્ર અને ચિદાનંદરૂપ છું; વગેરે જ્ઞાન અને તે પ્રમાણેજ અનુભવ થવો.

સામાન્ય [1]યોગમત–દિગ્દર્શન.

યોગશાસ્ત્ર પતંજલિએ રચ્યું છે. તેના ચાર પાદ છે. પહેલા પાદમાં ચિત્તવૃત્તિનિરોધરૂપ સમાધિ, અભ્યાસ અને વૈરાગ્યનાં લક્ષણ, તથા તેનાં સાધનો કહ્યાં છે. બીજા પાદમાં વિક્ષિપ્ત (અસ્થિર)ચિત્તવાળા મનુષ્યને સમાધિ સિદ્ધ થવા માટે યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ વગેરે આઠ યોગનાં અંગો કહ્યાં છે. ત્રીજાપાદમાં યોગની વિભૂતિઓ કહી છે. અને ચોથા પાદમાં મોક્ષનું નિરૂપણ કર્યું છે. ચિત્તસ્થિર થઇ તદાકાર થાય, એ પાતંજલ યોગદર્શનનું પ્રયોજન છે. યોગશાસ્ત્ર સાંખ્ય પ્રમાણે તત્વો સ્વીકારે છે. ચિત્તવૃત્તિઓનો સંયમ કરવાથી તેમની એકાગ્રતા થાય છે, અને તેથી સમાધિ સિદ્ધ થાય છે.

ચિત્તવૃત્તિઓના પાંચ પ્રકાર છે; પ્રમાણ, વિપર્યય, વિકલ્પ, નિદ્રા અને સ્મૃતિ. પ્રમાણો ત્રણ પ્રકારનાં છે;

---

૧. "યોગશ્ચિત્તવૃત્તિનિરોધઃ ચિત્તની વૃત્તિઓને વિષયોમાં આસક્ત થતી અટકાવી, પરમાત્મામાં લીન કરવી તે 'યોગ' કહેવાય છે." પાતં૦ યો૦ દ૦; ૧ પાદ, ૧ સૂત્ર.

અનુમાન, પ્રત્યક્ષ અને આગમ. દોરડામાં સર્પની ભ્રાન્તિ પ્રમાણે મિથ્યાજ્ઞાન થાય, તે વિપર્યય. શબ્દથી ઓળખાય પણ અર્થશૂન્ય હોય તે વિકલ્પ; જેમકે, આકાશપુષ્પ, હવાઇ કિલ્લા વગેરે. વિષય તરફ વૃત્તિ થાય તે નિદ્રા. અને અનુભવેલો વિષય યાદ રહે તે સ્મૃતિ. એ પાંચે વૃત્તિઓને અભ્યાસ તથા વૈરાગ્ય (અનાસક્તિ) થી રોકવી તેને સમાધિ કહે છે.

સમાધિના બે પ્રકાર છે;× સબીજ[1] અને નિર્બીજ. ઇશ્વરની ભક્તિથી પણ સમાધિ સિદ્ધ થાય છે. ક્લેશ, કર્મ, કર્મફળ અને વાસનાથી રહિત હોય તે ઇશ્વર કહેવાય.

× × × ×

વિક્ષેપ નવ પ્રકારના છે; વ્યાધિ, સત્કર્મનો ત્યાગ, સંશય, પ્રમાદ, આળસ, નિરૂત્સાહ, ભ્રમ, જડતા અને અ-સ્વસ્થતા. વળી આધિ (મનનું દુઃખ), ચિત્તની અસ્થિરતા

× સમાધિના પર્યાય તો ઘણા છે; જેવા કે, રાજયોગ, ઉન્મની મનોન્મની, સવિકલ્પ, અમરત્વં, લય, સહજા, તુરીયા, નિર્વિકલ્પ, સંપ્રજ્ઞાત વગેરે. (વિશેષ સમજણ માટે જુઓ, મહાવાક્યરત્નાવલી વગેરે યોગ ગ્રંથો.)

૧. જે વસ્તુ ઉપર ચિત્ત ઠરે, તે વસ્તુપર ધારણા કરી ચિત્ત ઠરાવવું. ધારણા અશુભ વસ્તુપર ન કરવી, પરંતુ ભગવત્–પ્રતિમા ઉપર જ કરવી.

અંગકંપન અને ભય વગેરેથી થતો શ્વાસોચ્છ્વાસ એ ચાર વિક્ષેપનાં સોબતી છે. એ વિક્ષેપોને દૂર કરવાથી પ્રાણાયામ સિદ્ધ થાય છે. પ્રાણાયામથી ચિત્ત સ્થિર થાય છે અને પરમાણુથી માંડીને આકાશ પર્યન્તના સર્વ પદાર્થો વશ થાય છે

× × × ×

સદ્‌વિચારથી ચિત્તશુદ્ધિ થાય છે. શુદ્ધ અને સ્થિર ચિત્તમાં સત્યપ્રજ્ઞા (સદ્‌–અસદ્‌ વસ્તુનો વિવેક) જાગૃત થાય છે, અને તેથી સર્વ કંઈ જોઈ શકાય છે. સબીજ સમાધિયોગમાં સ્થિર થએલી વૃત્તિઓને ભગવત્‌સ્વરૂપમાં લીન કરવી, એ મુખ્ય વિષય છે. (અર્થાત્‌ પ્રાણાયામ વગેરેથી ચિત્તવૃત્તિઓને શુદ્ધ કર્યા પછી, ભગવત્સ્વરૂપની હૃદયમાં ઝાંખી કરવી; એ સબીજ સમાધિનો મુખ્ય હેતુ છે.)

ક્રિયાયોગથી પણ ચિત્ત સમાધિમાં લાગે છે. તે (ક્રિયાયોગ) ના ત્રણ પ્રકાર છે; વ્રત, જપ અને ઈશ્વર વિષે સર્વ કર્મફલ–સમર્પણ.

× × × ×

ક્લેશ પાંચ પ્રકારના છે; અવિદ્યા, અહંકાર, રાગ, દ્વેષ અને આગ્રહ. અસદ્‌ વસ્તુને સત્ય માનવું તે [1]અવિદ્યા.

---

[1] નશ્વરપદાર્થોને નિત્ય માનવા, અપવિત્ર વસ્તુઓને પવિત્ર માનવી, દુઃખરૂપ વિષયોને સુખરૂપ માનવા અને અર્થમાં અનર્થના ભાવના કરવી વગેરે.

પુરૂષ અને અંતઃકરણ એક છે, એમ માનવું તે અહંકાર. સુખની તૃષ્ણા તે રાગ. પૂર્વે અનુભવેલું દુઃખ સંભારી કોઈ તરફ વિરોધવૃત્તિ કરવી તે દ્વેષ. શરીર વગેરે નશ્વર પદાર્થોને અવિચલ કરવા મથવું તે આગ્રહ. આ બધા ક્લેશોનો યોગીએ ત્યાગ કરવો જોઈએ.

× × × ×

બુદ્ધિ અને પુરૂષનો સંયોગ સંસારનો હેતુ છે. ભોગ અને મોક્ષની ઉત્પાદક બુદ્ધિ છે. પુરૂષ તો ચૈતન્યમય છે. બુદ્ધિરૂપ દર્પણમાં પડેલું પુરૂષનું પ્રતિબિંબ તે જીવાત્મા. તે શુદ્ધ છે, પરંતુ બુદ્ધિના વિકારોથી વિકારયુક્ત જણાય છે. બુદ્ધિ અને પુરૂષ સંબંધી વિવેકજ્ઞાન પ્રાપ્ત થવાથી મોક્ષ થાય છે.

× × × ×

વિવેકજ્ઞાનથી માંડીને સબીજ સમાધિ પર્યન્ત સાત પ્રજ્ઞાઓ[1] ઉત્પન્ન થાય છે; જેમકે, "મારો અવિદ્યાદિ ક્લેશ નષ્ટ થયો, મને વિવેકજ્ઞાન થયું, મારી બુદ્ધિ કૃતાર્થ થઈ, બુદ્ધિની વૃત્તિઓ કારણમાં લય થઈ, સમાધિ મારે અધીન છે, હવે હું નિર્વિકાર થયો," વગેરે.

એ સર્વ પ્રજ્ઞાઓને રોકવાથી નિર્બીજ સમાધિ પ્રાપ્ત થાય છે. તે વખતે સર્વ પ્રજ્ઞાવૃત્તિઓ બ્રહ્માકાર બને છે–ત્રણ

---

૧ પ્રજ્ઞા–બુદ્ધિની વૃત્તિઓ (વિચારો).

(જાગૃત, સ્વપ્ન અને સુષુપ્તિ) અવસ્થાને ઓળંગી [1]તુરીયાવસ્થામાં સ્થિત થાય છે. અહીં જ્ઞાતા કે જ્ઞેય, ધ્યાતા કે ધ્યેય, વેદિતા કે વેદ્ય, અને ભોક્તા કે ભોજ્યની ભિન્નતા રહેતી નથી. આ નિર્બીજ સમાધિ છે.

હવે યોગનાં આઠ અંગોવિષે વિચાર કરીએ. આ યોગાંગો સિદ્ધ થવાથી મનની મલિનતા દૂર થાય છે. સમાધિ દશાએ પહોંચવા માટે આ [2]અંગો સોપાન (પગથિયાં) રૂપ છે.

અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અસંગ્રહ એ પાંચનું નામ યમ છે. કોઈનો ઘાત ન કરવો–ન કરાવવો તે ×અહિંસા. મનમાં હોય તેવું વાણીથી બોલવું અને બોલ્યા પ્રમાણે વર્તવું તે *સત્ય. બીજાની કાંઇ વસ્તુ ચોરવી નહિ તે +અસ્તેય. ગુહ્યેન્દ્રિયને નિયમમાં રાખવી તે ||બ્રહ્મચર્ય (આઠ પ્રકારનાં–દર્શન, સ્પર્શન, ક્રીડા, સ્મરણ, એકાન્તમાં વાતચિત, સંકલ્પ, તત્પરતા અને વીર્યપાત–મૈથુનથી અલગ

---

૧ તુરીયા–ચોથી અવસ્થા. (સમાધિ દશા.)

૨ કેટલાક મહાત્માઓ જ્ઞાનયોગથી સમાધિદશા પ્રાપ્ત કરે છે, કેટલાક રાજયોગથી અને ઘણાખરા હઠયોગથી સમાધિદશાને અનુભવે છે. × અહિંસાથી વેરભાવ દૂર થાય છે. + સત્યવ્રતથી કાર્યસિદ્ધિ થાય છે. * અસ્તેયવ્રતથી ઇષ્ટવસ્તુ પ્રાપ્ત થાય છે. || બ્રહ્મચર્યથી સર્વ શક્તિઓ ખીલે છે.

રહેવું તે). ભોગનાં સાધનોનો સ્વીકાર ન કરવો તે [1] અસંગ્રહ. આ પાંચયમને બરાબર પાળે તે મહાવ્રતધારી કહેવાય.

શૌચ, સંતોષ, તપ, મંત્રજપ અને ઇશ્વરવિષે નિષ્ઠા એ પાંચને નિયમ કહે છે. શૌચ બે પ્રકારનું છે, અંદરનું અને બહારનું. શરીરનાં ઉપરનાં અંગોને ચોકખાં રાખવાં તે બાહ્યશૌચ, અને જ્ઞાનથી ચિત્તમાંના રાગદ્વેષને દૂર કરવા તે આભ્યન્તર (અંદરનું) શૌચ. પૂર્ણતા ધારણ કરવી–હું પૂર્ણ છું, મારી પાસે બધુંજ છે એવી વૃત્તિ ધારણ કરવી– તે સન્તોષ. સ્વધર્માચરણ કરવું તે તપ. ૐકારપૂર્વક વેદમંત્રોનો અભ્યાસ કરવો તે જપ. અને ભક્તિથી સર્વકર્મ પ્રભુને અર્પણ કરવાં તે ઇશ્વરનિષ્ઠા.

મુખ્ય આસન ચોરાસી પ્રકારનાં છે; [2] સિદ્ધાસન, [3] પદ્માસન, દંડાસન વગેરે. આસનસાધ્ય કરવાથી ચંચળતા,

---

૧ અસંગ્રહથી દીર્ઘદષ્ટિ અને અનુભવ પ્રાપ્ત થાય છે. યમનિયમનું બરાબર પાલન કરવાથી બધા ખરાબ જુસ્સાઓ શાંત પડે છે.

૨ ડાબા પગની પાની સીવણીમાં રાખીને અને જમણા પગની પાની ઉપસ્થના ઉપલા ભાગમાં રાખીને ટટાર બેસવું, હડપચી છાતીથી ચાર આંગળ દૂર રાખવી, બન્ને હથેલીઓ જમણી પાની પર સીધી મૂકવી, અને દૃષ્ટિ ભ્રૂકુટીના મધ્યભાગમાં રાખવી તે સિદ્ધાસન.

૩ ડાબા સાથળપર જમણો પગ અને જમણા સાથળપર ડાબો પગ રાખી ટટાર બેસવું, બન્ને પગની પાનીના છેડાથી નાભિની નીચેનો ભાગ (કુંડલિની) દબાવવો. બન્ને હાથ પીઠ પછવાડે રાખી

આળસ, વ્યાધિ વગેરે શારીરિક દોષો દૂર થાય છે. (આસનથી અનેક રોગો દૂર થાય છે. જુઓ, મત્સ્યેન્દ્રસંહિતા).

શ્વાસોચ્છ્વાસની ગતિ રોકવી તેને [1]પ્રાણાયામ કહે છે. પૂરક, કુંભક અને રેચક એ ત્રણ ક્રિયાથી એક પ્રાણાયામ થયો કહેવાય છે. જમણા હાથના અંગુઠાથી નાકનું ડાબું છિદ્ર દબાવી જમણા છિદ્રવાટે શ્વાસ અંદર ખેંચવો તે પૂરક, પછી બન્ને નસકોરાં બંધ કરી ઘડામાં પાણીની પેઠે શ્વાસને અંદર ઘુંટવો [રોકવો] તે કુંભક અને છેવટે

જમણા હાથથી જમણા પગનો અંગુઠો અને ડાબા હાથથી ડાબા પગનો અંગુઠો પકડવો, ડાઢીને હૃદય સમીપ રાખવી, અને દૃષ્ટિ નાકની ટોચપર રાખવી તે બદ્ધપદ્માસન કહેવાય છે. (હાથથી અંગુઠા ન પકડયા હોય તે પદ્માસન). હઠયોગદીપિકા.

૧ સોળ માત્રા (ૐકાર સોળવખત બોલાય એટલો વખત) નો પૂરક, ચોસઠ માત્રાનો કુંભક અને બત્રીસ માત્રાનો રેચક શ્રેષ્ઠ ગણાય છે. પૂરક કરતાં ગુદાને સંકોચવી, કુંભક કરતાં ડોક નમાવવી અને રેચકના આરંભમાં નાભિને પીઠભણી ખેંચવી. આ ત્રણે ક્રિયા વખતે જીભ તાળવે અડકાડી રાખવી. એમ કરવાથી વાયુપ્રકોપ થશે નહિ. એક માસ સુધી સવાર, બપોર અને સાંજ મળી ૨૪૦ અથવા દિન રાતમાં ચાર કકડે ૩૨૦ પ્રાણાયામ કરવાથી મન સ્થિર અને શુદ્ધ થાય છે. યોગ કરનારે હંમેશાં આહાર–વિહારમાં નિયમિત થવું જોઇએ તોજ યોગ સિદ્ધ થાય છે; અનિયમિત રહી યોગ કરનાર રોગનો ભોગ થઇ પડે છે.

અંદર રાખેલા શ્વાસને ડાબા નસકોરા વાટે ધીમે ધીમે બહાર કાઢવો તે રેચક. એ પ્રમાણે જમણું નસકોરૂં દબાવી ડાબા નસકોરાથી શ્વાસ ખેંચી કુંભક અને રેચક કરવા.

ઇન્દ્રિયોને પોતપોતાના વિષયોમાંથી ખેંચી લઈ સ્વ-સ્વરૂપમાં સ્થિર કરવી તે પ્રત્યાહાર. ઇન્દ્રિયો મનની પાછળ ખેંચાય છે, માટે પ્રથમ મનને અભ્યાસથી વશ કરવું. પ્રત્યાહારથી ઇન્દ્રિયનિગ્રહ થઇ શકે છે.

નાભિ [ડુંટી] કે નાકની અણી ઉપર અથવા કોઈ પણ શુભ વસ્તુ ઉપર કે ભગવદ્-સ્વરૂપમાં ચિત્ત ચોંટાડવું તે ધારણા.

જે જગાએ ધારણા કરી હોય તે સ્થળમાં ચિત્તને નિરંતર ઠસાવી રાખવું તે ધ્યાન.

ધારણા અને ધ્યાન એકાગ્ર થતાં ચિત્તની ચંચળતા ટળી જાય છે અને તે એકાગ્ર બને છે; એ દશાને સમાધિ કહે છે.

સમાધિથી આપોઆપ સર્વ વસ્તુનું જ્ઞાન પ્રકટે છે, સર્વ શક્તિઓ પણ આપોઆપ સ્ફુરે છે, અને પરમાત્માનું અપરોક્ષ (પ્રત્યક્ષ) જ્ઞાન થાય છે. આ પ્રમાણે આત્માનુભવ થતાં બધી બાહ્ય ઉપાધિઓ છુટી જાય છે, અને સ્વરૂપાનંદનો અનુભવ થાય છે. આ મોક્ષ સ્થિતિ છે

શ્રુતિ, સ્મૃતિ અને પુરાણુ.

સર્વ ધર્મોનું મૂળ વેદ છે. વેદ એટલે ઇશ્વરી જ્ઞાન. એ જ્ઞાન પ્રથમ બ્રહ્માજીએ હૃદયમાં નાદ રૂપે સાંભળ્યું, તે ઉપરથી (સાંભળેલું હોવાથી) એને શ્રુતિ પણ કહે છે. વેદનું બીજ ૐકાર છે. બ્રહ્મા જ્યારે સમાધિ કરતા હતા ત્યારે તેમના હૃદયમાં પ્રથમ નાદ ઉદ્ભવ્યો, તે નાદમાં તેમને ૐ નો ધ્વનિ સંભળાયો. તેથી ૐકાર 'નાદબ્રહ્મ' કહેવાય છે. ૐકાર ઇશ્વરવાચક છે અને તે પરમાત્માના વ્યષ્ટિ-સમષ્ટિ-રૂપાત્મક છે. વૈખરી વાણીનું મૂળ પણ તેજ છે.

अ, उ અને म् એ ત્રણ અક્ષરોના સંયોગથી ૐકારનો ઉચ્ચાર થાય છે. એ ત્રણ વર્ણો અનુક્રમે સત્વ, રજ અને તમ એ ત્રણ ગુણોને; ઋક્, યજુષ્ અને સામ આદિ વેદોને, ભૂર્, ભુવર્ અને સ્વર્ વગેરે વ્યાહૃતિઓને અને લોકોને તથા જાગૃત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણ અવસ્થાઓને ધારણ કરે છે (अ, उ અને म् એ ત્રણ અક્ષરો ઉપર ગણાવેલા અર્થોના પ્રતિપાદક છે).

એ ત્રણ વર્ણોમાંથી બ્રહ્માજીએ સ્વર વ્યંજનોનો સમુદાય ઉત્પન્ન કર્યો, અને તે દ્વારા પોતાને પ્રાપ્ત થએલું જ્ઞાન (શ્રુતિ-વેદ) ૐકાર અને વ્યાહૃતિ (भूर्भुवः स्वः) પૂર્વક

મરીચિ વગેરે ઋષિઓને આપ્યું. એમ શિષ્યપરંપરાથી તે જ્ઞાન અપાતું આવ્યું છે.

દ્વાપર યુગને અન્તે શ્રી વેદવ્યાસજીએ વેદમંત્રોના સંબંધ પ્રમાણે ચાર વિભાગ કર્યા, 'તે સંહિતા' નામથી ઓળખાય છે. વ્યાસજીએ પોતાના શિષ્યોને એ ચાર (ઋક્, યજુષ્, સામ અને અથર્વ) સંહિતાઓનું અધ્યયન કરાવ્યું. વખત જતાં એ સંહિતાઓની પણ અનેક શાખાઓ થઇ. વેદમંત્રોના વ્યાખ્યાનરૂપ 'મંત્ર બ્રાહ્મણો' (ઐતરેય, શતપથ, સામ ગોપથ વગેરે) રચાયા. ચાર વેદો ઉપરથી અનુક્રમે આયુર્વેદ [વનસ્પતિ શાસ્ત્ર], ધનુર્વેદ [શસ્ત્રાસ્ત્ર વિદ્યા], ગાન્ધર્વ વેદ [સંગીતકલાશાસ્ત્ર] અને અર્થવેદ [અર્થશાસ્ત્ર, ચોસઠકલાશાસ્ત્ર વગેરે] એમ ચાર ઉપવેદ થયા. એ સિવાય વેદમંત્રોના અર્થ અને તાત્પર્ય સમજવા શિક્ષા, કલ્પ, નિરૂક્ત, છંદસ્, જ્યોતિષ્ અને વ્યાકરણ એ છ વેદનાં અંગો (વેદાંગ શાસ્ત્રો) રચાયાં. વળી વેદના જ્ઞાન-કાંડના વિભાગ રૂપ ઉપનિષદોની અને સાંખ્ય વગેરે છ શાસ્ત્રોની પણ રચના થઇ. આમ ૐકાર રૂપ બીજથી આખું વેદવૃક્ષ બન્યું.

પછી કાલક્રમે સ્મૃતિઓની રચના થઇ. સ્મૃતિઓ એટલે શ્રુતિના અર્થોને સ્મરણમાં રાખી લખાએલાં પુસ્તકો,

સ્મૃતિઓ વીસ છે તેમાં મનુ, યાજ્ઞવલ્કય અને પારાશરની સ્મૃતિઓ વધારે પ્રચાર પામેલી છે. સ્મૃતિઓમાં વર્ણાશ્રમ ધર્મોનું અને સર્વ વ્યવહારધર્મોનું નિરૂપણ કરેલું હોય છે.

સ્મૃતિ કાળ પછી પુરાણ કાળ શરૂ થાય છે. જો કે, પુરાણોની રચના તો પ્રથમથીજ થએલી હતી. વ્યાસજીએ પોતાના શિષ્ય રોમહર્ષણને કેવળ તત્ત્વજ્ઞાનના અનધિકારી જોઇ તેમને પુરાણની છ સંહિતાઓ ભણાવી હતી. પણ તે વખતે જનસમાજનો ઘણો ભાગ ઉચ્ચ તત્ત્વજ્ઞાન સમજી શકતો હોવાથી પુરાણોને પ્રધાન-પદ મળ્યું ન હતું. પાછળથી લોકોને જેમ જેમ કેવળ તત્ત્વજ્ઞાન ગ્રહણ કરવું અઘરૂં થઇ પડ્યું, તેમ તેમ રસમય કથાઓ દ્વારા તત્ત્વજ્ઞાન આપવાની પદ્ધતિ શરૂ થઇ, અને પુરાણોને પ્રધાન-પદ મળ્યું. મુખ્ય પુરાણ અઢાર છે; બ્રહ્મ પુરાણ, પદ્મ પુરાણ, વિષ્ણુ પુરાણ, શિવ પુરાણ, લિંગ પુરાણ, ગરૂડ પુરાણ, નારદીય પુરાણ, ભાગવત પુરાણ, અગ્નિ પુરાણ, સ્કંદ પુરાણ, ભવિષ્ય પુરાણ, બ્રહ્મવૈવર્ત પુરાણ, માર્કંડેય પુરાણ, વામન પુરાણ, વરાહ પુરાણ, મત્સ્ય પુરાણ, કૂર્મ પુરાણ અને બ્રહ્માંડ પુરાણ. રામાયણ અને મહાભારત ધર્મ શાસ્ત્રોમાં ગણાય છે.[૧]

---

૧ પુરાણ, ન્યાય, મીમાંસા, ધર્મશાસ્ત્ર અને છ વેદાંગ તથા ચાર વેદ મળી ચૌદ ધાર્મિક વિદ્યાઓ કહેવાય છે.

સૂર્યના રથનું વર્ણન.

"પૃથ્વી સૂર્યનો રથ છે." જેમ રથ ફરતો હોય ત્યારે રથમાં બેઠેલો પણ ફરતો જણાય છે; તેમ પૃથ્વી ફરે છે તેથી જોનારને સૂર્ય ફરતો જણાય છે. "સૂર્યના રથ (પૃથ્વી)ની ગતિનું માપ એક મુહૂર્તમાં ચોત્રીસ લાખ અને આઠસો યોજનનું છે," એમ પ્રાચીન લોકોએ નક્કી કર્યું છે.

"આ રથને (વર્ષરૂપ) એક પૈડું છે. એ પૈડાને (માસરૂપ) બાર આરા, છ (ઋતુરૂપ) પાટા અને ત્રણ (શિયાળો, ઉનાળો અને ચોમાસું) કુંડળીઓ છે. પૈડામાં એક ધરી છે, તેનો ઉપરનો ભાગ ઉત્તરધ્રુવ સાથે અને નીચેનો ભાગ દક્ષિણધ્રુવ સાથે જોડેલો છે. ઝુસરીએ સાત ઘોડા [સપ્તર્ષિ] જોડેલા છે. અરુણ નામનો સારથિ સૂર્યની સંમુખ બેસે છે પણ તેનું મુખ પશ્ચિમ તરફ રહે છે" [પૃથ્વીની ગતિ અવળી હોવાથી તે પશ્ચિમથી પૂર્વ તરફ સૂર્યની સામે ફરતી જાય છે. અને એમ ફરવાથી સૂર્ય પૂર્વથી પશ્ચિમ તરફ જતો દેખાય છે.] "સારથિનું અંગ અર્ધું છે"—એકજ સમયે સૂર્યનો પ્રકાશ આખી પૃથ્વીપર પડતો નથી, પણ લગભગ બાર કલાક સુધી પૂર્વગોળાર્ધપર અને બીજા બાર કલાક સુધી પશ્ચિમ ગોળાર્ધપર પડે છે.

અધર રહેલો પૃથ્વીનો *ગોળો ૨૪ કલાકમાં પોતાની ધરીની આજુબાજુ પશ્ચિમથી પૂર્વ ફરે છે. પૃથ્વીની આ

* અતલ વગેરે સાત પાતાલોની ઉપર અને ભૂલોક વગેરે સાત ઉપરના લોકોની નીચે પૃથ્વીનો ગોળો છે. પૃથ્વીનો ગોળો સાત સમુદ્રોથી વીંટાએલો છે. તેમાં જંબૂ, પ્લક્ષ, શાલ્મલી, કુશ, ક્રૌંચ, શાક અને પુષ્કર એ સાત દ્વીપ છે. ભૂગોલનો વિસ્તાર પચાસકોટ યોજન છે.

જંબૂદ્વીપમાં (એશિયા ખંડમાં) નવ ખંડ છે. એ ખંડો આઠ સીમાડાના પર્વતોથી કુદરતી રીતે છુટા પડેલા છે. વચ્ચે ઇલાવૃત (મધ્ય એશિઆ) નામે એક ખંડ છે. તેમાં [1]મેરૂ નામનો એક મહાન્ પર્વત છે, અને તે હિન્દુસ્તાનની વાયવ્યે આવેલો છે. ઇલાવૃતની ઉત્તરે નીલ, શ્વેત અને શૃંગવાન નામે ત્રણ પર્વતો છે. તે રમ્યક, હિરણ્મય અને કુરૂખંડની સીમાપર છે અને પૂર્વતરફ લાંબા ચાલ્યા ગયા છે. તેમાંના બે પર્વતોના છેડા છેક ખારાસમુદ્ર સુધી ગએલા છે. ઇલાવૃતની દક્ષિણે નિષધ, હેમકૂટ તથા હિમાલય નામે ત્રણ પર્વતો છે, તે [2]હરિવર્ષ, [3]કિંપુરૂષ અને [4]ભરતખંડના સીમાડાપર છે. ઇલાવૃતની પશ્ચિમે માલ્યવાન અને પૂર્વે ગન્ધમાદન નામે પર્વત છે, તે કેતુમાલ અને ભદ્રાશ્વ ખંડના સીમાડાપર છે અને નીલ તથા નિષધ સુધી લાંબા વધ્યા છે.

ભરતખંડ હરિવર્ષ અને કિંપુરૂષની દક્ષિણે છે. તેના વિન્ધ્યાચળથી બે ભાગ થાય છે; ઉત્તરનો ભાગ આર્યાવર્ત (ભારતવર્ષ) અને દક્ષિણનો ભાગ દક્ષિણભરતખંડ (દખ્ખણ) કહેવાય છે.

૧ પામીરના ઉચ્ચ પ્રદેશને મેરૂનામ આપેલું હોય તો તે સંભવિત છે. ત્યાંથીજ ઘણાખરા પર્વતો પણ શરૂ થાય છે. ૨ ચીનનો ભાગ. ૩ તિબેટ. ૪ હિન્દુસ્તાન.

દૈનિક ગતિથી દિવસ અને રાત થાય છે. પૃથ્વી આવી રીતે પોતાની ધરીની આસપાસ ફરતી ૩૬૫ા દિવસમાં સૂર્યની આસપાસ ફરી રહે છે, તેને પૃથ્વીની વાર્ષિક ગતિ કહે છે. આ કારણને લીધે સૂર્ય હંમેશ એક અંશ ખસતો જણાય છે. સૂર્યની આ ગતિને ક્રાન્તિવૃત્ત કહે છે. તેના બાર ભાગ છે, તે રાશિ કહેવાય છે. બે રાશિની એક ઋતુ અને ત્રણ ઋતુનું એક અયન કહેવાય છે. અયન બે છે, ઉત્તરાયણ અને દક્ષિણાયન. બે અયનનું એક વર્ષ થાય છે. મેષથી કન્યા સુધીની છ રાશિઓ વિષુવવૃત્તની ઉત્તરે હોવાથી તે ઉત્તરગોલ કહેવાય છે, અને તુલાથી મીન સુધીની છ રાશિઓ વિષુવવૃત્તની દક્ષિણે હોવાથી તે દક્ષિણ ગોલ કહેવાય છે.

"દિન અને રાત હંમેશાં સરખાં હોતાં નથી, પણ [૧]વૈષુવત, [૨]ઉત્તરાયણ અને [૩]દક્ષિણાયન–[૪]ગતિને લીધે સરખાં, લાંબાં કે ટુંકાં થાય છે. કારણકે, તે વખતે સૂર્યની

---

૧ વિષુવવૃત્તથી થતી ગતિ. પૃથ્વીના ગોળાપર ઉત્તર–દક્ષિણ–ધ્રુવથી સમાન અંતરે પૂર્વ–પશ્ચિમ જતું જે મોટું વર્તુલ કાઢવામાં આવે છે, તેને વિષુવવૃત્ત કહે છે.

૨ મકરથી છ રાશિ સુધી સૂર્યને ફરવાનો માર્ગ. ૩ કર્કથી છ રાશિ સુધી સૂર્યને ફરવાનો માર્ગ. ૪ સમાન, ધીમી અને ઉતાવળી ગતિને લીધે.

ગતિના માર્ગનો ઘણો ભાગ અનુક્રમે [1]ક્ષિતિજની સપાટીમાં, ઉપર કે નીચે હોય છે. આજ કારણથી મધ્યમ ઋતુ, શિયાળો કે ઉનાળો પણ થાય છે." સારાંશ કે, સૂર્ય જ્યારે મેષ અથવા તુલા રાશિપર આવે છે, ત્યારે તેનાં કિરણો બન્ને ગોલાર્ધપર સમાન પ્રસરતાં હોવાથી ઋતુ સામાન્ય રહે છે, અને રાતદિન પણ સમાન રહે છે. સૂર્ય જ્યારે વૃષ, મિથુન, કર્ક, સિંહ, કે કન્યારાશિમાં હોય છે ત્યારે ઉત્તરગોળાર્ધપર તેનાં કિરણો ઉભાં પડે છે, તેથી ત્યાં ઉનાળાની મોસમ હોય છે અને દિવસો લાંબા તથા રાત્રીઓ ટુંકી થાય છે. દક્ષિણ ગોલાર્ધમાં તો આથી ઉલટું [2]હોય છે. સૂર્ય જ્યારે વૃશ્ચિક, ધન, મકર, કુંભ કે મીનરાશિમાં હોય છે ત્યારે ઉત્તરગોલાર્ધપર તેનાં કિરણ ત્રાંસાં પડે છે; તેથી ત્યાં શિયાળો હોય છે અને દિવસ નાના તથા રાત્રીઓ મોટી થાય છે. દક્ષિણગોલાર્ધમાં આ સમયે ઉનાળો હોય છે અને દિવસ મોટા તથા રાત્રીઓ ટુંકી થાય છે.

"મેરૂથી દક્ષિણમાં સૂર્યનો ઉદય-અસ્ત પૂર્વથી થાય છે, મેરૂથી પશ્ચિમ દિશાનાં સ્થળોમાં દક્ષિણથી ઉદયાસ્ત થાય છે, મેરૂથી ઉત્તરનાં સ્થળોમાં પશ્ચિમથી ઉદયાસ્ત થાય છે, અને મેરૂથી પૂર્વમાં ઉત્તર દિશાથી ઉદયાસ્ત થાય છે"

---

૧ ધરી. ૨ દક્ષિણ ગોલાર્ધમાં આ સમયે શિયાળાની મોસમ, દિવસ ટુંકા અને રાત્રીઓ લાંબી હોય છે.

અર્થાત્ આપણા સ્થળથી ૯૦ અંશને અંતરે આવેલા પૂર્વ તરફના કોઇપણ સ્થળમાં સૂર્ય જ્યારે માથે (તે સ્થળના યામ્યોત્તરવૃત્તમાં) આવે છે, ત્યારે આપણને તે ઉગતો જણાય છે. ત્યાં જ્યારે તે આથમતો હોય છે ત્યારે આપણે ત્યાં માથાપર આવેલો હોય છે, અને આપણા સ્થળથી ૯૦ અંશને અંતરે આવેલા પશ્ચિમદેશમાં ઉગતો જણાય છે. આપણે ત્યાં જ્યારે સંધ્યાકાળ થાય છે; ત્યારે આપણાથી ૯૦ અંશને અન્તરે આવેલા પશ્ચિમદેશમાં સૂર્ય માથાપર આવે છે. આમ "સૂર્ય જ્યાં ઉગતો જણાય છે, ત્યાંથી બરાબર સમરેખામાં તે આથમે છે; અને જ્યાં મધ્યાહ્ન હોય છે, ત્યાંથી બરાબર સમરેખામાં મધ્યરાત હોય છે. જેઓ સૂર્યને દેખે છે, તેઓ જ્યારે સૂર્ય સમરેખામાં આવેલા સામા સ્થળે જાય ત્યારે તેને દેખતા નથી."

[બીજા ગ્રહો પણ આવીજ રીતે ફરે છે.]

પૃથ્વી જેમ સૂર્યની આસપાસ ફરે છે, તેમ બીજા ગ્રહો બુધ, શુક્ર, મંગળ, ગુરૂ અને શનૈશ્વર (शनैः ધીમે, चर ચાલનાર; શનિ) પણ સૂર્યની આસપાસ ફરે છે. ગ્રહોને સૂર્યની આસપાસ ફરતાં આ પ્રમાણે વખત લાગે છે; બુધને ૧૮૮ દિન, શુક્રને ૨૨૫ દિન, પૃથ્વીને ૩૬૫ા દિન, મંગળને

*૧૮ માસ, ગુરૂને ૧૨ વર્ષ, અને શનિને ૩૦ વષ.

[1]ચંદ્ર પૃથ્વીની આસપાસ ફરે છે. તેને એક રાશિ ઓળંગતાં લગભગ ૨ા દિવસ લાગે છે, એમ બારરાશિમાં તે ૨૭¼ દિવસમાં ફરી રહે છે.

---

* આ ગ્રહોનાં વક્રગતિ, અતિચાર વગેરે થતાં હોવાથીતેમની ગતિનું ચોક્કસ પ્રમાણુ આ પ્રમાણે છેઃ–મંગળ ૬૮૭ દિવસમાં, ગુરૂ ૧૧.૮ વર્ષમાં અને શનિ ૨૯.૫ વર્ષમાં સૂર્યની આસપાસ એકવાર ફરી રહે છે.

૧ ખગોળવેત્તા વરાહમિહિર લખે છે, કે "ચન્દ્ર સ્વપ્રકાશિત નથી. સૂર્યના તેજથી તે પ્રકાશે છે. આથી તેનો એક ભાગ પ્રકાશવાળો અને બીજો ભાગ પ્રકાશ વગરનો હોય છે. પ્રકાશિત ભાગ આપણી તરફ હોય તે પૂનમ, અને સૂર્ય તરફ હોય તે અમાસ કહેવાય છે. અમાવાસ્યા (अमा સાથે वस વસવું; સૂર્ય અને ચન્દ્રનું એક રાશિપર હોવું) પછી દિવસના લગભગ ૧૨ અંશ પ્રમાણે સૂર્ય પાસેથી ચન્દ્ર ખસતો જાય છે, તેમ તેમ તેનો પ્રકાશવાળો ભાગ આપણે વધારે ને વધારે જોઇએ છીએ, તે શુકલપક્ષ કહેવાય છે. પૂનમ પછી એથી ઉલટું થાય છે, તે કૃષ્ણપક્ષ કહેવાય છે. "

સૂર્ય, ચન્દ્ર અને પૃથ્વી જ્યારે સીધી લિટિમાં આવે છે, ત્યારે ચન્દ્રનો પડછાયો સૂર્યપર પડે છે; તેથી સૂર્યગ્રહણ થાય છે. અને જ્યારે સૂર્ય, પૃથ્વી અને ચન્દ્ર સીધી લિાટમાં આવે છે, ત્યારે પૃથ્વીનો પડછાયો ચન્દ્રપર પડે છે; તેથી ચન્દ્રગ્રહણ થાય છે. સૂર્યગ્રહણ અમાસે અને ચન્દ્રગ્રહણ પૂનમેજ થાયે છે. (ગ્રહલાઘવ).

(ખીલારૂપ ધ્રુવ અને બળદરૂપ નક્ષત્રચક્ર.)

માથું નીચું નમાવી, જમણી બાજુ શરીરનું કુંડાળું વાળીને બેઠેલા બળદ જેવું આખું નક્ષત્રચક્ર (તારાઓનું જૂથ) છે; અને ધ્રુવ એના આગળ ખીલારૂપ છે. બળદરૂપ નક્ષત્રચક્રની કંમરમાં સપ્તર્ષિઓના તારા છે. તેના જમણા પડખામાં ઉત્તરદિશા તરફ ફરનારાં અભિજીત, શ્રવણ, ધનિષ્ઠા, શતભિષા, પૂર્વાભાદ્રપદા, ઉત્તરાભાદ્રપદા, રેવતી, અશ્વિની, ભરણી, કૃત્તિકા, રોહિણી, મૃગશીર્ષ, આર્દ્રા અને પુનર્વસુ એ ચોદ નક્ષત્રો આવેલાં છે. અને ડાબા પડખામાં દક્ષિણ દિશા તરફ ફરનારાં પુષ્ય, અશ્લેષા, મઘા, પૂર્વાફાલ્ગુની, ઉત્તરાફાલ્ગુની, હુસ્ત, ચિત્રા, સ્વાતી, વિશાખા, અનુરાધા, જયેષ્ઠા, મૂલ, પૂર્વાષાઢા અને ઉત્તરાષાઢા એ ચોદ નક્ષત્રો આવેલાં છે. તેના પેટમાં (વચ્ચે) આકાશગંગા (અતિ સૂક્ષ્મ તારાઓનો સમૂહ) છે. તેના ઉપલા હોઠમાં અગસ્ત્ય અને નીચલા હોઠમાં યમ છે. મુખમાં મંગળ, ઉપસ્થમાં શનિ અને ખુંધમાં બૃહસ્પતિ છે. તેની છાતીમાં સૂર્ય, હૃદયમાં ચન્દ્ર, નાભિમાં શુક્ર અને રૂંવાડાંમાં તારાઓનો સમૂહ છે. ધ્રુવ સ્થિર છે અને ગ્રહો, નક્ષત્રો તથા તારાઓ પોતપોતાના સ્થાનોમાં રહી ફર્યા કરે છે.

ભૂગોળ, ખગોળ અને સપ્તપાતાલાત્મક આખું બ્રહ્માંડ જેમાં અનેકવાર ઉત્પન્ન થાય છે, પોષાય છે અને લય

થાય છે તે પરમાત્માની અગાધ અને અનન્ત લીલાનું કોણ યથાર્થ વર્ણન કરી શકે ?

વિશ્વની અનંતતાનો અનુભવ કર્યા પછી મનુષ્યે પોતાનો અહંકાર દૂર કરવો, અને વિશ્વને સરજનાર પ્રભુની પ્રભુતાનો ખ્યાલ કરી તેની ભક્તિમાં લીન થવું; દરેક પ્રાણીમાં પરમાત્મા વસેલો છે એમ ધારી સર્વની સાથે પ્રેમભાવથી વર્તવું, અને બીજાઓને પોતાનાથી બને તેટલી મદદ આપી મનુષ્યજન્મની સાર્થકતા (સફળતા) કરવી.

શ્રી બુદ્ધદેવનો કંઇક પરિચય.

શ્રી બુદ્ધદેવ અયોધ્યાની ઉત્તરે નેપાળના પહાડોની તળેટી આગળ આવેલી કપિલવસ્તુ નામે નગરીમાં ચાલુક્ય વંશના શુદ્ધોદન રાજાને ત્યાં જન્મ્યા હતા. યુવાવસ્થામાંજ તેમણે રાજ્ય, પિતા, માતા [માયાદેવી], સ્ત્રી [યશોધરા], પુત્ર [રાહુલ] વગેરેનો ત્યાગ કરી અજ્ઞાનદશામાં પડેલા દેશને જાગૃત કર્યો હતો; અને લોકોના હૃદયમાં દયા–ધર્મ પ્રકટાવ્યો હતો. તેમણે લોકોને જે ઉપદેશ આપ્યો હતો, તે મનનીય છે. 'धम्मपदम्' [ધર્મપદમ્] નામે ગ્રન્થમાં તેમના ઉપદેશોનો સંગ્રહ કરવામાં આવ્યો

છે. એ ઉપદેશરૂપ અમૃત-પ્રવાહમાંથી અત્યારે તો આપણે માત્ર આચમન કરીને જ કૃતાર્થ થઇએ.

फन्दनं चपलं चित्तं दूरक्खं दुन्निवारयं ।
उजुं करोति मेधावी उसुकारोऽवतेजनम् ॥

બાણુ ઘડનારો જેમ શાણુ વગેરે સાધનોથી બાણુને ઘસીને સરળ બનાવે છે, તેમ બુદ્ધિમાન્ મનુષ્ય ઉન્મત્ત, ચંચલ અને દુર્નિગ્રહ ચિત્તને સરળ બનાવે છે. [અને પછી સ્વાધીન કરે છે.]

+ दूरंगमं एकचरं असरीरं गुहासयं ।
ये चित्तं सञ्ञमेस्सन्ति मोक्खन्ति मारवन्धना ॥

જે માણુસો અતિવેગવાળા, સ્વચ્છંદી, અસ્થિર અને હૃદયરૂપ ગુફામાં રહેલા ચિત્તને સંયમમાં રાખશે તેઓ કામબન્ધનથી મુક્ત થશે.

अनवट्ठित चित्तस्स सद्धम्मं अविजानतो ।
परिप्लव-प्रसादस्स पञ्ञा न परिपूरति ॥

અસ્થિર ચિત્તવાળા, સત્ય ધર્મને નહિ જાણુનારા અને શાન્તિ વગરના માણુસની બુદ્ધિ કદી પૂર્ણ થતી નથી.

+ સરખાવો, " दूरंगमं ज्योतिषां ज्योतिः "૦ યજુર્વેદ.
+ જુઓ, " नास्ति बुद्धिरयुक्तस्य० " અને " इन्द्रियाणां हि चरतां० " (ગીતા, અધ્યા૦ ૨.)

* अनवस्सुत चित्तस्स अनन्वाहतचेतसो ।

पुञ्ञपापपहीनस्स नत्थि जागरतो भयं ॥

પુણ્ય કે પાપમાં સ્પૃહા નહિ રાખનારા, હંમેશ સાવધ રહેનારા અને સ્થિર ચિત્તવાળા મનુષ્યને કંઈ ભય નથી.

नतं मातापिता कयिरे अञ्ञे वापि च ञातका ।

सम्मापाणिहितं चित्तं [1]सेयस्सो नं ततो करे ॥

સન્માર્ગે વળેલું ચિત્ત (મનુષ્યનું) જેટલું હિત સાધે છે, તેટલું હિત મા-બાપ અથવા અન્ય જ્ઞાતિબંધુઓ સાધી શકતા નથી.

[2]अप्पमादो अमतपदं पमादो मच्चुनो पदं ।

अप्पमत्ता न मीअन्ति ये पमत्ता यथा मता ॥

અપ્રમાદ મોક્ષનો માર્ગ છે, અને પ્રમાદ નાશનું કારણ છે; પ્રમત્ત માણસો જેમ મરે છે [જન્મ-મરણાદિ બંધનને વશ થાય છે], તેમ અપ્રમત [સાવધ] મનુષ્યો મરતા નથી.

---

* જુઓ, 'नास्तिबुद्धि रयुक्तस्य' અને 'इन्द्रियाणां हि चरतां०' 'तदस्यहरति प्रज्ञां०' (ગીતા, અધ્યાય ૨.) ૧ 'बन्धुरात्माऽऽत्मनस्तस्य'० । ૨ કામ, ક્રોધ અને લોભથી બેભાન થવું તે પ્રમાદ, અને તેમનાથી જાગૃત રહેવું તે અપ્રમાદ.

[1]ते झायिनो साततिका निच्चं दळ्ह परक्कमा ।
फुसन्ति धीरा निब्बाणं योगक्खेमं अनुत्तरं ॥

ધ્યાનનિષ્ઠ, સતત ઉદ્યોગી, દૃઢ સંકલ્પવાળા, ધૈર્યવાન અને સાવધાન માણસો નિર્વાણ [બ્રહ્મ] પદ પ્રાપ્ત કરે છે.

मापमादमनुयुञ्जेथ मा कामरतिसन्थवं ।
अप्पमत्तो हि झायन्तो पाप्पोति विपुलं सुखं[2] ॥

પ્રમાદ ન સેવવો અને અતિ કામ પણ ન સેવવો; વિષયોમાં આસક્ત ન થએલો અને ધ્યાનપરાયણ મનુષ્ય પરમ સુખ પ્રાપ્ત કરે છે.

सब्ब पापस्स अकरणं कुसलस्स उपसंपदा ।
सचित्तपरियोदपनं एतं बुद्धान सासनं ॥

લોભ, દ્વેષ કે મોહમૂલક કર્મ ન કરવાં, પુણ્યકર્મ સારી રીતે કરવાં, અને પોતાનું ચિત્ત શુભ કર્મોમાં પણ આસક્ત ન થવા દેતાં શુદ્ધ રાખવું એ બુદ્ધોનું શાસન છે.

સમાપ્ત.

---

૧ જુઓ, "अनन्याश्चिन्तयन्तोमां॰, तेषां नित्या॰भियुक्तानां योगक्षेमं वहाम्यहम्." । ૨ સરખાવો, "तस्मादसक्तः सततं कार्यं कर्म समाचर । असक्तो ह्याचरन् कर्म परमाप्नोति पूरुषः" । (ભગવદ્‌ગીતા.)

શુદ્ધિપત્ર.

અશુદ્ધ.	શુદ્ધ.	પૃષ્ઠ	લીટી.
ઇશ્વર ભક્તિમાં	ઇશ્વરભક્તિમાં	૧	૧
ઊચ્ચ	ઉચ્ચ	૫	૩
થતો	થતો તે	૧૦	૪
ડાઢ	દાઢ	૩૨	૮
ધ્વ	ધ્રુવ	૫૯	૮
થવાનું	કરવાનું	૬૧	૧૪
રહે જે	રહેજે	૬૩	૧૧
કર્યાં	કર્યો	૬૯	૮
આમીધ્ર	આમીધ્ર	૮૧	૧૩
સું સ્કારોને	સુસંસ્કારોને	૯૩	૧
જુવો	જુઓ	૯૫	છેલ્લી
સારૂંજ	સારૂ જ	૯૬	૩
...	સપ્તમસ્કંધ	૧૦૪	૧
વૈવસ્ત	વૈવસ્વત	૧૨૬	૧-૩
તેના	તેનાં	૧૪૩	૧૫
ડગલા	ડગલાં	૧૪૩	૧૫

અશુદ્ધ.	શુદ્ધ.	પૃષ્ઠ.	લીટી.
સંકૃતિ	સંસ્કૃતિ	૧૭૫	૧૮
તેને	તેમને	૧૮૩	૧૬
આધીન	અધીન	૧૮૪	૧૧
કેટલીર	કેટલીક	૧૯૦	૧૪
દેવ	દવ	૨૦૭	૯
सर्व	सर्व	૨૧૯	૧૩
તેનો પુનર્જન્મ	પુનર્જન્મ	૨૨૮	૭
જ રાસંધ	જરાસંધ	૨૩૩	૧૨
જરાસંધ	જરાસંધ	૨૩૬	૧૭
ગૃહસ્થાશ્રમાં	ગૃહસ્થાશ્રમમાં	૨૩૮	૧૦
ભીષ્માક	ભીષ્મક	૨૪૧	૪
કંકુમ	કુંકુમ	૨૪૧	૧૪
કરીને નીચેના	નીચેના	૨૪૭	૧૧
कर्मफलं	कर्मफलं	૨૪૯	૧૭
શૂદ્રોના	એ શૂદ્રોના	૨૭૮	છેલ્લી
નીતિવાન	નીતિમાન	૨૮૦	૧૩
અને ગુફામાં	અને પોતે ગુફામાં	૨૩૭	૧૧
તેજસ તત્ત્વ	તેજસ્તત્ત્વ	૨૯૫	૧૧

